
દેવ



# તત્વ ત્રિવેણી



ગુરુ



ધર્મ

સૌરાષ્ટ્ર કેસરી આચાર્યદેવશ્રી
વિજયભુવનરત્ન સૂરીશ્વરજી મ.સા.

"तिजय विजय चक्कं सिद्धचक्कं नमामि"

# તત્વ ત્રિવેણી

"વ્યાખ્યાતા"—સૌરાષ્ટ્ર કેશરી, શાસનપ્રભાવક પ્રસિદ્ધ વકતા પ. પૂ. આ. દેવશ્રી ભુવનરત્નસુરીશ્વરજી મા. સા.

"પ્રેરક"—મધુરભાષી. મીની સૌરાષ્ટ્રકેસરી પ. પૂ. આ. દેવશ્રી વિજય યશોરત્નસુરીશ્વરજી મા. સા.

યુગાદિદેવ પ્રથમ તિર્થંપતિ શ્રી આદિશ્વરદાદાનાં પગલા, અધ્યાત્મયોગી તથા શ્રી સૌરાષ્ટ્રકેશરી ગુરૂમંદિર ચરણ-પાદુકા પ્રતિષ્ઠા પ્રસંગે. તેમજ શ્રી નમસ્કાર મહામંત્ર સ્મારિકા, તપસ્વી પૂ. સાધ્વીજી શ્રી વિનયપ્રભા શ્રીજીનાં શિષ્યા સા. ઉદયપ્રભા શ્રીજીનાં શિષ્યા પૂ. સા. શીલપ્રભા શ્રીજી તથા પૂ. સા. અનંતપ્રભા શ્રીજીનાં વર્ષીતપ પુર્ણાહુતિ નિમિત્તે.

પ્રકાશક :

શ્રી મુક્તિકમલકેશર ચંદ્રસુરીશ્વર જૈન વિદ્યાપીઠ ટ્રસ્ટ

પ્રકાશક :

શ્રી મુક્તિ કમલ કેશર ચંદ્રસૂરીશ્વરજી જૈન વિદ્યાપીઠ.
"મુક્તિ ધામ" થલતેજ ચાર રસ્તા પાસે
મુ. થલતેજ. તા. દસ્કોઈ ગાંધીનગર હાઈવે અમદાવાદ ૫૪

પ્રત : ૧૦૦૦

મૂલ્ય : રૂા. ૨૧-૦૦

મુદ્રક :
જે. સી. એન્ટરપ્રાઈઝ
૧૩, કલ્યાણ ભુવન, રીલીફરોડ,
અમદાવાદ.



સૌરાષ્ટ્ર કેશરી, પ્રવચનપ્રભાવક પ. પૂ.
શ્રીવિજયભુવનરત્ન સૂરીશ્વરજી મ. સા.

# પ્રસંગ પરિમલ

સકલ લબ્ધિનિધાન શ્રી સિદ્ધચક્રાય નમઃ!
શ્રી મુક્તિ કમલ કેશર ચંદ્ર પ્રભવ ભુવનરત્ન હેમપ્રભ
યશોરત્નસૂરિશ્વરજી સદ્‌ગુરૂભ્યો નમઃ!

"નવપદ ધરજો ધ્યાન ભવિ તુમે
નવપદ ધરજો ધ્યાન!"

જે ભવિક જીજ્ઞાસુને શ્રીજિનશાસનને જાણવું હોય-માણવું હોય. ઓળખવું હોય. તેને શ્રી જિનસાસનના હાર્દ સ્વરૂપ પ્રત્યક્ષ જિનશાસન સ્વરૂપ શ્રી નવપદને ઓળખવા પડે, શ્રી નવપદમય જ જિનશાસન છે. અથવા નવપદ અને જિનશાસન એ એકમેકનાં પર્યાયવાચી શબ્દો છે. શ્રી જિનશાસનની સ્થાપના, મંડાણ ત્રણ તત્વો ઉપર આધારિત છે. દેવતત્ત્વ, ગુરુતત્વ, ધર્મતત્વ, આ ત્રિવેણીનાં પવિત્ર સંગમ સ્વરૂપ શ્રી નવપદ છે. લૌકિકમાં કહેવાય છે કે અલ્હાબાદ પાસે ત્રિવેણીનો સંગમ છે. તેમાં સ્નાન કરનારા પવિત્ર થાય છે. પરંતુ તે ત્રિવેણીસંગમ દ્રવ્યસંગમ છે. જ્યારે નવપદ એ ભાવત્રિવેણીનાં સંગમ સ્વરૂપ છે. તેથી જે પુણ્યાત્માઓને પોતાનાં આત્માને ભાવસ્નાન કરાવવું હોય, અનાદિનો કાર્મિક મેલને દૂર કરવો હોય, તેમને આ નવપદ સ્વરૂપ **તત્ત્વત્રિવેણી**માં પોતાનાં આત્માને ઝબોળવો પડે, સ્નાન કરાવવું પડે. હજી સુધીમાં કોઈપણ આત્મા આ નવપદનાં પ્રત્યક્ષ કે પરોક્ષ (અપ્રત્યક્ષ) આરાધના વિના મોક્ષે ગયો નથી, જતો નથી અને જશે નહીં.

આત્મિક શુદ્ધીનું મૂળ આરાધના-ઉપાસના છે. અને તે આરાધના માટેનું પવિત્રસાધન જો કોઇપણ હોય તો તે **નવપદ છે.** નવપદનાં ગુણગાન કરવા ચૌદપૂર્વીઓ-તેથી આગળ વધીને કહીએ તો કેવળજ્ઞાની ભ.પણ સમર્થ નથી. જે મહામહિમાવાન નવપદનું સાંગોપણ સ્વરૂપ પણ હજી આપણાં જેવાં પામર આત્માઓ જાણી શક્યા નથી. તેનું વર્ણન તો કરીજ કેમ શકીયે? છતાંય સજજનો કહી ગયા છે કે શુભમાં યથાશક્તિ પ્રયત્ન કરવો જોઇએ. તેથી જ તે રીતની શકિત, (તેટલી) તેવીઉત્કૃષ્ટ ભક્તિ ન હોવાથી જ મહાપુરૂષોનાં આશ્રયથી આ કાર્ય કરવું છે.

જેમાં પંચપરમેષ્ઠિઓ કેન્દ્રસ્થાને બિરાજી રહયાં છે. એવા નવપદની સ્તવના કરતાં, વ્યાખ્યાન કરતાં વર્ણન કરતાં ઘણાં ઘણાં ગ્રંથો આજ સુધી પ્રગટ થયાં છે. તેમાંથી જ સારસાર લઇને અને મુખ્યતયા "પરમોપકારી, પ્રસિદ્ધવ્યાખ્યાતા, સૌરાષ્ટ્રકેશરી **પૂ. આ. દેવશ્રી ભુવન રત્નસૂરીશ્વરજી મ. સા. ના**" આજથી લગભગ ચાલીશ વર્ષ પૂર્વ પ્રકાશિત **તવત્ત્રિવેણી** નામે ગ્રંથના આધારે આ ગ્રંથ તૈયાર કરવામાં આવ્યો છે.)

**ગ્રંથ પ્રગટ કરવાની પ્રેરણાં......**

ગતસાલ ફાગણ માસથી લઇને ચાતુંમાસસુધી દીર્ઘકાળની સ્થિરતાની, સંભાવનાથી અને ત્રણે ભુવનમાં ચૌદલોકમાં શિરતાજ શ્રી નિર્મલ (વિમલ) ગિરીરાજની શીતલ છાયાથી પૂજ્ય ગુરૂભગવંતોની સત્પ્રેરણાં શુભાષિશ, પ્રોત્સાહન અને અનુમોદનાથી પૂ. સા. શ્રી શીલપ્રભાશ્રીજી તથા પૂ. સાધ્વીજી શ્રી અનંતપ્રભાશ્રીજીએ તિર્થાધિપતિ શ્રી આદેશ્વર દાદાની આદર્શ સ્વરૂપ વર્ષીતપ આરાધનાનો પ્રારંભ કર્યો. શ્રી સિદ્ધગિરીજીમાં ચાતુંમાસ-નવ્વાણુંયાત્રા, તેમજ વર્ષીતપની સ્મૃતિનિમિત્તે શું કરવું? તેની વિચારણા કરતા જે પરમોપાસ્ય પૂ. ગુરૂદેવની અસીમ કૃપાથી જીવનનૈયા આરાધનાના માર્ગે આગળ વધી રહી છે, તેમની

પ્રેરણાં થઈ...... અદ્‌ભૂત એવી તે પ્રેરણાં હતી. તેમાં ત્રિવેણીને સંગમ છે,

(૧) પંચપરમેષ્ઠિમય નવપદની વિચારણા, એટલે તેની સ્તવના ( દેવતત્વની આરાધના )

(૨) તે નિમિત્તોનું સાધન–પૂજ્ય ગુરૂદેવનો પોતાનોજ ગ્રંથ તત્ત્વત્રિવેણી ( ગુરૂતત્વની આરાધના )

(૩) ઉદ્દેશ્ય તપોધર્મ અનુમોદના ( ધર્મતત્વની આરાધના )

**આ ગ્રંથ પ્રકાશનનો એકમાત્ર ઉદ્દેશ્ય**......જે પરમોપકારી પૂ. ગુરૂદેવે આ તત્વત્રયીનું સ્વરૂપ સમજાવ્યું, તેમનાં અનંતાનંત ઉપકારની સ્મૃતિ સદા તાજી રહે, તેમનાં ઋણભારથી તો ક્યારે પણ મુક્ત ન થઈ શકાય. પરંતુ પૂજ્ય ગુરૂદેવે પોતે પોતાની પ્રાસાદિક–પ્રભાવિક વાણીમાં જે પોરસી ગયા તેનો લાભ ભવિકાત્માઓ વિશેષપણે વારંવાર લે, પોતે નવપદને જાણે બીજાને પણ જણાવે. પોતાની સ્થિરતા દઢતા–લયલીનતા થાય. આવા જ શુભ ઉદ્દેશથી આ ગ્રંથરત્નની સંરચના કરવામાં આવી છે. આ ગ્રંથમાં વિશેષપણે પૂ. સૌરાષ્ટ્રકેશરીશ્રીની વાણીનું અમીપાન છે. અને બીજા પણ મહાપુરૂષોનાં વચનામૃતો ઉપદેશામૃતોનો સંગ્રહ છે. તેથી આમાંતુ જે સારૂ છે તે પૂ. મહાપુરૂષોનું અથવા શ્રી જિનશાસનનું છે. અને જે કોઈ ભૂલો હશે તે અમારાં પોતાનાં છદ્મસ્થભાવને આધિન છે.

શ્રીસંઘમાં વર્ષમાં બે વાર શાશ્વતિ ઓળીની આરાધના, આસો, ચૈત્રમાસ દરમ્યાન મોટાં પાયે ઉલ્લાસપૂર્વક થાય છે. અને શ્રીપાળ મયણારાસનું વાંચન પણ સારૂં થાય છે એ શ્રીપાળ અને મયણાં કોણ? તે નવપદની મહત્તા વિશેષતા, ઉપયોગિતા શી છે? તે નવપદની આરાધના **શ્રીપાળ મયણાં**એ કેવાં ભાવ, કેવાં ઉલ્લાસ, કેવી શ્રદ્ધા કેવી દઢતા કેવા ચડતાં પરિણામે અને કેટલાં દોષોને ટાળીને કરી હતી. તે જાણવાથી ભાવિકો પોતે પણ શુદ્ધ આરાધના કરી શકે, અને તેવાંજ ઉત્કૃષ્ટફળને પામી શકે.

નવપદનું સ્વરૂપ જાણ્યાવિના તેનાં પ્રત્યે આદર, **પ્રેમ, શ્રદ્ધા.** **બહુમાન** પ્રગટે નહીં. અને તે કારણે **આપણી** આરાધના ફક્ત દ્રવ્ય આરાધનાનું જ બિરૂદ પામે તેવી અનંતીવાર દ્રવ્યઆરાધનાના **આ** જીવે કરી જ છે. હવે જીવને **અમૃતાનુષ્ઠાનની** પ્રાપ્તિ થાય, એવા શુભ ઉદ્દેશથી આ ગ્રંથનું આયોજન કરવામાં આવ્યું છે.

આ તત્વત્રયી સ્વરૂપ નવપદમાં મધ્યભાગે ગુરૂતત્ત્વ છે. દેહલીદિપક ન્યાયે દેવતત્વની ઓળખાણ અને ધર્મતત્વનું સ્વરૂપ સમજાવનાર હોય તો તે ગુરૂતત્વ જ છે. તેથી **અપેક્ષાએ** એમ કહેવાય છે કે **પ્રત્યક્ષ સદ્‌ગુરૂ સમ નહી, પરોક્ષ જીન ઉપકાર"**

**સમર્પણ** જે ગુરૂદેવે સંસારનાં છકાયનાં કૂટામાંથી બહાર કાઢયા, જે પૂ. ગુરૂદેવે દીક્ષા આપી, જે પૂ. ગુરૂદેવે સંયમમાં સ્થિરતા માટે આવશ્યક જ્ઞાન આપ્યું, અને તેથી વિશેષ આત્મસ્વરૂપની ઓળખાણ કરાવીને જે પૂ. ગુરૂભગવંતે સંયમઆરાધનામાં જેમ પ્રગટાવ્યું તેજ પ્રગટાવ્યું **તે ગુરૂતત્ત્વ, જન્મદાત્રી માતાથીએ** અધિક ઉપકારી **એવી** પૂ. ગુરૂમાતા સ્વરૂપ ગુરૂપદને તથા તે ગુરૂતત્ત્વને યથાતથ્ય શોભા વવા દ્વારા અનેકાનેક જીવોનાં તારણહાર **પરમશાસક પ્રભાવક સૌરાષ્ટ્રકેશરી** પ. પૂ આ ભગવંત શ્રી ભુવનરત્ન **સૂરીશ્વરજી** મ. **સા.** નાં પાવન ચરણકમલમાં પૂજ્યશ્રીનાં ગુરૂમંદિર ચરણ પાદુકા પ્રતિષ્ઠા પ્રસંગે સમર્પણ કરતાં હર્ષાશ્રુ આનંદાશ્રુ સમાતાં નથી.

**હે પરમોપાસ્ય ગુરૂદેવ** આપની નિઃસ્પૃહતા આપની સ્વાધ્યાય પ્રિયતા, આપની સરળતા, આપની શાસન રસિકતા અને આત્મલીનતા વિસર્યા વિસરાતાં નથી. આવાં અનેકાનેક ગુણાલંકૃત પૂ. ગુરૂદેવ જે ગુણો આપે પ્રકૃષ્ટપણે પ્રગટાવ્યા તેની યત્કિંચિત છાંટ અમારા જેવાં પામર આત્માઓ પામે, તેજ આ પ્રસંગે અભ્યર્થના છે.

જે સૂરીદેવની પાવનનિશ્રામાં આ વર્ષીતપ આરાધનાનો વિશેષ

## સરળ સ્વભાવી પ. પૂ. પ્રવર્તિની સા. મ.
## શ્રી મણીશ્રીજી મા. સા.



**ઓ અનંત ઉપકારી ગુરૂદેવ...**

આપના અપ્રતિમ અનેક ગુણો યાદ આવે છે, આપની સ્મૃતિ મનને ભિંજવી જાય છે. અપના આશીર્વાદ આપના ઉપકારથી આજ ૩૦-૩૦ આત્માઓ સંયમ પંથે વિચરી રહ્યા છે.

બસ એવા આશિષ વરસાવો અમો સહુ આત્મશ્રેયના માર્ગે આગળ વધીએ.

**લી. આપના ઉપકારઋણી વિનયવૃંદની વંદના**

સમય પસાર થયો. તે વર્તમાન ગચ્છાધિપતિ યુવાજન પ્રતિબોધક **પ પૂજય આચાર્યદેવશ્રી હેમપ્રભસૂરીશ્વરજી** મ. સા. તથા, જે સૂરીવર્યની પાવનકારી **શુભનિશ્રામાં** આ માંગલિક દીર્ઘતપની પુણ્હૂતિ થશે, તે મધુરભાષી મીની **સૌરાષ્ટ્ર** કેશરી **પુ. આચાય દેવશ્રી યશોરત્નસૂરીશ્વરજી મ. સા.** તથા જે ગુરૂમાતાનાં તપોબળે પ્રેરણાબળે, અત્યારની સ્થિતીએ **પહોંચ્યા** તે પરમપાવન ગુરૂવર્યાત્મી શ્રી વિનયપ્રભત્મીજી મ. સા.ના ચરણોમાં પણ વંદના હો !

સંકલનકાર્યમાં સહયોગી બનનાર પ. પૂ. આ. દેવશ્રી **યશોરત્ન સુરીશ્વર મ. સા.** નાં વિદ્વાન શિષ્યરત્ન સ્વાધ્યાયપ્રેમી. પ. પૂ. મુનિરાજશ્રો **રાજયશવિજયજી મ. સાહેબ.**

પ. પૂ. મુનિરાજ શ્રી **શીલરત્ન વિજયજી. મ. સા.**

સહવર્તિ સાધ્વીવૃંદ : પૂ. સા. શ્રી ચંદ્રપ્રજ્ઞાશ્રીજી મ.

સા. શીલપ્રભાશ્રીજી મ.

સા. અનંતપ્રભાશ્રીજી મ.

સા. પુણ્યયભાશ્રીજી મ.

તથા આ સુંકૃતનાં સહભાગી સર્વે નામી–અનામી વ્યક્તિઓને ધન્યવાદ

લિ : ગુરૂકૃપાર્થી

સા : ઉદયપ્રભાશ્રી

# શ્રી નવપદ માહાત્મ્ય સાર

લેખક ગુરૂકૃપાકાંક્ષી

"યોગ અસંખ્ય જે જિન કહયા, નવપદ મુખ્ય તે જાણો રે"।
તેહ તણે આલંબને, આતમધ્યાન પ્રમાણો રે" ॥
શ્રી વીર જિનેશ્વર ઉપદિશે...

અનંતઋદ્ધિનો ધણી અનંત અવ્યાબાધ સુખનો સ્વામિ અનંતાનંત ગુણોનો ભંડાર એવો આ આપણો આત્મા છે. છતાં તે અનંતપ્રકારે રિદ્ધિ – સિદ્ધિ સમૃદ્ધિનો સ્વામિ અત્યારે સાવ નિર્ધન અવસ્થામાં પોતાનું સાન – ભાન ગુમાવીને, પોતાની શુદ્ધી ગુમાવીને, ભિખારીની જેમ સંસાર પરિભ્રમણ કરી રહયો છે. કર્મરાજાનો નચાવ્યો નાચી રહયો છે. જીવોનાં જે બે પ્રકાર છે. તેમાં સિદ્ધ ભગવંતના જીવે પોતાની અખૂટ સંપત્તિનું પ્રગટીકરણ કરી લીધું છે અનંતાનંત કર્મપરમાણુઓથી અવરાયેલી, દબાયેલી નષ્ટપ્રાઃય થઈ ગયેલી પોતાની આત્મસત્તાને પોતાનાં અનંતજ્ઞાન દર્શનાદિ અનેકાનેક ગુણોને પ્રગટાવી લીધી છે. જ્યારે જીવોનાં જે બીજા પ્રકારમાં આપણે બધા સમાઇએ તે સંસારી જીવ પણ સત્તાની અપેક્ષાએ તો અનંતજ્ઞાન દર્શન ચારિત્રાદિ ગુણોનો માલિક છે. પરંતુ મિથ્યાત્વમોહને આધિન સંસારી જીવની આત્મસત્તા, આત્મિક રૂધ્ધિ અપ્રગટ છે અવરાયેલી છે. દબાઈ ગઇ છે. તે ઋદ્ધિને પ્રગટ કરવા માટે પરમકરૂણા પ્રધાન જિનશાસન અને તેમાં પણ શ્રી જિનશાસનનાં સ્થાપક – પ્રવર્તક અસીમકરૂણાધાર, શ્રી અરિહંત પરમાત્માઓ સંસારીજીવને પોતાની અત્યારની રાંક અવસ્થામાંથી છૂટવા માટે, મહામૂલો એવો રસ્તો બતાવે છે સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્રરૂપ **મોક્ષમાર્ગ** અને તેની આરાધનાનું પ્રબળ સાધન જો કોઇપણ હોય તો તે છે શ્રી સિદ્ધચક્ર

જે ચક્ર, જે યંત્ર સિદ્ધ થયેલું છે, જેને સિદ્ધ કરવા કોઈ વિશેષ પરાક્રમ પુરૂષાર્થની જરૂર જ નથી. અને જે યંત્રના મસ્તક ભાગે પોતે સિદ્ધ પરમાત્માઓ બિરાજેલા છે એવું આ સિદ્ધચક્રરૂપ મહાયંત્રનું મૂળ પ્રગટીકરણ તો ખુદ તીર્થંકર પરમાત્માઓ જ કરે છે.

જીવોનાં પ્રકાર જુદાં, જીવોની લેશ્યાઓ જુદી, પરિણુતી જુદી, તેથી જીવોની આરાધના માટેની રૂચિ પણ સ્વાભાવિક પણે જુદી જ હોય તેથી કહેવાય છે કે "યોગ અસંખ્ય જે જિન કહયા"

શ્રી જિનેશ્વરોએ મોક્ષમાર્ગમાં મૂળમાર્ગ એક હોવા છતાં અપેક્ષા-બુદ્ધિએ અસંખ્યયોગ કહયાં છે શ્રી જિનશાસન બધાં જીવોને એક લાકડીએ હાંકતુ નથી. પરંતુ દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવની અપેક્ષાએ જીવોની શક્તિ – લેશ્યા – પરિણામને આશ્રયીને શ્રી જિનશાસનમાં આરાધનાનાં અસંખ્યયોગ કહયાં છે. શ્રી અરિહંત પદની પ્રાપ્તિ વીશસ્થાનકની આરાધના દ્વારા કરવાનું તે કારણે જ કહ્યું છે કોઈક જીવને જ્ઞાનપદમાં રૂચિ હોય, કોક ને દર્શન પદમાં – કોક ને ચારિત્રપદમાં કોક ને સેવા – ભક્તિ – વિનય વૈયાવચ્ચ – તીર્થયાત્રા – વિ. આ સર્વે યોગોમાં પ્રધાનયોગ જો કોઈ હોય તો નવપદ આરાધના છે.

શ્રી જિનેશ્વર પરમાત્માઓનો સદાકાળ માટે એકજ ઉપદેશ છે કે આ જગતમાં તારે શત્રુતા રાખવાની છે તે ફકત કર્મશત્રુ સામે.

બાકી બાહય જગતમાં દેખાતાં બધાં શત્રુઓતો નિમિત્તમાત્ર છે. જીવનો સાચો શત્રુ – પ્રબળશત્રુ – ગુપ્તશત્રુ હોય તો તે કર્મ છે. પરંતુ કર્મરાજાતો મહાબળવાન છે. જે કર્મરાજાએ દેવાધિદેવ તીર્થંકર પરમાત્માઓને રંજાડયા – બળવાન એવા ચક્રવર્તિ – વાસુદેવ બળદેવોને વિટંબ્યા જે કર્મરાજાએ ભલભલા ભૂપોને ભૂપિતા કરી દીધા – તેની સામે મોહનિંદ્રામા પડેલાં રાંક જીવ કેવી રિતે લડી શકે ? ઝઝુમી શકે ? લાલ આંખ કરી શકે ?

તે માટે જ શ્રી તીર્થંકર દેવોએ પોતાનાં પ્રબળશસ્ત્ર – સાધન સ્વરૂપ શ્રી સિદ્ધચક્રરૂપ મહાપ્રભાવશાળી, મહામહિમાવંત ચક્રની ભેટ ભવિજીવોને આપી છે. ચક્રવર્તિઓનાં ચક્રનો પ્રભાવ તેમનાં પૂણ્ય હોય ત્યાં સુધી – તેમની હયાતિ સુધી જ હોય છે. જ્યારે આ સિદ્ધચક્રનો પ્રભાવ ત્રિકાલાબાધિત છે. તેની આરાધના શુદ્ધ અને યથાતથ્ય કરનાર આ ભવ – પરભવ – અને ભવોભવને વિશે સુખ – સંપદા – શાંતિ આરોગ્યને પામીને પોતાના અંતિમ લક્ષ્ય આખરી મંઝીલ સ્વરૂપ સિદ્ધનિવાસને પામી શકે છે.

આ મહિમાવંત સિદ્ધચક્રમાં આ જગતની ઉચ્ચાતિઉચ્ચ પરમોચ્ચ એવી પાંચ વ્યક્તિઓ પાંચ પદોની સ્થાપના એટલે કે પંચ પરમેષ્ઠિની સ્થાપના કરવામાં આવી છે.

આ પરમેષ્ઠિઓમાનું દરેક પદ અતિ મહિમાવંત – ગૌરવવંત અચિંત્ય પ્રભાવશાળી છે. જ્યારે એક એક પદનો મહિમા અપૂર્વ હોય, તો પંચ પરમેષ્ઠિઓ ભેગાં થતાં તેના મહિમાનો કોઈ પાર રહે ખરો ?

આ નવપદ સ્વરૂપ સિદ્ધચક્રમાં પાંચ પ્રકારનાં ધર્મીઓ – અને તેમાં રહેલાં ચાર પ્રકારનાં ધર્મની પ્રતિષ્ઠા થયેલી છે. આપણો પોતાનો આત્મા જ નવપદ સ્વરૂપ છે. આપણો આત્મા જ પુરૂષાર્થ પરાક્રમ અને ભાવનાનાં બળે અરિહંત બની શકે છે. આઠે કર્મના ક્ષય દ્વારા સિદ્ધિપદને મેળવી શકે છે આચારનાં પાલન દ્વારા ભાવાચાર્ય બની શકે છે સ્વાંધ્યાય રમણતા દ્વારા ઉપાધ્યાય બની શકે છે સ્વપરતું આત્મહિત સાધવા દ્વારા સાધુ પદને પામી શકે છે અનંતજ્ઞાન – દર્શન – ચારિત્ર એ આપણાં આત્માનાં જ પોતાનાં આત્મિક ગુણો છે અને તેનું પ્રગટીકરણ તપરૂપ ભઠ્ઠીમાં નાખીને કરી શકાય છે.

એવી રીતે પંચ પરમેષ્ઠિ સ્વરૂપ આત્માને બનાવવાના અસંખ્ય

સાધનોમાં **મુખ્ય સાધન**, પ્રમુખ શસ્ત્ર મહિમાવંત મંત્ર યંત્ર – તંત્ર – ચક્ર – જોકોઈ હોય તો તે શ્રી **સિદ્ધચક્ર** જ છે

અનેકાનેક વિશિષ્ટતાથી ભરેલા આ નવપદની એક વિશિષ્ટતા એ છે કે આમાં કોઈ વ્યકિતની પ્રધાનતા નથી કારણ શ્રી જિનશાસન વ્યકિત પ્રધાન નથી. પરંતુ ગુણપ્રધાન છે ગુણાનુરાગી છે. તેથી તે પ્રકારના ગુણોને ધારણ કરનારા ત્રણેકાળનાં પરમેષ્ઠિઓની સ્થાપના આ નવપદમાં થયેલી છે.

આપણો આત્મા જેમ અખંડ – અક્ષય – અક્ષર છે તેવી જ રીતે આ નવપદનાં નવનો આંક પણ અખંડ છે. તેનો ગુણાકાર ભાગાકાર વિ. કરતાં મૂળનવનો આંક કાયમ રહે તે તેની વિશિષ્ટતા છે.

એવાં આ મહામહિમાવંત, અચિન્ત્ય પ્રભાવશાળી નવપદનું ધ્યાન ભવિજનો અપૂર્વ ભાવોલ્લાસ, વીર્યોલ્લાસ, અખંડ શ્રદ્ધા અને ત્રિકરણ શુદ્ધી વડે કરીને પોતાનું આત્મિક કલ્યાણ સાધે એજ અભ્યર્થના...

આપ્યું દ્રવ્યદાન...

કરી ભક્તિ સમ્યગજ્ઞાન...

રૂા. 1111 શ્રી પ. પૂ. આ. દેવ શ્રી **યશોરત્ન સુરીશ્વરજી** મા. સા. ની **પ્રેરણાથી.**

પૂજ્ય મુનિરાજ શ્રી રાજયશવિજયજી મ. સા. ની **પ્રેરણાથી**

રૂા. ૫૧૦૦ ગીરધારલાલ કાનજી વોરા અમરેલી વાળાની સ્મૃતી નિમિત્તે હસ્તે—ચંપકભાઈ વોરા

રૂા. ૧૧૧૧ મણીલાલ મંછારામ અન્નપૂર્ણા હિંમવાળા થલતેજ, અમદાવાદ.

પ પૂ. સા. શ્રી **વિનયપ્રભશ્રી**જી મ. સા. ની પ્રેરણાથી

રૂા. 5000 શ્રી દાદાસાહેબ પગલા જૈન સંઘનો બેનો તરફથી જ્ઞાનખાતામાં.

રૂા. 2000 શ્રી બોટાદ જૈન સંઘ જ્ઞાનખાતામાંથી.

રૂા. 1000 શ્રી નવરંગપુરા જૈન સંઘની બેનો તરફથી જ્ઞાનખાતામાં

રૂા. 500 પુષ્પાબેન કાંતિલાલ શાહ નવરંગપુરા, અમદાવાદ.

રૂા. 500 શ્રી વિજયચંદ્ર સૂરીશ્વરજી જૈન જ્ઞાન મંદિર (જ્ઞાનખાતામાંથી) નવરંગપુરા, અમદાવાદ.

રૂા. 500 પ. પૂ. આ. શ્રી સ્વયંપ્રભસૂરીશ્વરજી મ. સા.ની પુણ્ય સ્મૃતિ નિમિત્તે હ. અનુભાઈ (સલાલ)

પ. પૂ. સા. શ્રી કનક પ્રભાશ્રીજી મ. સા. ની પ્રેરણાથી

રૂા. ૨૫૧ શાહપુર મંગળ પારેખનો ખાંચો જૈન ઉપાશ્રય જ્ઞાનખાતામાંથી

રૂા. ૨૫૧ રસિકભાઈ જૈન મર્ચન્ટ, અમદાવાદ.

રૂ. ૧૦૧ પ. પૂ. સા. વિશ્વપ્રભાશ્રીજી મ. સા. ની પ્રેરણાથી
શ્રી ઉદયપ્રભાશ્રીજી મ. સા..ની પ્રેરણાથી.........
પૂ. સા. શ્રી વિનયપ્રભાશ્રીજી મ. સા. ના શિષ્યા પૂ. સા.

રૂ. 5001 શ્રી શાહપુરી જૈન શ્વે. મૂ. સંઘની શ્રાવિકાઓ તરફથી
જ્ઞાનખાતામાંથી શાહપુરી–કોલ્હાપુર

રૂ. 501 ચંદ્રહાસભા મણીલાલ ત્રિવેદી જૈનનગર, અમદાવાદ.

રૂ. 501 હંસાબેન વિનોદભાઈ સુતરિયા અમદાવાદ.

રૂ. 101 પદમાબેન પ્રબોધભાઈ વકીલ જૈનનગર, અમદાવાદ.

રૂ. 101 મનોરમાબેન અરવિંદભાઈ હાજી „ „

રૂ. 101 દિપીકાબેન જીતેન્દ્રભાઈ શાહ બોરીવલી

રૂ. ૧૫૧ મુમુક્ષુ ભારતીબેન હરખચંદ છેડા નાલાસોપારા

રૂ. ૧૫૧ નીતા ઉમરસી છેડા દહીસર

રૂ. ૨૦૦૦ પો. હે. જૈનનગર સંઘના જ્ઞાનખાતામાંથી અમદાવાદ

## "સાભાર ઋણ સ્વિકાર"

જે ચિંતામણી મંત્રારાધનાનાં પુણ્ય પસાયે ગ્રંથ લેખનની પ્રેરણા જાગી. અનુકુળતા મળી તે મંત્રાધિરાજ.

**શ્રી ચિંતા મણીને ક્રોડાનુક્રોડ વંદના હો !**

(૧) પ્રથમ આભાર શ્રી **સિદ્ધચક્રનો**. શ્રી **શાસન રક્ષક દેવનો** જેમનાં કૃપા પ્રસાદથી આ કાર્ય નિવિઘ્ન પરિપૂર્ણતાને **પામ્યું** છે.

(૨) દ્વિતિય આભાર દિક્ષાદાતા, જ્ઞાનદાતા, આશિષદાતા, ત્રાતા, ભ્રાતા માતા અદ્દશ્ય કૃપા વર્ષાવતા સૌરાષ્ટ્ર કેશરી પરમોપકારી પ્રગુરૂદેવ શ્રી **વિજય ભુવન રત્ન સુરી શ્વરજી મ. સા.નો**

(૩) ત્યાર પછી ઋણ સ્વિકાર પરમકૃપાળુ ગુરૂદેવ **આચાર્ય** શ્રી **યશોરત્ન સૂરીશ્વરજી મ. સા. નો.** જેમનાં કૃપાશિષ મંજૂરી – પ્રોત્સાહનથી. જ આ ગ્રંથ સંકલન લેખન સુકર બન્યું છે.

(૪) અંતિમ આભાર તે નિમિત્તનો જે નિમિત્તે આ ગ્રંથ પ્રકાશિત થઇ રહ્યો છે તે **વર્ષીતપ** આરાધનાની **ભૂરીભુરી અનુમોદના વારંવાર આવી ઉત્કૃષ્ટ તપારાધનાઓ થતી રહો. અને પુણ્યાત્માઓ આત્મ સાધનામાં આગળ વધતાં રહો એ મંગલ આશિષ !**

લિ. **મુનિ રાજયશવિજય.**

# શ્રી ગુરૂ સ્તુતી

(૧) સન્માર્ગ દર્શો બોધ દાતા, કૃપા અતિ વર્ષાવતાં
આશ્રય અને આદર થકી, અમરંકને ઉદ્ધારતાં,
આનંદમૂર્તિ સ્વભાવ મગન, સરલતાદિ ગુણે જે ભર્યા,
શ્રી ભુવનરત્ન સૂરીજી ના ચરણમાં, દીનભાવથી હો વંદના!

(૨) જે ગુરૂના મુખ પદ્મથી નિકળતી, વાણી વિપત્તિ હરે,
જે ગુરૂના મહિમા થકી ભવિજનો, સહેજે ભવાબ્ધિ તરે;
જે ગુરૂ નિસ્પૃહતા અને સરલતા, જ્ઞાનાદિ ગુણે ભર્યા,
તે આચાર્ય ભુવનરત્નસુરીજી, દીઠે, દુઃખો વિસર્યા.

(૩) જેના અનુગ્રહવડે થતિ શુદ્ધ બુદ્ધિ,
જેની સદૈવ નિર્મળ અતિ શાંત દૃષ્ટિ,
મારા હિતાર્થ મનમાં દિન રાત ચિંતે
સો, સો હજો નમન તે ગુરૂ પાદપદ્મે

(૪) જેઓ નિર્મળ જ્ઞાન દર્શન અને ચારિત્ર્યથી દિપતાં,
જેઓ શ્રેષ્ઠ મનોબળે પરિષહો ને સંકટો ઝીલતાં;
સાધી સંયમ સાધના સ્વપરનું કલ્યાણ જેઓ કરે,
તે ઉપકારી ગુરૂતણાં ચરણમાં, સૌ ભક્તિ ભાવે નમે.

(૫) જેમ કેસરીનો નાદ સુણી, ઝરી જાય મદ ગજરાજનો,
સૌરાષ્ટ્ર કેસરી ભુવન વાણીએ, નાશ થયો મિથ્યાત્વનો;
ભવ્યો તણાં હૈય્યામહી, શ્રદ્ધાતણી કળી ખીલતી
અધ્યાત્મના ઉપવન થકી, કેસરની કીર્તિ પ્રસરતિ.

(૬) ભુવનત્રણ દિપાવવા ગુરૂવરે, ત્યાગી બધી મોહના,
વરવા મુક્તિનો માળને મુનિવરે, મુકી બધી કામના,
નમતા કેશર સૂરીના ચરણમાં, રાખી સદા ધીરતા,
રહીને ચંદ્રસૂરીજીના ચરણમાં, પામ્યા ઘણી વીરતા.

(૭) પ્રવચન શકિત હતી જેહની, સૌ મુનિગણથી ન્યારી,
તેહથી ઉજ્વલ શોભી રહીતી, કેશર કેરી કયારી;
જિનશાસનમાં કીર્તિ જેહની, સર્વત્ર ફેલાઈતિ સારી,
ગુણ તમારાં હું પામુ ગુરૂજી, આશિષ દ્યો એવી પ્યારી.

(૮) અગણિત અકથ્ય ગુણો તણાં, ભંડાર ગુરૂદેવ માહરાં,
નથી શકિત બુદ્ધિ તોય ભાવો, ઉછળે અંતરતણાં,
ગુણો તણાં ગુણ ગાનથી, ફેરા ટળે ભવોભવ તણાં,
વિશ્વાસ થકી જીવન સમર્પી, શ્વાસમાં શત વંદના,

## શ્રીપાળ મયણાંના જીવન રહસ્ય

"અવર અનાદિની ચાલ. નિતનિત તજીએ જી..."

અનાદિનાં અનંતકાળના ભવભ્રમણ દરમ્યાન જીવે બધાં પ્રકારનાં ધર્માનુષ્ઠાનો અનંતીવાર સેવ્યાં છે જીવે અનંતીવાર દીક્ષાઓ ગ્રહણ કરી, અનંતીવાર સિદ્ધચક્ર આરાધના પણ કરી. છતાં ઉદ્ધાર ન થયો તેનું શું કારણ? નવપદ સિદ્ધચકનું માહાત્મ્ય તો ઘણું જ છે તેની આરાધનાથી થતાં ઇહલૌકિક-પારલૌકિક તાત્વિક-આનુષગિક લાભો ઘણાં છે. આવું બધું સાંભળીએ છીએ, માનીએ પણ છીએ. છતાં પોતાને તેને તેવું ઉત્તમ અનુભવ-ફળ કેમ મળતું નથી. તેનું કારણ દર્શાવતા પદ્મવિજયજી મ. સા. કહે છે કે "સિદ્ધચક વર સેવા કીજે નરભવ લાહો લીજે જી વિધિપૂર્વક આરાધન કરતાં, ભવભમ પાતિક છીજે... ભવિજન ભજીએજી... અવર અનાદિની ચાલ નિતનિત તજીએજી..."

શ્રી સિદ્ધચક્રની આરાધના કરવી, એજ દુર્લભ મનુષ્યભવનું ઉત્તમફળ લાહો ગણાય. ઘણાં ઘણાં મહાનપૂણ્યના ઉદયથી મનુષ્યજન્મની પ્રાપ્તિ થાય છે. તેમાં વિશેષ પૂન્યરાશિ ભેગી થાય ત્યારે **આર્યદેશ** જ્યાં ધર્મનો વાસ છે તેની પ્રાપ્તી થાય છે તેવાં **સાડાપચીસ** જ આર્યક્ષેત્ર છે. તેમાં વિશેષ વિશેષ પૂણ્યવૃદ્ધિ થાય ત્યારે ઉત્તમકૂલ શ્રાવક

નિરોગી શરીર-સર્વાંગ સંપૂર્ણતા દીર્ઘાયુષ્ય વિ. ની પ્રાપ્તિ થાય છે. તેથી પણ પૂણ્ય પ્રકર્ષ વધે ત્યારે જીવને પરમોપકારી પરમોપાસ્ય એવાં દેવગુરૂધર્મની સામગ્રી મળી આવે છે. તેથી જે જીવ કર્મરાજાનાં ચક્રાવા સ્વરૂપ આટલાં કોઠાં પસાર કરીને, આટલી સામગ્રી મેળવી શક્યો હોય, તેનું તો કર્તવ્ય એક જ હોય, દેવગુરૂધર્મ શ્રી સિદ્ધચક્રની વિશેષ વિશેષ આરાધના વિધિપૂર્વક ઉપાસના દ્વારા મનુષ્યજન્મનું સાચું ફળ મેળવવું. સિદ્ધચક્રની આરાધના કરનારનાં ભવોભવનાં કર્મો ખપે છે એ પૂજ્યપદ્મવિજયજી મ. ની વાતમાં આપણને કોઈ શંકા-વિરોધ નથી, પરંતુ તેઓ આગળવધીને જે કહે છે તે જ આપણાં માટે પ્રતિકૂળ વસ્તુ છે.

"અવર અનાદિની ચાલ નિતનિત તજીએજી" ભજીએજી ત્યાં સુધી તો કાંઈ **વાંધો** નથી. પરંતુ **તજીએજીમાંજ** મોટો **વાંધો** છે. જેનો કોઈ **સાંધો** નથી. અને જીવનાં અનાદિનાં **વ્યર્થભવભ્રમણ** સર્વ ધર્મપુરૂષાર્થની નિષ્ફળતાનું મૂળકારણ **ગુપ્ત રહસ્ય** પણ એજ છે કે જીવ ધર્મારાનાઓ ઘણી કરે છે. પરંતું તેનો ઉદ્દેશ-લક્ષ નક્કી કરતો નથી. ધર્મારાધનાઓ સંપૂર્ણ વિધિ સાચવીને કરતો નથી અને વિધિ સચવાય તો આગળ વધીને પથ્યનું પાલન કરતો નથી. જે કોઈ પણ વ્યક્તિ ઉત્તમ એવી રસાયણો-ભસ્મો જેવીકે સુવર્ણભસ્મ મોતી-પરવાળાંની ભસ્મ વિ.નું સેવન કરતો હોય તેને શરીરનાં આરોગ્યની કાંતિની પ્રાપ્તિ થાય જ. પરંતુ ક્યારે....? જે રસાયણોનું સેવન કરે. તેના પથ્યનું પાલન કરે તો પરંતુ જો પથ્યનું પાલન ન સચવાય તો શું થાય? રસાયણ ફુટી નીકળે. આરોગ્ય તો બાજુમાં રહ્યું, નવિ ઉપાધિ ઉભી થાય. ધર્મારાધનાઓ રૂપી રસાયણોનાં સેવન વખતે એજ રીતે જીવને.... પથ્યનાં પાલન સ્વરૂપ પોતાની અનાદિની જે નબળી ચાલ છે તે છોડવું આવશ્યક ગણાય. ઉત્કૃષ્ઠ ધર્માનુષ્ઠાનો કરનાર જીવ પણ પોતાની અનાદિની ચાલ સ્વરૂપ ક્રોધ-

માન, માયા, લોભ, રાગ, દ્વેષ, ઇર્ષ્યા મદમત્સરને છોડતો નથી, તેથી જ કરીને જે ધર્માનુષ્ઠાનનું અનુપમ-અલૌકિક અફાટ અપરિમિત ફળ જીવ ઇચ્છે છે તેની પ્રાપ્તિ તેને થતી નથી. તે માટે જ ધર્મની વ્યાખ્યામાં મહાપુરુષો કહે છે.

**"वचनाद्यनुष्ठानात् अविरोधात् यथोदितम् ।**
**मैत्र्यादिभाव संयुक्तं तद् धर्मम् इति कित्र्यते ॥**

કોઈ પણ અનુષ્ઠાન ધર્મની ઉપમાને ક્યારે પામે? સર્વજ્ઞનાં વચનાનુસારી ક્રિય હોવી એ તેની પ્રથમ શરત પોતાને મન ફાવે તેમ તેમાં ફેરફાર કરીએ, કાળને બહાને તેમાં મન ઘટંત મન સુધારા કરીએ....તો પછી તે ધર્મની ઊપમા કેવી રીતે પામે? ધર્મનાં નામે કરાતીક્રિયા....એ ધર્મના મૂળ સિદ્ધાન્તની વિરૂદ્ધ ન હોવી જોઇએ. દયા એ ધર્મમાત્રનું મૂળ હોવા છતાં જો ધર્મનાં નામે હિંસા થતી હોય તો તેને ધર્મ કેમ કહેવાય? કોઇપણ અનુષ્ઠાનને ધર્મ બનાવવા માટેની મુખ્ય.... પ્રમુખ શર્ત હોય તો તે **"મૈત્ર્યાદિભાવ સંયુકતમ"** છે કરાતું ધર્મનુ અનુષ્ઠાન મૈત્રી-પ્રમોદ કરૂણાને માધ્યસ્થ્યભાવથી યુકત-સંયુક્ત હોય તો જ તે ધર્મની ઉપમાને લાયકાતને પામે ઓળી આરાધનારા જીવમાં જો કોઈ આત્મા પ્રત્યે દ્વેષ-ગુસ્સો ક્રોધ વર્તતો હોય, મૈત્રીભાવથી તેનું ચિત્ત વાસિત ન હોય તો તેનું ધર્માનુષ્ઠાન પણ ઈચ્છિતફળને કેવી રીતે આપી શકે? આરાધના કરવા ઇચ્છતાં આરાધકમાં પોતાનાથી શ્રેષ્ઠ ચડતા ગુણવાન જીવો પ્રત્યે પ્રમોદભાવ વર્તતો ન હોય અને એકલી ઈર્ષ્યા મત્સર અસૂયા પ્રવર્તતી હોય, ઇર્ષ્યાના આગમાં દિનરાત બળનાર વ્યક્તિની આરાધના એ ધર્માનુષ્ઠાન કેમ બને? જ્યાં ચિત્તમાં શાંતિ નથી સ્થિરતા નથી. ત્યાં આરાધનાનાં આનંદને હૃદયમાં જગા જ ક્યાંથી મળે?

પોતાનાંથી ઊતરતા જીવો પ્રત્યે આરાધકનાં મનમાં ભાવદયા કરૂણાને બદલે અહમ્ પણું, ચઢિયાતાપણું જુગુત્સાભાવ પ્રવર્તે તો તેની

આરાધના સફળતાનાં શિખરે કેવી રીતે પહોંચે ? ષટમાસી તપ કરનારો આરાધક જ્યારે નવકારશીનાં પચ્ચક્ખાણ કરનાર પુણ્યાત્માની પ્રશંસા, અનુમોદનાં કરે મનમાં આનંદ પ્રમોદ લાવે ત્યારે તેની આરાધના ફળવતી બને. સિદ્ધચક્રનો આરાધક આત્મા ધર્માભિમુખ જીવોને જોઇને તેમનાં પ્રત્યે દ્વેષભાવ, તુચ્છકારનો ભાવ તિરસ્કારનો ભાવ ધારણ કરે તો તે યોગ્ય ન જ ગણાય. કોઈને પણ ધર્મ માર્ગે પ્રવર્તાવવા પ્રેરણાં કરવી, ઉપદેશ આપવો. સમજાવવા પ્રયત્ન કરવો પરંતુ ભવિતવ્યતાના યોગે કોઈ જીવ નજ સમજે, તો તેના પ્રત્યે પણ તિરસ્કારનુ આણતાં–મધ્યસ્થભાવ લાવવો તે જ સાચાં ધર્મીની નિશાની ગણાય છે.

આ અપેક્ષાએ શ્રીપાલમયણાનાં જીવન પ્રસંગો ખાસ વિચારવા જેવાં છે. **મયણાની ધર્મશ્રદ્ધા** અડગતા–કેવી ? ખડગ જેવી. પોતાના સગા પિતા માલવદેશનો રાજા સામા પક્ષે હોવા છતાં....સિદ્ધાન્તની બાબતમાં પોતાની લઘુવય હોવા છતાં મયણાનું ધૈર્ય, સ્થિરતા, અડગતા...... વિચારતાં અત્યંત બહુમાન ઉત્પન્ન થાય. જ્યારે સંપૂર્ણ સભામાં હાજી હાજી કરનારા ખુશામતિયાઓનો મેળો મળ્યો હતો તેવાં સમયે કર્મવાદની દઢશ્રદ્ધા વિના, પરિણામ અશુભ આવશે. તેની ખાત્રી હોવા છતાં કોણ... કર્મવાદનો પક્ષ સ્થાપન કરી શકે ?

(૨) મયણાને વરવા માટે પ્રત્યક્ષ શ્રીપાળ કુંવર ઉંબરરાણા તરીકે આવી પહોચ્યો છે તેમનું પ્રત્યક્ષરૂપ કોઢરોગથી ઘેરાયેલું શરીર જોવાં છતાં "મયણા મુખ નવિ પાલટે મન નવિ આણે ખેદ

જ્ઞાનીનું દીઠું હવે રે તિહાં નાહીકીસ્યો વિભેદ" સંપૂર્ણ જીવનનો આધાર જે પ્રસંગમાં છે તેવાં પ્રસંગે ભલભલા અનુભવિયો પણ ચલિત થઈ જાય. ડોલી જાય ત્યારે આ યુવાનવયની બાળા પોતાનાં મુખ પર ખેદને પણ ધારણ કરતી ન હતી. એજ તેમની સાચી

**શ્રદ્ધા ધર્મ શ્રદ્ધા ધર્માસ્થા** અને એવી રીતે જ્યારે ધર્મને વળગી રહેવામાં આવે, પરીક્ષાનાં પ્રસંગે ધર્મ સાચવવામાં આવે તો પ્રસંગ આવે–ધર્મ પણ સહાયતા કરે જ...

(૩) જ્યારે ઉંબરરાણો પરણવા આવ્યા છે ત્યારે તે શરીરની અપેક્ષાએ રોગી છે (હતો) પરંતુ મનની અપેક્ષાએ કેવો નિરોગી? તેના કંઠે ઉદ્‌ગાર શું હતા........

"તવ ઉંબર એણી પરે ભણેરે, અનુચિત એ એહ ભૂપાલ, ન ઘટે કંઠે કાગનેરે મુક્તાફળની માળ રે......"

રૂપરૂપની અંબાર સમી યૌવનવતી રાજકન્યા પોતાની ઈચ્છાથી માલવપતિ આપતો હોવા છતાં પોતાની શારિરિક અવસ્થા જાણીને સ્પષ્ટ નકાર ભણવો...

તેથી વિશેષ મનની નિરોગીતા સુંદરતા શી હોય.

(૪) પોતાનાં ઉતારે આવ્યા પછી પણ શ્રીપાળ મયણાને સમજાવવા પ્રયત્ન કરે છે કે સુંદરી? તું હજી પણ વિચાર કર, કોઈ પણ કાર્ય ઉંડો વિચાર કરીને જ કરાય. હે સુંદરી? મારી સંગતથી તારી કંચનવર્ણી કાયા બગડી જશે. વિણસશે હજી તમારો–મારો વિશેષ પરિચય પ્રેમ પણ થયો નથી. તેથી મારાં જેવા કોઢિયા સાથે શ્યો સ્નેહ રાખવો, શ્રીપાળનાં મનની નિર્મળતાં–અદ્‌ભૂતતાં નિ:સ્પૃહ ભાવ કેવો પોતાનાં સ્વાર્થની કોઇ વિચારણા નહીં. કોઈ વિષયાભિલાષ નહીં. પરંતુ બીજાનો સામાના જ હિત વિચારનારી બુદ્ધિના ધારક શ્રીપાળ હતા ત્યારે તેમણે આરાધનાના વાસ્તવિક ફળો મેળવ્યા છે.

(૫) બીજી બાજુ મયણાસતિની નિષ્પ્રકંપતા કેવી

"પશ્ચિમ રવિ નવી ઉગમે રે લોં, જલધિ ન લોપે સીમરે.
સતિ અવર ઇચ્છે નહીં રે લો જા જીવે ત્યાં સીમરે.......

પોતાનાં પિતાએ ગુસ્સાનાં આવેશમાં, જેની સાથે હસ્તમેળાપ કરાવ્યો છે, જે પોતે ચેપીરોગથી ઘેરાયેલી વ્યક્તિ છે અને તે વ્યક્તિ

પોતે જ જ્યારે મુક્ત થવા—સૂચન કરતી હોય તેવાં સમયે તેને વળગી રહેવુ એજ સાચો સતિ ધર્મ, પતિવ્રતા ધર્મ, પતિનાં સુખદુઃખ આરોગ્ય-અનારોગ્ય બધાં પ્રસંગોમાં ભાગ લેવો, મનમાં ઓછું પણ ન આણવું આટલી નાની યુવાનવયે મયણાએ સતિ ધર્મ કેવો જાળવ્યો.

(૬) સદ્‌ગુરૂની ઉપમાને યથાર્થ ઠેરવતાં એવાં શ્રી મુનિસુંદરસૂરીજીએ બતાવેલ સિદ્ધચક્રની આરાધનાના પસાયે જ્યારે શ્રીપાળમહા-રાજાનો કોઢ રોગ નાશ પામ્યો, કંચનવર્ણી, નિરારોગી કાયા થઈ, ને પોતાનાં મોસાળે જ્યારે પિતાનો મેળાપ થયો...અને સર્વ હકીકત જાણીને જ્યારે પ્રજાપાળે કહ્યું કે,

"મેં તુજ દુઃખ દેવા ભણી જયવંતાજી, કીધાં કોડી ઉપાય ગુણવંતાજી દુઃખ ટળીને સુખ જ થયું જયવંતાજી, તે તુજ પૂન્ય પસાય"

જ્યારે પોતાનો સંપૂર્ણ વિજય થયો છે પોતે સ્થાપેલા કર્મવાદનાં પક્ષની વિજય પતાકા જ્યારે પોતે હારેલ પિતા જ લહેરાવી રહ્યા છે એવા સમયે – મયણાએ – **સમકિતનામૂળ** પ્રમુખ લક્ષણનાં દર્શન કેવાં કરાવ્યા.

"મયણાં કહે સુણો તાતજી—જયવંતાજી, ઇહાં નહીં તુમ વાંક, જય, જીવ સયલ વશ કર્મને જયવંતાજી" "કુણરાજા કુણ રંક-ગુણવંતાજી" કહેવાતાં સાચાં ધર્મી, સાચાં આરાધક સમકિતીનું આજ લક્ષણ હોય છે કે" તેઓ પોતાના ઘોર અપરાધીનું મનથી પણ ખરાબ ચિંતવત્તા નથી. અને પોતાના કર્મોનો દોષ – નિમિત્તોને આપતા નથી. એવી ઉત્તમ માનસિક સ્થિતિ થાય, એવો માધ્યસ્થભાવ – કરૂણાભાવ મનમાં ઘૂંટાય, ત્યારે જ આરાધના – ધર્મનાં નામને પામે છે". બાકી સાધારણ કક્ષાનાં જીવો તો પ્રસંગની તાકમાં જ હોય – ક્યારે લાગ આવે ને હું બદલો વાળું – ઉત્તમ આત્માઓની ઉત્તમતા તેમનાં આવાં કસોટીનાં પ્રસંગે ઝળકી ઉઠે છે.

(૭) પરદેશ પર્યટન જતી વેળાએ શ્રીપાળ નાં માતા તથા મયણાંનો ઉપદેશ, સૂચન શું હતું ? શ્વાસની સાથે જેવો શરીરનો સંબંધ છે તેવો જ સંબંધ ધર્મની સાથે રાખજો સિદ્ધચક્ર આરાધના જાપ ધ્યાનને કયારે પણ વિસરતાં નહીં. ઉત્તમ ધર્મી આત્માઓ ફક્ત કપરાં સમયમાંજ ધર્મને યાદ કરતાં નથી. પરંતુ સદા કાળને માટે ધર્મમય જીવન વિતાવતા હોય છે.

(૮) ઠેકઠેકાણે શ્રીપાળ કુંવરે **ધવલશેઠને** મૃત્યુનાં મુખમાંથી બચાવ્યો. **પ્રથમ** બબ્બરકોટનાં મહાકાળ રાજા પાસેથી છોડાવ્યો. ત્યારબાદ રત્નસંચયા નગરીનાં **કનકકેતુ** રાજાએ પણ દાણચોરીની સજા-રૂપે ફાંસી ફરમાવી હતી, ત્યાંથી **છોડાવ્યા.** છેલ્લે કોકણ દેશમાં **ઠાણા** નગરીના વસ્તુપાળ રાજાની સભામાં ડુંભના કલંકનું કારસ્થાન પકડાયા બાદ જયારે રાજાએ ધવલશેઠને હણવા ધાર્યા ત્યારે પણ ધવલશેઠને છોડાવનાર **શ્રીપાળ** જ હતા. આવાં-અપરાધીની ઓળખાણ શ્રીપાળ કેવી રીતે આપતાં ?
"એહ મુજ પિતા સમાન" અને છેલ્લા **કલાયમેકસ** રૂપે...

શ્રીપાળને મારવા ઈચ્છતો ધવલ પોતે પોતાના જ પાપભારથી જયારે મરણ પામે છે તે સમયે શ્રીપાળની "સજ્જનતા ઉત્તમત્તા, ધાર્મિકતા, આરાધકભાવ કેવો ?" શ્રીપાળ ધવલને સારી શ્રદ્ધાંજલિ અર્પે છે, શોકમનમાં ધારણ કરે છે એટલું જ નહીં જયારે પોતાનું ચંપાનગરીનું રાજ્ય પાછું - મેળવ્યું ત્યારે, ધવલશેઠનાં પુત્ર **વિમલશેઠને** કૌશાંબી નગરીથી તેડાવીને ચંપા-નગરીનાં **નગરશેઠ પદે** સ્થાપન કરે છે માટે જ કહ્યું છે કે

"ઉપકારીષુ યઃ સાધુ, સાધુત્વમ્ તસ્ય કો ગુણઃ !
અપકારીષુ યઃ સાધુ, સાધુત્વમ્ તસ્ય નિશ્ચલઃ !

ઉપકારી પ્રત્યેતો સારો, સુંદર આદર-સત્કારનો વ્યવહાર બધાં રાખે તેમાં ઉત્તમતા શી ? પરંતુ જે પોતાનો હાડોહાડ

મૈરી પગલે પગલે પોતાને સતાવનાર – રંજાડનાર પ્રત્યે – પણ પૂર્ણસદ્દભાવ પ્રેમભાવ માધ્યસ્થભાવ રાખે તે જ સાચી સજ્જનતા કહેવાય – આવી સજ્જનતા આવે ત્યારે જીવનમાં ધર્મ જે રીતે ખીલી ઉઠે છે તેનાં જે અમાપ – ફળો મળે છે તેનું વર્ણન શાસ્ત્રોમાં ઠેકઠેકાણે વાંચવા – સાંભળવા – મલે છે

ઉપરનાં બધાં ઉદાહરણોમાંથી જોવાનું – જાણવાનું – સમજવાનું ઉતારવાનું એક જ છે કે **મૈત્ર્યાદિભાવ** સહિત હોય તે જ **ધર્મ** કહેવાય બાકી **કાયકલેશ**.

એવાં આ ધર્મનાં ફળના મુખ્ય બે પ્રકાર પડે છે

(૧) તાત્વિક ફળ (૨) આનુષંગિક

Product By product

જેમ ખેતર ખેડતો ખેડુત ધાન્યને ઈચ્છે, છે ધાન્યએ તાત્વિક ફળ છે. મૂળ Proauct છે. તેવીજ રીતે ધર્મનું તાત્વિક ફળ મોક્ષપદની પ્રાપ્તિ કહેવાય. તેથી દરેકે દરેક નાનું – મોટું ધર્માનુષ્ઠાન મોક્ષપદની પ્રાપ્તિ, કર્મક્ષયનાં ધ્યેય પૂર્વક જ કરવાનું હોય છે.

(૨) આનુષંગિક ફળ : ખેતરમાં જયાં હજારોમણ અનાજ પાકતુ હોય ત્યાં ઘાસનાં તો ગંજ જ ખડકાય ઘાસએ ખેતીનું આનુષંગિક By Proauct ફળ છે. તેવી જ રોતે ધર્મનાં પ્રભાવે જયાં સુધી આરાધકને સિદ્ધિ ગતિની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી સદ્દગતિ – ઉત્તમ સંયોગો, દેવગુરૂધર્મની સામગ્રી અનુકુળ પરિવાર જન વિગેરે અનેક સુખોમળે. મુખ્ય ફળ તો **શિવગતિ** જ છે.

ધર્મના ફળનાં બીજાં પણ બે પ્રકાર પડે છે.

(૧) **અનંતરફળ** (૨) **પરંપરફળ.**

(૧) **અનંતર** અંતર, વિનાનું તરતમાં મળનારૂં ફળ કોઈ એમ વિચારતું હોય કે ધર્મ તો કાળાંતરે ફળે છે તો તે સંપૂર્ણ વાત ન કહેવાય. કારણ ધર્માચરણ અને તેનાં ફળમાં અંતર હોતું નથી. ચિત્તની પ્રસન્નતા એ દરેક ધર્માનુષ્ઠાનોનુ તુરતમાં મળનાર ફળ ગણાય છે.

(૨) **પરંપર ફળ**...જ્યારે પરંપરાથી મળતાં સદ્દગતિ સુખ-સામગ્રી એ પરંપર ફળ કહેવાય છે

એવી રીતે ધર્મનું સ્વરૂપ, આરાધનાનું સ્વરૂપ, આરાનાના પ્રકારો, આરાધનાની વિધિ અવિધિ આરાધનાના વાસ્તવિક – અવાસ્તવિક ફળને જાણીને જો આરાધના કરાય, અનાદિની અવળી ચાલને જો છોડી દેવાય તો શ્રીપાલ મહારાજાની જેમ સદ્દગતિની પરંપરા સાથે શિવગતીની પ્રાપ્તી સુલભ બને.

એવા શિવગતી સ્વરૂપ અનંત અવ્યા બાધ સુખને જીવમાત્ર નવપદ આરાધનાના પસાયે પામે એજ આ નવપદ સ્વરૂપ જણાવવાનો હેતુ છે અને આ નૂતન પ્રયાસનું જો કોઈ પણ ફળ હોય તો તેના ફળ સ્વરૂપે...

**"शिबमस्तु सर्व जगतः परहित निरता भवन्तु भूतगणाः।
दोषाः प्रयान्तु नाशम्, सर्वत्र सुखी भवतु लोकः।"**

## "મોક્ષમાર્ગની આરાધનાનું હાર્દ"

શ્રી જિનશાસનનો સાર કોઇ પૂછે તો કહી શકાય - **નવકાર** જીવનનાં સારની કોઈ પૃચ્છા કરે તો. બતાવાય - **આરાધના** - **ઉપાસના** આરાધના માટેનું માધ્યમ, સારભૂત તત્વની ગવેષણા કરનારને બતાવાય...**નવપદ**...એવાં આ સારમાં સાર - પરમોચ્ચ સાર - નવપદનો સાર ટૂંકમા કહેવો હોય તો શ્રી નવપદનો એટલે જ મોક્ષમાર્ગનો સાર છે. **કૃતજ્ઞતા ભાવ...** શાસ્ત્રોમાં ઠેકઠેકાણે બે પ્રકારનાં માર્ગો બતાવાય છે

**(૧) द्वे पदे बंध मोक्षाय, ममेति नममेति च ।**
**ममेति बध्यते जन्तुः, नममेति प्रमुच्यते ॥**

**(२) आश्रबो भवहेतुः स्याद्, संबरो मोक्ष कारणम् ।**
**इतीय मार्हती मुष्टि रन्यदस्याः प्रपञ्चनम् ॥**

**(३) श्रेयश्च प्रेयश्च द्वयमेव** पन्थाः ॥

તેવીજ રીતે બે માર્ગ બતાવવા હોય તો બે માર્ગો બતાવી શકાય.

**(૧) ભવમાર્ગ... કૃતઘ્નતા છે**

**(૨) મોક્ષમાર્ગ... કૃતજ્ઞતા છે**

અનતકાળનાં સંસાર પરિભ્રમણનાં જુદી જુદી અપેક્ષાએ જુદાં જુદાં કારણો હોવા છતાં સર્વથી વિશેષ, ગુપ્ત કારણ સર્વે-કારણોનું કારણ હોય તો તે છે જીવનો **કૃતઘ્નતા**

માનકષાયનો પરિપાક અર્થાત માન અભિમાનનો પર્યાયવાચી શબ્દ કૃતઘ્નતા છે જયારે **નમ્રતા** ગુણ **વિનયની પ્રાપ્તિ** સ્વરૂપ, **પર્યાય** સ્વરૂપ ગુણ **કૃતજ્ઞતા** છે શ્રી તત્વાર્થ સૂત્રમાં આવેછે.

"પરસ્પરોપગ્રહો જીવાનામ"

જીવો – પરસ્પરને – આપસમાં – ઉપગ્રહ ઉપકાર કરતાં જ હોય છે પરંતુ મોહાંધ – મદાન્ધ – મિથ્યાત્વાધ જીવ – બીજાં જીવોનાં કરેલાં નાનાં કે મોટાં ઉપકારને જાણતો નથી. ઓળખતો નથી. કદાચ ઓળખવા ઇચ્છતો પણ નથી. કારણુ પોતાનાં હું પદ અભિમાનમાંથી બહાર આવવું તેને ગમતું નથી. એજ જીવનું અનાદિકાલિન **મિથ્યાત્વ – અનાદિનો** રોગ – અનાદિનો તાપ – અને – અનાદિનો મોહ છે. જીવ ઇચ્છે છે યશને – કિર્તિને – બીજાં બધાં તેને જશ આપે ગુણગાય – ઉપકારમાને એવું તો જીવ ઇચ્છે છે.

પરંતુ બીજાઓને જશ આપવામાં જીવ કંજુસાઇ કરે છે જીવને તે ન ગમતી વાત બની જાય છે. જયારે જગતમાં એક અટલ નિયમ છે

"જેવું વાવો તેવું લણો" જેવું આપશો તેવું મળશે જશ આપશો તો જશ મળશે. અપજશ આપશો તો અપજશ મળશે. તેથી હે ? ભવ્યાત્માઓ" ! તમોને તમારાં પોતાનાં આત્માને નવપદ સ્વરૂપ મંગલસ્વરૂપ – આનંદ સ્વરૂપ – સિદ્ધબુદ્ધ સ્વરૂપ **નિરંજન નિરાકાર** સ્વરૂપ બનાવવું હોય તો **મહાદુઃખ ફલક–મહાદુઃખ** પરંપરક એવાં **કૃતઘ્નતા** ભાવનો તમો ત્યાગ કરો નાનાં મોટાં સર્વ પ્રત્યે કૃતજ્ઞ બનો કૃતજ્ઞતા બુદ્ધિ એ જ **મોક્ષનો રાજમાર્ગ** છે. કૃતઘ્નતા, નગુરા પણું એ **ભવમાર્ગ** છે જો જીવમાં કૃતજ્ઞતા બુદ્ધિ હશે, તો જ તે **પંચપરમેષ્ઠિઓની** ભાવ આરાધના કરી શકશે અન્યથા જે પંચપંમેષ્ઠિઓને, અરિહંત – સિદ્ધોને, આપણે પ્રત્યક્ષ જોયાં નથી, તેમનોઉપકાર માનવાની – તેમને ભજવાની – પૂજવાની સ્મરવાની શી જરૂરત ?

પૃથ્વીમાતા પણ કહે છે કે મારી છાતી ઉપર રહેલાં મોટાં મોટાં ઉંચા પર્વતો મને ભારરૂપ નથી. અફાટ દરિયાપણ મને ભારરૂપ નથી. મને ભારરૂપ એ – જ વ્યક્તિઓ છે કૃતઘ્ની, **વિશ્વાસ-ઘાતી.**

ક્યારેક ઘાતકી ખાટકીનો મોક્ષ થઈ શકે. પરંતુ **નગુરા** – કૃતઘ્ની મોક્ષને પામે નહીં,

તેથી જ હે સુજ્ઞ – ભવ્ય પુન્યાત્માઓ જો નવપદનાં **સારને આત્મહિતને, આત્મતેજ**, આત્માની **સ્વતંત્રતા** આત્માની **દિવ્યતા, ભવ્યતા,** પામવી હોયતો શ્રી **પંચપર-મેષ્ઠિ** પ્રત્યે, **નવપદ** પ્રત્યે, **જીવમાત્ર** પ્રત્યે કૃતજ્ઞતા ભાવ કેળવો. **કૃતજ્ઞ** હોય તે જ **ગુરૂકૃપા** મેળવી શકે છે, અને ગુરૂકૃપાએ **સર્વસિદ્ધિ – સમૃદ્ધનું** મૂળ હોય છે, એવી **ગુરૂ-કૃપાનાં પરમેષ્ઠિકૃપાનાં** ભાજન જીવમાત્ર બને એજ **ઉપદેશ રહસ્ય** છે.

"લિ : ગુરૂકૃપાથી"

# શ્રી નવપદ સ્તુતિ

શ્રી અરિહંતો સકલ હિતદા, ઉચ્ચ પુણ્યોપકારા.
સિદ્ધો સર્વે મુગતિપુરીના, ગામીને ધ્રુવતારા,
આચાર્યો છે જિન ધરમના, દક્ષવ્યાપારી શૂરા
ઉપાધ્યાયો ગણધરતણાં, સૂત્રદાને ચકોરા.

સાધુઆંતર અરિસમૂહને, વિક્રમી થઈય દંડે,
દર્શન જ્ઞાન હૃદયમલને, મોહઅંધાર ખંડે.
ચારિત્રે છે અઘર હિત હો, જીંદગી જીવન ઠારે.
નવપદમાંહે અનુપમ તપ છે, જે સમાધિ પ્રસારે.

વંદુભાવે નવપદ સદા, પામવા આત્મશુદ્ધિ.
આલંબન હો મુજ હૃદયમાં, દ્યો સદા સ્વચ્છબુદ્ધિ.

# 卐 શ્રી અરિહંતપદ 卐

## ઓળી અને નવપદ :-

આજે આયંબીલની ઓળીનો પહેલો દિવસ છે. આયંબીલની ઓળી વર્ષમાં બે વાર – ચૈત્ર માસમાં તથા આસો માસમાં આવે છે. બન્ને ઓળી શાશ્વત અઠ્ઠાહ્નિકા છે. બન્ને ઓળીમાં નવપદની આરાધના થાય છે. ઓળીના અને તે દરમ્યાન નવપદના આરાધકો આ કાળે પણ ઘણાં છે. તેમની આરાધના જોઈને પણ મનમાં ભારે આનંદ થાય તેવું એ આરાધન છે. સુંદર આરાધના જોઈ પ્રમાદી જીવ પણ થોડીશી આત્મસાધના કરે છે. પર્વોની યોજના એટલા માટે છે કે અહર્નિશ જે આત્મ સાધના ન કરી શકે તેઓ પર્વ દરમ્યાન યથાશક્તિ આરાધન કરી આત્મ સાધના કરે. ઓળી દરમ્યાન શ્રી નવપદનું વિસ્તારથી વિવેચન થાય છે. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ એ નવપદ છે.

## નવપદ જૈન દર્શનનો સાર છે :-

આ નવપદ એ આખા જૈન દર્શનનો સાર છે. નવપદમાં જૈન દર્શન સમાઈ જાય છે. મુખ્ય ત્રણ તત્વો છે. દેવ, ગુરૂ અને ધર્મ ત્રણે તત્વો નવપદમાં આવી જાય

છે. પ્રથમ બે પદ તે દેવ : આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ તે ગુરૂ : જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ તે ધર્મ. આ રીતે નવપદ એ જૈન દર્શનનો નિચોડ છે.

## અરિહંતપદ પ્રથમ શા માટે ?

પ્રથમ પદે શ્રી અરિહંત આવે છે. પંચપરમેષ્ઠીમાં પણ પ્રથમ અરિહંત આવે છે. પ્રથમ નમસ્કાર અરિહંતને થાય છે. તેજ રીતે નવપદમાં પ્રથમ અરિહંતપદની આરાધના થાય છે. તેમને પ્રથમ કેમ મુકવામાં આવ્યા ? નમો અરિહંતાણું પ્રથમ આવે છે. ત્યારબાદ નમો સિદ્ધાણું આવે છે. તેવીજ રીતે નવપદમાં પણ પ્રથમ અરિહંત છે. ત્યારબાદ સિદ્ધપદ આવે છે. આ ગોઠવણુ સમજ્યા વગરની નથી. તેની પાછળ રહસ્ય છે. સિદ્ધ-ભગવંત આઠેય કર્મથી મુક્ત થઈ મોક્ષે ગયા. પોતાની સાધના પુર્ણ કરી સિદ્ધપદ પ્રાપ્ત કર્યું. જ્યારે અરિહંતદેવ અનેકની આરાધનામાં – મોક્ષપદની આરાધનામાં અવલંબન થઈને સિદ્ધપદે પહોંચ્યા છે. પોતે તો સાધ્યું, પરંતુ અનેકને સાધવામાં મદદરૂપ થયા છે, નિમિત્ત બન્યા છે; આલંબન બન્યા છે. એજ કારણે અનેકની સાધનામાં સહાયક બનનાર અરિહંતપદને પ્રથમ વંદન થાય છે, અને તેમની પ્રથમ આરાધના થાય છે.

### અરિહંત પદ :–

અરિહંતપદનો ખ્યાલ આપતાં આચાર્ય ભગવાન રત્નશેખરસુરિશ્વરજી મહારાજ ફરમાવે છે કે :–

तत्थऽरिहंतेऽट्ठारसदोसविमुक्के विसुद्धनाणमए ।
पयडियतत्त नयसुरराए झाएह निच्चंपि ॥

## અરિહંત અઢાર દોષ રહિત છે :-

નવપદમાં પ્રથમ પદે અરિહંત પરમાત્મા છે. તે કેવા છે ? અઢાર દોષ રહિત છે. તેથી એમનો આત્મા વિશુદ્ધ છે. અઢાર દોષ તે અઢાર પાપ સ્થાનક નહિં. અઢાર પાપ સ્થાનકથી તો અરિહંત દેવ રહિત છેજ અહિં જે અઢાર દોષની વાત છે તે અઢાર દોષ આ છે :- (૧) અજ્ઞાન (૨) નિદ્રા (૩) મિથ્યાત્વ (૪) હાસ્ય (૫) રતિ (૬) અરતિ (૭) ભય (૮) શોક (૯) દુગંછા (૧૦) અવિરતિ (૧૧) પુરૂષવેદ (૧૨) સ્ત્રીવેદ (૧૩) નપુંસક વેદ (૧૪) દાનાંતરાય (૧૫) લાભાંતરાય (૧૬) ભોગાંતરાય (૧૭) ઉપભોગાંતરાય (૧૮) વીર્યાંતરાય. ઘાતી કર્મના ઉદયથી ઉભા થતા આ દોષો છે. તેમાં પ્રથમ અજ્ઞાન છે. અજ્ઞાન એ મહાદોષ છે. અજ્ઞાન હોવાથી વસ્તુનુ સ્વરૂપ સમજી શકાતું નથી. બીજો દોષ તે નિદ્રા; તેને પ્રમાદ પણ કહી શકાય. તે પણ મહાન દુશ્મન છે. આવા દોષોને હરાવે નહિં ત્યાં સુધી અરિહંત બને નહિં. તેઓએ આ બધા દુશ્મનોને હણ્યા છે. આ બધા દોષોને હઠાવ્યા છે તેથીજ તેઓ અરિહંત કહેવાય છે. ત્રીજો દોષ છે મિથ્યાત્વ. તેની તો વાતજ શી કરવી ? એ તો ભુક્કા કાઢી નાખે તેવો દુશ્મન છે. પરંતુ આજની દુનીયા આ દુશ્મનોથી ડરતી હોય તેમ લાગતું નથી.

**અંતરના દુશ્મનોથી ડરો :-**

તમે સૌ દુનિયાના બહારના દુશ્મનોથી તો બહુ ડરો છો. અંદરના દુશ્મનોથી કેમ ડરતા નથી? તેઓ કંઈ ઓછા ભયંકર છે? બહારના દુશ્મનો કરતાં અનેકગણું નુકશાન અંદરના શત્રુઓ કરે છે. બહારના દુશ્મનો તમોને પાયમાલ કરશે તેવો ડર છે. તેથીજ તેનાથી ડરો છો ને? પરંતુ અંદરના શત્રુઓ અનાદિ કાળથી તમોને પાયમાલ કરી રહ્યા છે તે કેમ ભુલી જાઓ છો? ખરેખરૂં ડરવાપણું તો અંદરના શત્રુઓથી છે. તમે બહારના દુશ્મનોથી કંપો છો. તમારૂં એ બગાડશે એવો તમને ડર છે. પરંતુ અંદરના શત્રુઓ તમારૂં અનંત કાળથી બગાડી રહ્યા છે. એનો તો વિચાર કરો! બહારના દુશ્મનોને ઠીક કરવા તમે ઈચ્છો છો તે માટે બની શકે તેટલી મહેનત પણ કરો છો. અંદરના દુશ્મનોનું શું કરવું છે એ તો કહો! બહારના શત્રુઓને જડમુળથી ઉખેડવા છે; નિર્મુળ કરવા છે. પરંતુ ખરા ઉખેડવા જેવા તો અંદરના શત્રુઓ છે. અંદરના શત્રુઓ જેણે ઉખેડી નાખ્યા છે તેમને બહારના શત્રુ રહેતા નથી. રાગદ્વેષને જેમણે જીત્યા તેમના જગતમાં કોઈ દુશ્મન રહેજ નહિં. ખરા દુશ્મનો બહાર નથી, અંદર છે. જેણે અંદરના દોષોને–દુશ્મનોને ઓળખ્યા, અને ઓળખીને હણ્યા તે અરિહંત. પરંતુ માનવી ઉંધી માન્યતામાં પડી ગયો છે! અને તેથીજ સાચા દોષોને ઓળખતો નથી, અને પોતાનું અકલ્યાણ થવા દે છે. કહ્યું છે કે :-

त्वमेव दुःखं नरकस्त्वमेव ।

તું પોતેજ દુઃખરૂપ છો, તું પોતેજ નરક છો. હે આત્મન ! તુંજ તારો દુશ્મન છો, અને તારો મિત્ર પણ તુંજ છો. અજ્ઞાન જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી ઉભો થતો દોષ છે. નિદ્રા દર્શનાવરણીય કર્મના ઉદયથી ઉભો થતો દોષ છે. મિથ્યાત્વ હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, દુગુચ્છા, અવિરતિ, પુરૂષવેદ, સ્ત્રીવેદ અને નાપુંસકવેદ મોહનીય કર્મના ઉદયથી ઉભા થતા દોષો છે, અને દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય તથા વીર્યાંતરાય એ અંતરાય કર્મના ઉદયથી ઉભા થતા દોષો છે. એ બધા દોષોને શ્રી અરિહંતે હણ્યા છે, એટલેજ તેઓ અરિહંત કહેવાય છે.

**અરિહંતદેવ દોષોને-દુશ્મનોને નમાવનારા છે:-**

તેમણે અઢારે દોષોને-દુશ્મનોને નમાવ્યા છે, હરાવ્યા છે. માટે તેમને નમસ્કાર છે. અરિહંતે એ દોષોને નમાવ્યા છે; જ્યારે એ દોષોએ આપણને નમાવ્યા છે. અરિહંત દોષોને નમાવનાર છે માટે તેમને નમસ્કાર છે.

**આપણી સ્થિતિ :-**

શ્રીમાન આનંદઘનજી મહારાજ ફરમાવે છે :-

"જે તેં જીત્યારે તેણે હું જીતિઓ રે,
પુરૂષ કિસ્યું મુજ નામ."

"હે પ્રભુ! જે જે દુશ્મનોને આપે જીત્યા છે તેનાથી હું જીતાએલો છું. હું પુરૂષ નામને પણ લાયક નાથી."

આજ વસ્તુને આચાર્ય ઉમાસ્વાતિ મહારાજ પણ પ્રશમરતિ ગ્રંથમાં કહે છે, :- "જાતિ, કુળ, રૂપ, બળ, લાભ તથા લોકપ્રિયતાદિ આઠ મદથી અંધ બનેલા, અલ્પ સાત્વિક, નપુંસક જેવા નિર્બળ માનવો આ લોક કે પરલોકનો હિતકારી અર્થ પણ જોઈ શકતા નથી." સાંભળીને, સમજીને, વિચારીને યોગ્ય માર્ગે, હિતમાર્ગે, પુરૂષાર્થ ન કરે તે પણ નપુંસક જેવાજ ગણાય ને! આટલામાં આપણા જીવનનો આબેહુબ ચિતાર ખડો કર્યો છે.

## સાચો પુરૂષાર્થ મોક્ષમાર્ગે હોય :-

મોક્ષના માર્ગે જે પુરૂષાર્થ કરે તે પુરૂષ વિષય વાસનાના માર્ગે પુરૂષાર્થ કરે તે પુરૂષ નહિં પણ પુરિષ (ગંદકી) અનાદિથી મોહમાં મુંઝાઈને ક્ષણિક સુખમાં રાચે, વિષયોની વિષ્ટા ચુંથે તેને બીજું શું કહેવાય? તેને પુરૂષ કેમજ કહેવાય? આવું ને આટલું સાંભળતા તો હૃદયના દ્વાર ખુલી જાવા જોઈએ. અંતરના બીડાએલા લોચન ખુલી જવા જોઈએ. કોણ જાણે કેવા ભાવથી તમે સાંભળો છો? સાચા ભાવથી આવું સાંભળે તેના તો જીવન પલટાઈ જાય.

## અનંત ચતુષ્ટયના ધારક અરિહંતદેવ :-

આપણે અરિહંત કેવા છે તે વિચારી રહ્યા છીએ. તેઓ અઢાર દોષથી રહિત છે. તેમણે અંતરના દોષોને જીત્યા છે. બધા દોષોને તેઓ નમાવે છે. તેથી તેઓને આપણાં નમસ્કાર છે, તેમને આપણી વંદના છે.

તે અરિહંતદેવ વિશુદ્ધ, અનંતજ્ઞાન, અનંતદર્શન અનંતચારિત્ર અને અનંત વીર્યયુક્ત છે. તેમને અનંતજ્ઞાન પ્રગટયું છે. આપણે તો આપણી પીઠ પાછળ પણ શું બને છે તે જોઈ કે જાણી શકતા નથી. જયારે અરિહંત પ્રભુને તો અનંતજ્ઞાન પ્રગટયું છે અને તેઓ પોતાના જ્ઞાનરૂપી દર્પણમાં લોકા લોકના ભાવને જોઇ શકે છે. આવું તેમનું અપૂર્વ, અનંત અને વિશુદ્ધ જ્ઞાન છે. તેઓ પોતાના જ્ઞાનમાં લોકા લોકના ભાવને હસ્તામલકવત્ જોઇ શકે છે. આત્માની આવી મહાન શક્તિ છે. જે શક્તિ સત્તારૂપે સૌ આત્મામાં રહેલી છે તે અરિહંતદેવે અંતરના શત્રુઓને જીતી પ્રગટ કરી છે.

**દિગંબર માન્યતા :-**

દિગંબરો માને છે કે આ સત્તા સૌમાં શક્તિરૂપે છે, પણ એ સત્તા શક્તિરૂપે ત્યારેજ કહેવાય જયારે તેના પર કશું આવરણ ન હોય. જ્ઞાનાવરણીય માનવું અને જેને જ્ઞાનાવરણીયનો ઉદય છે તેની સત્તા શક્તિરૂપે માનવી તે અસંગત છે. જે આવરણમાં હોય તે તો સત્તારૂપે કહેવાય. શક્તિરૂપે ન કહેવાય જ્ઞાનાવરણીય માનીને જ્ઞાનને શક્તિરૂપે માનવું તે વાત બરાબર નથી.

જે જ્ઞાન સત્તામાં હતું તે અરિહંતદેવે પ્રગટાવ્યું. જ્ઞાનની જ્યોત પ્રગટાવી અનંત જ્ઞાની થયા. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર અને અનંતવીર્ય તે અનંત ચતુષ્ટય છે. અરિહંતદેવે અનંત ચતુષ્ટય પ્રગટાવ્યા છે. આત્માનો અપુર્વ વીર્યોલ્લાસ હોય અને ક્ષપકશ્રેણી હોય ત્યારે

તેરમે ગુણઠાણે આ પ્રગટે છે. ત્યાં ચાર ઘનઘાતી કર્મ ખપે છે. અરિહંતદેવે ચાર ઘનઘાતી કર્મ ખપાવ્યા છે. જ્ઞાનાવરણીય ખપવાથી અનંતજ્ઞાન પ્રગટયું છે. મોહનીય ખપવાથી અનંતચારિત્ર પ્રગટયું છે. અને અંતરાય ખપવાથી અનંતવીર્ય પ્રગટયું છે. હવે તો માત્ર ચાર અઘાતી કર્મ બાકી રહ્યા છે, પણ તે કર્મોની બીક નથી. છતાં તેમને ખપાવવા જરૂર પડશે. ઘાતી કર્મ જતાં બાકીના કર્મો બહુ નબળા થઈ જાય છે. પરંતુ વેદનીય, આયુષ્ય, નામ તથા ગોત્ર ઉભા છે તેથી કેવળજ્ઞાન પામ્યા પછી પણ તેમને અહિં રહેવું પડે છે. અઘાતી કર્મ તેના ભાવ તો ભજવતા હોય છે.

**તત્વને પ્રગટ કરનાર અરિહંત દેવ છે :–**

આ રીતે અરિહંત દેવ અઢાર દોષ રહિત, વિશુદ્ધ અનંત ચતુષ્ટયના ધારક છે. એથી પણ વિશેષ એ છે કે તેઓ તત્વના પ્રગટ કરનાર છે. વ્યાખ્યાન કરી નવ તત્વ, છ દ્રવ્ય આદિના સમજાવનાર છે. ઘોર અંધકારમાં પ્રકાશ રેલાવનાર, પ્રકાશ પુંજ પ્રગટાવનાર છે.

ધન ધન શ્રી અરિહંતને રે,
જેણે ઓળખાવ્યો લોક સલુણા
તે અરિહાની પુજા વિના રે,
જન્મ ગુમાવ્યો ફોક સલુણા

ધન્ય છે અરિહંત દેવને જેણે આખા લોકને ઓળખાવ્યો; તેમની પુજા, અર્ચના અને ભક્તિ જેણે

કરી નથી તેમનો જન્મ વ્યર્થ છે. તેમનો આપણા ઉપર ઓછો ઉપકાર નથી. તેઓ અનંત ઉપકારી છે. તેઓ આત્મ તત્વની ઓળખાણ કરાવનાર, મોક્ષ માર્ગના વહેવડાવનાર, પ્રવર્તાવનાર, છે.

**નિમિત્તનો ઉપકાર :–**

કેટલાક કહે છે–નિમિત્તનો શો ઉપકાર ? અરે ભાઈ ? તત્વ સમજાવનાર એને ઓળખાવનારનો ઉપકાર વાચાયોગથી વર્ણવ્યો જાય તેમ નથી. એ ઉપકાર વર્ણવવાની તાકાત વાણીમાં નથી. જો નિમિત્તોની કસી અસર ન હોય તો ખરાબ નિમિત્તોથી દુર રહેવાની સાધુઓને શાસ્ત્રો શા માટે કરત ?

(એક સભાજન) ઉપાદાનની તૈયારી ન હોય ત્યાં નિમિત્ત કશું ન કરે એમ કહેનારા કહે છે.

**અરિહંત અનંત ઉપકારી છે :–**

તો તો પછી જેનું ઉપાદાન તૈયાર હોય તેને પણ નિમિત્તની શી જરૂર ? ઉપાદાન તૈયાર નથી એટલેજ તેને તૈયાર કરવા માટે નિમિત્તની ઉપાસના કરવાની જરૂર પડે છે. ઉપાદાનમાં યોગ્યતા તો રહેલી જ છે. પરંતુ તેને પ્રગટાવવા માટે નિમિત્તો ઉપાસવા પડે છે. અરિહંતદેવ તત્વને પ્રકાશનારા છે અને વસ્તુ સ્વરૂપને ઓળખનારા છે. આ રીતે અરિહંતદેવ અનંત ઉપકારી હોવા છતાં તેમનાથી આપણને કઈ લાભ નથી; તેવા નિમિત્તથી કશું થતું નથી એમ કહેવું તે અરિહંત ભગવાનની ઘોર અશાતના છે.

આવા મહાન ઉપકારી નિમિત્તો માટે ગમે તેમ બોલવું તે વ્યાજબી નથી.

**નિમિત્તની અસર છે :-**

ઉપાદાન પામે એટલે નિમિત્ત ઉપર આરોપ આવે. તેમ કહેવું તે બરાબર નથી. નિમિત્ત પમાડે છે. પમાડવામાં સહાયક બને છે. છતાં આજ કાલના કેટલાકો ભદ્રિક જીવોને ઉંધા રમાડે છે. નિમિત્તવાસી આત્મા છે માટે અશુભ નિમિત્તોથી દુર રહેવાની પ્રભુની આજ્ઞા છે. ખરાબ ચિત્રો હોય તેવા મકાનમાં પણ ન રહેવાની સાધુઓને આજ્ઞા છે. જો આત્મા નિમિત્તવાસી ન હોત તો બ્રહ્મચારીઓ માટે તેમના બ્રહ્મચર્યના રક્ષણ માટે નવવાડની યોજનાંની જરૂર ન પડત. આત્મા જ્યાં સુધી બહુ બળવાન થયો નથી, ત્યાં સુધી આત્મા ખુબ ઉચ્ચ કક્ષાએ પહોંચ્યો નથી ત્યાં સુધી સારા ખરાબ નિમિત્તો તેના પર અસર કરે છે. એટલા માટેજ સાધકોને સદા સત્ સમાગમમાં રહેવાની તથા અશુભ નિમિત્તોથી દુર રહેવાની આજ્ઞા છે.

**અરિહંતદેવ ઈંદ્રોથી પણ વંદિત છે :-**

અરિહંતદેવ વળી કેવા છે ? દેવતાઓથી અને ઈંદ્રોથી પણ વંદિત છે. તેઓનું આપણે સદા ધ્યાન ધરવું જોઈએ. તેમનું સ્મરણ કરવું જોઈએ. શા માટે તેમનું ધ્યાન અને સ્મરણ કરવા જેવું છે ? તેથી શો લાભ છે ?

**અરિહંત ધ્યાનથી અરિહંતરૂપ થવાય છે :-**

અરિહંત પદ ધ્યાતો થકો
દવ્વહ ગુણ પજ્જાય રે,

ભેદ છેદ કરી આતમા,
અરિહંત રૂપી થાય રે.

અરિહંતની આરાધના, સ્મરણ અને ધ્યાનથી તો અપૂર્વ લાભ છે. અરિહંતપદનું દ્રવ્ય, ગુણ, અને પર્યાયથી ધ્યાન ધરતો ધરતો આત્મા પોતાના અને અરિહંત વચ્ચેના ભેદને છેદીને પોતે અરિહંતપદ પામે છે. તેમની આરાધનાથી તેમના જેવા બની જાય છે તેમના અને આપણા વચ્ચેના ભેદનો છેદ થઈ જાય છે. આથી વિશેષ લાભ કોઇ સંભવી શકે ખરો?

**દ્રવ્ય, ગુણ અને પર્યાય :-**

આત્મા તે દ્રવ્ય છે, અને તેમાં ગુણ તે સહભાવી છે, અને પર્યાય તે ક્રમભાવી છે. અનંતજ્ઞાન, અનંતદર્શન આદિ આત્માના ગુણો છે. સમય સમયની આત્માની અવસ્થા તે પર્યાય છે. અગર તો સમય સમયની જ્ઞાનાદિ ગુણની અવસ્થા તે પર્યાય. દાખલા તરીકે સોનું દ્રવ્ય છે. સોનાની ચીકાશ, પીળાશ, ચમક તે તેના ગુણ છે. સોનાના નવા નવા ઘાટ તે સોનાની પર્યાય. સોનાના ઘાટ બદલે પણ ચમક ન જાય.

**આત્માનો પ્રધાન ગુણ જ્ઞાન :-**

આત્માના ગુણો તો અનંત છે. પરંતુ જ્ઞાનમાં તે પ્રધાન ગુણ છે.

ગુણ અનંત આતમા તણા,
મુખ્ય પણે ત્યાં હોય,
તેમાં પણ જ્ઞાનજ વડું,
જીણથી દર્શણ હોય.

જો જ્ઞાનગુણ આત્મામાં ન હોય તો જીવ અને જડ વસ્તુ વચ્ચે કશો ભેદ ન રહે. જીવ અને અજીવ વચ્ચે ભેદ પાડનાર, જીવને અજીવથી જુદી રીતે ઓળખાવનાર પ્રધાન ગુણ કોઈ હોય તો તે જ્ઞાન છે. એટલાં માટેજ જ્ઞાન ગુણના ઉપયોગને વિશેષ ઉપયોગ કહેવાય છે. જ્યારે દર્શન ગુણના ઉપયોગને સામાન્ય ઉપયોગ કહેવાય છે. આપણા પરિણામ અત્યારે તો ઠીક છે. કારણ આપણે ધર્મસ્થાનમાં બેઠા છીએ શાસ્ત્રની વાતો સાંભળી રહ્યા છીએ. પરંતુ વિકારી પુરૂષ જ્યારે સુંદર સ્ત્રીને જુએ ત્યારે તેના પરીણામ ખરાબ થાય છે. જ્ઞાનગુણનું વિપરીત પરિણામ હોય ત્યાં સંસાર છે તે પરિણમન સમ્યક થાય તો મોક્ષ થાય દ્રવ્ય, ગુણ અને પર્યાયથી અરિહંતપદનું ધ્યાન ધરતા ધરતા પરમાત્મા અને આપણા આત્મા વચ્ચેનું અંતર તુટી જાય છે. આત્મા પરમાત્મા બને છે.

**અરિહંત પ્રભુના ધ્યાનથી દ્રવ્ય ગુણ અને પર્યાય નિર્મળ થાય છે :-**

સ્વામી સીમંધરા તું ભલે ધ્યાઇયે,<br>
આપણો આત્મા જેહ પ્રકટ પાઈએ ।<br>
દ્રવ્ય ગુણ પજજવા તુજ યથા નિર્મલા<br>
તેમ મુઝ શક્તિથી જઈ ત્રિભવ સામલા ।

હે શ્રીમંધર નાથ, આપનું ભલી ભાંતિથી ધ્યાન ધરતાં અમારો પોતાનો આત્મ સ્વભાવ જાગ્રત થાય છે;

અમારો સ્વભાવ પ્રગટે છે. વિભાવ શમી જાય છે. અને વિભાવ શમી જતા આત્મ સ્વરૂપની પ્રાપ્તિ થાય તેથી કયો વિશેષ લાભ જોઈએ ? અરિહંત પ્રભુના તો દ્રવ્ય, ગુણ અને પર્યાય નિર્મળ થયા છે. તેઓ લોકા લોકને જોઈ રહ્યા છે બારે દેવલોક જોઈ રહ્યા છે. ઇંદ્રો તથા ઈંદ્રાણીઓના આવાસ પણ જોઈ શકે છે. તેમજ મહા સૌંદર્યવાન ઈંદ્રાણીઓના નાચ પણ જોઈ શકે છે. ગમે તેવા દશ્યો જુએ તો પણ તેમના જ્ઞાન ગુણમાં વિકાર થતો નથી. તેઓ એવા નિર્મળ થઇ ગયા છે ભક્ત હૃદય કહે છે કે પ્રભુ સત્તાથી તો મારા દ્રવ્ય, ગુણ અને પર્યાય પણ આપના જેવાજ નિર્મળ છે. પરંતુ ભવ પર્યાયથી, સંસાર પર્યાયથી મારા દ્રવ્ય ગુણ અને પર્યાય આજે શામળા છે, મલિન છે. જેવા આપના પ્રગટપણે છે તેવાજ મારા સત્તાથી તો છે અને મને શ્રદ્ધા છે કે આપનું ધ્યાન ધરવાથી મારા દ્રવ્ય, ગુણ અને પર્યાય નિર્મળ થશે, અને અવશ્યમેવ સિદ્ધ પર્યાય પ્રગટશે. અરિહંત પ્રભુનું સ્મરણ કરવાથી, તેમના સ્વરૂપી થઈ શકાય છે. એમના દર્શનથી, ધ્યાનથી અપૂર્વ લાભ છે. એટલેજ આપણે તેમની આરાધના કરીએ છીએ.

**આજકલની આરાધના :–**

પરંતુ આજકલની આરાધના, વંદના, દર્શન કંઈક જુદા પ્રકારના છે કોઇ કહે છે – ભાઈ આજે દર્શને જઈ આવ્યા કે નહિં ? બીજો પૂછે છે – કેમ ? પહેલો જવાબ આપે છે આજે આંગી બહુજ સરસ છે. આંગી સારી છે કે

ભગવાન સારા છે ? આંગી સારી છે એટલે દર્શન કરવા જાઓ છો કે ભગવાન સારા છે તેથી દર્શન કરવા જાઓ છો ? કોઈ દિવસે હીરા માણેકની આંગી હોય તો તે દિવસે માણસો કહે છે આજે દર્શન કરવા જેવા છે, હીરા માણેકની આંગી છે. હીરા માણેકની આંગી નહોતી તે દિવસે પ્રભુ સારા નહોતા લાગતા ? તે દિવસે પ્રભુ દર્શન કરવા યોગ્ય નહોતા ? પ્રભુના સદા દર્શન આપણા કલ્યાણ માટે કરવા જેવા છે. આંગી તો ભાવની વૃદ્ધિ માટે છે આગી સારી છે તેમ કહેવામાં કશી હરકત નથી પરંતુ આંગી પાછળ પ્રભુનું મુળ સ્વરૂપ ભુલાઈ ન જવું જોઇએ. ખરી રીતે પ્રભુના મુળ સ્વરૂપની નજીક લઈ જવા માટેજ આંગી છે આંગીના દર્શન કરવા જાઓ અને ભગવાનને ભુલો તે ઠીક નથીજ. આ બધું એ બતાવે છે કે આપણી દશા બહિર્મુખ છે.

**અરિહંતની મહત્તા એમની વીતરાગતામાં છે :-**

શ્રી સમંત ભદ્રાચાર્ય જણાવે છે. :-

**देवागमनमायानचामरादिविभूतयः ।**
**मायाविष्वपि दृश्यन्ते नातस्त्वमसि नो महान् ॥**

"હે ભગવંત, તમારા પ્રાતિહાર્યની શોભાથી તમે મહાન નથી. દેવો તમારી સેવામાં હાજર છે અને તમને વાંદવા આવે છે તેથી પણ તમે મહાન નથી. જમીનથી તમે અદ્ધર ચાલો છો તે કારણે પણ તમારી મહત્તા નથી. કારણ આવી વસ્તુઓ તો માયાવી લોકમાં પણ હોય છે. પરંતુ તમે વિતરાગ છો. એટલે મહાન છો." વસ્તુ

પાછળના મુળ હેતુને, મુળ ભાવનાને, ખરા હાર્દને ન ભુલે. અરિહંતમાં વીતરાગતા છે તેથીજ તે પૂજ્ય છે. તેથીજ એમના પૂજન થાય છે વીતરાગતા હોય તથા અને તિર્થંકર નામ કર્મનો ઉદય હોય ત્યાં બહારની શોભા તો અપુર્વ હોયજ; લાખેણી આંગી પણ હોય. પરંતુ તેની શી કીમત ? તેની ખાસ કીમત નથી. ખરી કીમત અંદરથી શોભાની છે. અંદરની નિર્મળતાની છે. કીમત વીતરાગતાની છે.

**એક સમયે એક ઉપયોગ :-**

આજની વ્યાખ્યાન સાંભળવાની રીત કોઈ જુદા પ્રકારની છે. બેરાઓ ઉપાશ્રયમાં સામયિક કરવાના હેતુથી આવે છે. સાથે વ્યાખ્યાન પણ સાંભળી લેવું છે. અને માળા પણ ગણી લેવી છે. એક સાથે અનેક કામ કરી લેવા છે. પરિણામે એકેયમાં ભલીવાર રહેતી નથી. એક સાથે બે ઘોડે ન ચઢાય. આત્માનો એક સમયે એક ઉપયોગ રહે. વ્યાખ્યાને સાથે સામયિક તો હજુ લઈ શકાય; પરંતુ વ્યાખ્યાનમાં ઉપયોગ રાખવો હોય તો માળામાં ન રહી શકે. ખરી વાત એ છે કે અરિહંતપદની આરાધના તો ચાલુ રહી છે. પરંતુ તેમના સ્વરૂપની સાચી સમજણ રહી નથી. અરિહંતના સ્વરૂપને સમજીને તેમને ભજવા જોઈએ.

**અરિહંત પ્રભુની સેવા ખાંડાની ધાર કરતાં પણ દોહલી છે :-**

ધાર તલવારની સોહલી દોહલી
ચૌદમા જિનતણી ચરણ સેવા

અરિહંત પ્રભુની સેવા સુલભ નથી. ખાંડાની ધાર પર ચાલવા કરતાં પણ તેમની સેવા વધુ દુષ્કર છે. એ સેવા કઈ ? તેમની ખરી સેવા બતાવતા શ્રી હેમચંદ્રાચાર્ય ભગવાન કહે છે :-

"વીતરાગ ! સપર્યાતસ્વાજ્ઞાપાલનં પરમ્"

તમારી ખરેખરી પુજા કોઈ હોય તો તે આપની આજ્ઞાનું પરિપાલન છે. તેમની આજ્ઞા શી ? અનીતિથી ચાલવાની કે જુઠું બોલવાની તેમની આજ્ઞા હોય ખરી ? હરાયા ઢોરને જેમ ખુંટાનુ બંધન રહેતુ નથી તેમ આજ કાલ માનવીને ભગવાનની આજ્ઞાનુ પણ બંધન રહ્યું નથી. સ્વેચ્છાચારી અને સ્વચ્છંદીને કોઈ વસ્તુ આડે આવતી નથી. વિકથા કરતી વખતે તમને ભગવાનની આજ્ઞા આડે આવે છે. જુઠું બોલતાં પણ તેમની આજ્ઞા નડતી નથી ? પરસ્ત્રી સામે વિકારથી જોતાં પણ તમે તેથી અટકતા નથી ? હદ થાય છે. ને ! હવે તો કરવું શું. એમની આજ્ઞાની પરિપાલના એજ એમની ખરી સેવા છે. પરંતુ તમારે તો એમની આજ્ઞા પાળવી નથી. અને તદ્દન સસ્તી એવી પુજા કરી લેવી છે.

**બાહુતી ભક્તિ ન ઉગે :-**

સુખી કહેવાતા ગૃહસ્થો રેડીયો, ગ્રામોફોન, અને ભોગ વિલાસની અનેક સામગ્રી ઘરમાં વસાવે છે. પરંતુ પ્રભુ પુજા માટે ઉપયોગી, તેમની સેવા માટે જરૂરી એવી સામગ્રી વસાવતા નથી. એ કેવા દુઃખની વાત છે.

ચા પાણીના ખર્ચા પણ તમે ઓછા નથી કરતા. બેસવા માટે પણ ઉત્તમ ગણાતા સોફા સેટ પણ વસાવો છો. કોઈ કોઈ તો બસો રૂપીઆની ખુરશી પણ વસાવે છે. ફરનીચર અને કીંમતી ગાલીચા પણ વસાવો છો. તમારા લપેટા માટે પફ અને પાવડર પણ ઓછા નથી વસાવતા. પરંતુ પ્રભુને ચડાવવા માટે ચંદન અને કેસર તમારે મફત જોઈએ કેવી કરૂણતા! ભાડુતી ભક્તિ ઉગે કઈ રીતે? પચીશ રૂપીઆના ચંદન અને કેશર વરસ દિવસે વાપરો અને દોઢ રૂપીઓ ભરી સંતોષ માનો. પછી તમારી ભક્તિ ઉગે કઈ રીતે. તમે જે ભક્તિ કરો છો તે તો સહેલી છે. પરંતુ તે ભગવાનની સાચી ભક્તિ નથી. વખતસર પ્રક્ષાલન ન થયું હોય અગર સુખડ બરાબર તૈયાર ન હોય તો ઉકળાટ ગોઠી પર કાઢયા વગર રહેતા નથી. તે વખતે જાતે પ્રક્ષાલન કરવાની અને સુખડ ઘસી તૈયાર કરવાની ભાવના કેમ જાગતી નથી? એવો લાભ શા માટે જતો કરો છો? ભક્તિ નિમિત્તે નકામો ક્રોધ કરી નિકાચિત કર્મ બાંધો છો તે તો ઘણું જ અનુચિત છે. આવી ભક્તિ ન ઉગે. કલ્યાણકારી ન બને.

અરિહંત દેવની આજ્ઞાની ઉપાસના એજ તેમની ખરી આરાધના :-

તે ઉપાસનામાં સહેજ પણ વાસના ન હોય, અને તેવી ઉપાસના યથાર્થ રીતે જ્ઞાનપૂર્વક અને સમજપુર્વક જે કરે તે અંતે તે સ્વરૂપને પામી અનંત સુખ અને ચિર શાંતિનો ભોક્તા થશે.

"नमो नमो होउ सया जियाणं ।"

श्री અરિહંતપદ

પરમ પંચ પરમેષ્ઠિમાં પરમેશ્વર ભગવાન !
ચાર નિક્ષેપે ધ્યાઈએ. નમોનમો શ્રી જિનભાણ"

માતા-પિતા-ભાઈ ભગિની વિગેરે સંબંધીઓથી વિંટળાયેલાં. આ જગતમાં જીવની ભાવકરૂણા કરનાર, સાચો હિતચિંતક જો. કોઇ હોય તો તે પંચપરમેષ્ઠિ ભગવંતો છે. પરમ + ઈસ્ટ-

તેથી વાસ્તવમાં ભવ્યાત્માઓને ઈસ્ટમાં ઈસ્ટ-પ્રિયાતિપ્રિય વસ્તુ હોય તો આ પંચ પરમેષ્ઠિ ભગવંતો છે. અને તે પાંચેમા પણ પરમોચ્ચ સ્થાને જો કોઈ હોય તે પરમ ઐશ્વર્યવાન. પ્રખરજ્ઞાનનાં તેજથી સૂર્યસમાન દીપતા એવાં અરિહંત પરમાત્મા છે.

આ અમૂલ્ય એવા અરિહંત પદની સ્તુતિ કરતાં પૂજ્ય કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદાચાર્ય મહારાજ ફરમાવે છે કે

"निरीक्षितुं रुपलक्ष्मीं, सहस्राक्षोऽपि न क्षमः ।
स्वामिन्! सहस्रजिव्होऽपि, शक्तो वक्तुं न ते गुणान् ।।"

હે જગત ઉદ્ધારણ ! સ્વામિન-આપ કેવા અદ્‌ભૂત રૂપ લક્ષ્મીના ધારક છો. કે જેને સહસ્ર હજાર આંખો હોય તેવાં ઇન્દ્રો પણ તે રૂપનું પાન કરવાને સમર્થ નથી. અથવા હજાર. આંખોથી જોવાં છતાં ઈન્દ્રોને તૃપ્તિ થતી નથી. કોટી દેવો પણ મળીને પોતાનું સર્વ રૂપ-લક્ષ્મી

ભેગી કરે તો પણ તે તીર્થંકર વિભુના અંગૂષ્ઠ આગળ સાવ ફિક્કી કોલસાં જેવી લાગે. અને તેવી જ રીતે અરિહંત પરમાત્માનાં ગુણ કેટલાં ૧ ઈન્દ્ર જેવાં હજાર જીવ્હાવડે આયુષ્યનાં અપરિમિત પ્રમાણમાં પણ તીર્થંકરોના ગુણ ગણવા બેસે, તો પણ તે શક્તિમાન થાય નહિ.

અનંતાનંત ગુણાલંકૃત એવાં શ્રી તીર્થંકર પરમાત્માઓનાં અનંત ગુણો હોવા છતાં તેમનો મુખ્ય ગુણ કયો ૧ પરાર્થ રસિકતા

જ્યારથી તે પૂન્યાત્માઓ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરે છે. અને સમ્યગજ્ઞાન વડે સંસારને નિહાળે છે ત્યારથી તે તારક. આત્માઓની એક જ ભાવના હોય છે કે એવી કોઈ શક્તિ. મારામાં પ્રગટ થાય. જેથી હું જીવમાત્રને અનંતાનંત દુ:ખની પરંપરા સ્વરૂપ સંસારમાંથી મુક્ત કરૂં અને જીવમાત્રને અનંત અવ્યાબાધ સુખનાં ભોકતા બનાવું.

સંસારમાં કોઈ પિતા કોઈ શેઠ–શાહુકાર–માલિક–રાજા–કે ચક્રવર્તિ પોતાનાં જેવાં જ બીજાને બનાવવા ઈચ્છતાં નથી. જ્યારે નિ:સીમ કરૂણાધાર આ અરિહંત પરમાત્માઓ જીવમાત્રને સિધ્ધિપદની પ્રાપ્તિ કરાવવા ઈચ્છે, તે જ તેમની પરાર્થ રસિકતા કહેવાય. આવી ઉદાત્ત ભાવનાનાં બળે જ તે પુન્યાત્માઓ એવું પ્રકૃષ્ટ પૂન્ય બાંધે તેને કારણે. (૧) તીર્થંકરમાં ભવમાં માતાનાં ગર્ભમાં આવે ત્યારથી જ ચોસઠ (૬૪) ઈન્દ્રો તેમની સ્તવના ભક્તિ કરે. (૨) તીર્થંકર પણામાં ચોત્રીશ (૩૪) અતિ-

શયોની સંપદા. પાંત્રીશ (૩૫) ગુણયુક્ત વાણી અષ્ટપ્રાતિહાર્યની ઋદ્ધિ. જઘન્યથી કોટી દેવતાઓ સેવામાં હાજર ત્રણ ગઢ યુક્ત સમોવસરણની રચના. વિ.ની પ્રાપ્તિ કરે છે. (૩) જ્ઞાનાતિશય વચનાતિશય પૂજાતિશય અને અપાયાપગમાતિશય જેવાં ૪ ચાર અતિશય : વિશિષ્ટ અતિશયોની પ્રાપ્તિ તેઓ ભાવકરૂણાના પૂન્ય બળે કરે છે.

ઉત્કૃષ્ટ કરૂણા ભાવદયાનાં સ્વામિ હોવાથી અરિહંતો ત્રણ જ્ઞાનસહિત જન્મે છે. અને તે પૂજ્યોનાં પાંચેય કલ્યાણકો તેમનાં પ્રશમરસભાવને કારણે સમગ્રજીવરાશિને આનંદના સુખશાંતિના કારણ બને છે.

એવાં અરિહંત પરણાત્માને ત્રણ નામથી નમસ્કાર થઈ શકે છે.

૧. નમો અરિહંતાણં.

इंदिय बिसय कसाये परिसहे वेयणा उवस्सग्गे ।
अे अे अरिणो हंता, अरिहंता तेण वुच्चंति ॥

પાંચ ઈન્દ્રિયનાં ત્રેવીશ વિષયો. સોળકષાય પર વિજય મેળવી, બાવીશ પરિષહો, તેમ જ શારિરીક માનસિક વેદના સહન કરી દેવો તિર્યંચો મનુષ્યો વડે થતાં ઉપસર્ગો સહન કરિ જેઓએ અંતરંગ શત્રુઓ હણ્યા તેથી અરિહંત કહેવાયા.

(૨) નમો અરૂહંતાણં રુહ ધાતુનો અર્થ ઉગવું થાય છે. કર્મ રૂપી બીજનો નાશ થવાથી ભવરૂપી અંકુર જેમનો કયારે પણ ઉગવાનું નથી. તે અરૂહંત

(૩) નમો અરહંતાણં અર્હમ લાયક થવું. યોગ્ય થવું. દેવેન્દ્રો–દાનવેન્દ્રો–માનવેન્દ્રોનાં વંદન–પૂજન સત્કાર સન્માનને લાયક તેમજ સિદ્ધિગમનને લાયક તે અર્હમ કહેવાય સાત અક્ષરના નમો અરિહંતાણં–પદ દ્વારા સાધકનાં સાત પ્રકારનાં ભયો નાશ પામે છે. અરિહંત પરમાત્મા વિશ્વમાં આપણાં સહુથી નિકટનાં સ્નેહી છે કારણ....આપની જાતનો અનુભવ આપણને ન હતો. એવી નિગોદાવસ્થામાંથી આપણને બહાર કાઢવાની ભાવના અરિહંત પરમાત્માની તેથી જ અરિહંતો નિઃસીમ કરૂણાધાર નિષ્કારણ બંધુ અનાથોનાં બેલી હોવાથી અરિહંતોની અચિન્ત્ય કરૂણા-શક્તિ માનવમાંથી મહાન વામનમાંથી વિરાટ, કથીરમાંથી કંચન પામરમાંથી પવિત્ર જનમાંથી જિન, જીવમાંથી શિવ–સંસારીમાંથી સિદ્ધ નરમાંથી નારાયણ બનાવે છે.

અરિહંતપદનું ધ્યાન શુક્લવર્ણ શા માટે કરાય ?

(૧) અરિહંત ભગવંતો શુક્લ ધ્યાનમાં મધ્યમાં બિરાજતા હોવાથી તેમનું શુક્લવર્ણે ધ્યાન ધરવું તે જ ઉચિત છે.

(૨) દરેક વર્ણોમાં સફેદ રંગ પ્રધાન છે તેમજ નવપદોમાં શ્રી અરિહંત ભગવંત પ્રથમ પદે છે. એ ભગવંતનું શુક્લવર્ણથી ધ્યાન કરવું તે સ્વાભાવિક જ છે.

(૩) જીવોની ત્રણ પ્રકારની વૃત્તિઓ કહેવાય છે. સાત્વિક, રાજસી, તામસિક તેમાં અંતરવૃત્તિઓ શુદ્ધ કરી, પવિત્ર થનાર પુરૂષ સાત્વિકવૃત્તિવાળાં ઉત્તમ હોવાથી

તેમનાં લોહી વિ. ઉજ્જવલ રહે તેવા પુરૂષોઃ–શાંત–સ્થિર હોય છે. માટે જ અંતરંગ વૃત્તિઓને જીતનાર મહાન અતિશય સંપન–અરિહંત ભગવંતોની શુકલવર્ણથી આરાધના કરાય તે ઉચિત છે.

(૪) ધ્યાનની ભૂમિકામાં લક્ષ્યબિંદુ ઉજ્જવલ ગુણની પ્રાપ્તિ છે. માટે આવાં ઉજ્જવલ ગુણસંપન્ન ઉત્તમોત્તમ જગત શ્રેષ્ઠ જગતવંદ્ય અરિહંત પ્રભુની શુકલવર્ણથી ઉપાસના ધ્યાનનું લક્ષ્યબિંદુ બનાવવું ઉચિત હોવાથી પ્રથમ પદને શુકલવર્ણ આરાધવાનું છે.

આવાં ઉત્તમોત્તમ અરિહંતપદની એકમાત્ર ભાવ–આરાધનાથી શ્રેણિક મહારાજાએ શ્રીજિનનામ કર્મ બાંધ્યું છે સિધ્ધચક્રનાં યંત્રને યાદ કરતાં બરાબર મધ્યમાં એટલે કે કેન્દ્રમાં અરિહંત બિરાજમાન કર્યા છે અને ચાર દિશા તથા ચાર વિદિશામાં બીજાં આઠ પદ ગોઠવાયાં છે આ આઠે પદમાં વચ્ચે અરિહંત પરમાત્માનો સુંદર સંબંધ જોડવાનો છે.

જેમકે મંત્રસિધ્ધ–તંત્રસિધ્ધ ઘણાં હોય, પણ આપણે તો અરિહંતના માર્ગને અનુસરીને આઠ કર્મોનો ક્ષય કરી મોક્ષને પામેલાં સિધ્ધોને જ નમસ્કાર કરવાનો છે મતલબ કે નમો સિદ્ધાણં પદ સાચું પણ આગળ અરિહંત હોય તો એટલે નમો અરિહંત સિદ્ધાણં અરિહંત પદની અનુવૃત્તિ આ રીતે આઠે પદમાં સમજવાની છે. એ રીતે વ્યાકરણાચાર્ય ન્યાયાચાર્ય વેદાન્તાચાર્ય એવાં બધાંને નમસ્કાર નથી

કરવાનો, પણ અરિહંતના શાસનમાં કહેલા પંચાચાર પાળે સૂત્રાર્થ જાણે તેને માટે નમો આયરિયાણં મુકવું. ઉપાધ્યાયમાં પણ ગમે તે શિક્ષકને નમસ્કાર નથી કરવાનો. અરિહંત પ્રરૂપિત દ્વાદશાંગીના ધારક અને અધ્યાપક એના માટે નમો ઉવજ્ઝાયાણં કહ્યું છે.

સાધુ એટલે યોગી ફકીર સંન્યાસી એમ ગમે તે અર્થ નહીં લેતા, કેવળ મોક્ષમાર્ગને સાધતાં એવા અરિહંતના શાસનના હાર્દને પામેલા માટે નમસ્કાર કર્યો છે. આથી જ સર્વ પ્રથમ આરાધના અરિહંતપદની કરવાની છે. આવા મહામૂલ્યવાન અચિન્ત્ય પ્રભાવશાળી અનંત ઉપકારી અરિહંતપદની આરાધના સદાકાળને માટે એકચિત્તો કરવાની છે અરિહંત-અરિહંત શબ્દનું રહસ્ય રટણ એવું દૃઢ થાય. જેમ જુગારીનું મન સદા જુગારમાં હોય છે કામીની મન સદા વિષયોમાં હોય તેમજ આપનું ચિત્ત પણ અરિહંત-પદનાં ધ્યાનમાં એકાગ્ર થાય. ત્યારે ઈલિકા ભ્રમરી ન્યાયે આપણો આત્મા પરમાંત્મા જીવ શિવ બને.

શ્રીમતિને ફુલમાળા લાવવાનું કહ્યું. પોતાનું ઘર છે પતિ પણ પોતાનો જ છે. ઓરડામાંથી માળા લાવવાની છે તે માળા પણ પોતાના હાથે મૂકી છે. છતાં નમો અરિહંતાણં બોલવાનું કામ શું ? કારણ કે અરિહંતજ એક રટણ છે માટે સર્પ મિટીને ફુલમાળા બની ગઈ.

સર્વે જીવોની સર્પરૂપી કર્મ જંજીરો મટીને સિદ્ધિ-વધૂની ફુલમાળા આ અરિહંતપદનાં આરાધનાથી બને એજ અભ્યર્થના.

# 卐 શ્રી સિદ્ધપદ 卐

ખરૂં સાધ્ય સિદ્ધપદ છે :-

આજે શાશ્વતિ ઓળીનો બીજો દિવસ છે, શ્રી નવપદમાં બીજું પદ શ્રી સિદ્ધ ભગવંતજીનું છે. અરિહંતપદ બીજરૂપ છે. ને સિદ્ધપદ તેનું ફળ સ્વરૂપ છે. પરંપરાએ અરિહંતદેવ સિદ્ધપદ ને પામે છે. જ્યાં સુધી અરિહંત સિદ્ધપદ પામે નહિં ત્યાં સુધી તેઓ સંપુર્ણતયા બંધનમુક્ત થતા નથી. અરિહંત અનંત ઉપકારી છે, પરંતુ તેઓ પણ જ્યાં સુધી અઘાતી કર્મ ખપાવી સિદ્ધપદ પ્રાપ્ત ન કરે ત્યાં સુધી તેઓ પુર્ણરૂપે મુક્ત થતા નથી. અંતિમ સાધ્ય સિદ્ધપદ જ છે. બીજા પદમાં સિદ્ધપદનું મહાતમ્ય ઘણું છે.

અરિહંત પણ યોગ્ય જીવોનેજ તારી શકે :

તીર્થંકર નામ કર્મની પ્રકૃતિ બાંધી હોવાથી, પ્રકૃષ્ટ પુણ્યોદયથી અરિહંતદેવ સંસારી જીવો પર અનંત ઉપકાર કરે છે, તેથી જ તેમનું પદ પહેલું છે. પરંતુ તેઓ પણ યોગ્યતાવાળા જીવોને જ મોક્ષમાર્ગે જવામાં સહાયક થઈ શકે છે. અયોગ્ય જીવોને તેઓ પણ ન તારી શકે. સમર્થ તીર્થંકરો પણ અભવી જીવોને મોક્ષે લઈ જઈ શકતા નથી. જો કે અરિહંતદેવનો ઉપદેશ પણ યોગ્ય જીવોને જ ફળે છે; પરંતુ આપણી યોગ્યતાનું ભાન કરાવનાર કોણ

છે? યોગ્યતા છે તે સમજાવનાર કોણ? અરિહંતદેવ આપણી યોગ્યતા સમજાવનાર અને તેનું ભાન કરાવનાર છે. અરિહંતદેવ આગમ અને સિદ્ધાંત પ્રરૂપી ગયા; તેના આધારે સાધુ મહાત્માઓ આજે પણ તત્વ સમજાવે છે, અને યોગ્યતાનું ભાન કરાવે છે. યોગ્યતાનું ભાન કરાવવું એ જેવી વાત નથી. યોગ્યતા ગમે તેવી હોય પરંતુ જીવને તેનું ભાન ન થયું હોય તો તે પ્રગટાવવા પુરૂષાર્થ થતો નથી.

મોક્ષમાર્ગ આરાધવામાં નિમિત્ત જરૂરી છે :-

નિમિત્ત કંઈ કરતું હોય તો બધા મોક્ષે પહોંચી જાય એમ કેટલાક કહે છે. પરંતુ જેટલા આત્મા મોક્ષે ગયા છે તેમાં નિમિત્ત હતુ જ. અરિહંત પરમાત્માઓએ સ્થાપેલ તીર્થને આરાધીને, અગર તો તેમણે સ્થાપેલા મોક્ષ માર્ગે ચાલીને અનેક આત્માઓ સિદ્ધ થયા છે, સમ્યક જ્ઞાન. દર્શન અને ચારિત્ર એ માર્ગ આરાધીને, એ રસ્તે ચાલીને અનેક આત્માઓએ મોક્ષ મેળવ્યો છે, આ માર્ગ બતાવનાર અરિહંતદેવ અનંત ઉપકારી છે સિદ્ધ પરમાત્માની શુદ્ધિ અમુક અપેક્ષાએ અરિહંત પરમાત્મા કરતાં વધારે છે. પરંતુ અરિહંતદેવ ધર્મતીર્થ સ્થાપના હોવાથી તેમનું સ્થાન પ્રથમ પદમાં છે.

સિદ્ધપદ :-

સિદ્ધપદની ઓળખાણ આપતાં પૂ. આચાર્ય શ્રી રત્નશેખરસુરીશ્વરજી મહારાજ ફરમાવે છે:—

**पतरसमेयपसिद्धे, सिद्धं घणकम्मबंधणविमुक्के।**
**सिद्धाणंतचउक्के, झायह तम्मयमणा सययं ॥**

નવેપદોની યોજના ઘણી અપૂર્વ છે, એક એક પદની યોજના અતિ સુંદર છે. તેનું આરાધન કરી જીવો પોતાનું કલ્યાણ કરે છે. એ આરાધન કરી મોક્ષ પદને પ્રાપ્ત કરે છે. પ્રથમ પદ શ્રી અરિહંતનું. બીજું પદ સિદ્ધ ભગવંતનું સિદ્ધ ભગવત કોણ? પંદર ભેદે સિદ્ધ થએલા છે; તે ભેદ નીચે પ્રમાણે છે।—

(૧) તીર્થસિદ્ધ (૨) અતીર્થસિદ્ધ (૩) જિનસિદ્ધ (૪) અજિનસિદ્ધ (૫) સ્વયંબુદ્ધ (૬) પ્રત્યેકબુદ્ધ (૭) બુદ્ધબોધિત (૮) સ્ત્રીલિંગ (૯) પુરૂષલિંગ (૧૦) નપુંસકલિંગ (૧૧) અન્યલિંગ (૧૨) જૈનલિંગ (૧૩) ગૃહસ્થલિંગ (૧૪) એક સિદ્ધ (૧૫) અનેક સિદ્ધ.

આ પ્રમાણે જીન, અજીન આદિ પંદર ભેદે જે સિદ્ધ થયા છે, બધા કર્મના બંધનથી જે મુક્ત થયા છે, અનંત ચતુષ્ટયને જે પામ્યા છે તે સિદ્ધ ભગવંતનુ ધ્યાન એકાગ્ર ચિત્તે ધરવું જોઈએ.

**સ્ત્રીલિંગે મોક્ષ ન હોય તે દિગંબર માન્યતા બરાબર નથી :**

દિગંબરો અન્ય લિંગે ગૃહસ્થલિંગે કે સ્ત્રીલિંગે સિદ્ધ થાય તેમ માનતા નથી. નગ્નત્વ વગર મોક્ષ ન હોય તેવી તેમની માન્યતા છે. સ્ત્રીનો મોક્ષ ન હોય તેમ તેઓ માને છે, અને તે વાતને સિધ્ધ કરવા તેઓ કહે છે :—

"સ્ત્રી જેટલી નીચે જઈ શકે તેટલી જ ઉંચે જઈ શકે. આત્મા જેટલો અવળો પડી શકે તેટલો જ સવળો પડી શકે" આટલા માટે શ્રી જીનભદ્રગણી ક્ષમાશ્રમણે તેમને આઠમા નિન્હૂવ કહ્યા છે. ને તે વાત આ ઉપરથી બરાબર લાગે છે. દિગંબરો કહે છે સ્ત્રી જેમ સાતમી નરકે ન જાય, તેમ મોક્ષે પણ ન જાય. આપણે તેમને પુછીયે કે સ્ત્રી સાતમી નરકે કેમ ન જાય તો તેઓ જવાબ આપે છે કે :- તેમના તથા પ્રકારના વિધ્વંસ પરિણામ નથી હોતા. જો તેટલા વિધ્વંસ પરિણામ નથી હોતા તો પરિણામ તેટલે અંશે સારા હોય છે ને ? તો જવાબ મળે છે :- હા. તો આપણે કહીએ છીએ તેના પરિણામ તેટલા સારા હોય છે, માટે જ સ્ત્રી મોક્ષે જાય છે.

આત્મા જેટલો નીચો જાય તેટલો જ ઉંચો જાય તેવો નિયમ નથી :-

જો આત્મા જેટલો નીચો જાય તેટલોજ ઉંચો જઈ શકતો હોય તો તંદુલીઓ મત્સ્ય સાતમી નરકે જાય છે. તે પણ મોક્ષે જઈ શકે તેમ માનવું જોઈએ. પરંતુ તે વાત તો દિગંબરો માનતા નથી. એ રીતે સર્પ પાંચમી નરક સુધી નીચે જાય છે. જ્યારે ઉપર આઠમા દેવલોક સુધી જાય છે. અહિં પણ તે નિયમ ઘટતો નથી. માટે જીવ જેટલો નીચો જાય તેટલો જ ઉંચો જાય તેવો નિયમ નથી. આ વાતનું વિસ્તૃત વિવેચન ષટ્દર્શન સમુચ્ચયની ટીકામાં છે.

વેદના છેદ વગર મોક્ષ નથી :-

શાસ્ત્રકારો તો ફરમાવે છે કે–જ્યાં સુધી કોઈ પણ વેદ છે ત્યાં સુધી મોક્ષ થતો નથી. નવમે ગુણઠાણે ક્ષપક શ્રેણીમાં ત્રણે વેદોને આત્મા જડમુળથી ઉખેડી નાખે છે. ત્યાં કોઈ વેદ રહેતો નથી. શ્વેતાંબરો તો એટલે સુધી કહે છે કે સ્રીવેદમાં તો શું પુરૂષવેદ હોય ત્યાં સુધી પણ મોક્ષ ન થાય. બાકી સ્રીલિંગે મોક્ષ ન હોય તે વાત બરાબર નથી. સ્ત્રીઓ પણ મહાન શક્તિશાળી હોય છે. સીતા, દમયંતી આદિ મહાસતીઓના ચરિત્ર પરથી તેમના સામર્થ્યનો આપણને ખ્યાલ મળી શકે છે. પુરૂષમાં જ અપૂર્વ સામર્થ્ય હોય અને સ્ત્રીમાં તેવું ન હોય તે વાતનો સ્વીકાર ન થઈ શકે સ્રીલિંગે મોક્ષ સંભવી શકે તે માન્યતા યથાર્થ છે

દિગંબરોની માન્યતા : નગ્નત્વ વગર મોક્ષ ન હોય :-

એક તરફ નિશ્ચયાભાસી દિગંબરો કહે છે કે :— નિમિત્ત કંઈ ન કરે, અને બીજી તરફથી સ્રીલીંગથી કેવળ જ્ઞાન અટકી જાય તેમ કહે છે. આ વાતોમાં વિરોધાભાસ સ્પષ્ટ છે. તેઓ વસ્ત્ર છોડયા વગર, નગ્નત્વ વગર, મોક્ષને સ્વીકારતા નથી. એટલે વસ્ત્રો કેવળ જ્ઞાનને અટકાવી દે તેવી તેમની માન્યતા થઈ. એક તરફથી એક સ્ત્રીને પોતાની માતા તરીકે ઓળખાવવી અને બીજી તરફથી તેને વંધ્યા કહેવી તેના જેવી પરસ્પર વિરોધાભાસવાળી આ વાત છે. દિગંબરો જેટલો ભાર જ્ઞાનાવરણીયને આપે

છે તેથી વિશેષ ભાર વસ્ત્રના આવરણને આપે છે. પુજ્ય ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજ તેમને કહે છે – જેમ જ્ઞાનાવરણીયના મતિજ્ઞાનાવરણીયાદિ પાંચ ભેદ માનો છો તેમ તમારે છઠું વસ્ત્રાવરણીય માનવું રહ્યું. નગ્નત્વ વગર મોક્ષ ન હોય એમ કહેવું અને નિમિત્ત કશુ ન કરે કહેવું તેમાં સુસંગતાં નથી. શ્વેતાંબરો તો ભરત ચક્રવર્તીને આરીસા ભુવનમાં કેવળ જ્ઞાન થયાનું માને છે. મરૂદેવા માતાને હાથીના હોદ્દા પર કેવળજ્ઞાન થયાનું સ્વિકારે છે.

મુર્છાનું પ્રબળ કારણ શરીર છે :–

દિગંબરો નગ્નત્વ વગર મોક્ષ ન હોય તેમ માને છે. તેના સમર્થનમાં કહે છે :–થોડો પણ પરિગ્રહ હોય ત્યા કેવળજ્ઞાન ન હોય. વસ્ત્રનો એક પણ તાંતણો રાખ્યો હોય ત્યાં સુધી મુર્છા સર્વાંશે ન જાય. તેનો જવાબ એ છે કે :– મુર્છાનું પ્રબળ કારણ તો શરીર છે, તેને કઈ રીતે અને કયાં વોસિરાવો છો ? વસ્ત્ર કરતાં પણ અનેક ગણી મુર્છાનું કારણ શરીર છે તેનું શું કરવું ?

શરીર પરથી મુર્છા ઉતરે તો વસ્ત્ર પરથી પણ ઉતરે :–

દિગંબરો કહે છે – શરીર પરથી મુર્છા ઘટાડી શકાય છે. શ્વેતાંબરો કહે છે – જો શરીર પરથી મુર્છા ઉતારી શકાય તો વસ્ત્ર ઉપરથી મુર્છા સહેલાઇથી ઉતારી શકાય ધર્મના ઉપકરણો સંયમ યાત્રા માટે રાખ્યા હોય તે પરની મુર્છા ઉતારવામાં મુશ્કેલી ન પડે. નગ્નત્વમાં વસ્ત્ર

છોડી શકાય. પરંતુ શરીર છોડી શકાતું નથી. શરીર પરની મુર્છા ઉતારી શકાય તો સંયમના સાધનરૂપે ઉપકરણો રાખ્યા હોય તેના પરથી મુર્છા ઉતારવી તેમાં શી મોટી વાત છે? માટે નગ્નત્વ વગર સિદ્ધપદ ન મળે તે વાત યથાર્થ નથી પંદર ભેદે સિદ્ધ થાય તે વાત યથાર્થ છે.

સિદ્ધભગવંત કર્મ મુક્ત તથા અનંત ચતુષ્ટયના ધારક છે :-

તે સિદ્ધ પરમાત્મા કેવા છે? નિબિડ એવા કર્મના બંધનથી તેઓ મુક્ત થયા છે. તેથી જ તેઓ મુક્ત છે. સિદ્ધ છે. કર્મ સહિત આત્મા તે સંસાર. કર્મ વિયોગી આત્મા તે મોક્ષ અગર સિદ્ધપદ, જ્યાં સુધી જીવ અન્ય સંયોગી છે ત્યાં સુધી જીવ સંસારી કહેવાય છે. મજબુત એવા કર્મના બંધનો સિદ્ધ ભગવંતે તોડી નાખ્યા છે, કર્મના બંધનોથી તેઓ સંપુર્ણ રીતે મુક્ત થાય છે, અને તેથી જ તેઓ અનંત ચતુષ્ટય, અનંત અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર અને અનંત વીર્યના ધારક છે, તેમનું ધ્યાન બરાબર ધરવું જોઈએ. આ છે સિદ્ધપદની ઓળખાણ, સિદ્ધભગવંતે તો પોતાની સાધના પુર્ણ કરી સિદ્ધપદ પ્રાપ્ત કર્યું. આપણે બંધનમાં પડયા છીએ તેથી આત્મા સિદ્ધપદની પ્રાપ્તિ કેવા પુરૂષાર્થથી અને કઈ રીતે કરે છે તે વિચારવું જોઈએ.

ઘાતી કર્મ ખપાવી કેવળજ્ઞાન પ્રાપ્ત થાય : ત્યાર બાદ અઘાતી કર્મ ખપાવી સિદ્ધપદ પ્રાપ્ત થાય :-

ઘાતી કર્મ ખપાવીને કેવળજ્ઞાન ન મેળવે તો સિધ્ધ ન થાય એ પ્રથમ વાત, અને ઘાતી કર્મને ખપાવી જે આત્મા કેવળજ્ઞાન પ્રાપ્ત કરે તે પરંપરાએ અઘાતી કર્મ ખપાવીને સિધ્ધપદને પામી શકે છે. સિધ્ધપદ તે આત્માની પોતાની નિર્મળ પર્યાય છે. આત્માનું પોતાનું શુધ્ધ સ્વરૂપ છે. અત્યારે આપણો આત્મા સંસાર પર્યાયમાં છે : કારણ આત્મા કર્મ સાથેના સંબંધમાં છે. તેનો તે આત્મા કર્મનો સંબંધ તોડી, કર્મથી મુક્ત થઈને સિધ્ધ પર્યાય પ્રગટાવી શકે છે.

જીવોના પ્રકાર સિદ્ધ અને સાંસારી :-

જીવો બે પ્રકારના છે. સિધ્ધ અને સંસારી, સત્તાથી બન્ને પ્રકારના જીવો સમ સત્તાવાન સ્વરૂપે છે, એટલે કે મુળ સ્વરૂપથી બન્ને સરખા છે. બન્નેમાં સિદ્ધ પર્યાય છે. ખરી. છતાં બન્ને વચ્ચે અંતર છે એકની સત્તા પ્રગટેલી છે. સિધ્ધની સત્તા પ્રગટ થઈ છે. સંસારીની સત્તા અવરાયેલી છે. જેમ દીપકમાં અગ્ની પ્રગટેલો છે તેમ સિધ્ધની સત્તા પ્રગટેલી છે. અરણીના કાષ્ટમાં રહેલો અગ્નિ પ્રગટેલો નહિ પણ સત્તામાં છે, તેમ સંસારી જીવની સિધ્ધ પર્યાય સત્તામાં છે. પ્રગટ પણે નથી. પરંતુ પ્રયોગથી તે જરૂર પ્રગટાવી શકાય. જ્ઞાન, દર્શન અને ચારિત્રની આરાધના કરીને સત્તામાં રહેલી સિદ્ધદશા પ્રગટાવી શકાય. આત્માનો સવળો પુરૂષાર્થ હોય તો જરૂર સિદ્ધપદ પામી શકાય. અનાદિની

ભુલથી, મિથ્યાત્વ મોહનીયના ઉદયથી વસ્તુ સ્વરૂપની યથાર્થ ઓળખાણ થતી નથી, વસ્તુનું સાચું સ્વરૂપ સમજાતું નથી. તેથી જીવોના વીર્ય ગુણનું પરિણમન વિપરીત પણે થાય છે. જયાં સુધી જીવોના વીર્ય ગુણનું પરિણમન સાચે માર્ગે થાય નહિં ત્યાં સુધી સંસાર પર્યાય ઉભી રહેવાની. જયારે એ વીર્ય ગુણનું પરિણમન સમ્યક-પણે થાય ત્યારે મોક્ષ પર્યાય પ્રગટ થાય. રીતે અનેક જીવોએ ઘાતી કર્મોને ખપાવ્યા ત્યારબાદ અઘાતી કર્મ ખપાવી સિદ્ધ પર્યાય પ્રગટ કરી જયારે આત્માનો સિદ્ધ-પદ પામવાનો વખત નજીક આવે ત્યારે કેવળી સમુદઘાત કરવો પડે છે.

કેવળી સમુદ્દઘાત :-

જયારે કેવળી ભગવંત જ્ઞાનમાં જુએ કેઃ- પોતાનું આયુષ્ય ટુંકું છે અને વેદનીય, નામ અને ગોત્ર કર્મની સ્થિતિ વધારે છે ત્યારે તે બન્નેની સ્થિતિ સમાન કરવા સમુદઘાત કરે. પરંતુ બન્નેની સ્થિતિ સમાન હોય તો સમુદ્દઘાતની જરૂર ન રહે. કેવળી તો અઘાતી કર્મથી મુક્ત થવા સમુદ્દઘાત કરે; પરંતુ તમે જુદા જ પ્રકારનો સમુદ્દઘાત કરો છો, ક્રોધાવેશમાં આવી જાઓ છો, ઉકળાટ બહુ થઈ જાય છે ત્યારે ક્રોધ સમુદ્દઘાત કરો છો ને? કેવળી સમુદઘાત તો ચરમ શરીરી કરે છે. પરંતુ સંસારી ક્રોધ સમુદ્દઘાત વેદનીયાદિ સમુદ્દઘાત કર્યા કરે છે. કેવળી ભગવાન કર્મ ખપાવવા માટે સમુદ્દઘાત કરે છે. જયારે

ક્રોધાદિ સમુદ્દ્ઘાત કરી સંસારી અનેક પ્રકારના કર્મોનું બંધ કરે છે.

સમુદ્દ્ઘાતનું વિશેષ વર્ણન :–

મોક્ષે જવાનો કાળ અંતર્મુહુર્ત બાકી હોય ત્યારે કેવળી સમુદ્દઘાત કરે છે. કોઈ માન્યતા પ્રમાણે છ માસ બાકી હોય ત્યારે કરે છે. કેવળી સમુદ્દઘાત બાદ તુરત શૈલેષીકરણ કરે છે. કેવળી સમુદ્દ્ઘાત આઠ સમયનો હોય છે. તેમાં પ્રથમ સમયે આત્મ પ્રદેશો દંડાકારે કરે. બીજા સમયે કપાટાકારે એટલે પૂર્વ પશ્ચિમમાં વિસ્તારે. ત્રીજા સમયે ઉત્તર દક્ષિણમાં ફેલાવે, અને ચોથા સમયે આંતરા રહ્યા હોય તે પુરે ચાર સમયમાં આત્મા ચૌદ રાજલોકમાં વ્યાપી જાય. આ આત્માનું વિરાટ સ્વરૂપ છે. આત્મા જ્યારે નિગોદના શરીરમાં હોય છે ત્યારે અંગુલના અસંખ્યાત ભાગ જેટલા શરીરમાં પણ સમાઈ જાય છે. આત્માના ચમત્કાર જેવા તેવા નથી. ચૈતન્ય સત્તા અદ્‌ભુત છે. આ છે કેવળી સમુદ્દ્ઘાત. આ અપેક્ષાએ જૈન દર્શન આત્માને વ્યાપક માને છે. સામાન્ય રીતે આત્મા શરીર પ્રમાણુ છે. બીજા દર્શનો માને છે તે રીતે જૈન દર્શન આત્માને સદા વ્યાપક માનતું નથી. આ રીતે ચાર સમયમાં આત્મ પ્રદેશો ચૌદ રાજલોકમાં વ્યાપી જાય છે. પાંચમે સમયે પ્રતિલોમે પ્રદેશો સંહરે તેમાં પ્રથમ આંતરા સંહરે છે. છઠ્ઠે સમયે ઉત્તર દક્ષિણના પ્રદેશો સંહરે સાતમે

સમયે કપાટાકારને સંહરે, આઠમે સમયે દંડાકારે સંહરે. તે સમુદ્ઘાતમાં પહેલાં અને આઠમાં સમયે ઔદારિક કાયયોગ હોય છે. બીજા, છઠા અને સાતમા સમયે ઔદારિક મિશ્રયોગ હોય છે. ત્રીજા, ચોથા અને પાંચમાં સમયે કાર્મણ યોગ હોય છે. કેવળી સમુદ્ઘાતમાં ત્રણ સમયના કાર્મણ યોગમાં આત્મા અણાહારી હોય છે.

**મોક્ષ માટે પુરૂષાર્થ જરૂરી છે:**

કેવળી સમુદ્ઘાતમાંથી નિવૃત્ત થયા પછી કેવળી ભગવંત યોગ નિરોધનો પુરૂષાર્થ કરતા હોય છે. તેરમાં ગુણસ્થાને રહેલા કેવળી ભગવંતને અઘાતી કર્મ ખપાવવા. આવો પુરૂષાર્થ કરવો પડે છે. તો પહેલા ગુણસ્થાને રહેલા જીવોને મોક્ષ માર્ગ માટે પુરૂષાર્થ ન કરવો પડે તેમ કહેવું એ કેટલું બેહુદુ છે? કેવળી ભગવંત સામર્થ્ય યોગથી પુરૂષાર્થ કરે છે. આપણી પાસે સામર્થ્ય યોગ નથી, પરંતુ શાસ્ત્ર યોગ તો છે. શાસ્ત્ર યોગથી પુરૂષાર્થ કરવો જોઈએ, તેવા પુરૂષાર્થને જડયોગ નજ કહી શકાય.

**ઉપયોગ સહિતની ધર્મક્રિયા અમૃતક્રિયા છે:**

આત્મા શરીરમાં રહ્યો છે ત્યાં સુધી તેનો પુરૂષાર્થ જડ ન કહી શકાય. આત્મા અને શરીરનો તાદાત્મ્ય સંબંધ નથી એ કબુલ છે. પરંતુ આત્મા શરીરનો સંયોગ સંબંધ તો છેજ. તેથી શરીર દ્વારા થતા પુરૂષાર્થને એકાંત જડ કહેવો તે કોઈ રીતે ઠીક નથી. ક્રીયાઓને જડ કેમજ કહી શકાય? તે શરીરમાં આત્માનો સંયોગ સંબંધ

રહ્યો જ છે. તે દ્વારા થતી ક્રીયાઓમાં આત્મા સામેલ છે જ. આવી ક્રિયાઓને જડ ન જ કહી શકાય. ઉપયોગ રહિત ક્રિયાને પૂજ્ય આચાર્ય હરિભદ્રસુરિએ સમૂર્છિમ ક્રિયા કહી છે. ઉપયોગ સાહિત થતી ક્રિયા અમૃતક્રિયા છે. આમ છતાં જેઓ એમ કહે છે કેઃ-

"અમારે તેવા પુરૂષાર્થની કે ધર્મક્રિયાઓની જરૂર નથી. કર્મ તો જડ છે. આત્માથી કર્મ પર છે" તેવાની સમર્થો તો દયા ચિંતવે છે.

શૈલેષી કરણ :-

કેવળી ભગવંત સમુદઘાત કર્યા પછી યોગ નિરોધનો પુરુષાર્થ કરે છે. તેઓ બાદર કાય યોગ એટલે શરીરમાં ટકીને વચનયોગ તથા મનયોગને સુક્ષ્મ કરે છે. સુક્ષ્મ વચન તથા મન યોગમાં ટકીને, કાય યોગને સુક્ષ્મ કરે છે. ત્યારબાદ સુક્ષ્મ કાય યોગમાં ટકીને મન તથા વચન યોગનો તદ્દન નિરોધ થતાં માત્ર સુક્ષ્મ કાય યોગ રહે ત્યારે શૈલેષીકરણ થાય છે. અત્યાર સુધી ત્રીજું સુક્ષ્મ ક્રિયા નિવૃત્તિરૂપ ધ્યાન હતું. હવે શૈલેષીકરણમાં વ્યુચ્છિન્ન ક્રિયા અપ્રતિપાતિ ધ્યાન કરે છે. જેમાં આત્માની પર્વતના જેવી નિષ્પ્રકંપ અવસ્થા હોય તેને શૈલેષીકરણ કહેવામાં આવે છે. એટલે અહિં આત્મા મેરૂ પર્વત જેવો સ્થિર બને છે. આ ચૌદમાં અયોગી ગુણુઠાણુાની સ્થિતિ છે.

શરીર છતાં અયોગી કેમ? અયોગીને ધ્યાન કેમ?

હજુ શરીર તો છે. છતાં અયોગી કેમ કહેવાય? શરીર અત્યંત સુક્ષ્મ છે અને તુરત છુટવાનું છે. માત્ર

અ-ઇ-ઉ-ઋ લૃ એટલા પાંચ હસ્વાકાર જેટલા વખતમાંજ છુટવાનું છે. તેથી તેને અયોગી ગુણુસ્થાન કહે છે. શરીર સુક્ષ્મ છે અને તેને અયોગી કહો છો તો ધ્યાન કેમ સંભવે ? શરીર અત્યંત સુક્ષ્મ છે. તેથી શરીરનો નિરોધ કરવા જેટલું, યોગની સ્થિરતા કરવા રૂપ ધ્યાન હોય છે.

હવે શૈલેષીકરણુમાં સુક્ષ્મ કાય યોગનો નિરોધ કરે છે, અને સત્તામાં રહેલી ૮૫ પ્રકૃતિમાંથી શૈલેષીકરણુના ઉપાંત્ય સમયે ૭૨ પ્રકૃતિ ખપી જાય છે, અને અંત સમયે બાકીની ૧૩ ખપી જાય છે અને સિદ્ધપદ પ્રાપ્ત થાય છે. આ રીતે કેવળ જ્ઞાન થયા પછી પણુ સિદ્ધપદ માટે પુરુષાર્થ કરવો પડે છે, તે સમજાય છે. ખાલી વાતોથી વડા થતા નથી. કેવળીને પણુ પુરૂષાર્થ કરવો પડે તો પછી આપણે પણુ પુરૂષાર્થ કરવો પડેજ તેમાં શી શંકા હોય ?

સિદ્ધ ભગવંત લોકાગ્રે સ્થિર છે :-

પૂર્વ પ્રયોગથી, અસંગ પરિણુામથી અને બંધ સિધ્ધ પરમાત્મા ઉધ્વગતિ કરે છે, અને લોકાગ્રે સ્થિર થાય છે.

લોક અલોક બીચ આપ બિરાજત<br>
જ્ઞાન સ્વરૂપ અકેલા;<br>
બાજી છાંડ વહાં ચડ બેઠે<br>
જહાં હે સિદ્ધકા મેલા

આ રીતે સિદ્ધ ભગવંત લોકાગ્રે જઈ જ્ઞાન સ્વરૂપમાં બિરાજમાન થાય છે. સિદ્ધશીલા નામની જે પૃથ્વી છે-જે ૪૫ લાખ જોજનની છે તેના છેલ્લા યોજનના ચોવીસ ભાગ કરીએ; તેમાંના ત્રેવીસ ભાગ છોડી ચોવીશમાં ભાગમાં અનંત સિદ્ધ પરમાત્માઓ રહ્યા છે. એટલે કે તેઓ લોકના મસ્તકે, અલોકને લગભગ અડીને તેઓ રહે છે. અલોકમાં આગળ કયાંય તેઓ જતા નથી. કારણ ત્યાં ગતિ સહાયક ધર્માસ્તિકાય અને સ્થિતિ સહાયક અધર્માસ્તિકાયનો અભાવ છે. અરિહંત જેવા સંસ્થાનમાંથી અહીંથી ગયા હોય તેવી અવગાહનામાં ત્યાં રહે છે. પાંચસો ધનુષ્ય પ્રમાણનું અહીં સંસ્થાન હોય તો ત્યાં ૩૩૩⅓ ધનુષ્ય પ્રમાણ અવગાહના હોય. સિદ્ધપદનું સુખ પ્રશમજન્ય અને સ્વભાવજન્ય છે :-

એક અવગાહનામાં અનંતા સિદ્ધો રહેલા છે છતાં ત્યાં ભીડ થવાનું કશું કારણ નથી. ત્યાં ભીડ નથી. આકુળતા નથી, અનંત સુખ છે. ત્યાંનું સુખ કયા પ્રકારનું છે? ત્યાં ખાવાપીવાનું નથી, સંયોગ વિયોગ નથી, માન-પાન નથી, હાટહવેલી નથી, હીંડોળ નથી, મિંઢાળ પણ નથી, શત્રુ નથી; મિત્ર નથી, ત્યાં એ પ્રકારનું કશું નથી. આવું તે સુખ કયા પ્રકારનું? આમાં શું સુખ હોય? ત્યાં પૌદ્ગલિક જાતનું સુખ સ્હેજ પણ નથી. જે પ્રકારનું સુખ સંસારમાં માણવામાં આવે છે તે પ્રકારનું લવલેશ પણ સુખ ત્યાં નથી. સંસારના સુખની જાત અને સિદ્ધના સુખની જાત તદ્દન જુદી જ છે. ત્યાંનું સુખ આધ્યાત્મિક

છે. પ્રશમજન્ય છે. સ્વભાવજન્ય છે. સિદ્ધ ભગવંતને નિર્ગુણ પણ કહ્યા છે, અને અનંત ગુણી પણ કહ્યા છે. પુદ્‌ગલ ગુણોની અપેક્ષાએ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિની અપેક્ષાએ તેઓ નિર્ગુણ છે. આત્મ ગુણની અપેક્ષાએ તેમનામાં અનંત ગુણ છે. આત્માના બધા ગુણો તેમનામાં પ્રગટ થયા છે.

સિદ્ધ ભગવંત કાળનો કોળીયો કરી ગયા છે :-

એક ભાઈ કહેતા હતા કે "સિદ્ધ દશામાં જો ખાવું પીવું નહીં. શત્રુ મિત્ર નહિ, સંયોગ વિયોગ નહિ, હાટ હવેલી નહિ, કુટુંબ કબીલો નહિ, તો મહારાજ! અમારા દહાડા કેમ જશે?:' ત્યાં મેં જણાવ્યું કે "ભાઈ મુંઝાઓ છો શા માટે? ત્યાં દહાડા પણ નથી." દહાડા એટલે કાળ-સર્વ ભક્ષી કાળનો સિદ્ધ ભગવાન કોળીઓ કરી ગયા છે; જ્યારે આખા જગતનો કાળ કોળીઓ કરે છે. ભલભલા ભુપાળો જે ધરતીને ધ્રુજાવે છે તે મરણ સમયે હતાશ, અને નિર્બળ બની જાય છે. કારણ કાળ પાસે તેમનું કશું ચાલતું નથી, તે કાળનું સિદ્ધ ભગવંત પાસે કશું ચાલતું નથી.

સિદ્ધપદના આરાધનમાં માનવ જીવની સાર્થકતા :-

સિદ્ધ ભગવંત કર્મથી મુક્ત થયા. કાળનો કોળીઓ કરી ગયા છે. તેમના સુખનો કોઈ પાર નથી. અહીં તો આપણે ક્યારેક રોતા હોઈએ છીએ તો ક્યારેક આનંદ કરતા હોઈએ છીએ; પરંતુ સિદ્ધ દશામાં ક્યારેક રડવાનું નથી

માટે પુરુષાર્થના હાકોટા કરી આત્માનું ડાકોટા તે જ સ્થળે લઈ જવા જેવું છે. સંસારમાં આરાધ્ય કે સાધ્ય કોઈ પણ પદ હોય તો તે સિદ્ધ પદજ છે. એ સિદ્ધ પદનું બની શકે તેટલું આરાધન કરવું જોઈએ, મનુષ્ય જીવનની સફળતા તેમાંજ છે.

**આપણે પણ સિદ્ધ થઈ શકીએ અને શાશ્વત અને સ્વાધીન સુખ મેળવી શકીએ :-**

આપણે અનાદિથી સંસારી છીએ, તો પણ પુરુષાર્થથી સિદ્ધ થઈ થઈ શકીએ છીએ, તેવું મહાત્મા પુરુષો તરફનું આપણને ઉમદા પ્રકારનું અને સાચું આશ્વાસન છે. અનાદિની આદિ થઇ શકે છે. અને સાદિ અનંતમાં ભાંગે સિદ્ધ થઇ શકાય છે. આ વાત સાંભળતા પણ આત્મા નાચી ઉઠે તેવું છે. સંસારના સુખ શાશ્વત નથી. સિદ્ધ ગતિના સુખ સ્વાધીન અને શાશ્વત છે. જ્યારે સંસારના સુખ પરાધીન અને ક્ષણિક છે. તેત્રીસ સાગરોપમના દેવના સુખને પણ ક્ષણિક કહ્યા છે. સિદ્ધગતિના સુખને સમજાવતા કહે છે કે : ત્રણે કાળના દેવોના સુખને ભેગા કરીએ અને તેને અનંતગણા કરીએ તો પણ સિદ્ધપદના સુખના અનંતમા ભાગે પણ તે ન આવી શકે. દેવલોકના કે મનુષ્ય લોકના સુખની જાત જુદા પ્રકારની છે. તેની પાછળ આકુળતા અને વ્યાકુળતા રહેલી છે. જ્યારે સિદ્ધપદના સુખમાં નિરાકુળતા છે દેવતાના કે મનુષ્ય લોકના ગમે તેવા ઉમદા સુખો મળે તો પણ તેમાં આકુળતા

રહેવાનીજ. સિદ્ધના સુખોમાં પૂર્ણ નિરાકુળતા, પરમ શાંતિ અને પરમ સમાધિ રહેલી છે. ત્યાં એકલી સ્વરૂપની રમણતાજ છે. આ રીતે સિદ્ધપદ અપુર્વ છે. બધા બંધનો છુટે ત્યારે સિદ્ધપદ પ્રાપ્ત થાય. બંધનો છુટે એટલે આત્મા પોતાના સ્વભાવ પ્રમાણે ઉર્ધ્વગતિ કરે છે. સમુદ્રને તળીએ તુંબડી પડી હોય તેના પર લેપ હોય અને અંદર મળ હોય. તે લેપ ધોવાઈ જાય અને અંદરનો મળ બહાર નીકળી જાય ત્યારે તુંબડી સ્વભાવથી ઉપર આવે. તુંબડી અસંગ થતાં ઉપર આવે છે. તેમ આત્માને કર્મનો સંગ છુટે એટલે પોતાના સ્વભાવથી ઉર્ધ્વગતિ કરે અને લોકાગ્રે જઈ સ્વભાવમાં સ્થિર બની રહે. સ્વરૂપની ઓળખાણ કરી જે જીવ સિદ્ધપદની આરાધના કરશે તે જીવ તે પદ પામીને સિદ્ધ થશે.

"સિદ્ધા સિદ્ધિં મમદિસંતુ !"

નવે પદની આરાધના કરવાનું અંતિમ ધ્યેય–લક્ષ્ય સાધ્ય તો સિધ્ધપદની પ્રાપ્તિ જ છે તેજ કારણે આપણે સિધ્ધ-ચક્રના યંત્રમાં નજર કરીએ તો ટોચ પર સિદ્ધભગવંતનું સ્થાન છે. તે નવપદ આરાધનાનું મૂળ ધ્યેય છે અને જે સ્થાને સાદિ અનંત સ્થિતિ પ્રાપ્ત કરી પહોંચવાનું છે તેનાં લક્ષ્યને સૂચવે છે.

જગતમાં નવપદ સિવાય કોઇ પરમતત્ત્વ નથી. સકલજિન શાસનનો સાર આ નવપદ છે જે જીવો સિધ્ધ થઈ ગયા. જે જીવો વર્તમાન કાળે સિદ્ધ થાય છે જે જીવો ભવિષ્યમાં

સિદ્ધ થશે તે સર્વે નવપદ ધ્યાનથી જ સિધ્ધ થાય છે. નવ પદમાંના એક પણ પદનું ધ્યાન–આરાધન પરમભક્તિપૂર્વક કરતાં ત્રણ ભુવનનું સ્વામિત્વ પ્રાપ્ત થાય છે પણ શ્રધ્ધા તો નવે પદની હોવી જોઈએ. અને લક્ષ્ય સિદ્ધપદની પ્રાપ્તિનું રાખવું જોઈએ. સિધ્ધચક્રનાં યંત્રમાં દરેક ગોઠવણ પણ અત્યંત ખૂબીથી આયોજન પૂર્વક થઈ છે તેમાં સિદ્ધપદ અને તપપદ બાજુ બાજુમાં છે. તપથી કર્મોની નિર્જરા થાય છે. તપસ્યાથી શ્રીપાળની જેમ શરીરમાં રોગ મટવા તે તો સામાન્ય અનંતર ફળ છે જ્યારે તપશ્ચર્યાથી સર્વકર્મ નિર્જરા થાય. ત્યારે સિધ્ધપણાની પ્રાપ્તિ થાય છે. માટે તપપદ પછી સિધ્ધપદ ગોઠવ્યુ છે. તે કાર્યકારણભાવ સંબંધે છે.

નિગોદનાં અનંત દુઃખમાંથી છોડાવી બહાર લાવનાર સિધ્ધ ભગવંતો છે. કારણ? એક જીવ જ્યારે સિધ્ધગતિને પામે ત્યારે જ એક જીવ નિગોદમાંથી અવ્યવહાર રાશિમાંથી છૂટી વ્યવહાર રાશિમાં આવે છે. જન્મજરા મરણમાંથી છૂટી એક શાશ્વત સ્થળે કાયમી આનંદ માણવાનું કોઈ શાશ્વત સ્થળ-હિલસ્ટેશન હોય તો તે સિદ્ધશિલા છે.

## "સિદ્ધિશિલાનું સ્વરૂપ"

આ સિધ્ધશિલા સર્વાર્થસિધ્ધ વિમાન કરતાં બારયોજન ઉંચી રહેલી છે. તે (૪૫) પીસ્તાલીશ લાખ યોજન

લાંબી પહોળી છે. વચ્ચે આઠ યોજન જાડી છે. છેડે માંખીની પાંખ સરીખી પાતળી સ્ફટિક જેવી નિર્મળ શ્વેત સોનાનાં વર્ણવાળી ઉજ્જવળ હોય છે.

સિદ્ધશિલાનું પ્રમાણ ૪૫ લાખ યોજન કેમ ? અઢીદ્વિપની વસ્તીમાંથી કોઈ પણ મનુષ્ય સિદ્ધ થાય, તે સમશ્રેણીએ ઉપર જાય છે. અઢી દ્વિપમાં મધ્યમાં જંબૂદ્વીપ છે જેનું પ્રમાણ એકલાખ યોજન છે. લવણ સમુદ્ર બંને તરફ લાખ યોજન. ધાતકીખંડ બંને તરફ ચાર ચાર લાખ યોજન. કાલોદધિ સમુદ્ર બંને તરફ આઠ આઠ લાખ યોજન. અર્ધ પુષ્કરવર દ્વિપ બંને તરફ આઠ આઠ લાખ યોજન. એટલે કે ૧+૨+૨+૪+૪+૮+૮+૮+૮=૪૫ કુલ પીસ્તાલીશ લાખ યોજન થયા. માનવવસ્તી આ ૪૫ લાખ યોજનની બહાર કોઈ નહીં, તેથી આ પીસ્તાલીશ લાખ. યોજનમાંથી કોઈપણ જીવ સિદ્ધ થાય તો તે સિદ્ધ સમશ્રેણિએ સિદ્ધશિલામાં પહોંચે.

સિદ્ધપદ આરાધન આઠ ગુણોને આશ્રીને કરાય છે તેનું કારણ ?

(૧) જ્ઞાનાવરણિયનો સર્વથા ક્ષય થતાં કેવળજ્ઞાન થાય. તેથી સર્વે લોકાલોકનાં સ્વરૂપને જાણે.

(૨) દર્શનાવરણિય કર્મના અભાવે કેવળદર્શન પ્રાપ્ત થતાં લોકાલોકને જુવે છે.

(૩) મોહનીય કર્મના ક્ષયથી ક્ષાયિક સમકિત અને યથાખ્યાત ચારિત્ર પ્રાપ્ત થતાં સદા આત્મ સ્વભાવમાં સ્થિર થવાય છે.

(૪) અંતરાય કર્મનો ક્ષય થતાં અનંતવીર્ય ગુણ ઉત્પન્ન થાય છે. દાન–લાભ–ભોગ–ઉપભોગ વીર્ય આ પાંચે અંતરાયોનો ક્ષય થાય છે.

(૫) વેદનીય કર્મનાં ક્ષયથી સર્વ પ્રકારની પીડા રહિત એવું અવ્યાબાધ સુખ મળે છે.

(૬) આયુષ્ય કર્મનો ક્ષય થતાં અક્ષયસ્થિતિ પ્રાપ્ત થાય છે.

(૭) નામકર્મનો ક્ષય થતાં વર્ણ–ગંધ–રસ–સ્પર્શ રહિત થતાં અરૂપીપણું પ્રાપ્ત થાય છે. તેથી શરીર પણ હોતું નથી.

(૮) ગોત્રકર્મનો ક્ષય થતાં અગુરુલઘુ ગુણ પ્રગટે છે તેથી સિદ્ધોમાં મોટો–નાનો–હલકો–ભારે એવો વ્યવહાર પ્રવર્તતો નથી.

જેમ મેઈન સ્વીચની કનેકશન વિના લાઈટ ન થઈ શકે. તેમ સિદ્ધપદની પ્રાપ્તિનાં ધ્યેય વિનાની આરાધનામાં અજવાળાં કયાંથી થાય શ્રી સિદ્ધ ભગવંતોનું રક્તવર્ણે ધ્યાન કરવાનું જણાવેલ છે તેનાં હેતુઓ

(૧) સિદ્ધભગવંતોએ તપ કરી આત્માને તપાવી, સર્વકર્મ ક્ષય કરી. આત્મવિશુદ્ધી સાધી છે. તપાવેલું અને

મેલ વિનાનું સુવર્ણ લાલવર્ણુ સરખું હોય છે તેમ સિદ્ધ ભગવંત પણ તપ તપી સર્વકર્મ મેલથી રહિત બન્યા હોવાથી રક્તવર્ણ તેમનું ધ્યાન કરવાનું છે.

(૨) તદ્દન તંદુરસ્ત રોગ મનુષ્ય લાલચુંદી ટમેટા જેવું હોય છે. તેમ સિદ્ધ ભગવાનનાં જીવો કર્મરોગથી સર્વથા રહિત હોવાથી રક્તવર્ણે હોવાથી તેમનું રક્તવર્ણે ધ્યાન કરવાનું ઉચિત છે.

(૩) મંત્રશાસ્ત્રમાં રક્તવર્ણને વશીકરણનો હેતુ માનેલ છે. સિદ્ધાત્માઓ સર્વ જગતને આકર્ષી રહ્યાં છે. માટે સિદ્ધાત્માનો રક્તવર્ણ માની તેમની આરાધના રક્તવર્ણ કરવાની છે.

# 卐 શ્રી આચાર્ય પદ 卐

**આત્માનું અંતિમ ધ્યેય સિદ્ધપદ છે:**

શ્રી નવપદના બે પદનું વિવેચન આપણે કરી ગયા. પ્રથમ પદ અરિહંતનું. ને બીજુ પદ સિદ્ધ ભગવંતનું. આત્માનું અંતિમ ધ્યેય સિદ્ધપદ છે એ ધ્યેય જેમણે સિદ્ધ કર્યું તે કૃત્યકૃત્ય થયા. એટલે તેમને હવે કશું કરવાનું રહ્યું નહિ.

**સિદ્ધ ભગવંત ફરી જગત પર આવે નહિ:**

કેટલાક દર્શનોની એવી માન્યતા છે કે :- "મોક્ષે ગયેલા આત્મા ધર્મનો ઉદ્યોત કરવા ફરી જગતમાં આવે છે.' પણ શુદ્ધ થયેલા આત્મા ફરી જગતમાં આવે તો તેઓ કૃતકૃત્ય થયા તેમ કહેવાય નહિ. જેમને હવે કશું કરવાનું રહ્યું નથી, પોતાના પૂર્ણ સ્વરૂપને પામ્યા છે તે કૃતકૃત્ય થયા કહેવાય. માટે તેવા આત્મા ફરી જગતમાં કશું કરવા આવે તે અવતારની માન્યતા ખરી નથી.

**સંસારી આત્મા કશું કરતો નથી તે ખોટી માન્યતા છે:**

જેમ શુદ્ધ થયેલા આત્મા જગતમાં કંઈ કરવા આવે તે વાત ખરી નથી, તેજ રીતે સંસારી આત્મા કશું કરતો નથી તે માન્યતા પણ ખરી નથી. સંસાર પર્યાયમાં રહેલો આત્મા પરનું કશું કરતો નથી તે માન્યના ખોટી છે. કેમકે

આત્મા આઠ કર્મનો કર્તા છે. કેટલાક એમ કહે છે:- કર્મ પર છે; કર્મ જડ દ્રવ્ય છે. આત્મા તેને કેમ કરી શકે? તેનો જવાબ એ છે કે – આત્મા કર્મ ન કરતો હોય તો સંસાર ઘટે કઈ રીતે? તેનો જવાબ મળે છે કે – "ભાવ કર્મથી સંસાર ઘટે છે. પર્યાયની અનિર્મળતાથી સંસાર છે." પરંતુ પર્યાયની અનિર્મળતા શા કારણે છે? પર્યાયની અનિર્મળતા આત્માના સ્વભાવથી હોય તો આત્માનો મોક્ષ કોઈ કાળે થઈજ શકે નહિ તેમ માનવું જોઇએ.

શબ્દ, સમભિરૂઢ અને એવંભૂતની અપેક્ષાએ આત્મા પોતાના ભાવનોજ કર્તા છે:

આ જુદી જુદી માન્યતાઓનું સમાધાન પૂ. યશોવિજયજી મહારાજે અધ્યાત્મસારમાં નયવાદથી કર્યું છે. નૈગમાદિ જે નયો છે તે દ્વારા જુદી જુદી માન્યતાઓનું સાપેક્ષ સત્ય સમજી શકાય છે. શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત નયની અપેક્ષાએ આત્મા પોતાના ભાવનો જ કર્તા છે. જ્યારે કોઈ સાધુ મહાત્મા આત્મા પોતાના ભાવોનોજ કર્તા છે તેવું કથન કરતા હોય ત્યારે એમનું કથન કઈ અપેક્ષાએ છે તેમ પુછવું જોઈએ શબ્દ, નય અને સમભિરુઢ નયની અપેક્ષાએ આત્મા પરનો કર્તા નથી એ વાત બરાબર છે. અપેક્ષાથી વસ્તુનું પ્રતિપાદન કરવું, સિદ્ધાંત પ્રમાણે તત્ત્વ સમજાવવું તે બરાબર છે. પરંતુ સિધ્ધાંત વિરૂધ્ધ જે વાત કરે તે સિધ્ધાંત પાપી ઠરે છે. કારણ કે નયવાદ – અપેક્ષાવાદ એજ સ્યાદવાદ છે.

**આત્મા એકાંતે ભાવનોજ કર્તા નથી :**

આત્મા પરનો કર્તા નથી તે ઉપરની અપેક્ષાએ માન્ય છે. આત્મા એકાંતે ભાવનોજ કર્તા નથી.

**અપેક્ષાએ આત્મા રાગદ્વેષનો પણ કર્તા છે :**

ઋજુસુત્રનયની અપેક્ષાએ આત્મા વિભાવનો,રાગદ્વેષનો કર્તા છે. ઋજુસુત્રનય વર્તમાન અવસ્થા પર ભાર મુકે છે. પરિણામને પ્રાધાન્ય આપે છે. આપણે તત્ત્વ ભુલ્યા. નયવાદ સમજયા નહિં. એટલેજ પાખંડી પોતાનું સામ્રાજય ફેલાવી રહ્યા છે. સ્યાદવાદ જેવા ઉત્તમ અમૃતવાદનો આપણે અભ્યાસ કર્યો નથી એટલે આપણને પાખંડીઓ ઉંઠા ભણાવી; ઉન્માર્ગે દોરી રહ્યા છે. આપણે દશવૈકાલિકની વાતને પણ ભુલ્યા છીએ. "પઢમં નાણં તઓ દયા." જ્ઞાનની, સાચી સમજની, યોગ્ય દૃષ્ટિની ખૂબ આવશ્યકતા છે.

**પઢમં નાણં તઓ દયા :**

મનુષ્ય જેવો ઉત્તમ ભવ આપણને મળ્યો. તેમાં આવીને ક્ષયોપશમ સાધી જ્ઞાન સ્વરૂપ નહિ પ્રગટાવીએ તો કયારે પ્રગટાવશું ? અનાદિથી આત્માએ કર્મ સત્તાને ત્યાં જ્ઞાન ગીરો મુકયું છે તે કયારે છોડાવીને નિજ ઘરમાં લાવશું ? અજ્ઞાન રહેવામાં ભારે નુકસાન છે. અજ્ઞાન, ભોળા અને ભદ્રિક સમાજનો બીજા ખોટો લાભ લે છે. સૂક્ષ્મમતિવાળાઓએ પણ નયવાદનું યથાર્થ જ્ઞાન મેળવ્યું નથી. એટલે તેમના જેવા પણ ઉન્માર્ગે ખેંચાય છે.

નૈગમનયની અપેક્ષાએ આત્માનો વ્યાપાર ફળ પર્યંત પહોંચે છે:

ઋજુસુત્રનય પર એકાંતે ભાર મુકાયો તેમાંથી બૌધ્ધ દર્શન થયું. એકજ નય પર એકાંતે ભાર મુકવાથી પૂર્ણ સત્ય પ્રાપ્ત થતું નથી. બધા નયો સમજવા જોઈએ. નૈગમ અને વ્યવહાર નય કહે છે કે: આત્માનો વ્યાપાર ફળ પર્યંત પહોંચે છે. ઋજુસુત્ર નયની અપેક્ષાએ આત્મા રાગદ્વેષરૂપી ભાવ કર્મનો કર્તા છે. પરિણામે તે દ્રવ્ય કર્મનો પણ કર્તા ઠરે છે કારણ આત્માનો વ્યાપાર ફળ પર્યંત પહોંચે છે. ભાવકર્મનું ફળ દ્રવ્યકર્મ અગર તો આઠ કર્મનો બંધ. દ્રવ્ય કર્મનું ફળ સંસાર અગર તો ચાર ગતિમાં પરિભ્રમણ.

એકજ નય પર ભાર ન મુકાય:

એક જ નય પર ભાર મુકવો અને બીજા નયની ઉપેક્ષા કરવી તે વ્યાજબી નથી. કોઈ પણ નયનો પ્રલાપ કરવો કે ઉત્થાપન કરવું તે પાપ છે.

આત્મા પર કર્મનો પ્રભાવ નથી?

છતાં કેટલાક કહે છે–"આત્મા પર કર્મનો શો પ્રભાવ છે? આત્મા પર કર્મનો પ્રભાવ માને તેના મૂળમાં ભુલ છે." પરંતુ ન માનવો તેમાં તો સિદ્ધાંતનું ખૂન છે. એકાંતે આત્મામાં પર્યાયની લાયકાતથીજ વિકાર માને તેને શું કહેવું? મિથ્યા મતીજ ને? આત્માથીજ આત્માનો વિકાર અને સંસાર હોય તો તેવા સંસારનો અંત કદી આવે નહિ, અને તેમની માન્યતા પ્રમાણે કર્મ ખપાવવાનો

પુરુષાર્થ ઊડી જાય છે. નકામો ઠરે છે. કર્મ ખપાવવાનો ઉપદેશ જૈન દર્શનમાં ઠેર ઠેર અપાયો છે તે તેમના હિસાબે નિરર્થક ઠરે છે. "કર્મનો પ્રભાવ નથી. નિમિત્તની અસર નથી" એમ કહેનાર શ્રી તીર્થંકર જેવા નિમિત્તની પણ અસર નથી માનતા તીર્થંકર દેવની આ તો કેવી ઘોર અશાતના છે!

આત્મા કર્મનો સંબંધ લોહાગ્નિવત્ છે :–

જૈન દર્શનમાં ગોષ્ઠા માહિલ સાતમો નિન્હવ થયો હતો. તે એમ માનતો કે :–"આત્મા અને કર્મ તદ્દન જુદા છે. આત્મા અને કર્મનો સંબંધ સર્પ કંચુકવત્ છે." જૈન સિદ્ધાંત આત્મા અને કર્મના સંબંધને લોહાગ્નિ જેવા માને છે. ગોષ્ઠા માહિલ માનતો કે :– "સર્પ કંચુકવત્ સંબંધ હોય તોજ આત્મા પરથી કર્મના પ્રદેશો છૂટી શકે." જો આ માન્યતા બરાબર હોય તો ભવાંતરમાં જતાં શરીરની માફક આત્મા પરથી કર્મો પણ છૂટી જવા જોઈએ કર્મ ખપાવ્યા વગર આત્માનો મોક્ષ થવો જોઈએ. જેમ સર્પની કાંચળી એની મેળે સમય આવ્યે છૂટી છે જાય તેમ કર્મ એની મેળે છૂટી જવા જોઈએ. આત્માનો મોક્ષ પણ એની મેળે થવો જોઈએ. કદાગ્રહ અને દુરાગ્રહને લઈને નિન્હવો ઊભા થાય છે. નિન્હવો તો ઘણા પાછા ઠેકાણે આવી ગયા. પણ આજ કાલના નિન્હવો તો ઠેકાણે આવે ત્યારે ખરા. આત્મા અને કર્મનો સંબંધ લોહાગ્નિવત્ છે. તે વાત

યથાર્થ છે. જો આત્માને કર્મ ભોગવવા ન પડતા હોત, એની મેળે છૂટી જતા હોત તો જ્ઞાનીઓને કર્મ નિર્જરાનો ઉપદેશ આપવાની શી જરૂર હતી? અને સિદ્ધપદ કે નવપદની આરાધનાની પણ જરૂર નથી. નિશ્ચય નયથી બધા આત્મા શુદ્ધ છે. પરંતુ વ્યવહાર નયથી સંસારી જીવ બંધનમાં છે. એકાંતે નિશ્ચય નય માનીએ તો બધ્ધદશાનો અભાવ થાય, અને સાથે સાથે મોક્ષ દશાનો પણ અભાવ થાય.

એકાંત વાદમાં સ્વાદ નથી :-

શરીર ધારીને વ્યવહાર નયથી જીવ કહેવામાં આવે છે. નિશ્ચયનયથી માનીએ તો જ્ઞાન – દર્શન – ચારિત્ર તેવા ભાવ પ્રાણમાં રહેલા જીવોનેજ જીવ કહેવાય. તે રીતે દેહધારી જીવ કહેવાય નહિ, અને તેને મારવામાં હિંસા મનાય નહિ. એકાંતે નિશ્ચયનય માનવાથી ગુરુ ચેલાનો પણ વ્યવહાર ન રહે. કારણ નિશ્ચયથી પોતે જ પોતાનો ગુરુ છે અને પોતે જ પોતાનો ચેલો છે. એજ રીતે પિતાપુત્રનો પણ વ્યવહાર ન રહે. કારણ કે નિશ્ચયનયની અપેક્ષાએ કોઈ પુત્ર નથી. કોઈ પીતા નથી. બધા જીવો અનાદિ કાળના સદ્ચિદાનંદ સ્વરૂપ આત્મા જ છે, આ રીતે કોઇ પણ નયને એકાંતે પકડીએ તો ભારે અવ્યવસ્થા અને અંધેર થાય છે. એકાંતવાદ ભયંકર વિષ છે. તેનાથી જગતમાં જેટલો અનર્થ થયો છે તેટલો નાસ્તિકવાદથી પણ થયો નથી. એકાંતવાદમાં સ્વાદ નથી.

પૂ. આચાર્ય શ્રી લક્ષ્મીસુરિજી માહારાજ કહે છે :-

"એકાંતવાદી રે તત્ત્વ પામે નહિ
સ્યાદવાદ રસ સમુદાયોજી
જ્ઞાન પદ ભજીયે રે
જગત સુંહકરું."

એકાંતવાદી તત્ત્વ પામી શકે નહિ. સ્યાદવાદની શૈલી સ્યાદવાદનો અનુંપમ રસ તે પ્રાપ્ત કરી શકે નહિં અનેકાંતવાદ તે વિચારી શકે નહિ. એકાંતે વ્યવહારનો લોપ કરો ત્યાં બૌદ્ધમત થાય. બૌધમત જગતને વિજ્ઞાનાકારે માને છે બહારના કોઈ પદાર્થને તે માનતું નથી.

બધા નયો અપેક્ષાએ સાચા છે ;-

વ્યવહાર નય અને નિશ્ચય નય બન્ને અપેક્ષાએ સાચા છે. અમુક અપેક્ષાએ આત્મા ભાવનો જ કતા છે. અમુક અપેક્ષાએ આત્મા શુદ્ધ, બુદ્ધ છે. અમુક અપેક્ષાએ તે સંસારી છે અને પરિભ્રમણ કરે છે. બધી વાત સૌ સૌને અપેક્ષાએ સાચી છે કથન સાપેક્ષ હોય તો સત્ય હોય. સાપેક્ષ કથન જયાં ન હોય ત્યાં અનેકાંતવાદનુ ખૂન છે.

સંસારી આત્મા કંઈ કરતો નથી તે માન્યતા સાચી નથી :-

સંસારમાં રહ્યો થકો આત્મા જો કંઈ કરતો ન હોય તો તે અનાદિથી સંસારમાં રખડે છે કેમ ? જો આત્મા પર આઠ કર્મની અસર ન હોય તો એક રાજા ને એક

રંક કેમ ? સંસારમાં રહ્યા થકો આત્મા પરનું કશું કરતો નથી તેમ માનનાર એવી દલીલ કરે છે. કે : "જો આત્મા પરનું કરે છે તેમ માનીએ તો ઇશ્વર કર્તુત્વમાં માનનાર અને જૈનમાં કશો ફેર નથી રહેતો." આ માન્યતા બરાબર નથી. કેમકે ઇશ્વર તો શુધ્ધ છે તેથી તેમને કર્તા માનતો તે વ્યાજબી નથી. તેમને કર્તા માનવો તે વ્યાજબી જીવ પણ મોક્ષે જાય ત્યાર પછી તેને કોઈ કર્તા કહેતું નથી જો જીવ કંઈ ન કરતો હોય તો સંસાર કોણે કર્યો ? અને તે કોના કર્યા ભોગવે છે ? સંસાર છે તો સંસારનો કરનાર કોણ ? જીવ કંઈ નથી કરતો તેમ માનનારને જ ઈશ્વર કર્તુત્વવાદ લાગુ પડે છે. જેમ શુદ્ધ થયેલો જીવ કશુ કરવા આવે છે તે માન્યતા બરાબર નથી, તેજ રીતે અશુદ્ધ થયેલો જીવ કંઈ ન કરે તે વાત પણ બરાબર નથી. આવી માન્યતાથી લોકોમાં પાપભીરૂતા પણ નહિ રહે. આત્મા કર્મનો કર્તા છે. કર્મોનો ભોકતા પણ આત્મા છે, ધર્મથી છૂટી શકાય છે, મોક્ષ છે. મોક્ષનો ઉપાય પણ છે. એવા નયવાદના સમજપૂર્વકના સાપેક્ષ કથનો સાચા છે.

વ્યવહાર એકાંતે હેય અને નિશ્ચય એકાંતે ઉપાદેય તે વાત ઠીક નથી :-

નિશ્ચયવાદીઓ માને છે કેઃ-નિશ્ચય એકાંતે ઉપાદેય છે વ્યવહાર એકાંતે હેય છે. જે નિશ્ચય દ્રષ્ટિમાં લીન થયા છે તેને માટે નિશ્ચય ઉપાદેય છે. તેમ જરૂર કહી શકાય.

જેઓ નિશ્ચયમાં લીન થઈ શકયા નથી તેમને માટે વ્યવહાર સાપેક્ષ ઉપાદેય છે. જે ઉચ્ચ પ્રકારની ધ્યાન દશામાં લીન થઈ આત્માની શુદ્ધિ કરી શકે છે તેના માટે વ્યવહાર ગૌણ છે તેમ કહી શકાય. છતાં તેમના માટે પણ વ્યવહાર હેય છે તેમ ન કહી શકાય. પરંતુ નિશ્ચયમાં લીન એવા જીવો આજકાલ જોવામાં પણ આવતા નથી વ્યવહાર એકાંતે હેય છે અને નિશ્ચય એકાંતે ઉપાદેય છે. તે કથન મિથ્યાત્વ છે. કયા ગુણસ્થાને નિશ્ચય પ્રધાન છે અને કયા ગુણસ્થાને વ્યવહાર પ્રધાન છે તેનો નિર્ણય જરૂર થઈ શકે.

**જ્યાં પ્રમાદ છે ત્યાં વ્યવહાર પ્રધાન જોઈએ :-**

જ્યાં પ્રમાદ છે, આર્તધ્યાનની પ્રધાનતા છે ત્યાં વ્યવહાર ઉપાદેય છે; વ્યવહાર પ્રધાન છે. સાતમે ગુણસ્થાને જ્યાં અપ્રમત્ત દશા છે, તીવ્રપણે જયાં ધ્યાન દશા છે ત્યાં વ્યવહાર ગૌણ બને છે અને નિશ્ચય પ્રધાનપણે હોય છે. પરંતુ આ દશા આવ્યા પહેલાં તો વ્યવહાર પ્રધાન છે અને નિશ્ચય ગૌણ છે. આટલું જે ન સમજે અને બીજાને મિથ્યાત્વી કહે તે અધ્યાત્મવાદી નથી પરંતુ એકાંતવાદી છે. નિશ્ચય ધર્મ માને તે સમકિતી અને વ્યવહાર ધર્મ માને તે મિથ્યાત્વી તે વ્યાખ્યા ખોટી છે.

**ક્રિયા છોડે તેની કરૂણ દશા થાય :-**

જો આત્માને કશું કરવાપણું ન હોય તો તેને કશું છોડવાપણું પણ રહેતું નથી. તેમને માટે કશો વ્યવહાર

પણ રહેતો નથી. પરંતુ આ વાત તો છેલ્લી કક્ષાની છે. આપણે ગઈ કાલના વ્યાખ્યાનમાં જોઈ ગયા કે સમુદ્‌ઘાતમાં કેવળીને પણ ક્રિયા કરવી પડે છે. પુરુષાર્થ ઉપાડવો પડે છે. તો જેનું કશું ઠેકાણું નથી તેવા સંસારીને પુરુષાર્થ ન હોય, ક્રિયા ન હોય આ વાત કેમજ સંભવી શકે? ક્રિયા છોડે તે આત્માની કરુણ દશા થાય.

અરિહંત અને સિદ્ધપદ તે દેવતત્વ. તેના પરનું વ્યાખ્યાન પૂરું થાય છે.

**શ્રી આચાર્ય પદ :-**

ત્રીજું પદ શ્રી આચાર્યજીનું છે તે પદને સમજાવતાં આચાર્ય ભગવાન રત્નશેખરસુરિશ્વરજી ફરમાવે છે :–

पंचायारापवित्ते, विसुद्धसिद्धंतदेसणुज्जुत्ते ।
परउवयारिक्कपरे, निच्चंझाएह सूरिवरे ॥

ત્રીજા પદથી ગુરુપદની વ્યાખ્યા શરૂ થાય છે. ગુરુપદમાં પ્રથમ પદ શ્રી આચાર્યનું છે. આચાર્યનું સ્વરૂપ શું છે?

૧. તેઓ પંચાચારથી પવિત્ર છે, એટલે કે પવિત્ર એવા પંચાચારનું પાલન કરનાર છે.

૨. વિશુદ્ધ એવી સિદ્ધાંતની દેશના દેવામાં તેઓ તત્પર રહે છે. નિર્મળ એવા જીનાગમથી દેશના આપવામાં તેઓ ઉદ્યમવંત હોય છે. તેમાં પ્રમાદ તેઓ સેવતા નથી.

૩. તેઓ સદા પરોપકાર કરવા તત્પર હોય છે. એવા શ્રી આચાર્યપદનું પણ ધ્યાન ધરવું જોઈએ.

**આચાર્ય પંચાચારના પાળનાર છે :–**

નવપદમાં ત્રીજે પદે આચાર્યનું આરાધન થાય છે. તેઓ જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર તે પંચાચારનું પાલન કરવામાં ઉદ્યમવંત છે. પંચમહાવ્રત અને પંચાચારનું પાલન તેઓ કરી રહ્યા છે. તે બંનેનું પાલન સાધક દશામાં જરૂરી છે. જેની પાસે સોનું બહુ હોય તેને ચાંદીની જરૂર કે કીંમત ન હોય; પરંતુ જેની પાસે સોનુ નથી તેને તો ચાંદીની કિમત ઘણી છે. જેની પાસે ચિંતામણી રત્ન હોય તેને કોહીનુરની કીંમત ન હોય તે સમજી શકાય; પરંતુ જેની પાસે ચિંતામણી રત્ન ન હોય તેને મન તો કોહીનુર મહામૂલ્યવાન છે. સિદ્ધદશા એ સો ટચના સોના જેવી અગર સોળવલા સોના જેવી દશા છે. જયારે સાધક દશા ૯૬ ટચના અગર ૧૪ વલા સોના જેવી દશ છે. જેની પાસે સો ટચનું કે સોળ વલું સોનું ન હોય તેને ૯૬ ટચ કે ૧૪ વલા સોનાની કીમત ઘણી છે. કારણ કે તેવા સોનાને પણ ધમતાં ધમતાં શુદ્ધ કરી શકાય છે. તેમ સાધક દશામાંથી પંચાચાર અને પંચ મહાવ્રતના પાલનથી સિદ્ધપદ પામી શકાય છે. માટે સાધક દશામાં પંચાચાર અને પંચમહાવૃતની ઘણી જ જરૂર છે.

**પંચમહાવ્રત આશ્રવ નથી :–**

પરંતુ કેટલાક પંચમહાવ્રતને આશ્રવ કહે છે. પણ

બેતાલીશ આશ્રવના સ્થાન શાસ્ત્રમાં વર્ણવવામાં આવ્યા છે તેમાં કયાંય પંચમહાવ્રતનો ઉલ્લેખ નથી. પંચમહાવ્રત, પંચાસાર આદિની સિદ્ધ દશામાં જરૂર નથી રહેતી. પરંતુ સાધક દશામાં તેની જરૂર છે જ. સાધક દશા હોય તેમાંથી જ સિધ્ધપદ આવે. સાધક હોય તેજ પરંપરાએ સિદ્ધ થાય. પંચમહાવ્રતને દલીલ ખાતર આશ્રવ માની લઈએ તો પણ તે શુભાશ્રવ છે,અને તેનાથી શુદ્ધ ચારિત્ર અને શુદ્ધ ભાવ પ્રાપ્ત થાય છે. તેથી તે વ્યવહાર નયથી સંવર છે. શ્રી તીર્થંકર ભગવાન દીક્ષા લે છે ત્યારે પણ પંચ મહાવ્રત ઉચ્ચારે છે. પંચમહાવ્રત એકાંત આશ્રય છે એમ બોલનાર તીર્થંકર દેવનું અપમાન કરે છે. પંચમહાવ્રત તથા પંચાચાર પાળવામાં આચાર્ય ઉદ્યમવંત હોય છે.

વિશુદ્ધ દેશના દેવા આચાર્ય તત્પર હોય છે :–

આચાર્ય વિશુદ્ધ દેશના દેવામાં તત્પર હોય છે. સિદ્ધાંત મુજબજ દેશના દેવામાં પૂરી જાગ્રતિ રાખે છે. ઉત્સુત્રની દેશના ન દેવાઇ જાય તે માટે પૂરી કાળજી રાખે છે. કારણ ઉત્સુત્ર પ્રરૂપણા જેવું બીજું કોઈ પાપ નથી. વીતરાગ આજ્ઞા પૂરી રીતે સમજીને વિચારીને તે મુજબ તેઓ ઉપદેશ આપે છે.

આચાર્ય પરોપકાર કરવા સદા તૈયાર હોય છે :–

આચાર્ય દેવ બીજા પર ઉપકાર કરવા હંમેશાં તૈયાર હોય છે. પોતે પંચાચારનું પાલન કરે છે, અને તેમની નિશ્રામાં સાધુઓ રહે તેમને ભલી રીતે પંચાચાર પળાવે

છે. પોતે જ્ઞાન ધ્યાનમાં રહે છે, અને શિષ્યોને શાસ્ત્ર સિદ્ધાંતની વાચના આપતા રહે છે. તેમના પરિચયમાં આવતા સૌ જીવોને દરેકની યોગ્યતા મુજબ ધર્મ પમાડે છે, તત્ત્વ સમજાવે છે, ધર્મ તરફ પ્રેરે છે. આ રીતે તેઓ પોતાની સાધના કરતા કરતા બીજા સાધકોને તેમની સાધનામાં પ્રેરણા આપે છે, પોતાનું કલ્યાણ તો કરેજ છે. સાથે જગતના બીજા જીવોનું પણ કલ્યાણ કરે છે. આ પણ મહાન ઉપકાર છે. આ રીતે તેઓ લોકોત્તર ઉપકાર કરવા તત્પર હોય છે.

આવા આચાર્યપદનું જે આરાધન કરશે, તે તત્ત્વને સમજી, ધર્મને પામી, પરંપરાએ સિદ્ધ થશે.

"તિત્થયર સમો સૂરી"

ત્રિવેણીમાં સંગમ સ્વરૂપ નવપદમાં બીજું તત્ત્વ તે તે ગુરુતત્ત્વ છે. અને ગુરુતત્ત્વમાં પ્રથમ સ્થાને આચાર્ય બિરાજે છે આચાર્યને છત્રીશ ગુણોનાં ધારક કહ્યાં છે.

આચાર્ય કેવા હોય : પ્રતિરૂપ ગુણ સંયુત જેવી પ્રભાવશાળી, મહિમાવંત, ઇફેક્ટીવ મુખમુદ્રા અરિહંત પરમાત્માઓની હોય છે તેવીજ પ્રભાવશાળી મુખમુદ્રા શરીર સંપત્તિને ધારણ કરનારા આચાર્ય હોય છે. તેમના દર્શને અરિહંત પરમાત્માનાં દર્શન જેવી તૃપ્તિ થાય. કારણ તેઓ. અરિહંતના પ્રતિક રૂપે છે. આચાર્ય સૂર્યવત્ તેજસ્વી હોય. કારણ તમોમય જેમનું જીવન હોય,

માયા રહિત શુદ્ધાચારનાં પાલન વડે ઉત્કૃષ્ટ પૂન્યનાં પ્રકર્ષ વડે તેમની મુખમુદ્રા, સૂર્યવત તેજસ્વી હોય છે.

યુગપ્રધાન આચાર્યો :–તે તે કાળે તે તે યુગમાં રહેલાં સર્વે દર્શનનાં જ્ઞાતા–નેતા આચાર્યોમાં જિનશાસનનાં આચાર્ય પ્રધાનપદે હોવાથી ષડ્દર્શનના અભ્યાસી એવા એ યુગપ્રધાન કહેવાય છે. આચાર્ય સદા મધુરભાષી હોય છે તેઓ કર્કશ, કઠોરવાણીનો ઉપયોગ શખે છે અને શાસનનો ભાર વહન કરવાનો હોવાથી આચાર્ય ઉછાછળાં નહીં. પરંતુ ગાંભીર્ય ગુણયુત્ત હોય છે. તેવીજ રીતે આવી પડનારા પરિષહ–ઉપસર્ગોના પ્રસંગે જિનશાસનમાં સ્થિર બુદ્ધિવાળા આચાર્ય ધૈર્ય ગુણનાં ધારક હોય છે.

આચાર્યનાં મુખ્ય ગુણ : ઉપદેશ દેવામાં સદા તત્પર હોય છે. પોતાની સમીપે આવનાર સર્વ જીવોની તેમની યોગ્યતા મુજબનો ઉપદેશ આપીને, સ્વપર કલ્યાણ સાધવાની ઇચ્છાવાળા આચાર્ય ક્યારે પણ ઉપદેશ દેવામાં આળસને ધારણ કરતા નથી. અનેકાનેક ગુણાલંકૃત આચાર્યનો વિશિષ્ટ ગુણ તે અપરિશ્રાવીપણું કહ્યું છે.

આચાર્યો પાસે પાપીમાં પાપી જીવો આવીને તેમના ઉપદેશામૃતનાં. પાનથી પશ્ચાતાપ પામીને પોતાનાં દુષ્કર્મો જાહેર કરે તે સમયે અપરિશ્રાવી ગુણનાં ધારક આચાર્ય કોઇપણ જીવે જાહેર કરેલાં. પોતાના પાપો બીજાં પાસે જાહેર ન કરે. જો એવાં જાહેર કરે તો આચાર્ય અનંત સંસારી બને. આચાર્ય ઉગ્ર પ્રકૃતિનાં ધારક નહીં, પરંતુ

સૌમ્યપ્રકૃતિનાં ધારક હોવાથી નાનાં-મોટાં સર્વે જીવો તેમની પાસે સરળતા પૂર્વક જઈ શકે છે.

આચાર્ય.... જેવું વિચારે તેવું જ બોલે તેવું જ આચરણ કરનારા હોવાથી શીલગુણનાં ધારક હોય છે. જ્યાં ત્યાં સોયદોરાંનુ (સાંધવાનુ) કામ કરે છે ક્યારે પણ વિગ્રહ કરાવવાનો ફૂટ-પાડવાનો ઝઘડાં કરાવવાનુ કામ કરનાર ન હોવાથી અવિગ્રહ ગુણનાં ધારક કહેવાય છે. અવિકથ ગુણનાં ધારક કહેવાય છે. આચાર્યોને અવિકથ ગુણનાં ધારક કહ્યાં. કારણ શાસનનાં નાયક હોવાથી પોતે પંચાચાર પાળીને પછી બીજાં પાસે પળાવતાં હોવાથી તેમની પાસે વિકથા-દેશકથા-ભક્તકથા-રાજકથા, સ્ત્રીકથા કરવાનો સમય ક્યાંથી હોય ? ચંચલતા રહિત હોવાથી અચપળતા તેમનો ગુણ કહ્યો છે. આચાર્ય સદા જિનાજ્ઞામાં રહીને આરાધનામગ્ન હોવાથી આરાધનાનાં ફળ સ્વરૂપ તેમની ચિત્તવૃત્તિ પ્રસન્ન હોવાથી સદાપ્રસન્નવદન એ તેમનો ગુણ કહયો છે. આગમણમાં અભ્યાસી હોવાથી ક્ષમાને આત્માનો ગુણ સમજતા હોવાથી સદા ક્ષમાશીલ હોય છે. જિનશાસનને સમર્પિત અને શ્રદ્ધાશીલ હોવાથી ઋજુતા એ પણ મહાનગુણ કરયો છે દ્વાદશાંગીનાસારને પચાવનારા આચાર્ય ભગવંતો જ્ઞાનથી ગર્વન પામતાં જ્ઞાનનાં સાર સ્વરૂપ મૃદુતા-નમ્રતા ગુણનાં ધારક હોય છે.

છત્રીશ છત્રીશી ગુણોનાં ધારક પૂ. આચાર્યોને તીર્થંકર પરમાત્માનાં પ્રતિનિધિ કહ્યાં છે. કારણ ? પ્રથમ પ્રહોરે શ્રી તીર્થંકર દેશના સાથે પછી બીજાં પ્રહરે ગણધર

(આચાર્ય) દેશના આપે. ત્યાં તત્વતો સમાન જ હોય છે. પરંતુ પરમાત્મા પોતાની હાજરીમાંજ પ્રતિનિધિ સ્થાપે ગણધરો દ્વાદશાંગી રચેકે તુરત વાસક્ષેપ કરી અનુમતિની સહિત આપે છે. સિદ્ધચક્રનાં યંત્રમાં પણ આચાર્યનાં સ્થાન પૂર્વે દર્શનપદ આવેલ છે તેનું કારણ? દર્શન એટલે શ્રદ્ધા "અરિહંતના માર્ગની પૂર્ણ શ્રદ્ધા હોવી." તે આચાર્યપદની પૂર્વ શરત છે તીર્થંકર પરત્વે શુદ્ધશ્રદ્ધા પૂર્વક વફાદારી પૂર્વક જ વણીની પ્રરૂપણા આચાર્યો કરી શકે.

## આચાર્યો ત્રીજે પદે કેમ?

આચાર્ય અરિહંતના પ્રતિનિધિ છે સીધાં વારસદાર છે જિનેશ્વર પરમાત્માની ફેક્ટરીમાં જે માલ તૈયાર થયો તેનાં સૌથી પહેલા ગ્રાહક કોણ? આચાર્ય-એટલે ગણધર

તીર્થંકર પરમાત્માની અમૂલ્ય દેશનાઓની સંપૂર્ણ નોંધ દ્વાદશાંગી રૂપે તૈયાર કરી કોણે? આચાર્યોએ-ગણધરોએ આચાર્યોને તીર્થંકર રૂપી સૂર્ય અને કેવળજ્ઞાની રૂપી ચંદ્રનાઅસ્ત થયે દીપક સમાન કરયા છે (ગણ્યા છે) અપેક્ષાએ તીર્થંકર પરમાત્માથીએ વિશેષ ઉપકાર આચાર્યોનો શાસનમાં છે કારણ....કોઈપણ તીર્થંકર ૮૪ લાખ પૂર્વથી વધુ આયુષ્યવાળાં ન હોય. જયારે આચાર્યોનો પ્રભાવ અસંખ્યાત લાખ પૂર્વ સુધી રહ્યો છે જેમ આદિનાથ દાદાનો દીક્ષા પર્યાય એક લાખ પૂર્વનો તેમનું શાસન ચાલ્યું પચાશકોડ સાગરોપમ....એટલે શ્રી પુંડરીક સ્વામિએ રચેલ દ્વારાશાંગીતો પ્રકાશ પચાસ લાખ કોડ સાગરોપમ

સુધી રહ્યો. ચરમ તીર્થપતિ શ્રી મહાવીર પરમાત્માનો કેવળજ્ઞાન પર્યાય ફક્ત ત્રીશ વર્ષનો જ્યારે તેમનું શાસન ચાલવાનું છે. (૨૧) એકવીશ હજાર વર્ષ સુધી આ એકવીશ હજાર વર્ષ વીર પરમાત્માનું શાસન ચલાવનારા કોણુ? પૂ. આચાર્ય ભગવંતો જ....તેથી આચાર્ય ભગવંતોને તીર્થંકરની ગેરહાજરીમાં તીર્થંકર સમાન કહ્યાં છે.

પાંચ ઈન્દ્રિયોને સંવરનારા નવપ્રકારે બ્રહ્મચર્યની ગુપ્તિને ધારણા કરનારા, ચાર પ્રકારના કષાયથી મુક્ત, પંચવિધ આચારનાં પાલનમાં સમર્થ, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિએ યુક્ત એવાં છત્રીશગુણનાં ધારક આચાર્ય હોય છે.

જ્ઞાનાચાર-દર્યનાચાર - દર્શનાચાર - ચારિત્રાચાર-તપાચાર વિર્યાચાર આ પાંચે પ્રકારનાં આચારને પોતે પાળે પળાવે તે આચાર્ય કહેવાય છે.

તોસલીપુત્ર આચાર્ય પાસે આર્યરક્ષિત મુનિ રહેલાં છે તેને વધુ ભણુવાની ઇચ્છા થઈ આચાર્ય મહારાજે કહ્યું કે વધુ ભણવું હોય તો તું વજ્રસ્વામિ પાસે જા. કારણ તેમને વિશેષજ્ઞાન છે તેઓ વાચના આપી તને ભણાવશે આ થયો જ્ઞાનપ્રેમ કે જ્ઞાનાચાર અને જ્ઞાનાચારનાં પાલનથી પ્રાપ્ત થયેલી નમ્રતા-અન્યથા તોસલીપુત્ર પોતાની લઘુતા માન્ય કરીને બીજાની પાસે મુનિને ભણુવા જવાનું કેમ કહી શકે?

આર્યરક્ષિત મુનિ જતાં હોય છે. ત્યારે માર્ગમાં ભદ્રગુપ્ત સૂરીનો અંતિમ સમય જાણી નિર્યામણા કરાવવા

રોકાયાં ભદ્રગુપ્ત સૂરીએ કહ્યું કે તમે વજ્રસ્વામિજી પાસે ભણવાં ભલે જાવ પણ તેની સાથે ન રહેતાં, તેની સાથે રહેવાથી મૃત્યુનો સંયોગ (ઉત્પન) ઉભો થશે. આર્યરક્ષિત મુનિએ વજ્રસ્વામિજીને તે વાત કરી વજ્રસ્વામિજીએ પણ જ્ઞાનનાં ઉપયોગથી તે વાત સત્ય જાણી સ્વીકાર કર્યો. અને આર્યરક્ષિત મુનિને નવપૂર્વ સુધીનું જ્ઞાન આપ્યું. કારણ અહિં જ્ઞાનાચારની મહત્તા પવિત્રતા તેમણે સમજી છે. વર્તનમાં ઉતારી છે અન્યથા મુનિને "તમે અવિનયી છો" કે એવું કંઈ કંઈ કરી ભણાવ્યા. ન હોત. માટે જ આચાર્યને પંચાચાર પવિત્રો ....કહ્યાં છે.

પ્રાઃયે (૧૩ માં ૧૪ માં) તેરમાં ચૌદમાં સૈકામાં થયેલાં. મલ્લધારી હેમચંદ્રસૂરીજી ચારિત્રાચાર તપાચારમાં પાલનમાં કેવાં પ્રખર હતાં. તેઓ જીંદગીમાં કયારે પણ શરીરનો મેલ ઉતાર્યો ન હોવાથી શરીર પર મેલનાં થર જામવાથી તેઓ મલ્લધારી કહેવાય. તેમની તપાચારની રૂચિ કેવી ? જીંદગીભર એકાસણાંનો તપ પાંચ વિગઈ ત્યાગ એક જ ધાન્ય અને એક જ કઠોળ વાપરવાનું,

અનેકાનેક ગુણરત્નોની ખાણ સ્વરૂપ આ જિન-શાસનમાં કેવા કેવા આચાર્ય ભગવંતો પોતાનાં પચાચા-રનાં પાલન વડે, પોતાનાં જીવનને તેમજ જિનશાસનને અજવાળી ગયા.

પૂ. જિનપ્રભસૂરીજી ૧૩૬૦ની સાલમાં થયાં. જેઓ ખરતરગચ્છનાં પ્રભાવશાળી મહાપુરૂષ હતાં. તેમને નિયમ

હતા કે રોજ સવારે એક સ્તોત્ર-સંસ્કૃત પ્રાકૃત બનાવવું પછીજ પારણું કરવું. વિવિધ તીર્થકલ્પ નામનાં તેમનાં ગ્રંથમા ૭૦૦ તીર્થ સ્તોત્રો શ્લોકો છે. પોતાનાં અંતિમ સમયે તેઓએ શ્રી પદ્માવતિ માતાને પૂછયું કે આ સાતસો શ્લોકો કોને સોપુ.? શ્રી ભગવતિ પદ્માવતિ માતાએ કહ્યું કે તપાગચ્છ ચિરકાલ રહેવાનો-ટકવાનો છે તેથી સોમતિલક સૂરીજી નામનાં તપાગચ્છનાં પ્રભાવિક મહાપુરૂષને તે ગ્રંથ સોંપ્યો હતો.

પૂજ્ય જગતગુરૂ હિરસૂરીશ્વરજી મ-સા-નું પંચાચાર પાલન કેવું (૨૦૦૦) બે હજાર સાધુઓમાં પરિવારનાં ધારક, સાત પાઠક વર્યો. (ઉપાધ્યાયો) ૧૬૦ પંન્યાસ પંડિત વર્યોનાં ગુરૂ તેઓએ જીવન દરમ્યાન ઉપદેશ દ્વારા (૫૦૦) પાંચસો નવા જિનમંદિર કરાવ્યાં, ૫૦ મોટી પ્રતિષ્ઠાંઓ કરાવી, પોતે (૩૬૦૦) છત્રીસો છુટક ઉપવાસ, ચારસો ચોથભક્ત ઉપવાસ, બસો પચ્ચીશ છઠ્ઠ ૮૧ અઠ્ઠમ ૪૦૦૦ ઉપરાંત આયંબિલ, સૂરીમંત્રની આરાધના નિમિત્તે ત્રણમાસી તપ બે વાર વીશસ્થાનિક તપ ત્રણસો (૩૦૦) મોટા સંઘપતિ બનાવ્યાં. એક લાખ નવાં શ્રાવક બનાવ્યાં ૫૬ છપ્પન વર્ષનું ચારિત્રપાળીને ઈશાન દેવલોક સુરેન્દ્ર-પદવીને પામ્યા.

તીર્થંકર પરમાત્માની પર્ષદામાં કેવલી કરતા પણ આચાર્ય (ગણધર) નું સ્થાન પહેલું ગણધર આગળ બેસે. કેવળી તેમની પાછળ બેસે....ચારઘાતિ કર્મનો ક્ષયકરી

ત્રણ લોકના જ્ઞાનને ધારણ કરનારા સર્વજ્ઞ પાછળ અને ચાર જ્ઞાનધારી ગણધર (આચાર્ય) આગળ કેમ ?

કારણ પરમાત્માનું શાસન આચાર્યને સોંપાંયેલુ છે માટે જ તેમને તૃતિયપદે નમસ્કાર કર્યો છે. આચાર્યપદનું ધ્યાન પીતવર્ણે કરવાનું છે. કારણ....

(૧) આચાર્ય ભગવંતને દીપકસમા કરયા છે દીપશીખા પીળી હોય છે માટે દિપકસમા આચાર્ય પીળાવર્ણથી આરાધવા જોઇએ.

(૨) આચાર્ય ભયવંતને જૈનશાસનમાં રાજા કર્યા છે જેમ દીપ શિખા સુવર્ણ અલંકારોથી વિભૂષિત હોવાથી પીતવર્ણી દેખાય છે. તેમ છત્રીશ ગુણાલંકારોથી સુવર્ણસમ ઉજ્જવલ ગુણાલંકારોથી. વિભૂષિત હોવાથી આચાર્ય ભગવંત પીતવર્ણે આરાધાય છે.

(૩) પરવાદીઓ રૂપ હાથીઓને નસાડવામાં આચાર્ય શ્રી કેસરીસિંહ જેવાં દુર્ધર છે. કેસરીસિંહ પીતવર્ણે છે. માટે કેશરીસિંહ જેવા આચાર્ય ભગવંતને પીતવર્ણે આરાધવા તે ઉચિત જ છે.

(૪) મંગશાસ્ત્રમાં પીતવર્ણને સ્તંભનમાં શ્રેષ્ઠ માનેલ છે ત્યારે પરવાદિઓને સ્તંભિત કરી દેનાર આચાર્ય પીતવર્ણે હોય તે સ્વાભાવિક છે આચાર્યપદની આરાધનાથી આચારપાલનનું બળ પ્રાપ્ત થાય છે. આચાર્યને ભાવથી કરેલો નમસ્કાર બોધિલાભ માટે થાય છે.

# 卐 ઉપાધ્યાય પદ 卐

ઉપાધ્યાય :-

નવપદમાં ચોથે પદે શ્રી ઉપાધ્યાય પદ આવે છે. ઉપાધ્યાય પદ સમજાવતા આચાર્ય ભગવાન રત્નશેખર-સુરિશ્વરજી મહારાજ ફરમાવે છે :-

गणतित्तीसु निउत्तो, सुत्तत्थज्झावणंमि उज्जुत्तो ।
सज्झाए लीणमणे, सम्मं झाएह उज्झाए ॥

ઉપાધ્યાય પદનું પણ હે ભવ્ય આત્માઓ, સમ્યક્-પ્રકારે ધ્યાન ધરો તેમનું સ્વરૂપ કેવું છે? ગચ્છ અગર સમુદાયમાં ભિન્ન ભિન્ન પ્રકારના સાધુઓ હોય છે. તે સાધુઓની સારણા, વારણા, ચોયણા તથા પડિચોયણા માટે ઉપાધ્યાયજી મહારાજ નિયુક્ત થયા છે. એ માટે આચાર્ય મહારાજ તરફથી તેમની યોજના થાય છે. ઉપાધ્યાય પદની જવાબદારી જેવી તેવી નથી. ગચ્છ કે સમુદાયમાં કોઈ સાધુ પ્રમાદ કરે તો તેઓ તેને ફરજનું સ્મરણ કરાવે છે. "તમો કયા સ્થાને છો અને શું કરી રહ્યાં છો તે તો વિચારો" એમ કહી સાધનામાં દ્રઢ કરે છે. ઉપરાંત સાધુઓને તત્વજ્ઞાન આપે છે. પાઠ લીધા પછી સાધુ પ્રમાદમાં પડી જાય તો તેમને ઇશારો કરી કર્તવ્યમાં સ્થિર કરે છે. તેનાથી ઠેકાણે ન આવે તો ફરી ઈશારો

કરે છે. આ રીતે સાધુ સમુદાયની ઉપાધ્યાયજી પૂરી ચિંતા રાખે છે. આચાર્ય મહારાજને સમ્રાટ કહેવામાં આવે છે, તો ઉપાધ્યાયજી મહારાજ યુવરાજ કહેવાય છે.

પંચમ કાળમાં ઉપાધ્યાયજી દીપક સમાન છે :-

આ કાળે સૂર્યરૂપી તીર્થંકર ભગવાનનો તો આપણને વિરહ છે. ચંદ્રના પ્રકાશ સમ ગણધર જેવાનો પણ યોગ નથી. તારાના પ્રકાશ જેવા પૂર્વધરોનો પણ વિરહ છે. આપણને આ પંચકાળમાં દીપક સમા આચાર્ય તથા ઉપાધ્યાયનું આલંબન છે સૂર્યનો પ્રકાશ તો દશે દિશામાં સર્વત્ર ફેલાય છે. છતાં દીપક પણ ઘોર અંધકારમાં પ્રકાશ તો કરેજ છે. આ કળી કાળનાં ઘોર અંધકારમાં આચાર્ય અને ઉપાધ્યાય જળહળતા દીપક સમાન છે. ઉપાધ્યાયનુ સ્થાન જેવું તેવું નથી. આચાર્યને સૂરિ સમ્રાટ કહીએ તો ઉપાધ્યાયજી યુવરાજ છે. ઉપાધ્યાયજીને યુવરાજ એટલા માટે કહેવામાં આવે છે કે :- આચાર્ય તેમના અંતિમ સમયે યોગ્ય ઉપાધ્યાયની આચાર્યપદે સ્થાપના કરે છે, ઉપાધ્યાયનું મુખ્ય કર્તવ્ય સારણા, વારણા, ચોયણા અને પડિચોયણા છે.

ઉપાધ્યાયજી સૂત્ર તથા અર્થ ભણાવનારા છે :-

ઉપાધ્યાયજી સૂત્ર તથા અર્થ ભણાવે છે. શિષ્યોને તથા ગચ્છના સાધુઓને સૂત્ર સિદ્ધાંત ભણવવામાં ઉદ્યમવં હોય છે. દ્વાદશાંગીના તેઓ પૂરા અભ્યાસી હોય છે, અને સમુદાયમાં રહેલા સાધુઓને તેનું જ્ઞાન આપવા સદા

તત્પર હોય છે. સ્વાધ્યાયની સમીપે રહે અને બીજાને સ્વાધ્યાયની સમીપે રાખે તે ઉપાધ્યાય. તેમના જેવું જેને છત્ર હોય તેવા સાધુની કેટલી આત્મચિંતા ઉપાધ્યાજી કરતા હશે !

## તમારા આત્માની ચિંતા કરનાર કોણ ?

તમારે પણ તમારા આત્માની ચિંતા કરનારા કોઈ જોઈએ કે નહિં ? બીજી બધી રીતે તમારી ચિંતા કરનારા કે સાર-સંભાળ લેનારા કદાચ હશે. પરંતુ તમારી આત્મ-ચિંતા કરનાર કોઈ છે કે નહિ ? સભામાંથી–આપ છો ને ? એ પણ ઠીક વાત છે. કેમકે મોતીના ચોક પુરવા તો મોતીના ચોક પુરવા તો મોતી જોઇએ પણ શબ્દના સાથીઆ પુરવામાં તો કોઈ વસ્તુની જરૂર નહિ. પુત્ર બી. એ. થાય કે એમ. એ. થાય તો પિતાને આનંદ થાય છે. પુત્ર કદાચ એમ, એ. ન થાય. પરંતુ ધર્મમાં પ્રવીણ થાય તો પણ પિતાને એટલો જ આનંદ થાય છે ? પુત્ર વ્યવહારનું ન ભણે તો પિતાને કેટલી ચિંતા થાય છે ? પુત્ર ધર્મનું ન ભણે તેથી થોડી ઘણી પણ ચિંતા થાય છે ખરી ? પુત્ર ધર્મનું ન ભણે તેથી દુઃખ થાય છે ખરૂં ? સભામાંથી–શાનું દુઃખ થાય ? બાપાજ કયાં ધર્મનું ભણેલા હોય છે ! આત્માની ચિંતા કરનાર સંસારમાં તમારે કોઈ નથી હોતા એ બહુ દુઃખની વાત છે. પૈસા કમાઈને લાવનાર પુત્ર પિતાને બહુ વહાલો લાગે છે. પરંતુ પૈસા કમાવા માટે પુત્રને પાપ, અનીતિ કે વિશ્વાસઘાત કરવો પડતો

હોય તો તેને માટે અરેરાટી છે ખરી? તેના આત્મા માટે દુઃખ થાય છે ખરૂં? સભાંમાંથી–"ના રે ના, એવા દીકરાને તો બાપ હોંશીયાર ગણે," ખરેખર આ તો દુઃખની વાત છે. તમારા સંતાન પાપ રસ્તે જતા હોય તો તમારી છાતી ચીરાઈ જાય. તમારી રોમે રોમમાં આગ લાગી જાય, તમારૂં હ્રદય સળગી જાય. સાચા પિતાનું તો સંતાનને પાપ કરતા જોઈને હ્રદય બળી જાય તેના હ્રદયમાં સંતાપ થયા વગર રહે નહિ. આત્મામાં ઘણુ દુઃખ હોય પરંતુ આજે તો સાચા પિતા પણ મળવા મુશ્કેલ છે. ખરેખર, તમારો સંસાર અસાર છે. તમારો આત્મા નિરાધાર છે તેવું સ્પષ્ટ દેખાય છે.

તમારૂં વહાણ નિરાધાર છે :–

દરિયામાં વહાણ હોય, ચારે તરફ હોય ત્યારે કોઈ આધાર રહેતો નથી તેમ તમારૂં વહાણ ભવસમુદ્રમાં છે. મોહ રાજાનું તોફાન એ સમુદ્રમાં ચારે તરફ જામી ગયું છે. તમારા જીવન રૂપી વહાણુને કયાંય આધાર દેખાતો નથી.

ઉપાધ્યાયજી સાધુની આત્મચિંતા કરનાર છે :

ગચ્છાના સમુદાયની હિત ચિંતા, આત્મચિંતા ઉપાધ્યાયજી કરે છે. રખે કોઈ સાધુ વિકથામાં પડી જાય, પ્રમાદમાં સપડાઈ જાય, પરભાવમાં પડી જાય તેની ચિંતા ઉપાધ્યાય ભગવંત કરે છે. તમારી ચિંતા કોણ કરશે? તમારા માત પિતા પણ ચિંતા કરતા નથી. તમે પણ

તમારા માતાપિતાના આત્માની ચિંતા કરતા નથી. અરે! આજે તો મરણ સમયે પણ કોઈ કોઈના આત્માની ચિંતા કરતું નથી. એ તો મદનરેખા જેવી કોઇ વિરલ મહાસતી હોય. મદનરેખાએ પતિના અકાળ મૃત્યુ સમયે પોતાના સ્વાર્થનો વિચાર છોડીને પતિને ધર્મારાધન કરાવ્યું. પરભાવમાંથી પાછા ખેંચ્યા અને મરણ સમયે અપૂર્વ સમાધિ પમાડી; જેનાથી તેમના પતિ મૃત્યુ પામી પાંચમાં દેવલોકે ગયા. આજકાલ તો સ્વજનોને પણ સ્વાર્થ પડી હોય છે. સમાધિ મરણની કોઈને પડી હોતી નથી. પરલોક સુધારવાની ચિંતા સ્વજનો પણ કરતા દેખાતા નથી. અંતિમ કાળે સંસારમા અનેક ખટપટો હોય છે. કોઈ સહી કે અંગુઠા લેવા પ્રયાસ કરતા હોય છે; કોઈ વીલ કરાવી લેવાની વેતરણમાં હોય છે; તો કોઈ ચાવી કબજે કરવામાં પડી જાય છે. આવા વાતાવરણમાં તમારા આત્માની સમાધિની ચિંતા કોણ કરે? સાવધાન હોય તો પોતેજ ચિંતા કરે. બીજું કોઈ ચિંતા કરે તેમ લાગતું નથી. માંદા પડયા હો તો કોઈ શરીર પૂરતી થોડી ઘણી ખબર લેતા હોય છે. પરંતુ આત્માંની ખબર લેનારા કોઈકજ હશે. પુત્રનું શરીર સુકાય તો પિતાને બહુ ચિંતા થાય છે. શું રોગ હશે તેનો વિચાર કરે છે. નિદાન કરાવે છે. દવા કરાવે છે. રોગ ટાળવા ઘણું કરે છે. પરંતુ આત્મા સુકાતો હોય તે સામું પણ જોવાની ફુરસદ નથી, આત્મા ઊંધે રસ્તે જતો હોય ત્યારે આત્મ રોગ થયો છે.

એમ સમજી, તેનું નિદાન અને દવા કરાવનાર કોઈ દેખાય છે? ખરેખર! બહુ દુઃખદ પરિસ્થિતિ છે. કોઈ વીરલા માતપિતા આત્માની ચિંતા કરનારા નિકળે ખરા. મદાલશા એવી સતી હતી. મદાલશાને પરણવાના ભાવ ન હતા. પરંતુ પિતાનો અતિ આગ્રહ હતો. એટલે લગ્નગ્રંથીમાં જોડાયા. પરંતુ તેમના પતિ સાથે એવી સમજણ કરી કે:–"આપણા લગ્નથી જે સંતતી થાય તેના પર પહેલો હક મારો રહેશે. મારી મરજી મુજબ તેનો ઉછેર થશે." આવી સમજણ થયા બાદ તેઓ લગ્નગ્રંથીમાં જોડાયા. તેઓ પોતાના સંતાનને એવા હાલરડા ગાતા કે ગળથુથીમાં જ બાળકોને અધ્યાત્મ મળ્યું. બાળકોમાં બાળપણથી જ ધર્મના ઉચ્ચ સંસ્કાર નાખ્યા. તેઓ પોતાના સંતાનને અધ્યાત્મ રસ ભર્યાં ઉમદા હાલરડા ગાતા. તે સાંભળવા જેવા છે:–

શુદ્ધોસિ બુદ્ધોસિ નિરંજનોસિ,
સંસાર માયા પરિવર્જિતોસિ,
સંસાર સ્વપ્નમ્ ત્યજ મોહનિદ્રામ્,
મદાલશા વાકયમુવાચ પુત્રમ્.

મદાલશા બાળકને હિંચકાવતા જાય છે અને ગાતા જાય છે, "તું શુદ્ધ છે, બુદ્ધ છે, તારું સ્વરૂપ નિરંજન છે. જેમાં તું અવતર્યો છે તે સંસાર સ્વપ્ન છે, માટે મોહની નીદ્રાનો ત્યાગ કરજે." સતી મદાલશા આ રીતના હાલરડાં ગાતાં, અને આજ કાલની માતા શું ગાય છે:–

"દિકરો છે ડાહ્યો,
પાટલે બેસી નાહ્યો,
પાટલો ગયો ખસી,
બાબલો ગયો હસી."

સતી મદાલશા તો ગળથુથીમાંજ અમૃત વરસાવે છે. જ્યારે આજની માતાઓ ગળથુથીમાંજ ઝેર નાખે છે. મદાલશાને આઠ સંતાન થયા; તેમાં સાતને મદાલશાએ ધર્મની દીક્ષા અપાવી. સંન્યાસી બનાવ્યા. આઠમા પુત્રને પિતાએ વચ્ચે પડી ગાદી આપી. પરંતુ એ પુત્રને પણ તેના સાત ભાઈઓએ પાછળથી ધર્મ પમાડયો. આવી માતા સાચી માતા છે. પરંતુ આજ કાલના માતાપિતા તો આ લોક જોનારા છે. પરલોક જોનારા નથી. સંસારમાં નજર ફેરવો ચારે તરફ અંધકાર છે, અને આત્મા ચારે બાજુથી નિરાધાર છે. કયાંય આધાર નથી. પરંતુ સાધુઓ માટે ઉપાધ્યાયજી આધાર રૂપ છે આત્મ ચિંતા કરે છે. કોણ પ્રમાદમાં શિષ્યો તથા સાધુ સમુદાયની ઉપાધ્યાયજી છે, કોણ સ્વાધ્યાયમાં છે તેનો પૂરો ખ્યાલ રાખે છે, અને યથાયોગ્ય માર્ગદર્શન અને પ્રેરણા આપ્યા કરે છે.

ઉપાધ્યાયજી જગબંધવ જગભ્રાતા છે :-

ઉપાધ્યાયજી આવી ચિંતા કરે છે એટલે જ તેમને જગબંધવ અને જગભ્રાતા કહ્યા છે. તેઓ વળી કેવા છે?

તપ સ્વાધ્યાયે રત સદા,
દ્વાદશાંગનો ધ્યાતા રે,
ઉપાધ્યાય તે આતમા,
જગબાંધવ જગભ્રાતા રે.

ઉપાધ્યાયજી જગતના બાંધવ છે. જગતના સાચા ભાઈ છે. નાનાભાઈની ચિંતા કરે એજ ખરા મોટાભાઈ.ઉપાધ્યાયજી સંઘમાં રહેલા સાધુના આત્માની ચિંતા કરે છે ક્ષણે ક્ષણે ચિંતા કરે છે. તેઓ જગભ્રાતા છે. કારણ જગતના ભવ ભયથી ત્રાતા છે. ઉપાધ્યાયજી સૂત્ર તથા અર્થના અભ્યાસી છે. દ્વાદશાંગીના પાઠી છે અને તેનું સાધુઓને અધ્યાપન કરાવે છે. તપસ્વી છે. સઝ્ઝાયમાં લીન મનવાળા છે. તેમનું પણ અહર્નિંશ ધ્યાન ધરવું જોઈએ,

**નિશ્ચય અને વ્યવહારના સંધીકાર શ્રી યશોવિજયજી મહારાજ :-**

જૈન સમાજમાં મહાન સમર્થ પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ છેલ્લા થઇ ગયા છે. તેઓ પણ મહાન ઉપકાર કરી ગયા છે નિશ્ચય અને વ્યવહારના તેઓ મહાન સંધીકાર હતા. નિશ્ચયવાદીઓએ આજે નિશ્ચય અને વ્યવહાર વચ્ચે મહાન વિગ્રહ ઊભો કર્યો છે. શ્રી યશો-વિજયજી મહારાજે નિશ્ચય અને વ્યવહારનો સમન્વય સાધ્યો.

**યશોવિજયજી મહારાજે નિશ્ચય પર યસ્થાથાને ભાર મુકયો :**

પૂજ્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે પણ

યોગ્ય સ્થળે નિશ્ચય ઉપર પણ જેવો તેવો ભાર નથી મુકયો. જુઓ તેઓશ્રી શું કહે છે:—

"કષ્ટ કરોને સંયમ ધરો,
ગાળો નિજ દેહ,
જ્ઞાન દશા વીણ જીવને,
નહિં ભવનો છેહ—આતમ તત્ત્વ વિચારીએ."

આ શુધ્ધ નિશ્ચયનું સંગીત પણ તેમણેજ લલકાર્યું છે. જ્ઞાન દશા આવ્યા વગર અનંત કાળના ભવ ભ્રમણનાં દુ:ખનો અંત નથી.

આતમ આજ્ઞાને કરી,
જે ભવ દુ:ખ લહીએ,
આતમ જ્ઞાને તે ટલે.

એમ મન સદ્દહિએ—આતમ તત્ત્વ વિચારીએ.

આત્મ અજ્ઞાનને કરી જે ભવો ભવના દુ:ખ તું ભોગવી રહ્યો છે, ચાર ગતિ રૂપ સંસારમાં રખડી રહ્યો છે, તે આત્મ જ્ઞાનથી ટળે છે. સમ્યક્‌જ્ઞાન, સાચાજ્ઞાન આત્માની સાચી સમજણથી ટળે છે.

કલિકાલ સર્વજ્ઞ આચાર્ય હેમચંદ્રસુરિ યોગશાસ્ત્રમાં કહે છે:—

"आत्माज्ञानभवं दु:खमात्मज्ञानेन हन्यते ।"

આત્માના અજ્ઞાનથી ઊભું થયેલું દુ:ખ આત્માના

જ્ઞાનથી હણાય છે. કોઈ કહે છે અમે દુઃખ હણવા તપ કરીશું તો તેના જવાબમાં કહે છેઃ—

तपसाऽप्यात्म विज्ञानहीनैश्छेतुं न शक्यते।

ગમે તેવું ઉગ્ર તપ કરવા છતાં જ્યાં સુધી આત્મા આત્મ વિજ્ઞાનથી રહિત છે ત્યાં સુધી ભવ દુઃખને છેદી શકાતું નથી.

**વ્યવહાર વગર નિશ્ચયની સિદ્ધિ થાય નહિ :**

આ રીતે નિશ્ચયને પણ યથાયોગ્ય સ્થાને પૂર્ણ મહત્ત્વ આપનાર શ્રી યશોવિજયજી મહારાજ એકાંતે નિશ્ચય પકડનારને ચાબખા પણ તેવાજ મારે છે.

ક્રિયા ઉત્થાપી કરીજી,<br>
છાંડી તેણે લાજ,<br>
નવી જાણે તે ઉપજેજી,<br>
કારણ વિણ નવિકાજ.

જે ક્રિયાને ઉત્થાપી રહ્યો છે તેણે લાજ શરમ મુકી દીધી છે. તે નિશ્ચયમૂઢ એટલું પણ સમજતો નથી કે કારણ વગર કાર્ય બનતું નથી. કારણના અભાવમાં કાર્યની સિધ્ધિ થાય નહિ નિશ્ચયના હઠાગ્રહથી દિગંબર મતની ઉત્પતિ થઈ. એમ છતાં પણ દિગંબર ગ્રંથમાં એમ કહ્યું છે :—

णो ववहारेण विणा णिच्छयसिद्धि कयाविणिद्दिठा

વ્યવહાર વગર નિશ્ચયની સિદ્ધિ કોઈએ જોઈ નથી, કે કરી નથી. ઉપાધ્યાયજી મહારાજ તો એટલે સુધી કહે

છે કે- દિગંબરો અને શ્વેતાંબરો વચ્ચે થોડા ભેદો છે; મહત્વના ભેદો છે. પરંતુ ઘણી સમાનતા પણ છે. પરંતુ આજકાલના નવા નિશ્ચયવાદીઓ તો દિગંબર મતને પણ સંપૂર્ણતયા સ્વીકારતા નથી. એમનું તો એકેમાં ઠેકાણું નથી.

સત્તાના પ્રગટીકરણમાં નિમિત્ત જરૂરી છે :-

માટીમાં ઘટ સત્તારૂપે રહેલ છે તે વાત કબુલ છે. પરંતુ લાખ વરસ વીતી જાય તો પણ કુંભારના નિમિત્ત વગર તેની સત્તા પ્રગટ થવાની નથી. માટીમાંથી ઘટ થવાનો નથી. સત્તાના પ્રગટીકરણમાં નિમિત્ત રૂપે કુંભાર છેજ. પરંતુ નિશ્ચયવાદીઓ કહે છે :- ઉપાદાંનથી કાર્ય થવાનું હોય ત્યારે નિમિત્ત સામે હાજર હોય. શું ઠુંઠા જેમ હાજર હોય ? આ તો બકવાદ છે. નિમિત્ત કંઈ કરે કે ખાલી હાજર હોય ? ઉપદેશ દેવામાં ગુરુ માત્ર પાટ ઉપર હાજર હોય કે ઉપદેશ પણ આપે ? જો નિમિત્તના કાર્ય વગર કામ થતું હોય તો કુંભાર માટી ખોદીને ઘેર શા માટે લાવે ? તેને સાફ કરી પલાળે શું કામ ? પછી ચક્કર પર ચડાવે અને અગ્નિમાં પકાવે પણ શું કામ ? કુંભારની હાજરી માત્રથી નિશ્ચય મતના હિસાબે ઘટ પ્રગટ થવો જોઇએ. પરંતુ તેમ થતું નથી. છતાં કુંભારને ઘટનો કર્તા માનનારને નિશ્ચયવાદીઓ નયાભાસી કહે છે. માનનાર નયાભાસી છે કે ન માનનાર મિથ્યાભાષી છે ? સમાજની અજ્ઞાનતા અને ભોળપણનો લાભ લેવાઈ રહ્યો છે. ઉપાદાનમાં કાર્ય સત્તા રૂપે છે. અને નિમિત્તથી તે પ્રગટ થાય

છે એજ યથાર્થ છે. એકાંતવાદ ભયંકર છે. તેમાં કંઇ સાર નથી. દિગંબરશાસ્ત્રમાં પણ એવી વાત મળે છે કે :- વ્યવહાર વગર નિશ્ચય ન સંભવે.

નિશ્ચય નય અવલંબતાજી
નવી જાણે તસ મર્મ
છોડે જે વ્યવહારને જી
લોપે તે જીન ધર્મ.

નિશ્ચયનું અવલંબન કરતાં જે વ્યવહાર છોડે છે તે જૈન માર્ગનો લોપ કરે છે. ભગવાને તીર્થની સ્થાપના વ્યવહારથી કરી. વ્યવહારને ઉત્થાપનારા તીર્થને ઉત્થાપનારા છે, અને તીર્થને ઉત્થાપનારા અનંત સંસારી છે.

યશોવિજયજી મહારાજે નયોના સાચી સમજ આપી :-

નયોની સાચી સમજ ઉપાધ્યાજી યશોવિજયજી મહારાજે આપી છે, અને તે દ્વારા તેઓ મહાન ઉપકાર કરી ગયા છે. તેઓ આપણને ખૂબ પ્રકાશ આપી ગયા છે. તેમની કૃતિઓ વાંચનારને ભ્રાંતિમાં પડવાનો વખત નહિ આવે.

ઉપાધ્યાય મહાન ઉપકારી છે :

ચોથા ઉપાધ્યાય પદનું ધ્યાન ધરવું આવશ્યક છે, તેઓ શાસનના ઉપકારી છે. શાસનના શણગારરૂપ છે. ઉપદેશ આપવામાં તેઓ એટલા કુશળ હોય છે કે પત્થરરમાંથી પણ પલ્લવ પ્રગટે. તેમની વાણી ચંદન જેવી

શીતળ હોય છે, અને તેથી મારમાર કરતા આવેલ આત્મા પણ તેમની વાણી સાંભળી ઠંડાગાર થઈ જાય છે. શાંત બની જાય છે. તેઓ પોતાના શિષ્યો તથા સાધુ સમુદાયની અહર્નિંશ ચિંતા સેવનાર હોય છે. તમે સામાયિક પ્રતિક્રમણ ન કરો કે વ્યાખ્યાનમાં ન જાઓ તો તમને પુછનાર છે કોઈ? અને પુછનાર હોય તોયે પુછનારને તમે કયાં સરખો જવાબ આપો એવાય છો!

આ રીતે ઉપાધ્યાયજીનું સ્થાન અપૂર્વ છે. તેઓ સાધનામાં સદા તત્પર રહે છે, અને બીજાને પણ સાધના કરાવે છે. તેમનું ધ્યાન ધરી, આત્માની વિશુદ્ધિ અને ચિત્તની નિર્મળતા સાધો તેવી ભાવના.

### ઉપાધ્યાય પદ

ચોથે પદ પાઠક નમું, સકળ સંઘ આધાર,
ભણે ભણાવે સાધુને, સમતા રસ ભંડાર.

તત્ત્વ ત્રિવેણીના બીજા તત્ત્વમાં, ગુરુતત્ત્વમાં પ્રથમપદે આચાર્ય બિરાજે છે. જેઓ પોતે રાજા સમાન, સમ્રાટ સમાન કહ્યા છે. જેઓ શાસન ચલાવે છે જ્યારે શ્રી ઉપાધ્યાયને યુવરાજ સ્વરૂપ દ્વિતીય સ્થાન મળ્યું છે.

ઉપાધ્યાયજી કેવા હોય–"તપ સજ્ઝાયે રત સદા દ્વાદશ અંગના ધ્યાતા" સદાકાળને માટે બાહ્ય અને અભ્યંતર તપમાં જેમની રુચી છે અને જેઓ દ્વાદશાંગીના જ્ઞાતા ગીતાર્થ છે. ઉપાધ્યાય ભગવંતો વાત્સલ્યના ભંડાર હોય છે. તેથી તેમની પાસે આવનાર રાય કે રંકમાં તેઓ

ભેદભાવ રાખતા નથી. બાહ્ય દૃષ્ટિએ ઉપાધ્યાયજી પોતાના કર્તવ્ય તરીકે ગચ્છમાં સાધુઓને સારણાદિક કરતાં હોય છે છતાં પણ તેમનું મૂળ લક્ષ તો આત્મરમણતાજ હોય છે.

ઉપ+અધ્યાય–'ઉપ' નજદીક હોવું, સ્વાધ્યાયની નિકટ હોવું રહેવું તેજ ઉપાધ્યાય પદનું મુખ્ય લક્ષણ છે. મલય-ગિરિના ગોશીર્ષ ચંદનની જેમ સંસારના તાપથી તપ્ત પ્રાણીઓના આધિ–વ્યાધિ ઉપાધિ રૂપ તાપ ને શાંત પાડનાર શીતલ એવી વાણી ઉપાધ્યાય પરમાત્માની હોય છે. એવા પરમ મહિમાવંત ઉપાધ્યાય પદની આરાધના દ્વારા મૂર્ખ પણ પંડિત બને છે. તેથીજ ઉપાધ્યાય ભગવંત જિનશાસનમાં અધ્યાપકના સ્થાને છે. પથ્થર જેવા શિષ્યને પણ શિલ્પીની જેમ મૂર્તિરૂપે ઘડનાર છે. મોહરૂપી સર્પથી ડંખાઈને નષ્ટ પ્રાયઃ જેના પ્રાણ થયા છે તેવા જીવોને ચેતના આપનારા ઉપાધ્યાયજી છે. અજ્ઞાનરૂપી વ્યાધિથી પીડાતા જીવોને શ્રુતરૂપી ઔષધ આપનારા વૈદ્યસ્વરૂપ ઉપાધ્યાય ભગવંત છે. તેઓ જ્ઞાનરૂપ અંકુશથી કષાયરૂપી હાથીને મહાત કરે છે અને અજ્ઞાનાંધ લોકોના જ્ઞાનચક્ષુ ઉઘાડનારા હોવાથી તે ઉપાધ્યાય ભગવંતો નમસ્કરણીય છે.

દૃષ્ટાંત–એક રબારીને સૌંદર્યવાન એવી પુત્રી હતી. એક સમયે મોટા શહેરમાં ઘી વેચવા માટે બીજા ઘણા રબારીઓની સાથે તે યુવાન પુત્રીને લીધી. તે પુત્રી પોતે ગાડું ચલાવે છે. જ્યાં સુગંધ હોય ત્યાં સુગંધના આશિક

ભમરાઓ ગુંજારવ કરેજ. તેવી જ રીતે તે સૌંદર્યવાન યુવતીને જોઈને બીજા રબારીઓ મોહ પામ્યા. તેણીની મુખમુદ્રાનું રસપાન કરવામાં લાલચુ એવા રબારીઓ સાનભાન ભૂલીને આડા રસ્તે ગાડા ચલાવીને પણ તેને નિરખવા પ્રયત્ન કરવા લાગ્યા. તેથી ઘણાના ગાડા ભાંગ્યા.

આ બધો બનાવ જોઈને યુવતી પિતા રબારીને સંસાર ઉપર વૈરાગ્ય થયો. પૂર્વભવનો આરાધક હોવાથી અશુચિ ભાવના યાદ આવવાથી તેનો વૈરાગ્ય દઢ બનવાથી તેણે પુત્રીને યોગ્ય ઠેકાણે પરણાવીને દીક્ષા ગ્રહણ કરી. દીક્ષામાં આવશ્યકાદિ યોગ વહન કર્યા.

શ્રી ઉત્તરાધ્યયનના ત્રણ અધ્યયન પૂર્ણ બાદ પૂર્વભવની જ્ઞાન વિરાધનાના ફલ સ્વરૂપ જ્ઞાનવરણીયનો તીવ્ર-ઉદય થયો. તેથી ઘણો પ્રયત્ન કરવા છતાં ચોથા અધ્યયનનો અક્ષર પણ ચડતો ન હતો. પોતાની મુશ્કેલી ઉપાધ્યાય સ્વરૂપ ગુરુભગવંતને નિવેદન કરવાથી તેઓએ તે આત્માની યોગ્યાયોગ્યતા વિચારી રાગદ્વેષનો નિગ્રહ કરનાર એક પદ આપ્યું "મારુષ માતુષ" મુનિએ વિનયપૂર્વક તે સ્વીકારી આયંબિલના તપ સાથે મોટમોટેથી ગોખવાનું શરૂ કર્યું પણ તીવ્ર જ્ઞાનાવરણીયના ઉદયે તેમાં પણ ગોટો વળતાં 'માસતુષ-માસતુષ' ગોખવા માંડયા. બાર વર્ષ સુધી ઉપાધ્યાય ગુરુના વચને તે મુનિએ પોતાના પુરુષાર્થ ન છોડતાં એકાગ્રતા–ભાવોલ્લાસ, ગુરુ પ્રત્યેના બહુમાન પૂર્વક 'માસતુષ' ગોખ્યા કર્યું. તેમને મૂળ પદ યાદ ન રહ્યું.

પરંતુ ભાવથી તેઓ તે પદને પોતાના જીવનમાં ઉતારી શક્યાં કે 'મા રુષ-અપકાર કરનાર ઉપર પણ રોષ ન કરવો અને સેવાભક્તિ કરનાર ઉપર પણ તુષ્ટ ન થતાં સમભાવ કેળવવો. પાસેના બીજા મુનિઓ વિગેરે તેમની મશ્કરી કરવા છતાં તે સામે ન જોતાં તે મુનિએ જ્ઞાનાવરણીય ખપાવવાનો જે પ્રશંસનીય પુરુષાર્થ કર્યો તેના ફળ સ્વરૂપ કેવળજ્ઞાનને પામ્યા.

જેમને ,'મારુષ માતુષ'' આ બે પદો યાદ રહેતા ન હતાં તેજ મુનિ ઉપાધ્યાય પદની વિશુદ્ધ આરાધનાના બળે કૈવલ્યદશાને વર્યા.

ઉપાધ્યાય ભગવંતો બે પ્રકારની શિક્ષાઓ આપે છે ગ્રહણ, આસેવન. જેમ માતા બાળકના શિક્ષણ અને ઉછેર બંનેની કાળજી રાખે છે તેમ ઉપાધ્યાય સાધુ-સાધ્વીની તમામ પ્રકારે કાળજી રાખે છે. કેમકે "જ્ઞાનક્રિયાભ્યામ્ મોક્ષ:" કહેલો છે.

સિદ્ધચક્રના યંત્રમાં જોતાં ઉપાધ્યાયની પૂર્વે જ્ઞાનપદ છે. કારણ જ્ઞાન એ અધ્યયન-અધ્યાયનનો પાયો છે. ઉપાધ્યાયની પછીનું પદ ચારિત્ર છે. તેજ જ્ઞાન પ્રાપ્તિનું ફળ-"જ્ઞાનસ્ય ફલમ્ વિરતિ" માટે જ્ઞાન ક્રિયા બંને તેમાં સમાવ્યા છે.

દ્વાદશાંગીનો સ્વાધ્યાય કરનાર ઉપાધ્યાય હોય છે. તે સ્વાધ્યાયનાં પાંચ પ્રકાર હોય છે.

(૧) વાચના સૂત્ર અને અર્થમાં નિરંતર અભ્યાસ કરે અને કરાવે જેમ ભદ્રબાહુ સ્વામિજી વાચના આપતા હતા તેવી રીતે.

(૨) પૃચ્છતા સૂત્ર અને અર્થ સંબંધી કોઈ સંશય ત્યારે તે સંશયોના નિવારણ માટે વિશેષ જ્ઞાતાને પૂછવું તે.

ચિલાતીપુત્ર....ધર્મ શું છે તે જાણવા પ્રશ્ન કર્યો. જવાબમાં ફક્ત ઉપશમ-વિવેક-સંવર. એટલું જ જાણવા મળ્યા છતાં આત્મકલ્યાણ સાધી ગયા.

(૩) પરાવર્તના ભણેલાં સૂત્રને વારંવાર યાદ કરવા દ્વારા આવૃત્તિ કરવી. વારંવાર પરાવર્તનાથી ભણેલું દૃઢ થાય છે અને જ્ઞાનાવરણીયનો વિશેષ ઉઘાડ થાય છે. પછી તેજ જ્ઞાની ધીમે ધીમે જો અનાનુપૂર્વી-પશ્ચાનુપૂર્વી વિ. રીતે સ્વાધ્યાય કરતો થાય તો તેનો જ્ઞાનનો ક્ષયોપશમ આશ્ચર્યકારક બને છે.

અંત સમયે પણ માત્ર નવકારનો સ્વાધ્યાય-પરાવર્તન કરનાર એક વણુકર સ્વર્ગે ગયો હતો. તે આ સ્વાધ્યાયનું ફળ છે.

(૪) અનુપ્રેક્ષા સૂત્ર કે અક્ષરનો ઉચ્ચાર કર્યા સિવાય કેવળ મનમાં ધ્યાન ધરવું તે અનુપ્રેક્ષા ચિંતન.

(૫) ધર્મકથા નંદીષેણની જેમ ધર્મકથા કરીને લોકોને ધર્મમાર્ગે-ચારિત્રમાર્ગે વાળવા તે ધર્મકથા રૂપ સ્વાધ્યાય.

ઉપાધ્યાય પદનો ક્રમ ચોથો કેમ ?

શાસનની વ્યવસ્થામાં ત્રણ જરૂરિયાતો છે. વ્યવસ્થાપક અથવા સંચાલન, અધ્યાપક, અને સહાયકની પૃ. આચાર્ય ભગવંતો સંચાલક જેવાં છે. ઉપાધ્યાય ભગવંતો સૂત્ર અર્થનું જ્ઞાન આપનારા શિક્ષક જેવા છે સાધુ ભગવંતો મોક્ષમાર્ગમાં સહાયક છે. આ રીતે ત્રણેનાં સમન્વયથીજ શાસનનું કામ ચાલે છે.

ઉપાધ્યાય પદની નીલવર્ણે આરાધનાના હેતુઓ.

(૧) નીલમણીની પ્રભા શાંત અને મનોરમ્ય હોય છે. તેમ શ્રી ઉપાધ્યાયજી ભગવંતની કાંતિ–પ્રશાંત અને નીલમણીની જેમ મનોરમ્ય હોય છે. માટે નીલવર્ણે તેની આરાધના થાય છે.

(૨) બગીચો જેટલાં પ્રમાણમાં વિશેષ લીલોછમ હોય. તેમ ખૂબજ આકર્ષક અને શાંતિપ્રદ હોય છે. તેવી જ રીતે શિષ્યોને પઠન–પાઠન કરાવતાં ઉપાધ્યાય ભગવંતનો જ્ઞાન બગીચો લીલોછમ સદાયે તાજો રહેતો હોવાથી એવી ભાવનાથી તેમની આરાધના નીલવર્ણી કરાય છે.

(૩) અશિવ (ઉપદ્રવોને) દૂર કરવા માટે મંત્રશાસ્ત્રમાં નીલ–લીલાંવર્ણેજ ધ્યાન કરવાનું જણાવે છે તેમ જ્ઞાનમાર્ગનું અશિવ અંતરાય દૂર કરવાના હેતુથી જ્ઞાનપ્રદર્શક ઉપાધ્યાય ભગવંતને નીલવર્ણે આરાધવાના છે.

(૪) મુનીપદને આચાર્યપદનું મિશ્રણ હોવાથી નીલવર્ણી ઉપાધ્યાયજીની મૂર્તિને નીલવર્ણે આરાધવાનાં છે.

ઉપાધ્યાય પદનાં આરાધકને એજ ઇચ્છા હોય કે હું પણ શાસ્ત્રવિદ્ બની પઠન-પાઠન કરાવી. જ્ઞાનાંતરાયનો ક્ષય કરી ઉપાધ્યાય રૂપ બની કર્મક્ષય કરી સિદ્ધ-બુદ્ધ-મુક્ત બનું.

નજીકના ભૂતકાળમાં ઉપાધ્યાયના ઉત્તમકોટિના આત્માઓની શોધ કરતાં પ્રથમ પંક્તિનાં પ્રખર વિદ્વાન સરસ્વતિ પુત્ર ન્યાયાચાર્ય છોટે હરિભદ્રની પદવી પામેલા યશોવિજયજી ઉપાધ્યાય અને તેમની જ્ઞાનસાધના લક્ષમાં આવે છે.

તેમના સમકાલીન ઉપાધ્યાય વિનય વિજયજી મ. સા. ઉપાધ્યાય પદ્મ વિજયજી મ. સા. ઉપાધ્યાય શ્રી ઉદયરત્નજી મ. સા. પણ ઉત્તમકોટિનાં ઉપાધ્યાય હતા. જેમણે પોતાના ઉત્તરાવસ્થામાં નિયમ કેળવ્યો હતો કે રોજ શ્રી તિર્થાધિ-રાજ શત્રુંજયનું સ્તવન રચ્યા બાદ જ પારણું કરવું. અનંતગુણી આત્માનાં મુખ્ય ગુણસ્વરૂપ જ્ઞાનગુણની પ્રાપ્તિ, વૃદ્ધિ, સિદ્ધિમાં કારણભૂત નિમિત્તભૂત, સહાયકભૂત, એવાં ઉપાધ્યાયપદને ક્રોડ ક્રોડ વંદન.

---

# 卐 શ્રી સાધુ પદ 卐

પાંચમું પદ શ્રી સાધુપદ છે. સાધુપદનું સ્વરૂપ સમજાવતા આચાર્ય ભગવાન રત્નશેખરસુરિશ્વરજી મહારાજ કહે છે :–

सव्वासु कम्मभूमिसुं, विहरंते गुणगणेहि संजुत्ते ।
गुत्ते मुत्ते झायह, मुणिराए निट्ठियकसाए ॥

સાધુઓ ત્રણ ગુપ્તિથી યુક્ત છે :–

હે ભવ્યો, પંદર કર્મ ભૂમિમાં એટલે સર્વકર્મભૂમીમાં વિચરનારા સાધુ ભગવંતોનું ધ્યાન ધરો. તેઓ કેવા છે. ત્રણ ગુપ્તિથી ગુપ્તા છે. ગુપ્તિ એક પ્રકારનું તીક્ષ્ણ શસ્ત્ર છે. તેને બરાબર સાચવીને રખાય તો સમય આવ્યે બહુ ઉપયોગી થાય; પરંતુ તેને સાચવતા ન આવડે તો તે જીવલેણ નીવડે, એજ રીતે મનગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ એ ત્રણે તીક્ષ્ણ હથિયાર જેવા છે મન, વચન અને કાયાને ગોપવીને અને સંકોચીને રાખતાં આવડે તો એકાંતે લાભદાયક છે. પરંતુ એ રીતે ન રાખી શકીએ અને અસંયમમાં પ્રવર્તાવીએ તો બંધ થાય છે, આ રીતે સાધુજી ત્રણે ગુપ્તિથી યુક્ત છે. મન, વચન તથા કાયાને ગોપવનારા છે.

સાધુઓ સર્વ સંગથી રહિત છે :–

સાધુ ભગવંતો સર્વ સંગથી મુક્ત છે. તેમણે સર્વ સંગ ત્યાગ્યો છે. બધું સાધવું સહેલું છે પણ નિસંગપણું

સાધવું કઠિન છે. સાધુ મહાત્માઓએ બહારનો સંગ ત્યાગ્યો છે, અને અંદરના સંગથી મુક્ત થવા માટે ઉગ્ર પુરુષાર્થ કરી રહ્યા છે. બહારથી છુટવું સહેલું પરંતુ અંદરથી છુટવું મુશ્કેલ છે' નિગ્રંથતા બે પ્રકારની છે. ધન, ધાન્ય, ઘર, કુટુંબ કબીલો છોડવા તે બહારની નિગ્રંથતા છે. અને રાગદ્વેષથી છુટવું તે અંદરની નિગ્રંથતા છે. કેસાદિનું મુંડન તે દ્રવ્ય મુંડન છે. જ્યારે રાગદ્વેષાદિનું મુંડન તે ભાવ મુંડન છે, એમ શાસ્ત્રો કહે છે માત્ર બહારનુંજ મુંડન કરે છે તેને માટે કબીર જેવા પણ કહે છે :–

કેશોં કહાં બિગાડયો,
જો મુંડે સો વાર,
મનકો કાહે ન મુંડિયો,
જામે વિષય વિકાર.

ખરું મુંડન તો મનનું કરવાનું બહારનું મુંડન ત્યાગનું પ્રતીક છે બહારનું મુંડન બતાવે છે કે– "આ સાધુ પુરુષ છે. તેનામાં અંદરનું મુંડન પણ હશેજ." બહારના સંયોયોગો છોડવા તે બહિર નિગ્રંથતા છે. અને અંદરના રાગદ્વેષની ગ્રંથી છોડવી તે અંદરની નિગ્રંથતા છે. અંતર ત્યાગ કાર્ય છે : બાહ્ય ત્યાગ કારણ છે :–

જો અંદરની નિગ્રંથતાથીજ કલ્યાણ હોય તો બહારનું છોડવા શા માટે કહો છો એમ કદાચ શંકા થાય. બહારના સંયોગો અંદરની ઉપાધિને ઉત્તેજનારા છે. બહારનો

પરિગ્રહ અંદરના પરિગ્રહને ઉત્તેજીત કરનાર છે. માટે જેને અંદરની નિગ્રંથતા જોઈએ છીએ તેણે બહારની નિર્ગ્રંથતા પણ સ્વીકારવી જોઈએ. બહારના ત્યાગ વગર મોક્ષ માર્ગ ચાલવાનો નથી. અંદરનો ત્યાગ કાર્ય છે તો બહારનો ત્યાગ કારણ છે. જેવી રીતે વીતરાગ દશા છેલ્લું ધ્યેય, સાધ્ય અગર તો કાર્ય છે, તેમાં વ્રતાદિના શુભભાવ કારણ છે. જેમ વ્યવહારમાં કારણનો કાર્યમાં ઉપચાર થઈ શકે છે. તેજ રીતે અંદરની નિર્ગ્રંથતારૂપ કાર્યમાં બહિર નિર્ગ્રંથતા રૂપ કારણનો ઉપચાર કરીને તેને મોક્ષ માર્ગ કહી શકાય છે. બહારની નિર્ગ્રંથતા પણ ઘણી જરૂરી છે. કેમકે તે અંદરની નિર્ગ્રંથ-તાને લાવનારી છે. સાધુ બહારના સંયોગથી છુટયા છે તો પણ કેટલી શાંતિ, છે! જ્યારે તમે નથી છુટયા એટલે પાપ કરવાના નિમિત્ત તમારે ઘણા છે. તમે વ્યાખ્યાનમાંથી છૂટી ઘેર જાઓ અને નાનું બાળક આવીને ખોળામાં બેસે એટલે તેને પંપાળવાંની ઇચ્છા થાય. સંસારના અનેક નિમિત્તો તમારી સામે આવીને ઊભા રહે અને પરિણામ બગાડે. અમે વ્યાખ્યાન પૂરું કરીને ઉપર જઈએ તો જ્ઞાનના નિમિત્તો પુસ્તકો હાજર છે તે વાંચવાનું મન થાય.

સાધુનું ધ્યેય અંદરથી નિર્ગ્રંથ થવાનું છે :–

છતાં કહેનારા કહે છે કે :– બહારના નિમિત્તોથી પરિણામ બગડે તેમ માનનાર મિથ્યાત્વી છે. સમક્તિનો ઈજારોજ તેમણે રાખ્યો લાગે છે. તેમને ખરેખર કમળો

થયો છે, કમળો થનાર પોતે પીળો છે છતાં બીજાને પીળો દેખે છે, તેમ આ લોકો પોતે મિથ્યાત્વિ છે એટલે તેમને બીજામાં મિથ્યાત્વ દેખાય છે. જેવી દ્રષ્ટિ તેવી સૃષ્ટિ દેખાય તે વાત સાચી લાગે છે, જો બહારના નિમિત્ત અસર ન કરતાં હોય તો બહારની નિર્ગ્રંથતા ઉખડી જાય છે. તો તો પછી સાધુ થવાની પણ શી જરૂર ? ઘેર બેસીનેજ મોક્ષ માર્ગ પ્રવર્તાવોને ત્યારે ! નિશ્ચયથી રાગ આત્મામાંજ થાય છે તે વાત ખરી છે. પરંતુ વ્યવહારથી રાગ નિમિત્તથી થાય છે. તે પણ માનવું જોઈએ અંદરની નિર્ગ્રંથતા લાવવા માટે બહારના સંયોગથી મુક્ત થવાની જરૂરર છે. એથી વિરુદ્ધ વાત કરવી તે માર્ગની અશાતના છે. માર્ગની અશાતના જેવું કોઈ પાપ નથી. જે સાચો માર્ગ વીતરાગે બતાવ્યો છે. તે અણીશુદ્ધ વહેતો રાખવો જોઈએ, તેમાં ઇચ્છા મુજબ ઘાલમેલ કરવી એ તો માર્ગની ઘોર અશાતના છે સાધુનું ધ્યેય અંદરની નિર્ગ્રંથતા પ્રાપ્ત કરવાનુ છે. તેમણે બહારના સંયોગો છોડયા છે, એટલે સંસારી કરતાં તેમની માનસિક સ્વસ્થતા અનેકગણી સરસ રહે છે. તેમના સામે વૃત્તિ બગાડે તેવા નિમિત્તો રહેતા નથી. ચમક હોય તો લોઢું ચળે ને ? તેમ ખરાબ નિમિત્ત હોય તો વૃત્તિ ચલાયમાન થાય. બાકી અંદરના સંયોગોના ત્યાગના ધ્યેય વગરનો ત્યાગ તો સૌ ત્યાજ્ય ગણેજ છે. કારણ તેવા જીવનો મોક્ષ થતો નથી. અભવીનો ગમે તેવો ત્યાગ મોક્ષ-દાયક બનતો નથી. કારણ તેના અંતરાત્મામાં મોક્ષનું ધ્યેય

હોતું નથી. બહારનો ત્યાગ અંદરના ત્યાગ માટે ઉપયોગી છે. બે ઘડી બધું છોડી તમે વ્યાખ્યાન સાંભળવા આવો છો. ત્યારે પણ ચિત્તની પ્રસન્નતા અને આત્મ શાંતિ મળે છે. જો આત્મા સંત્સંગમાં હોય તો તેને ચિત્તની પ્રસન્નતા પ્રાપ્ત થાય છે. વ્યાખ્યાનમાં ચિત્તની પ્રસન્નતા અને માનસિક સ્વસ્થતા મળે છે તે પણ બતાવે છે કે બહારના નિમિત્તો અસર કરે છે. સાધુઓ અંદરના પરિગ્રહથી મુક્ત થવા જ્વલંત પુરુષાર્થ કરી રહ્યા છે.

**સાધુઓએ કષાયોને પાતળા પાડયા છે :-**

સાધુઓએ પોતાના કષાયોને દળી નાખ્યા છે. કંઈક અંશે ક્ષીણ કરી નાખ્યા છે. તેવા સાધુઓનું નિરંતરપણે ધ્યાન ધરો. મુનિ પદનું મહાતમ્ય અપૂર્વ છે. સાધુઓએ કષાયોને પાતળા પાડયા છે ને, ક્ષીણ કર્યા હોય તો ક્ષીણ મોહી બની જાય છે. કષાયોની ક્ષીણતા થઈ જાય એથી રૂડું શું ? પરંતુ એ ન થાય ત્યાં સુધી કષાયો પાતળા તો જરૂર પાડી દેવા જોઈએ. જેણે કષાયો મંદ પાડયા છે તે વખત આવ્યે ક્ષીણ કરવાનો પુરુષાર્થ કરવાનો છે. કષાય મંદ કર્યા વગર ક્ષાયિક સમકિત તો આવેજ નહિ. ઉપશમ કે ક્ષયોપશય સમક્તિ પણ ન આવે. જેના અનંતાનુબંધી કષાય ઊભા છે તેની દુર્ગતિ તો નિયમા છે.

**સાધુઓ ગમે તેવા પ્રસંગમાં હરખ શોક કરતા નથી :-**

એજ રીતે શ્રી સાધુપદના સ્વરૂપને વર્ણવતાં પૂજ્ય ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજ કહે છે :-

અપ્રમત જે નિત્ય રહે
નવિ હરખે નવિ શોચે
સાધુ સુધા તે આતમા.

શું મુંડે ને શું લોચે મહાવીર જીનેશ્વર ઉપદિશે.

સાધુ સદા અપ્રમત રહે. ભારંડ પક્ષીની જેમ તેઓ જાગ્રત હોય, તેઓ ગમે તેવા પ્રસંગોમાં પણ હરખ કે શોક કરતા નથી. આ મુનિપણાનું સ્વરૂપ છે. તમે કહેશો કે :–"મહારાજ, શ્રોતાઓ ઓછા હોય છે ત્યારે તમને જરા દુઃખ થાય છે, અને સભા પુરી હોય ત્યારે જરા આનંદ પણ દેખાય છે." એવું દેખાતું હોય તો તે અમારી નબળાઈ છે. પણ આ તો સ્વરૂપની વાત છે. ખામીઓ જુઓ છો તે તમારા હિતની વાત નથી. પણ ખુબીઓ પણ સાથે સાથે જુઓ. માત્ર ખામી જોઈને સંસારી નકામાં કર્મ બાંધે છે. તમે ઉપાશ્રયમાં ચાર ઘડી બેસો ત્યાં તો પગે કીડીઓ ચડે છે. સાધુઓ ચોવીસે કલાક ઉપાશ્રયમાં રહી જ્ઞાન ધ્યાન કરે છે તે જેવો તેવો નિગ્રહ છે? એક તરફ સંસારના સ્વચ્છંદને જુઓ અને બીજી તરફ સાધુના નિગ્રહને જુઓ, જરૂર તમારા મસ્તક સાધુના ચરણમાં નમી પડશે. સાધુનો નિગ્રહ જોઈ ને પછી ખામી જોવી હોય તો ખુશીથી જુઓ. પરંતુ જાતે રાત દિવસ પાપમાં રહેવું અને સાધુની એકાદ ભૂલ થાય તે ઠેર ઠેર કહેવી તે જીંદગીભર ગાવી, તેમાં ઈન્સાનીયત નથી, શેતાનીયત છે. સાધુ પર પ્રેમ હોય તો એના ચરણ સેવી

એની ભૂલ બતાવો. દુઃખિત હૃદયે તેમને કહો તો સૌનું કલ્યાણ થાય. પણ આ તો નિંદાથી જ અટકતા નથી. આ મારા સાધુ અને આ તમારા સાધુ એવા પણ ભેદ ઊભા કરો છો. શું તમારે સાધુ સાથે કાકા મામાના સગપણ છે? આ તો દ્રષ્ટિરાગનો ભયંકર રોગ છે. સાધુ-પદની ભૂલે ચૂકે પણ અશાતના ન કરવી જોઈએ.

સાધુઓ અપ્રમતયોગ માટે પુરૂષાર્થ કરે છે:-

મહારાજને કોઈવાર દિવસે આરામ કરતા જોઈને તમે કહેશો, "મહારાજ, વાત તો અપ્રમતયોગની કરો છો; પણ આ શું? વાણીનો વ્યભિચાર કાં કરો" સાધુઓ અપ્રમતયોગી થઈ ગયા નથી. પણ અપ્રમતયોગનો પુરુષાર્થ જરૂર કરે છે.

નિંદા પ્રશંસામાં સમભાવ રાખે છે:-

સાધુ મહાત્માને કોઈ વંદના કરે તેનો હરખ થાય નહિં. ને કોઈ નિંદા કરે તેનો શોક તેમને હોય નહિ. કદાચ હરખ શોક થઈ જાય તો તે નબળાઈ છે.

નિંદા સ્તુતિ શ્રવણ સુણીને
હરખ શોક નવ આણે
તે જગમેં જોગીશ્વર મોટા
નિત્ય ચડતે ગુણઠાણે

કોઈ નિંદા કરે કે પ્રશંસા કરે તેનો સાધુને શોક કે હરખ ન હોય. કોઈ નિંદા કરે તો તેનો શોક ન કરવો તે સાધુનું કર્તવ્ય છે. પરંતુ તેથી નિંદા કરવી તે તમારૂં કર્તવ્ય થતું નથી. પરિષહ સહન કરવા એ સાધુનો ધર્મ છે. કર્મની નિર્જરા કરવા માટે સાધુઓએ આવી પડે તે પરિષહ કે ઉપસર્ગ સમભાવે સહવા જોઈએ તેમ શાસ્ત્રો કહે છે. તેથી સાધુને નિર્જરામાં નિમિત્ત થવા માટે ઉપાશ્રયમાં એકાદ નાગ તમે મુકી આવો એ તમારૂં કર્તવ્ય ઠરે છે? પરિષહ સહન કરવા તે સાધુઓની ફરજ. તેમજ પરિષહ દૂર કરવાનું શ્રાવકોનું કર્તવ્ય છે. તે ભૂલી ન જતા. ગમે તેવા સંયોગમાં સમતા રાખવી તે અમારૂં કામ. પણ નિંદા કરવી તે તમારૂં કામ નથી. નિંદા કરનાર ચંડાળ કહેવાય છે. નિંદા કે સ્તુતિ સાંભળતા હરખ શોક ન કરે તેવા સાધુ નિત્ય ચડતે ગુણઠાણે છે એમ શ્રી ચિદાનંદજી મહારાજે કહ્યું છે.

ગોચરી મળે તો સંયમવૃદ્ધિ, ન મળે તો તપવૃદ્ધિ :—

સાધુમહાત્માઓ ગોચરી લેવા જાય ત્યારે આહાર પાણી ન મળે તો તેનો શોક ન કરે. દશેરાનો દિવસ હોય અને ભાવિકોએ ખૂબ મીઠાઈ વહોરાવી હોય તેનો તેમને હરખ ન હોય. વહોરાવનાર તો ઘરના હીર કાઢીને પણ વહોરાવે. પરંતુ સાધુ પોતાના આચારમાં રહીનેજ વહોરે. સાધુ મહારાજ ગોચરી લેવા નીકળે ત્યારે પોતાની

સામે બે વિકલ્પ રાખીને નીકળે છે. ગોચરી મળશે તો સંયમની વૃદ્ધિ થશે; નહિ મળે તો તપની વૃદ્ધિ થશે; બન્ને રીતે લાભ છે. તેથીજ ગોચરી ન મળે, અગર સારી ન મળે તેમાં સાધુને હરખ શોક કે સંકલ્પ વિકલ્પ કરવાનું કારણ નથી આવા જે હોય તેજ પવિત્ર સાધુ મહાત્માઓ છે. બાકી એકલા મુંડનથી કે લુંચનથી શું વળવાનું છે ?

બહારનો ત્યાગ અંદરના ત્યાગનું નિમિત્ત બને છે :-

એકલા મુંડનથી કશું ન વળે. સાથે અંદરની સમતા જોઈએ. અંદરની સમતા, શાંતિ, નિરહંકારપણું હોય અને સાથે મુંડન હોય તો સોનામાં સુગંધ ભળ્યા જેવું થાય. ક્ષમા, સમતા, નમ્રતા, ઋજુતા કે અપ્રમતભાવ ન હોય તો માત્ર એકલા કેશ લોચથી કલ્યાણ થવાનું નથી તે વાત અપેક્ષાએ સાચી છે. પરંતુ નિરપેક્ષપણે બરાબર નથી. કારણ બહારનો ત્યાગ અંદરના ત્યાગનું નિમિત્ત બને છે.

સાધુના દર્શનથી જીવન પવિત્ર થાય છે :-

સાધુ મહાત્માઓના જીવન એવા પવિત્ર છે કે તેમના દર્શનથી પણ અનેકનું કલ્યાણ થઇ જાય છે. ઈલાયચીકુમાર સાધુ મહારાજને વહોરતા જોઈ કલ્યાણ સાધી ગયા. ઈલાયચીકુમાર નટી પર મુગ્ધ થયો છે. તેને મેળવવા તે નટ બન્યો છે. રાજાની સમક્ષ વાંસ પર નાચી રહ્યો છે. નાચ પૂરો થયે નીચે ઉતરીને ઈનામની આશાએ રાજા

પાસે જાય છે. રાજા કહે છે:–"મેં તો કશું જોયું નથી." એમ પાંચ પાંચ વાર બન્યું, રાજાનું મન પણ નટડી પર મોહાયું છે. છે. એ તો નટનું મૃત્યું ઈચ્છી રહ્યા છે. તે વખતે આ નટ (ઈલાયચીકુમાર) એક ભવ્ય દ્રશ્ય જુએ છે. સામે એક ઘરમાં સાધુ ભિક્ષા વહોરી રહ્યા છે. સાધુ મહારાજ યુવાન છે, રૂપવંત છે. વહોરાવનાર એક રૂપ-રૂપના અંબાર સમી યુવતી છે. તેની સામે નટડી તો ભંગાર જેવી લાગે. પરંતુ સાધુ મહાત્મા વહોરાવનાર યુવતી તરફ દ્રષ્ટિ પણ કરતા નથી. આ દ્રશ્ય જોઇ ઇલાયચીકુમારને થાય છે "ધન્ય છે આ મહાત્મા પુરુષના અવતારને; અને ધિક્કાર છે મારા આત્માને."

થાળ ભરી શુદ્ધ મોદકે પદમણી ઉભેલા બહાર
લ્યો લ્યો કહે છે લેતા નથી

ધન ધન મુનિ અવતાર, કર્મ ન છૂટે રે પ્રાણીયા.

પદમણી જેવી યુવતી સાધુ સામે થાળ ભરીને ઊભી છે. આગ્રહપૂર્વક વધુ લેવા કહે છે. પરંતુ સાધુ લેતા નથી. ચોમાસુ પૂરું થતા સાધુઓને તમે "રહો-રહો" તેવો આગ્રહ કરો તો પણ તેઓ રહેતા નથી. તમને છોકરાઓ કહે છે, "હવે સંસારની ઉપાધી છોડો" તો પણ તમે છોડતા નથી. રહો રહો કહો તો પણ સાધુ રહે નહિ. પદમણી જેવી યુવતી લ્યો લ્યો કહે છે પણ સાધુ લેતા નથી. સાધુઓને કુકખીસંબલ કહ્યા છે. પેટમાં સમાય તેટલુંજ તેમનાથી લેવાય. સાધુ પોતે લાવેલ ભિક્ષા

અસંયમીને આપી શકે નહિ. કોઈ વાર વધી પડે તો તે પરઠવવી પડે; પરંતુ એ તો અપવાદ છે. ઇલાયચીકુમાર મુનીવરને વહોરતા જોઈ રહ્યા. તેમના હૃદયમાંથી ઉદ્ગાર નીકળી પડયા, "ધન્ય છે આ મુનિવરના અવતારને અને લાખ લાખ ધિક્કાર મારા જીવનને કે હું આવી નટડીમાં મોહાયો." ઈલાયચીનો આત્મા આ નિમિત્તે શુભ શ્રેણીએ ચડે છે. સાતમું વટાવીને આઠમે ગુણસ્થાને પહોંચે છે.

સંવર ભાવે રે કેવળી થયો મુનિ કર્મ ખપાય
કેવળ મહિમા સુર કરે લબ્ધિવિજય ગુણ ગાય.

– કર્મ ન છૂટે રે પ્રાણીયા.

એજ શ્રેણીમાં આગળ વધતાં ત્યાં ને ત્યાં કેવળજ્ઞાન અને કેવળ દર્શન પામે છે. કેવળજ્ઞાન થયાનો મહોત્સવ કરવા દેવતા આવે છે. પ્રથમ તેમને દ્રવ્યલિંગ – સાધુતાના ઉપકરણો સમર્પણ કરે છે. ઈલાયચી દ્રવ્યલિંગથી શુદ્ધ થતાં તેમને ઇંદ્રો વંદના કરે છે. ત્યાગ માર્ગ ઊભો રાખવા માટેનો આ વ્યવહાર છે. મહાત્માનું નિમિત્ત કેટલી અસર કરી જાય છે એ તો જુઓ. વહોરાવવાની એ કેવી ઉત્તમ ક્રિયા. ઈલાયચીકુમાર સામાન્ય નટના ખેલમાંથી તો છુટયા. પરંતુ ભવભ્રમણના નાટકમાંથી પણ છુટયા આ મહાનસિદ્ધિ છે. યોગ્ય આત્માઓ પરજ નિમિત્ત અસર કરે છે એ ખરૂં છે. પરંતુ જેટલા સિદ્ધપદ પામ્યા છે તે બધા નિમિત્તની અસરથીજ પામ્યા છે. નિમિત્ત અને વ્યવહારને માને તેને વ્યાવહારાભાસી કહેનાર

મિથ્યાભાષી છે. કારણ નિમિત્ત અને વ્યવહારને માનનાર આત્માની સત્તાને તો માને છે. એકલા નિમિત્તથી કાર્ય થાય છે એમ આપણે નથી કહેતા. તેમ એકલા ઉપાદાનથી થાય છે તેમ પણ નથી કહેતા. માટીમાં ઘટની સત્તા નથી. એમ માનનાર અગર કુંભારના નિમિત્તથીજ ઘટ પ્રગટે છે એમ માનનાર મિથ્યાભાસી અગર વ્યવહારાભાસી ગણી શકાય. ઉપાદાનમાં સત્તા છે. નિમિત્તથી તે પ્રગટ થાય છે. ઈલાયચીકુમારમાં યોગ્યતા હતી. નિમિત્તથી તે પ્રગટી. નિમિત્તનો ઉપચાર તો આવેજ છે. વહોરવાની ક્રિયા જોતાં પણ જો ધર્મ પામ્યા; તો પછી પ્રતિલેખણ, પ્રતિક્રમણ આદિ ક્રિયા જોઈને ધર્મ પામે તેમાં શી નવાઈ! સાધુઓની ક્રિયા અને વર્તનજ એવા હોય છે કે જે જોનારને ધર્મ પમાડે.

**તમારૂં વર્તન એવું રાખો જેથી તમારા સંતાન ધર્મ પામે :-**

તમારૂં વર્તન પણ એવું હોવું જોઈએ કે તે જોઈને તમારા સંતાન ધર્મી બને. શ્રાવકનું વર્તન જોઈ અનેક જીવ ધર્મ પામે. કંબળ અને સંબળ તીર્યંચજીવ બળદ હતા. જીનદાસ શ્રાવકની માલિકીમાં હતા. જીનદાસને ઉપવાસ કે પૌષધ હોય તે દિવસે બન્ને બળદ પણ ઉપવાસ કરતા. તેમને ઘાસ નીરતા, તો પણ તે ખાતા નહિ. શ્રાવકનું જીવન એવું હોય કે તે જોઈ બીજા ધર્મ પામે. તો પછી સાધુના જીવનની તો વાતજ શી કરવી?

તેઓ અપ્રમત હોય છે. તેમની જીવન ચર્યા સુંદર હોય છે: તે અનેક જીવોને ધર્મ પમાડનારી હોય છે.

પાંચે પદો ઉપકારી છે :-

માર્ગના દેશકપણાથી અરિહંત ઉપકારી છે.

અવિનાશીપણાના સ્વભાવથી સિદ્ધ ઉપકારી છે. સિદ્ધપદ ન હોત તો અવિનાશીપણાની પ્રતીતિ ન હોત. સિદ્ધપદ છે માટેજ અરિહંત અને અન્યપદોની આરાધના છે.

આચારનો ઉપદેશ દેતા હોવાથી આચાર્ય ઉપકારી છે.

વિનયશીલ હોવાથી અને શિષ્યોને સારણા, વારણાં આદિ દઈ વિનિત કરતા હોવાથી ઉપાધ્યાય ઉપકારી છે.

મોક્ષ માર્ગમાં સહાયકપણાના ગુણથી સાધુઓ ઉપકારી છે.

આ રીતે પંચપરમેષ્ઠી મહાઉપકારી છે, આરાધ્ય છે. તેઓ પોતાના ગુણ સમુદાયથી ઉપકારી છે. તેમના આરાધનાથી એકાંતે લાભ છે. તેમના આરાધનથી અનંત લાભ અને ચીર શાંતિ પામો તેવી ભાવના.

સાધુપદ (સંકલન)

''મુનિવર પરમ દયાળ
ભવિયા મુનિવર પરમ દયાળ''

પરમકૃપાનાં નિધાન-દયાનાં સાગર મુનિ ભગવંતોને કહ્યાં છે કારણ તેઓ પોતે તો સાધના માર્ગે આગળ ધપી રહ્યાં છે અને સાધનામાર્ગે આવતાં સર્વે વિઘ્નો ઉપસર્ગો

પરિષહોને સમભાવે સહન કરે જ છે પરંતુ સાધુ ભગવંતોનો મુખ્ય ગુણ છે...."સહાયપણું ધરતા સાધુજી"

"સાધ્નોનિ સ્વપર કાર્યાણિ ઈતિ સાધવઃ"

મોક્ષમાર્ગે ચાલવા ઈચ્છતાં ચાલતાં ભવ્યને નિષ્કામ ભાવે કરૂણાળુ એવાં મુનિઓ સહાય કરવામાં સદા તત્પર રહેતાં હોય છે. ષટકાયનાં રક્ષક હોવાથી દયાનાં તો સાગર જ છે. એવાં અઢીદ્વિપમાં વિચરતાં સર્વે મુનીઓ વંદનાને પાત્ર છે. પંદરે કર્મ ભૂમિમાં વિચરતાં મહાત્માઓ પોતાની આરાધના અધ્યવસાયને કારણે જિનકલ્પી સ્થવિરકલ્પી લબ્ધિધારી વિ. ઘણાં પ્રકારનાં હોવાથી તે સર્વે સાધુ ભગવંતો વંદનાને પાત્ર છે. મુનિ ભગવંતોની એક એક ક્રિયાથી જીવો પ્રતિબોધ પામે છે.

(૧) સાધુ ભગવંતની વહોરવાની ક્રિયાનાં દર્શને ઈલાચીકુમાર કૈવલ્યદર્શનને વર્યા.

(૨) સાધુ ભગવંતની ઈર્યા સમિતિ પાલનની ક્રિયા જોવાથી તામલિતાપસ જૈન સાધુતા પ્રત્યે આકર્ષાયો.

અહો...."શું શોભનમ્ જૈન સાધુત્વં" ! આજ ભાવ તામલિ તાપસને બોધિબીજનું કારણ બનીને ઈન્દ્રપદવીની પ્રાપ્તિમાં કારણ બન્યા.

(૩) સાધુઓની સમતા-ક્ષમા આરાધનાનાં દર્શનથી

જ શ્રી આદિનાથ પરમાત્માનો જીવ ધનાવાહનાં ભવમાં સમ્યકત્વબોધિને પામ્યો હતો.

(૪) સાધુ ભગવંતના ઉપદેશામૃતનાં પાનથી નયસારમાંથી મહાવીર ઉત્પન્ન થયાં.

(૫) અનાથી મુનિનાં જીવનવૃતાંતના શ્રવણ અને ઉદાત્ત ચારિત્રની અનુમોદનાથી શ્રેણિક મહારાજા સમકિત પામ્યા હતા.

સાધુ ભગવંતો નિઃસંગદશાના કામી હોય છે કારણ.... ત્રણ લોક સાધવા સહેલાં પરંતુ બેઘડીની નિઃસંગદશા સાધવી મુશ્કેલ હોય છે. સાધુનાં સામાન્ય ત્રણ લક્ષણ ગણાય છે. સ્નેહ સૌજન્ય સહાનુંભૂતિ.

(૧) સાધુઓનું મુખ સદા હસતું હોય છે સાધુઓને સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ હોવાથી સાધુનો સ્નેહ સ્વાર્થનો નહીં પરમાર્થ લક્ષી હોય છે તેથી જ કહેવાય છે કે.

"તરૂવર સરોવર સંતજન જહાં–ચોથો વર્ષે મેહ" !
પરોપકાર કે કારણે, ચારો ધરિયાં દેહ !!"
"પરોપકારાયસતાં વિભૂતયઃ ॥"

(૨) સાધુનો વ્યવહાર સૌજન્યથી ભરેલો હોય દુર્જનતાનું નામ નહીં. ગમે તેવો ભયંકર કોટિનો અપરાધી કકળાટ કરતો આવે. તો સૌજન્યતા કેવી ? ખંધકમુનિની જીવતાં શરીરની ચામડી ઉતારવાં આવેલાં રાજાના સેવકોને ઋષિજી પૂછે છે કે મારી કાયા કઠણ છે. તેથી તમને બાધા–પીડા ન થાય તેમ હું બેસું કેવી ઉદાત્ત સૌજન્યતા કેવી ધીર–વીર– ગંભીરતા ક્ષમાશીલતા–સહન-

શીલતા—અને આત્મસમદર્શિત્વ. તપએટલું જ નહીં પણ અપકારીને પણ ઉપકારી તરીકે ગણવાની કેવી મહાનતા.

(૩) સહાનુભૂતિ : દુઃખીને દિલાસો આપે. સહ + અનુભૂતિ = દુઃખીના દુઃખ જોઈ પોતે પણ દ્રવિત થઈ જાય.

સાધુનાં સમાનવાચી શબ્દો

(૧) સાધુ : સહન કરે. સાધના કરે· સમતા રાખે તે સાધુ.

(૨) ભિક્ષુક : પોતાનાં સ્વરૂપની શોધ, આત્મગવેષણા કરે તે

(૩) મુનિઃ મૌન કરે તે મુનિ.

(૪) નિર્ગ્રંથ : ગાંઠ વગરનો....ગ્રંથી.... રાગ-દ્વેષની તથા પરિગ્રહની ગાંઠરહિત.

(૫) સંયમી : પાંચ ઈન્દ્રિયોનાં કાબૂ રહિત સંયમને ધારણ કરે તે.

(૬) યતિ : યતના....જયણા રાખે તે.

(૭) યોગી : જોડવું. મોક્ષની સાથે ત્રણે યોગોને જોડે તે.

(૮) શ્રમણ : શ્રમ કરે તે કર્મોને ખપાવવા શ્રમ-પરિશ્રમ કરે તે.

જગતમાં સર્વશ્રેષ્ઠ સાધુપણું જ્યાં સુધી પ્રાપ્ત થયું નથી ત્યાં સુધી જિનશાસનનું હાર્દ પાંમી શકવાનાં નથી.

સાધુ ભગવંતો મહાદાની છે. કારણ તેઓ અભયદાની અને જ્ઞાનદાની છે.

"दाणेण सेठ्ठम तु अभयपमाणम"

સર્વે પ્રકારનાં દાનમાં શ્રેષ્ઠદાન તે અભયદાન છે. સાધુ ષટકાય પ્રતિપાળ હોવાથી તે દ્રવ્ય અને ભાવ બંને રીતે મહા અભયદાની છે તેથી પણ વિશેષ મહાદાન તે જ્ઞાનદાન છે. કારણ....જ્ઞાનદાન વડે, આત્માની સ્વાભાવિક ગુણોની ઓળખાણ—અને તેથી જ—આત્મિક ગુણોની રક્ષા થતી હોવાથી સાધુ મહાદાની છે.

"નમો લોએ સવ્વ સાહૂણં"

આ પદમાં નવઅક્ષરો છે તે નવકોટિ વિશુદ્ધ સંયમના. પ્રાત્યાખ્યાનવાળાં નવવાડથી રક્ષાયેલા, બ્રહ્મચર્યનું પાલન કરનાર સાધુ મહાત્મા હોય છે.

"સિદ્ધચક્ર યંત્રનું નિરીક્ષણ કરીએ"

સાધુપદ પૂર્વે ચારિત્રપદ આવ્યું છે. આ ચારિત્રપદજ સાધુપણાંનો સુંદર સંબંધ જોડી આપે છે સાધુને માટે. પૂર્વ શરત કઈ....ચારિત્ર.

જ્ઞાન હોય દર્શન હોય. પણ આચરણ....ચારિત્ર. ન હોય તો ન ચાલે. યંત્રમાં પદોનાં સંબંધ ખૂબ જ. સમજણ પૂર્વક ગોઠવાયેલાં છે ચારિત્રનું હોવું એ જ સાધુતાની ઓળખાણ છે.

"નમો લોએ સવ્વસાહૂણં" બોલતી વખતે સાવ-શબ્દનો અર્થ ખાસ વિચારણીય છે. ભરતનાં ઐરાવતનાં કે મહાવિદેહનાં ગમે તે [જિનશાસનમાન્ય] સાધુને મારાં

નમસ્કાર જંબૂદ્વિપ-ધાતકીખંડ કે પુષ્કરાવર્ત દ્વિપનાં સાધુને પણ નમસ્કાર.

બકુશ-કુશીલ પુલાક, નિગ્રંથ કે સ્નાતક ગમે તે હોય તો પણ નમસ્કાર સ્થવીરકલ્પી હોય કે જિનકલ્પી આજનાં દિક્ષિત હોય કે પર્યાય સ્થવિર ગમે તે સાધુ હોય તેને મારાં નમસ્કાર. કેવલિ મનઃ પર્યવજ્ઞાની અવધિજ્ઞાની પૂર્વ-ધર કે માત્ર નવકારમંત્ર જ આવડતો હોય તેવાં સર્વે સાધુઓને નમસ્કાર થાઓ.

"કાળ પ્રમાણે સંજમનો ખપ જોઈને ગુણ લીજે!
વિજય વિમલ પંડિત એમ બોલે તસ પાય વંદન કીજે."

ઇલાચિકુમારનું એક જ વખત સાધુ સમક્ષ નમી ગયેલું મસ્તક તેને કેવલજ્ઞાન અપાવી ગયું. ઉત્તમોત્તમ ઉદાત શ્રેષ્ઠ-ઉદાત્ત શ્રેષ્ઠ પંચ પરમેષ્ઠિનાં પાંચે પદોનું મૂળ ઉદ્‌ગમ સ્થાન હોય તો તે સાધુપદ છે. કારણ સાધુમાંથી ઉક્રાન્તિ કરીને ઉપાધ્યાય-આચાર્ય-અરિહંત અને સિદ્ધ બની શકાય છે. તેવાં એ સાધુપદના ધારક પુન્યત્મા ભ્રમરની જેમ ગૌચરી વડે પોતાના આત્માને સંતોષે છે, પાંચે ઇન્દ્રિયોને નિત્ય દમે છે. ષટકાયનાં રક્ષક હોય છે. સત્તર પ્રકારની સંયમની આરાધનામાં રત રહે છે. અઢાર હજાર શિલાંગના અંગને ધારણ કરનાર અચલપણે ચારિત્રા-ચારને પાળનારા એવાં જયણાવંત મુનિ જે નવવિધ બ્રહ્મચર્યની ગુપ્તિને પાળે છે. બાર પ્રકારનાં તપને તપે છે. એવાં મહામુનિનાં પૂન્યવંતા દર્શન પણ પણ મહા-

પૂન્યના યોગે પ્રાપ્ત થાય છે. તેથી મહોપાધ્યાયજી કહે છે કે.

"સોનાં તણી પરે પરીક્ષા દીસે, દિન દિન ચઢતે વાને !"
"સંયમ ખપ કરતાં મુનિ નમિએ, દેશ કાળ અનુમાને રે !"
ભવિકા સિદ્ધચક્ર....પદવંદો

કરૂણા સાગર મહામુનિ દયાનું પ્રત્યક્ષ જીવતું જાગતું સ્વરૂપ હોય છે. કારણ મુનિઓ સમતા સાગરમાં ઝીલતાં હોય છે સમ્યગ દર્શન-જ્ઞાનની પ્રાપ્તિથી આત્મસ્વરૂપને જણાવવાથી સર્વાત્મામાં સમદૃષ્ટિ રાખવાં વાળા હોય છે. નવતત્ત્વનું સ્વરૂપ જાણવા વિચારવાવાળાં હોવાથી જ મુનિ ભગવંત પ્રકર્ષે પાપભીરૂતાને ધારણ કરતાં હોવાથી જ તેઓ ડગલે ને પગલે જયણાવંત હોય છે તેથી જ શ્રી ધર્મરૂચિ અણુગારે માસક્ષમણને પારણે વિષયુક્ત કડવા તુંબડાનું શાક કીડીઓ પ્રત્યેની દયાથી પ્રેરાઈને પોતાનાં પેટમાં પરઠવ્યો. પોતાનાં પ્રાણત્યાગથી પણ મહામૂલી જયણા દયાધર્મનું પ્રદર્શન તેમણે કરાવ્યું.

અર્ણિકાપુત્ર અણગાર પણ જ્યારે પોતાની ઉત્તરાવસ્થામાં એકવાર નાવમાં બેસીને નદીપાર કરતાં હતાં. ત્યારે પૂર્વભવનાં કોઈ વૈરી દેવે આવીને તેમને ઉપદ્રવ કરીને, તેમના શરીરને લોહીલુહાણ કર્યું. એવાં મહાભયંકર પરિષહનાં પ્રસંગે પણ તે દયાવાન મુનિ પોતાનાં દુઃખ પીડાની ફીકર ન કરતાં વિચારણા એમ જ કરતાં હતાં કે મારાં લોહીનાં જે બિંદુઓ નદીનાં પાણીમાં પડી રહ્યાં છે.

તેથી પાણીનાં જીવોને કિલામણા થતી હશે. તેમને વધ થતો હશે. અરેરે....હું કેવો કમભાગી આવી ઉચ્ચ વિચારણાંના બળે તે મહામુનિ શુકલ ધ્યાન દ્વારા કેવળજ્ઞાનને પામ્યા. તેથી જ કહેવાય છે કે–

"મુનિવર પરમ દયાળ ભવિયાં મુનિવર પરમ દયાળ."

સાધુંપદને કૃષ્ણ (શ્યામ) વર્ણે આરાધવાનાં હેતુઓ.

(૧) આચાર્યપદ રૂપી સુવર્ણની પરીક્ષા સાધુધર્મ-રૂપી કસોટીથી થાય છે. સાધુધર્મની કસોટીમાંથી પસાર થયાં વગર આચાર્યપદ કેમ શોભે? માટે પ્રથમ સાધુધર્મરૂપી કસોટીમાંથી આચાર્ય ભગવંત પસાર થાય જ છે. કસોટીનો પથ્થર શ્યામ હોય છે.

(૨) શત્રુને જીતવા સૈનિકો લોહબખ્તર પહેરે છે. લોઢું કાળું હોય છે. તેમ કર્મશત્રુને જીતવા જતાં મહા-યોદ્ધા પણ જાણે બખ્તરધારી હોય તેમ સાધુપદને શ્યામ પદે આરાધાય છે.

(૩) જે ખૂબ જ શ્રમ કરતો હોય છે તે શ્યામ પડી જાય છે. સાધુમહાત્મા પણ સેવા–ક્રિયા–જ્ઞાન–ધ્યાન સતત પરિશ્રમમાં અપ્રમત્ત–જાગૃત રહેતાં હોવાથી શ્યામપદે આરાધાય છે.

(૪) સાધકે સાધનામાં એવાં તલ્લીન–તન્મય બની જવું પડે છે, કે તેને બાહ્ય ટાપ–ટીપ આડંબર કે દેખાવનો અવસર પણ મળતો નથી. આવાં સાધક સાધુઓ બાહ્ય

શારીરિક મલિનતા પ્રતિ દુર્ગંછા કે જુગુપ્સા રાખતાં નથી. તે સૂચવવા સાધુપદ શ્યામવર્ણે આરાધાય છે.

અરિહંતના ધ્યાન દ્વારા કર્ણેન્દ્રિય ઉપર વિજય મેળવી શકાય છે. કારણ અરિહંત પ્રરૂપિત વાણીનાં જિન-વાણીનાં શ્રવણથી કાન પવિત્ર થવાથી કર્ણેન્દ્રિય ઉપર વિજય મેળવી શકાય છે.

સિદ્ધનાં ધ્યાન દ્વારા ચક્ષુરિન્દ્રિય ઉપર વિજય મેળવી શકાય છે. કારણ........આત્માનાં સ્વાભાવિક રૂપથી ચઢિયાતું બીજું કોઈ રૂપ નથી.

આચાર્યનાં ધ્યાન દ્વારા ઘ્રાણેન્દ્રિય ઉપર વિજય મેળવી શકાય છે. કારણ....આચાર્ય ભગવંત શીલરૂપી સુવાસથી યુક્ત છે.

ઉપાધ્યાયનાં ધ્યાન દ્વારા–રસનેન્દ્રિય ઉપર વિજય મેળવી શકાય છે, કારણ ઉપાધ્યાય પોતે તપ અને સ્વાધ્યાયમાં રત રહેતાં હોવાથી;

સાધુનાં ધ્યાન દ્વારા સ્પર્શનેન્દ્રિય ઉપર વિજય મેળવી શકાય છે કારણ સાધુ બ્રહ્મચર્યનાં પાલનમાં રત છે માટે.

"અરિહંત પરમાત્માનું ધ્યાન નિર્મોહી બનાવે છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| સિદ્ધ | ,, | ,, | અરૂપી | ,, | ,, |
| આચાર્ય ભગવાનનું | | ,, | સરળ | ,, | ,, |
| ઉપાધ્યાય | ,, | ,, | નમ્ર | ,, | ,, |
| સાધું | ભગવંતનું | ,, | ક્ષમાશીલ | ,, | ,, |

અરિહંતો માર્ગ બતાવે છે. સિદ્ધો મુકામ બતાવે આચાર્યો માર્ગે ચાલવાનું બતાવે. ઉપાધ્યાયો માર્ગનું જ્ઞાન આપે. સાધુ ભ. માર્ગે ચાલવામાં સાથ આપે છે. આવાં આ પરમોચ્ચ પરમેષ્ઠિઓનું ધ્યાન, પાંચે ઇન્દ્રિયોને પ્રશસ્તભાવે ભાવિને કરવાથી આત્માનું પોતાનું અલૌકિક દિવ્ય સ્વરૂપ પ્રગટ થાય છે.

---

# 卐 દર્શન પદ 卐

દર્શન પદ :-

શ્રી દેવ તત્ત્વ પ્રથમ બે પદમાં આપણે વિચારી ગયા. ગુરૂ તત્ત્વ ત્યારપછીના ત્રણ પદમાં આવી ગયું હવે શ્રી ધર્મતત્વ આવે છે. ધર્મતત્ત્વના ચાર પદ છે. તેમાં પહેલું દર્શન છે. દર્શન તત્વને સમજાવતા આચાર્ય ભગવાન રત્ન શેખરસુરીશ્વરજી ફરમાવે છે :—

सच्वन्नुपणीयागमपयडियतत्तत्थसद्दहणरुवं ।
दंसणरयणपईवं, निच्चं धारेह मणभवणे ॥

હે ભવ્ય આત્માઓ, દર્શનરૂપી પ્રદીપને સદાને માટે તમારા મનોમંદિરમાં ધારણ કરો, અગર તો તેની જ્યોત તમારા હ્રદયમાં પ્રગટ કરો. આ દીપક વળી કેવો છે? ઝળહળતા દીપકો તો તમે ઘણા જોયા હશે. તેથી તે જાણવા ઉત્સુકતા ન થાય, પરંતુ આ તો જુદા પ્રકારનો દીપક છે. તે જાણવા ઉત્કંઠા થાય ને ? આ કાળમાં બહારના દિપકો બહુ વધ્યા છે. પરંતુ બહાર જેટલું અજવાળું વધ્યું છે. તેટલુંજ અંદર અંધારું વધ્યું છે. આજ કાલ તો સર્ચલાઈટ ભારે જોરદાર હોય છે. તેના પ્રકાશથી રાત્રી દિવસ જેવી લાગે છે. આવા પ્રકાશ જગતમાં વધ્યા છે. પરંતુ અંતરના અંધકાર ઘટયા નહિ. દર્શનરૂપી દીપકજ અંતરના અંધકારને દૂર કરી શકશે. માટે એ દીવડો

જાણવાની અને સમજવાની બહુ જરૂર છે. સર્વજ્ઞ ભગવાને કહેલા આગમ દ્વારા પ્રગટ થયેલ તત્ત્વાર્થનું યથાર્થ શ્રદ્ધાન તે સમ્યકત્વરૂપી પ્રદીપ છે. સર્વજ્ઞ ભગવાને જે આગમો પ્રરૂપેલા છે તે આગમોમાં જે તત્ત્વો પ્રગટ કરવામાં આવ્યા છે તે તત્ત્વો ઉપર યથાર્થ શ્રદ્ધા તે સમ્યકદર્શન પૂ. ઉમાસ્વાતી મહારાજે તત્ત્વાર્થ સૂત્રમાં એજ વ્યાખ્યા કરી છે. તત્ત્વાર્થમાં યથાર્થ શ્રદ્ધાન તે સમ્યકદર્શન. તત્ત્વાર્થમાં વિપરીત શ્રદ્ધાન તે મિથ્યાદર્શન. નવે પદનું મૂળ આ દર્શન છે. ચારિત્રથી ભ્રષ્ટ થયેલો આત્મા એટલો ભ્રષ્ટ નથી જેટલો સમ્યક દર્શનથી ભ્રષ્ટ આત્મા ભ્રષ્ટ છે. ચારિત્રથી ભ્રષ્ટ થયેલ આત્મા કયારેક મોક્ષને પામે. પણ દર્શનથી ભ્રષ્ટ થયેલ આત્મા અનંતકાળે માંડ ઠેકાણે પડે. દર્શન પામીને પડયા છે તે તો ફરી દર્શન વહેલા મોડા પામે. પરંતુ દર્શનરહિત આત્મા મોક્ષ પામી ન શકે. શ્રદ્ધાન આટલું મહત્ત્વનું છે. છતાં સારા કહેવાતા આત્માઓ પણ શ્રદ્ધાનમાં અસ્થિર હોય છે. એટલામાં તો રત્નશેખરસુરિશ્વરજીએ ઘણું કહી દીધું છે.

યથા પ્રવૃતિકરણ પછી કર્મ શત્રુ સાણસામાં લઈ શકાય તેવા છે :–

સમ્યક પ્રકારે વસ્તુના દર્શન થવા તે સમ્યક દર્શન. તે કયારે થાય ? જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને વેદનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીસ ક્રોડા ક્રોડી સાગરોપમની છે. મોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિ સીત્તેર ક્રોડા ક્રોડી સાગરોપમની

છે. નામ તથા ગોત્રની વીશ ક્રોડા ક્રોડી સાગરોપમની છે, અને અંતરાય કર્મની ઉત્કૃષ્ઠ સ્થિતિ ત્રીસ ક્રોડા ક્રોડી સાગરોપમની છે. આયુષ્ય સિવાયના ઉપર કહ્યા તે સાતે કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ તૂટી ગઈ હોય, નદી ગોળ પાષાણ ન્યાયે કુદરતી રીતે ભોગવતાં ભોગવતાં એ કર્મોની સ્થિતિ અંતઃ ક્રોડા ક્રોડી જેટલી જ્યારે યથાપ્રવૃત્તિકરણ વડે થાય છે. ત્યારે આત્મા કર્મના બોજા નીચે જે બહુ દબાઇ ગયો હતો તે બોજો હલકો થતાં થોડો હળવો થાય છે. આ બધું કુદરતી રીતે બને છે' તેમાં આત્માનો પુરુષાર્થ નથી. અહિં સુધી તો અભવી પણ આવે છે, ખરા વેરી તો હવે પછી આવવાના છે. જેને જોઈને ભલાભલા પણ ભાગે તેવા એ ક્રૂર વેરીઓ છે. આત્મા અનંતીવાર યથાપ્રવૃત્તિકરણ સુધી તો આવ્યો. અનંતીવાર કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ તોડી. કારણ તેમાં જોર નથી કરવું પડતું. અંતઃ ક્રોડા ક્રોડી સ્થિતિ જે બાકી રહે છે તેને ઓછી કરવામાં, તોડવામાં જ પુરુષાર્થ કરવો પડે છે. શત્રુ હવે લાગમાં આવ્યો છે. હવે હણવાનો પુરુષાર્થ સલામતિથી થઇ શકે તેમ છે. દુનિયામાં તમે તમારા કહેવતા શત્રુને હેઠા પાડવા લાગ જોતા હો છો ને? પરંતુ એ શત્રૂઓ તમારા લાગમાં આવે અને તેને તમે પાડી દો તેમાં તમારા ભાગમાં શું આવે? ભાગમાં તો જેના વિપાક ભગવંતે દારૂણ કહ્યા છે તેવા વેરઝેર આવે. તમને કોઇ પાડે તો તેથી પૂર્વકર્મનો બદલો લેતા હશો, અગર તમે કોઈને પાડો તો તમે પૂર્વ કર્મનો બદલો લેતા હશો, અગર ભવિષ્યમાં તે બદલો લેશે. તેમાં તો વેરઝેરની

પરંપરા ચાલે છે. ગીતામાં વ્યાસજી કહે છે : "સર્વ ઠેકાણે વેરવિરોધ વિનાનો હોય તે ભક્ત." આપણે પણ કહીએ છીએ, "મિત્તી મે સવ્વ-ભૂએસુ, વેરં મજ્ઝ ન કેણઈ" મારે સૌ સાથે મૈત્રી છે; કોઈ સાથે વેર નથી.

કર્મ શત્રુને સાણસામાં લો :-

દુનિયાના શત્રુને લાગમાં લેવા માટે તો ઘણો પુરૂષાર્થ કરો છો. અનંતકાળથી કર્મ બગાડતા આવ્યા છે તેને લાગમાં લેવા જેવા છે. કર્મોને કયારે લાગમાં લઉં એવો વિચાર રહે છે ખરો ? પરંતુ કર્મોએ તમારૂં અનંતકાળથી બગાડયું છે એમ તમોને લાગ્યું નથી. યથાપ્રવૃત્તિકરણ થતાં એવી સ્થિતિ થાય છે કે કર્મરૂપી વેરી જરા ઢીલો પડયો છે. હવે તેને સાણસામાં લેવો હોય તો લઇ શકાય. ઝેર તો હજુ તેનામાં ખૂબ છે, અને તે પણ હળાહળ ઝેર. પરંતુ અત્યારે કર્મરૂપી સર્પ એવી રીતે પડયો છે કે તેને સાણસામાં લઇ શકાય. સર્પ જયારે સામે આવી ફૂંફાડા મારતો હોય ત્યારે સાણસામાં લેવો કઠીન હોય છે. તે વખતે સાણસામાં લેવા જઈએ તો ડંસ પણ મારી દે. આપણું મૃત્યુ પણ થાય અને ઠાઠડી પણ બંધાય જાય. પરંતુ અત્યારે કર્મરૂપી સાપ સામે ફુંફાડો નથી મારતો. સાણસામાં લઈ શકાય તેવી સ્થિતિમાં છે. હવે સામર્થ્ય ફોરવો તો કર્મના ભુક્કા કાઢી નાખી શકશો. યથાપ્રવૃત્તિ-કરણ એવી સરસ સ્થિતિ છે કે તેનો યોગ્ય ઉપયોગ કરી પુરુષાર્થ થાય તો મહાકલ્યાણ થાય. કર્મ એની મેળે

મરવાના નથી. નિર્જરા કરો અને ખપાવો તેમાં પુરૂષાર્થ જોઈશે. કર્મને જડ કહેવાથી તે ઉખડી જવાની નથી. જડ જડ કહેવાથી તેની જડ નીકળવાની નથી. "કર્મ શું કરે છે?" એ તો કંઈ સવાલ છે? તમે એના ભુક્કા ન કાઢો તો એ તમારા ભુક્કા કાઢી નાખે. પુણ્યોદય હોય અને શાતાકાળ હોય તો અસર ન દેખાય. કેન્સરથી રીબાતા દરદીને પુછજો, "કર્મ શું કરે?" અશાતાનો કાળ હોય ત્યારે કર્મની કેવી અસર છે તે ખબર પડે.

યથાર્થ યથાપ્રવૃત્તિકરણ:-

સીત્તોર કોટા કોટીમાંથી ઓગણસીત્તોર જેમ કુદરતી રીતે વગર પુરુષાર્થે ખપે તેમ બાકીના ન ખપે. બાકીના ખપાવવા માટે તો ઉગ્ર પુરુષાર્થ કરવો પડે, ઉગ્ર ઉપસર્ગો સહવા પડે. ઘોર તપ તપવા પડે. અંત : કોટાકોટિ તોડવા તો ભારે વ્યૂહરચના કરવી પડે. વાતો કરવાથી કર્મો ખપી જતા નથી. યથાપ્રવૃત્તિકરણ આવ્યું એટલે કર્મો સાણસામાં લઈ શકાય તે રીતે ગોઠવાયેલા છે. યોગ્ય પુરુષાર્થ કરો તો તેને ગળચીથી પકડી શકાય તેમ છે. આત્માનો ભાર ઓછો થયો છે એટલે શુભ અધ્યવસાય આવે અને સત્સંગ, કરે, સદ્‌ગુરૂની વાણી સાંભળે, અને અંતર આત્માની નિર્મળતા થાય ત્યારે યથાર્થ યથા પ્રવૃત્તિકરણ થયું કહેવાય. તેમ પૂ. આચાર્ય હરિભદ્રસુરિ યોગદ્રષ્ટિમાં કહે છે.

રાગદ્વેષની ગ્રંથી અપૂર્વ કરણથી તુટે છે :-

આ રીતે અંતરાત્માની એટલી નિર્મળતા પામેલો જીવ અંતરની નિર્મળતામાં આગળ વધે છે અને પોતાના શુભ ભાવથી દારૂણ એવી ગ્રંથીને તોડીને કોઈ વિરલ આત્મા દર્શન પામે છે. કયારેક કોઈ આત્મા અતિ દારૂણ એવી કર્મ ગ્રંથીનો ભેદ કરીને દર્શન પામે છે. મોહનીય કર્મની ગ્રંથી એટલે રાગદ્વેષની ગાંઠ તોડીને દર્શન પામે છે. કોઈક જ જીવ પામે છે તે અનંત જીવો છે તેની અપેક્ષાએ કહ્યું છે. ઘણા જીવો ભૂતકાળમાં પામ્યા છે. ઘણા પામી રહ્યા છે, અને ભવિષ્ય કાળમાં પણ અનંતા પામશે. જીવ રાશી એટલી મોટી છે કે તે અપેક્ષાએ દારૂણ ગ્રંથી તોડીને શુભ ભાવ વડે દર્શન પામનારા જીવો વિરલા છે તેમ કહ્યું છે.

ગ્રંથીભેદ થતાં સમકિત આવે છે :-

રાગદ્વેષની આ ગાંઠ વજ્ર કરતાં પણ કઠણ છે. તેને ભેદવા માટેનું હથિયાર છે અપૂર્વકરણ, એટલે કે અપૂર્વ પરિણામ. અપૂર્વ વીર્યોલ્લાસ વડે કરીને, ભૂતકાળમાં જેવા પરિણામ કદી આવ્યા નથી તેવા અપૂર્વ ભાવથી અપૂર્વ-કરણરૂપી તીવ્ર એવા કુહાડા વડે રાગદ્વેષરૂપી વજ્ર કરતાં પણ કઠણ ગાંઠ ભેદી નાખતા દર્શન પ્રાપ્ત થાય છે. આ અપૂર્વકરણ રૂપી હથિયાર આપણા હાથમાં કોઇ ન આપી શકે. તેમાં નિમિત જરૂર કોઇ થઇ શકે આપણે એકાંતે નિમિત્તમાં માનતા નથી. તદ્દન નિમિત્ત વાસીઓ તો પુરૂ-

ષાર્થ હીન થાય. પરાવલંબીપણું છોડાવવા માટે ઉત્પાદન ઉપર પણ ભાર મુકવો જરૂરી છે. અપૂર્વકરણનું હથિયાર કોઇ પોતાના હાથમાંથી તમારા હાથમાં મુકી શકે નહી. એ રીતના પરિણામો આત્મામાં પુરૂષાર્થથી જગાડવા જોઇએ તે પછળ વર્ષોની સાધના જોઇએ, તોજ અપૂર્વકરણના પરિણામ જાગે છે.

દર્શન પ્રાપ્ત થતાં સ્વરૂપ બદલી જાય છે :-

અપૂર્વકરણ વડે ગ્રંથી ભેદ થયા પછી, દર્શન થયા બાદ આત્માનું સ્વરૂપ બદલાઈ જાય છે. વસ્તુ સ્વરૂપનું યથાર્થ દર્શન થાય છે એટલે અંતરની પરિણતી બદલી જાય છે એમ શાસ્ત્રવાર્ત્તાસમુચ્ચય ગ્રંથમાં આચાર્ય ભગવાન હરિભદ્રસુરિ કહે છે. મહાપુરુષો જે કહી ગયા છે તે અમે અમારા ક્ષયોપશમ પ્રમાણે સહેલુ કરી તમારી પાસે રજુ કરીએ છીએ. તેમના ભાવ પૂર્ણ રીતે પ્રગટ કરવાની અમારી તાકાત નથી. તેઓ શ્રી ફરમાવે છે :

सति चास्मिन्नसौ धन्य:, सम्यग्दर्शनसंयुतः ।

ધન્ય છે તે મહાપુરુષોને જેમણે ગ્રંથી ભેદ કરી સમ્યકદર્શન પ્રાપ્ત કર્યું છે. ક્ષત્રિયનો દીકરો લડવા ગયો હોય અને દુશ્મનને મહાત કરી પાછો આવે ત્યારે પિતા તેનો વાંસો થાબડે છે ને કહે છે, "વાહ ભાઈ વાહ, ભારે કામ કર્યું." દીકરો ભલેને કાળા ધોળા કરીને સારી રીતે કમાઈને આવે છે ત્યારે તો તમે પણ વાંસો થાબડો છો

ને ? પરંતુ એ સાચી કમાણી નથી. તેમાં વાંસો થાબડવા જેવું નથી. પૂ. હરિભદ્રસૂરિ ગ્રંથીને મહાત કરી દર્શન પામનારને ધન્યવાદ આપે છે.

**દર્શન પામેલો જીવ ભવસાગરમાં રમતો નથી :**

તે દર્શન પ્રાપ્ત થવાનું લક્ષણ શું છે? લક્ષણ ખરેખર જાણવા જેવું છે. નહિતર તો સૌ દર્શન પામ્યાનો દાવો કરે તેમ છે.

**तत्व श्रद्धान पूतात्मा, रमते न भवोदधौ ॥**

તત્વ શ્રદ્ધાન વડે કરીને પવિત્ર થયેલો આત્મા ભવ સાગરમાં રમતો નથી. તેમાંથી તેનું દીલ ઉઠી જાય છે. હું તો કહું છું–દર્શનથી આ કાળે પણ મોક્ષ છે. ચોંકતા નહિં હો! ઉત્સુત્ર નથી કહેતો. સમ્યકદર્શન પામનાર મિથ્યાત્વથી છૂટે છે. માટે કહું છું કે દર્શનથી મિથ્યાત્વથી મુક્તિ થાય છે. જેને સમ્યકદર્શન થયું તેનામાં મોક્ષનું બીજ પડી ગયુ. એમાંથી વૃક્ષ રૂપે મોક્ષ પ્રગટશે. આ કાળમાં સોળ આની મોક્ષ નથી. પણ મોક્ષની ભૂમિકા તો તૈયાર થઈ શકે છે. જેટલા બંધન છુટે તેટલો મોક્ષ, મિથ્યાત્વ જાય અને સમકિત આવે તે આ કાળનો મોટો મોક્ષ છે. સમ્યકદર્શનથી મોક્ષનો પાયો પડી ગયો. તેના ઉપર વહેલી મોડી મોક્ષરૂપી ઈમારત જરૂર ચણાશે. પૌદ્ગલિક મકાનના ખાતમુહુર્તમાં અમારૂં સ્થાન ન હોય. અમે આવીએ નહિં. પરં મોક્ષ માટેના સમકિતરૂપી પાયાનાં

ખાત મુહુર્તમાં અમને બોલાવી શકો છો. જેણે મિથ્યાત્વ રૂપી ઝેર વમી દીધુ છે તેને પછી ભવાંતરમાં રખડવાનું ન હોય. તે તો લલકારતો હોય "અબ હમ અમર ભયે ન મરેંગે; યા કારણ મિથ્યાત દીયો તજ, કયુંકર દેહ ધરેંગે ?"

સમકિતિનું ચિત્ત મોક્ષમાં હોય :-

સંસારરૂપી વૃક્ષનું મુળ મિથ્યાત્વ છે. સમક્તિ એ મોક્ષનો પાયો છે. સમક્તિ પ્રાપ્ત થયું ન હોય અને માનો કે મળી ગયું તો તે દંભ છે. જેને સમક્તિ પ્રાપ્ત થયું છે તે સંસારથી ઉદાસીન થઈ જાય છે. કારણ તેને સંસારનું યથાર્થ સ્વરૂપ દેખાઈ ગયું છે અને સમજાઈ પણ ગયું છે. યોગબિંદુમાં પૂ. આચાર્યશ્રી હરિભદ્રસુરીજી કહે છે :-

भिन्नग्रन्थेस्तु यत्प्रायो मोक्षे चित्तं भवे तनुः ।

ભિન્નગ્રંથી આત્માનું ચિત્ત પ્રાયઃ મોક્ષમાંજ હોય છે. તેનુ શરીર માત્ર સંસારમાં છે. તે શરીરથી સંસારમાં છે. મન કે હૃદયથી નહિં. તે વિષય અને સંસારમાં હોય તો તો શરીરથી. વિષય અને સંસારમાં તેનું આકર્ષણ મનથી હોતું નથી. તે ઉદાસીન હોય છે. તેને વિષય કે સંસારની આશા કે ઈચ્છા રહેતી નથી "મારો આત્મા કયારે મુક્ત હોય ? જન્મ મરણથી મારો કયારે છુટકારો થશે ? કયારે મારો ઉદ્ધાર થશે ?" એજ તેની સતત ભાવના હોય.

શરીરથી પણ તે અનિચ્છાએ સંસારમાં રહે છે.

સમ્યક્‌દર્શન વગર ઉદ્ધાર નથી :

પરંતુ આપણી વિષય વાસના ગઈ નથી. તે ભોગવવા જેવી લાગે છે. તેથી અરિહંત જેવાનો પણ યોગ મળ્યો, એમના સમોસરણમાં પણ ભુતકાળમાં અનેકવાર ગયા પણ દર્શન આવ્યું નહિં. કારણ વિભાવ ઘટયો નથી. તેથીજ મહાપુરૂષના યોગ ફળ્યા નથી. સંસાર કરવા જેવો નથી. વિષય વાસના ભોગવવા જેવી નથી. એ શ્રદ્ધા વગર અત્યારે પણ અરિહંત ભગવંતની આજ્ઞામાં વિચરત મહા-પુરૂષો આપણો ઉદ્ધાર ન કરી શકે. ભાવિમાં પણ પદ્મનાભ આદિ તીર્થંકરો પણ તત્વાર્થ શ્રદ્ધાન્ વગરના જીવોનો ઉદ્ધાર નહી કરી શકે. ઉપાદાન અને નિમિત્તની બન્નેની જરૂર છે. એક વસ્તુને ઉત્થાપીને બીજીની સ્થાપના ન થાય. નયને પ્રધાન ગૌણ કરી શકાય. જ્ઞાનીની વાણી કોઈ પણ નયને દુભવે નહિં. મહાપુરૂષનું જ્ઞાન સાપેક્ષ હોય છે. જેને સમકિત દર્શન થયું છે તે જીવનો અભિપ્રાય બદલી જાય છે. તેને વિષયમાં સુખ દેખાતું નથી. પોતાના આત્માના જ્ઞાનાનંદ સ્વરૂપમાં તે સુખ જુએ છે. જીવનો એવો પલટો થઈ જાય છે કે તેનું ચિત્ત મોક્ષમાં હોય છે. આવો આત્મા ભવોદધિમાં રમતો નથી. કર્મ સંયોગે રહે પણ રમે નહિં. આ વચન સદા સામે રાખવા જેવું છે. તત્વ શ્રદ્ધાનથી પવિત્ર થયેલો આત્મા સંસારમાં રમતો નથી; પણ આત્મામાં રમે છે. વૈરાગ્યની મોટી મોટી વાત કરે છે.

અને સારા વસ્ત્રવાળી સુંદર સ્ત્રીને જોઈને પહોળો થાય તે સમકિતિ નથી. સમકિતિની સંસારમાં રમણતા હોય નહીં તેને સંસાર અને સંસારના સુખ પ્રત્યે ઉદાસીનતા હોય છે. સંસારની કોઈ પણ વસ્તુમાં જીવ લીન બનતા નથી.

**આજકાલ જીવોની દશા કેવી છે ?**

લીન ભયો વ્યવહારમેં રે યુગતિ ઉપજે ન કોય
દીન ભયો પ્રભુપદ જપે રે મુગતિ કહાંસે હોય.

આજકાલના જીવો વ્યવહારમાં ભારે લીન હોય છે. તે વખતે બીજો કોઈ વિકલ્પ તેમને હોતો નથી. ભારે એકાગ્ર થઈ વ્યવહાર કરે છે પરંતુ ભજન કરતી વખતે ભારે દીન દેખાય છે. જુઓ તો માંદો દેખાય; જાણે છ મહિનાના ખાટલામાંથી ન ઉઠયો હોય, વ્યવહારમાં હોય ત્યારે લીન, ટટ્ટાર અને તદાકાર હોય છે, પરંતુ ભજનના સમયે જીવ ઢેઢવાડે જાય અને મન બજારમાં રખડવા જાય આ ભજનની રીત ન કહેવાય. વ્યવહારમાં લીન અને ભજનમાં દીન એવા જીવોમાં મિથ્યાત્વનું ઝેર એવું રહ્યું છે તેમ સમજી લેજો.

**સમકિત વ્યવહારમાં દીન, મોક્ષમાં લીન હોય છે :-**

સમકિત આત્મા તો વ્યવહારમાં દીન હોય અને મોક્ષમાં લીન રહે. સંસાર સેવવા જેવો છે તેમ માનીને તે કદી સંસાર સેવે નહિં. કર્મોદયથી સેવવો પડે તો સેવે તે

પણ અનિચ્છાએ અને ઉદાસીનપણે.

સમકિતિએ સંસારની અસારતા જોઈ છે :-

સમકિતિ જીવ સંસારમાં કેમ રમતો નથી? તેને શું થઇ ગયું છે? પોતાના બુદ્ધિરૂપી ચક્ષુ વડે, જ્ઞાનરૂપી ચક્ષુ વડે અગર તો નિર્મળ એવા અંતર ચક્ષુથી શાસ્ત્રાનુસારે સંસારને પરમાર્થથી તેના ખરા સ્વરૂપમાં તે જોતો હોય છે. અને એ સ્વરૂપ તે વિચારતો હોય છે. આપણે સંસારને ખરા સ્વરૂપમાં જોઈ શકતા નથી. જેમ દ્રષ્ટિમાંથી કમળો જતાં વસ્તુને યથાર્થરીતે આપણે જોઈ શકીએ છીએ તેમ દ્રષ્ટિ રોગ જતાં, મિથ્યાત્વરૂપી રોગ દુર થતાં સમકિત સંસારને ખરા સ્વરૂપમાં જુએ છે. જેને તિમિર રોગ હોય તેને એકને બદલે બે ચંદ્ર દેખાય છે. તેમ જેને મિથ્યાત્વરૂપી રોગ હોય તેને પર વસ્તુ પોતાની લાગે છે. સમક્તિ થતાં સંસારનું યથાર્થ દર્શન થાય છે. સંસાર અને સંસારની સર્વ વસ્તુઓ તેને પર સમજાય છે. સંસાર તેને કેવો દેખાય છે?

जन्ममृत्युजराव्याधिरोगशोकाद्युपद्रुतः ।
क्लेशाय केवलं पुंसामहो भीमो भवोदधिः ॥

સમકિતને સંસાર કલેશરૂપ દેખાય છે :-

અરે, રે, ભયંકર એવો સંસારરૂપી સાગર તેમાં પરિભ્રમણ કરતા જીવોના કેવળ કલેષ માટેજ છે. જન્મ, મૃત્યુ, જરા, આધિ વ્યાધિ, ઉપાધિ, રોગ, શોક, વિયોગ સંયોગરૂપી ઉપદ્રવોથી ભરેલો સંસાર કેવળ કલેશમય છે.

તમારા ઘરમાં થોડો પણ ઉપદ્રવ હોય તો ઘર છોડો છો. ઘરમાં પ્લેગના ઉંદર પડતા હોય તો જલદી ઘર ખાલી કરો છો. સર્પ અગર ભુતનો ઉપદ્રવ હોય તો પણ ઘર ખાલી કરો છો. સંસારમાં તો અનેક ઉપદ્રવો છે છતાં કેમ છોડતા નથી? તમને સંસાર છોડવા જેવો લાગ્યો નથી. સંસારમાં આટલા ઉપદ્રવો છે છતા તે તમને દેખાતા નથી. તમારો દ્રષ્ટિ રોગ હજી ગયો નથી.

**મોક્ષ એજ શાંતિનું ધામ છે :-**

સમકિતિ આત્મા તીવ્ર વૈરાગ્યથી સંસારનું દર્શન કરતો હોય છે. સંસાર કલેશથી ભરેલો તે જુએ છે. સુખ માટે તો મોક્ષજ પરમ વસ્તુ છે. ત્યાં બધા કલેશોથી મુક્તિ છે. ત્યાં આગળ ગયા પછી કશું કરવાનું રહેતું નથી જીવ મોક્ષ પામી કૃતકૃત્ય થાય છે. ત્યાં કશી ઉત્સુકતા નથી. કશું મેળવવાનુ કે ભોગવવાનું બાકી રહ્યું તેમ લાગતું નથી. ત્યાં આત્માનું અવ્યાબાધ સુખ છે. મોક્ષ એજ શાંતિનું ધામ છે, એમ સમકિતિ આત્મા હૃદયપૂર્વક માને છે.

**સમકિત વિરતી ખેંચી લાવે છે :-**

સમકિતિ આત્માને સદગુરૂનો યોગ થયોજ હોય છે. તે જીવ સદ્‌ગુરૂના સમાગમે અહિંસાદિ મોક્ષ માર્ગ સમજી તેમાં તીવ્ર પુરૂષાર્થ કરે છે. સમક્તિ આવે ત્યારે સાથે વિરતિ ખેંચીજ લાવે છે. સમક્તિ વાંઝીયું ન રહે. સમકિતિ આત્માને વિરતિ આવેજ. કોઈક શ્રેણીક જેવાને

ભારે નિકાચીત બંધ હોય તો વિરતિઉદયમાં ન આવે. તાણા શુદ્ધ હોય અને વાણા મલિન હોય તો તે ન ચાલે તેમ સમક્તિ આવે અને વિરતિ ન આવે તેવું પ્રાયઃ બને નહિ. વ્રત આદિની જરૂર છે જ. શુદ્ધ ઉપયોગની અપેક્ષાએ ભલે તે ઉતરતો છે છતાં શુભ ભાવ પણ ઉપયોગી છે જ. સમકિતિ અહિંસાદી મોક્ષ માર્ગે પુરૂષાર્થ કરે છે. હિંસાદી માર્ગો છોડી દે છે. તેમાં ઉપસર્ગો કે કષ્ટો આવે તે તેને કષ્ટો લાગતા નથી. જેમ ચિંતામણી રત્ન મેળવવામાં પડતા કષ્ટો કષ્ટો લાગતા નથી. કારણ તે કષ્ટોને અંતે મોક્ષરૂપી મહાન લાભ છે. તેથી તેમાં આવતા કષ્ટો કષ્ટો લાગતા નથી. આ રીતે સમકિતિ જીવ ઉગ્ર પુરૂષાર્થ કરતો કરતો, પવિત્ર બનીને. પંચમહાવ્રતાદિ આદરીને, શુદ્ધ ભાવની શુદ્ધિ કરતો આઠમે ગુણસ્થાને પહોંચી ક્ષપકશ્રેણી માંડી તેરમે ગુણસ્થાને પહોંચી કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત કરે છે. ત્યાં અઘાતી કર્મનો ક્ષય કરી મોક્ષે જાય છે.

**સમકિત મોક્ષનો પાયો છે :-**

સમક્તિનું બીજ પડી જાય તો વહેલો મોડો મોક્ષ અવશ્ય થાયજ. યથાર્થ દર્શન થવું જોઈએ. મોક્ષનો પાયો દર્શન છે. દર્શન પદની આરાધના કરી, યથાર્થ દર્શન પામી સંસારથી નિવૃત્તિ પામી મોક્ષ પામો તેવી ભાવના.

"દર્શનપદ"

"અલમોહે દર્શન દીજીએ, ચેતન ! અબમોહે દર્શન દિજીએ."

જગતમાં રહેલાં સંતો–મહંતો, ઋષિઓ–મુનિઓ ભક્તો, કવિઓ સર્વે પરમાત્માને પ્રાર્થના કરતાં તો ઘણીવાર દેખાય છે. સંભળાય છે. બધાંને પરમાત્મદર્શનની પ્યાસ તો હોય જ છે. પરંતુ આ મહાત્મા શ્રી ઉપાધ્યાયજી મહારાજ...પોતાનાં આત્માને વિનવી રહ્યા છે કે–

"હે ચેતન? અબ મોહે દર્શન દિજીએ કારણ....
"તુમ દર્શને શિવસુખ પામી જે તુમ દર્શને ભવ છીજે."

જ્યાં સુધી આત્માની ઓળખાણ જ નથી. આત્મતત્ત્વ છે કે નહીં, છે તો કેવું? તેનું સ્વરૂપ–વિરૂપ શું છે? તેની જ જાણ જે આત્માને નથી. જેને કયાં જવું તે મંજિલ સ્થાનની ખબર નથી. તે માર્ગે ચાલશે તો પણ શું? તેવી જ રીતે મોહનિદ્રાથી આવૃત્ત થયેલો આત્મા પુરુષાર્થ કરે તોપણ તે પુરુષાર્થનાં વાસ્તવિક ફળને મેળવી શકે નહીં તેથીજ ન્યાયાચાર્યજી કહે છે કે–

"તુમ કારણ તપ સંજમ કિરીયા, કહો કહાં લોં કીજે ।
તુમ દરિસણ વિણુ સબ યા જુઠી, અંતર ચિત્તના ભીંજે ॥
ચેતન અબ મોહે....

જે આત્માની શુદ્ધ સ્વરૂપની પ્રગતિને માટે, આત્મિક ગુણોનાં પ્રગટીકરણનાં ઉદ્દેશથી જીવ પુરુષાર્થ કરે છે. તપ, જપ, સંયમ કિરીયા કરે છે તે આત્માની જો અનુભૂતિ ન હોય તો તે તપ જપ, સંયમ ક્રિયાઓ પણ રસવિહિન આહારમાં નમક વિનાની, રસકસ વિનાની બને, અને તેવીજ ક્રિયાઓને કારણે આપણો પોતાનો છુટકારો

થયો નથી.

સમકિત....સમ્યગ્દર્શન એ એકડા સ્વરુપ છે. સમ્યક્-દર્શન પછીનાં દરેક નાનાં-મોટાં અનુષ્ઠાનો સફળ હોય છે. કારણ દૃષ્ટિ શુદ્ધ-ચોખ્ખી થવાથી શું કરવું છે? શું મેળવવું છે? કેવી રીતે મેળવવું છે એનો ખ્યાલ આવવાને કારણે મોક્ષમાર્ગમાં કરાતો દરેક પુરુષાર્થ સફળ મોક્ષને નજદિક લાવનારો, કર્મક્ષય કરનારો બને છે. બાકી તો શ્રીપાળનાં રાસમાં આવે છે કે “ જિમ જિમ બહુશ્રુત બહુજન સંમત-બહુલ શિષ્યનો શેઠોરે, તિમતિમ જિન-શાસનનો વૈરી જો નવિ અનુભવ નેઠોરે આજ મારે ત્રિભુવન.” કો-ક પુન્યશાળી આત્મા જ્ઞાનવરણિયનાં ક્ષયોપશમને કારણે બહુશ્રુત સર્વે આગમિક શાસ્ત્રોનો પારગામી અને તેથીજ સમાજમાં સારાં સ્થાન પ્રતિષ્ઠા-માન-સન્માન પામીને બહુજન સંમત બન્યો હોય. ઘણા શિષ્ય પરિવારને ધારણ કરનારો હોય તે પણ આત્મા જો આત્માનુભવ-આત્માનુભૂતિ સમ્યગ્દર્શનથી વિમુખ હોય આત્મિક શ્રદ્ધા. રહિત હોય. તો તે જિનશાસનનો વૈરી છે. કારણ જે વિશાલ જહાજ નાવનો તે નાવિક સૂકાની બન્યો છે. તે નાવમાં તેનાં ભરોસે ઘણાં ભદ્રિક જીવો શિષ્યભાવે શ્રાવક-ભાવે આવીને વસ્યા હોય, પરંતુ નાવિકને જહાજનાં કેપ્ટનને ક્યાં જવું છે તેની જ ખબર ના હોય તો તે કુશળ એવો નાવિક પણ પોતે ભવસાગરમાં ભટકીને પોતાનાં આશ્રિતોને ભટકાવનારો જ બને છે. તેથી જ કહેવાય છે કે....

"સમકિત વિણુ નવ પૂરવી અજ્ઞાની કહેવાય।
સમકિત વિષ સંસારમાં અરહો પરહો અથડાય ॥

સમકિતની ગેરહાજરીવાળો પણ કોક આત્મા જ્ઞાનાવરણિયનાં ક્ષયોપશમે નવપૂર્વ સુધીનું જ્ઞાન મેળવી શકે. પરંતુ જ્યાં સુધી તેને આત્મિક શ્રદ્ધા, સમ્યગ્દર્શન મોક્ષનું લક્ષ આવ્યું નથી ત્યાં સુધી તે મહાજ્ઞાની છતાં અજ્ઞાની કહેવાય છે. અને એવા અજ્ઞાનીને તો સંસારમાં અથડાયા કુટાયા કરવાનું જ હોય. અને તેથી વિરુદ્ધ જે વિંધાયેલા મોતી સ્વરૂપ છે સમકિતી છે તે કેવો છે....

"સમકિતી અડ પવયણુ ધણી, પણ જ્ઞાની કહેવાય;
અર્ધ પુદ્ગલ પરાવર્તમાં, સકલ કર્મમલ જાય."

ફક્ત જેણે ગુરુગમથી અષ્ટ પ્રવચન માતાનું જ જ્ઞાન મેળવ્યું છે એવો પણ ભવ્યાત્મા જ્ઞાનીની પદવીને પામે છે. કારણ જ્ઞાનાંતરાયના ઉદયે વિશેષ જ્ઞાન કદાચ ન હોય પરંતુ મોહનીયના ક્ષયોપશમના બળે જે સમ્યગદર્શનની પ્રાપ્તિ, શ્રદ્ધા ગુણ તેમાં વિકસ્યો તે શ્રદ્ધાના બળે તેઓ અષ્ટ પ્રવચન માતાનો જ ધારક આત્મા પણ જ્ઞાની બનીને વધારેમાં વધારે અર્ધપુદ્ગલ પરાવર્તના કાળમાં નિશ્ચિત સર્વ કર્મોનો ક્ષય કરીને મોક્ષપદને પામે છે.

એવા આ સમ્યગ રત્નના જુદી જુદી અપેક્ષાએ જુદા જુદા પ્રકારો પડે છે.

(૧) ઔપશમિક સમ્યક્ત્વ–મિથ્યાત્વ મોહનીય તથા

અનંતાનુબંધી કષાયનો ઉપશમ થવાથી પ્રાપ્ત થાય છે. તે ભારેલા અગ્નિ સ્વરૂપ હોય છે. અને આવું સમકિત ભવ-ચક્રમાં પાંચ વખત આવી શકે છે. આ સમકિતની સ્થિતિ અંતર્મુહુર્તની હોય છે. અને ચારે ગતિના જીવો આ સમ્યક્ત્વને પામી શકે છે. ગુણસ્થાનકોમાં ચઢતા જે ભવિક ઉપશમ શ્રેણીએ ચઢે છે તેને અગ્યારમાં ઉપશાન્ત મોહ નામના ગુણસ્થાનકે આ સમ્યકત્વ હોય છે.

(૨) ક્ષાયોપશમિક સમ્યકત્વ–મોહનીય અને અનંતાનુ-બંધિની કષાયની ચોકડીમાં જે ઉદયમાં આવે તેનો ક્ષય કરે અને ઉદયમાં ન આવ્યા હોય તેનો ઉપશમ કરે તે ક્ષાયોપશમિક સમ્યકત્વ કહેવાય છે. આ સમકિતની ઉત્કૃષ્ટ સ્થિતિ ૬૬ સાગરોપમની હોય છે. ભવચક્રમાં અસંખ્યવાર આ સમકિત આવે છે.

(૩) ક્ષાયિક સમ્યકત્વ મોહનીય, મિશ્રમોહનીય, મિથ્યાત્વ મોહનીય તથા અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ એ સાતે મોહનીયની પ્રકૃતિઓ (દર્શન સપ્તક)નો સંપૂર્ણ ક્ષય થતાં આ ક્ષાયિક સમ્યકત્વ જે આત્માનો મૂળભૂત ગુણ છે. તે ઝળહળતા સૂર્યની જેમ પ્રગટે છે અને જીવનમાં એકવાર આવ્યા પછી પાછું જતું નથી. આ સમ્યકત્વની સ્થિતિ સાદિ અનંત છે. આ સમ્યકત્વની પ્રાપ્તિ માટે તેની ભાવના ભાવવા માટે મુહપત્તિ પડિલેહ-ણમાં બોલવાનું હોય છે.

"સમકિત મોહનીય, મિશ્ર મોહનીય, મિથ્યાત્વ મોહનીય પરિહરૂ."

શ્રી સમ્યગદર્શન એ ધર્મવૃક્ષના મૂળ સમાન છે, મોક્ષરૂપી નગરના દ્વાર સમાન છે. જ્ઞાન અને ચારિત્રના પાયા સ્વરૂપ છે, સમતાનું ભાજન છે. શ્રાવક વ્રતના જે લગભગ ૧૩૦૦ કરોડ ભાંગાઓ છે તેમાં સમકિત વિનાનો કોઈ ભાંગો આવતો નથી.

સંઘરૂપ પ્રાસાદના પગથીએ સમકિત વિના પગ પણ ન મૂકી શકાય. શાસન આજ લગી ટકી રહ્યું છે; ટકે છે અને ટકશે તે બધાનો આધાર સમ્યગદર્શન પર છે. તેથી જ કહેવાયું છે કે....

"જે વિણુ નાણુ પ્રમાણુ ન હોવે, ચારિત્ર તરુ નવિ ફળીઓ,
સુખ નિર્વાણુ ન જે વિણુ લહીએ, સમકિત દર્શન બળીયો રે."
ભાવિકા૦

સમ્યગદર્શન વિનાનું જ્ઞાન એ અજ્ઞાન કહેવાય છે અને સમ્યગ દર્શન વિના ચારિત્રરૂપી કલ્પતરુ પણ નિર્વાણના મનોવાંછિત ફળને આપી શકતો નથી. શુદ્ધ એવા દેવ ગુરુ-ધર્મ ઉપર શ્રદ્ધા તે સમ્યગ દર્શન છે. નવતત્ત્વનું શ્રદ્ધાન તેજ સમ્યગદર્શન કહેવાય. જડ અને ચેતનનું ભેદ વિજ્ઞાન તેજ સાચું સમ્યગદર્શન.

મૃગજળમાં જળનું દર્શન, સંસારમાં સુખના દર્શન, અસારમાં સારની બુદ્ધિ, અસ્થિરમાં સ્થિરપણાની ભાવના

તે મિથ્યાદર્શન કહેવાય. પરમાં પોતાપણાની બુદ્ધી તે મિથ્યાદર્શન છે.

જેમ એકડાં વિનાનાં મીંડા નકામા, સહી સિક્કા વિનાનાં રૂપિયા નકામા તેમજ સમ્યગદર્શન વિનાનું જ્ઞાન ચારિત્ર તપ નકામું એવા સમ્યગદર્શનરૂપી રત્નપ્રદીપની પ્રાપ્તિ થતાં જીવનો સંસાર જે અપરિમિત હોય તે પરિમિત થઈ જાય છે. આ સમ્યગદર્શન સડસઠ બોલે અલંકર્યું છે. તેનાં પાંચ લક્ષણ શમ–સંવેગ–નિર્વેદ–અનુકંપા અને આસ્તિકય કહેવાય. જગતગુરુ તીર્થંકર પરમાત્માના ભવની ગણત્રી પણ સમ્યગદર્શનની પ્રાપ્તિ પછીજ થાય છે. પોતાના ગાઢમાં ગાઢ અપરાધીનું ચિત્તથી પણ પ્રતિકૂળ ન ચિંતવવું એ સમ્યગદર્શનની પ્રબળ નિશાની સ્વરૂપ શમગુણ કહેવાય છે.

શ્રી જિનવચનમાં શંકા કરવી. અન્ય ધર્મોમાં ઇચ્છા કરવી. સાધુ સાધ્વીનાં મલિન કપડાં વિ. જોઈ દુર્ગંચ્છા કરવી. અન્ય ધર્મોની પ્રશંસા કરવી. કુલિંગીઓનો પરિચય કરવો. તે સર્વે સમ્યકત્વનાં દુષણો કહેલા છે.

સમ્યકત્વનાં બીજાં પણ પ્રકારો છે જેમકે દીપક સમ્યકત્ય. જે અભવિ આત્માઓને હોય છે દીપક જેમ પોતે અંધારામાં રહે. પણ બીજાંને પ્રકાશ આપે છે. જેમ નાવ બીજાંને કિનારે પહોંચાડે, પણ પોતે જે પાણીમાંજ રહે છે. તેમ અભવિ સ્વર્ગ સુખની લાલસાંથી દિક્ષા ગ્રહણ કરે, ચારિત્રનું પાલન પણ ઉત્કૃષ્ટ પણે કરે,

પરંતુ લક્ષ્ય મોક્ષનું શ્રદ્ધાન ન હોવાથી, બીજાં અનેક આત્માઓને પ્રતિબોધ પમાડીને મોક્ષે પહોચાડે, પરંતુ પોતે તો સંસારમાં જ રખડતો રહે છે. માટે જ કહેવાય છે કે અપેક્ષાએ તીર્થંકરોનાપ્રતિબોધેલ જેટલાં મોક્ષે જાય. તેથી વિશેષ અભવિનાં પ્રતિબોધિત આત્માઓ મોક્ષ પામે છે. કારણ અભવિનો સંસાર કાયમી રજીસ્ટર્ડ છે.

(૨) રોચક સમક્ત્વ : મુગ્ધ–પ્રાથમિક કક્ષાનાં જીવમાં ક્રિયા પ્રત્યે રૂચિ હોય. પણ ક્રિયાનાં હાર્દ અને લક્ષબિંદુ. સાધ્યને ન સમજી શકે.

(૩) કારક સમકિત : ક્રિયા અનુષ્ઠાનનાં રહસ્યને સમજી જે આરાધના કરે તે....

(૪) સાસ્વાદન સમ્યક્ત્વ : કોક જીવ ચોથા ગુણ-સ્થાનકથી નીચે. બીજા ગુણસ્થાનકે આવે ત્યારે ઓપશમિક સમ્યક્ત્વનો. આસ્વાદ હોય. માટે સાસ્વાદન સમકિત કહેવાય.

સમકિત એ મોક્ષનું બીજ છે. જયારે મિથ્યાત્વ એ ભવબીજ છે. સમ્યગદર્શનની દૃઢતા–સ્થિરતા એ સુલસા શ્રાવિકામાં હતી.

તેથી જ....''પ્રવાસી ? લઈ જાજે સંદેશ આજ પ્રવાસી....
ચંપાપુરીમાં પ્રભુ વીર પધાર્યાને, રેલાયા તેજમાં અંબાર
અંબડ નામે એક યોગી મળીયો. રાજગૃહી નગરી જનાર
....પ્રવાસી.
રાજગૃહી રાજની સારથી નારી, શ્રાવિકા સુલસા નાર.

ચંપાપુરીથી મહાવીર સ્વામિએ, મોકલ્યો છે ધર્મલાભ–
....પ્રવાસી
અંબડ મનમાં એવું વિચારે, કયાં મહાવીર કયાં નાર.
રાજરાણી નહીં શેઠ શ્રીમંત નહીં, સારથીના કયાં માન
....પ્રવાસી
કરવી કસોટી પહેલી સુલસાની, પછી ધર્મલાભની વાત.
જૈનમુનિનો વેષ પહેરીને, આવ્યો સુલસાને દ્વાર
....પ્રવાસી.
સાધુનાં માંગે એવું એણે માંગ્યુ. સુલસાને શંકા થાય.
સાધુ નથી કોઈ ઠગ છે પાકો, એમ સમજીને ચાલી જાય.
....પ્રવાસી.
ભોંઠો પડયો ત્યાં અંબડ વિચારે, બીજી યુક્તિનો પ્રકાર.
બ્રહ્માનું રૂપ લઈને બેઠો, જગતનો સર્જનહાર
....પ્રવાસી.
દર્શન કાજે લોક મલ્યા સહુ, પણ સુલસા નવિ દેખાય.
કૃષ્ણની લીલા માંડી ફરીથી, એ પણ નિષ્ફળ જાય.
....પ્રવાસી
પચીશમો તીર્થંકર હું છું, ઢંઢેરો એમ પીટાય.
ભોળાં ભદ્રિક લોકો ઉભરાયા, ઘેલાં થઈ હરખાય....પ્રવાસી
અંધશ્રદ્ધાળુ ન હતી સુલસા, પાખંડ સહુ સમજાય.
જૈન શાસનમાં સાચી શ્રદ્ધા, અંબડ જોઈ હરખાય
....પ્રવાસી.
બીજે દિન સુલસા દ્વારે જઈ, કીધાં વીરનાં ધર્મલાભ.
મહાવીર પ્રભુનું નામ સાંભળતા વ્યાપી રહ્યો ઉલ્લાસ....પ્રવાસી

સાચાં ગુરૂની સાચી શિષ્યા,વંદુ વારંવાર
શ્રાવિકા સુલસાની ભક્તિનો, કહેતાં ન આવે પાર
....પ્રવાસી.

વિનય વિજયજી સતિ સુલસાને, વંદે વારંવાર.
સુલસા જેવી શ્રદ્ધા રાખેતો, ઉતારે ભવતાર....પ્રવાસી ”

આ દૃષ્ટાન્ત ખાસ મનનીય છે. કારણ કર્મોદયને કારણે આપણાં ઉપર પણ દુઃખો-સંકટો-પરિષહો ઉપસર્ગો આવે. પરંતુ જિન શાસન ઉપરની, જિનાજ્ઞા પ્રત્યેની, કર્મના ઉપરની શ્રદ્ધા જો આપણે દૃઢપણે જાળવી જાણીએ, તો જ જે ઉત્તમફળને સુલસાપામ્યા, અને પોતાનાં આચરણથી, દૃઢ શ્રદ્ધાથી અંબડ જેવા પરિવ્રાજકને પણ સમ્યકૃત્વમાં દૃઢ બનાવી શકયા. તેમ આપણે બનાવી શકીએ. અંબડ પરિવ્રાજકની બીજી પરીક્ષાઓ તો ઠીક પણ પ્રત્યક્ષ જિનેશ્વર પરમાત્માનું રૂપ વિકુર્વવા છતાં સુલસાડગતી નથી, તેનો એક જ જવાબ જિનેશ્વરો ચોવિશ જ હોય. પચ્ચીસમાં તીર્થંકર હોય જ નહી. એવી શ્રી જિનેશ્વરની જ વાણી છે. અને જો ખુદ પરમાત્મા પધારે તો મને રોમાંચ થયા વિના, આનંદ પરમાનંદ-મારા રૂંવાડા ઉભા થયા વિના રહે નહી.

આવાં દૃઢ સમ્યકત્વની ઉત્તમ શ્રદ્ધાન અને અનુપમ ભકિતની પ્રાપ્તિ સકલ ભવિજનો કરીને પોતાની આત્મ-જ્યોતિ પ્રગટાવે એ જ અભ્યર્થના....

# 卐 શ્રી જ્ઞાન પદ 卐

ધર્મ તત્વના ચાર પ્રકાર. તેમાં બીજો પ્રકાર જ્ઞાન છે. જ્ઞાનપદનું સ્વરૂપ સમજાવતા આચાર્ય ભગવાન રત્ન-શેખરસુરીશ્વરજી ફરમાવે છે :

जीवाजीवाइपयत्थसत्थतत्तावबोहरुवं च ।
नाणं सव्वगुणाणं, मूलं सिक्खेह विणपणं ॥

જીવ અજીવ આદિ પદાર્થોનો સમુહ અગર તો જીવ અજીવ આદિ નવ તત્વ જે શાસ્ત્રમાં વર્ણવવામાં આવ્યા છે તેનો યથાર્થ અવબોધ તે સમ્યકજ્ઞાન. સમ્યકજ્ઞાન બધા ગુણોનું મુળ છે. તે જ્ઞાનનો હે ભવ્યો, ગુરૂ મહારાજનો વિનય કરી સ્વાધ્યાય કરો.

**જ્ઞાનરૂપી સુર્યનો પ્રકાશ થતાં અંતર આત્મારૂપી કમળ ખીલી ઉઠે છે :**

દુનિઆએ બહારની વસ્તુઓમાં જ્ઞાન માન્યું છે. જ્યારે સાચું જ્ઞાન આ છે. તેનાથી આત્મામાં રહેલો અંધકાર નાશ પામે છે. પ્રકાશ થતાં જેમ અંધકાર દુર થાય છે, તેમ જ્ઞાનરૂપી પ્રકાશ થતાં અજ્ઞાનરૂપી અંધકાર દુર થાય

છે. જ્યારે સુર્યોદય થાય છે ત્યારે ચોર ડાકુ પોતાના સ્થાને રવાના થાય છે. ચોર ડાકુ ખાતર પાડવા દિવસના પ્રકાશમાં આવતા નથી, પરંતુ રાત્રીના અંધકારમાં આવે છે. પરંતુ સુર્યોદય થતાંજ તે રવાના થઈ જાય છે. તેમ આત્મામાં જ્ઞાનનો પ્રકાશ થતાં કામ ક્રોધ આદિ ચોરો રહી શકતા નથી. અંધકાર હોય ત્યાં અનેક ઉપદ્રવો હોય છે. ચોર ડાકુનો ઉપદ્રવ અને બીજા ભયોનું સામ્રાજ્ય રાત્રે હોય છે. પ્રકાશ થતાં તેનો ભય રહેતો નથી. તેમ જ્ઞાનરૂપી પ્રકાશ થતા અંદરના દુશ્મનોનો ભય રહેતો નથી. અજવાળામાં ચોર ડાકુ ટકી શકતા નથી. કારણુ તેઓ જાણે છે કે અજવાળામાં તેનો નિગ્રહ થશે. તેજ રીતે જ્ઞાનરૂપી પ્રકાશ થતાં કામ ક્રોધાદિ ચોરોનો નિગ્રહ આત્મા કર્યા વગર રહેવાનો નથી એમ સમજીને તેઓ પોતાનો રસ્તો લે છે. જેમ આકાશમાં સુર્યોદય થતાં કમળ ખીલી ઉઠે છે તેમ ચિદાકાશમાં જ્ઞાનરૂપી સુર્યનો પ્રકાશ થતાં હ્રદયરૂપી કમળ ખીલી ઉઠે છે. અંતર આત્મારૂપી કમળ વિકસિત થાય છે. પ્રફુલ્લિત થાય છે. અજ્ઞાન અવસ્થામાં બીડાઇ રહેલ અંતરાત્મા રૂપી કમળ ખીલી ઉઠે છે.

## જ્ઞાનરૂપી સુર્યનો પ્રકાશ થતાં આત્મારૂપી ચકવો ચેતનારૂપી ચકવીને આવી મળે છે :–

સુર્યોદય થતાંજ રાતભર જેમનો વિયોગ હતો તેવા ચકવાક અને ચકવાકીના મિલન થાય છે. મોટે ભાગે

સંસારી રાત્રે ભેગા થાય છે. ચકવાક ચકવાકીને રાત્રે વિરહ હોય છે. આખા સંસારથી તેમને ઉલટી રીત છે. સુર્યોદય થતાં ચકવાકીને મળવા ચકવાક ગમે ત્યાંથી દોડતો આવે છે, અને તેમનું મિલન થાય છે. તેજ રીતે આત્મામાં જ્ઞાનરૂપી સુર્યનો ઉદય થતાં ચેતનરૂપી ચકવો ચેતનારૂપી ચકવીને આવીને મળે છે. એમ શ્રી આનંદઘનજી મહારાજ કહે છે. ચેતના એટલે આત્માનું પોતાનું સ્વરૂપ અંતર આત્મ દશા જેનો અનાદિથી વિરહ હતો તે વિરહ સમ્યક્જ્ઞાન આવતાં ભાંગે છે. આત્મારૂપી ચકવો અને ચેતના અગર સમતારૂપી ચકવીનો મિલન થાય છે. જ્ઞાન-ગુણનો પ્રભાવ ઘણો છે.

## જ્ઞાન થતાં મોક્ષનો સાચો રસ્તો મળે છે :-

મુસાફર અંધારામાં માર્ગ ન શોધી શકે અને રખડે. પરંતુ પ્રકાશ થતાં તેને માર્ગ મળી રહે છે, તેમ આત્મામાં અજ્ઞાનરૂપી અંધકાર હોય ત્યાં સુધી તે ચાર ગતિમાં રખડે છે. જ્ઞાન થતાં તેને મોક્ષનો સાચો રસ્તો મળી જાય છે.

## સમ્યક્ પ્રકારે દયા કે અહિંસા અજ્ઞાની ન પાળી શકે :-

અજ્ઞાનરૂપી અંધકાર એ જેવું તેવું કષ્ટદાયી નથી. અજ્ઞાન રૂપી અંધકાર હોય ત્યાં સુધી હિતા હિતનો, ભક્ષા ભક્ષીનો, પેયાપેયનો, વિવેક થતો નથી. ઘોર અજ્ઞાન-

તાનું આ કષ્ટ જેવું તેવું નથી. જ્યાં સુધી અજ્ઞાનરૂપી અંધારૂં હોય ત્યાં સુધી કોઈ પ્રકારનું સમ્યકજ્ઞાન કે સમ્યક વિવેક હોતો નથી. તેથીજ દશવૈકાલિક સુત્રમાં કહ્યું છે: "પઢમં નાણું તઓ દયા" પ્રથમ જ્ઞાન અને પછી દયા. અજ્ઞાનીને શું કરવા જેવું છે અને શું છોડવા જેવુ છે તેનું ભાન હોતું નથી. તેથી તે ગ્રહણ કરવા લાયક વસ્તુને છોડી દેતો હોય છે, અને છોડવા લાયક વસ્તુને ગ્રહણ કરતો હોય છે. જ્ઞાન વગર જીવદયા, હિંસા, અહિંસાનો ખરો ખ્યાલ આવી શકતો નથી. સમ્યક પ્રકારે દયાકે અહિંસા અજ્ઞાની ન પાળી શકે. ક્રિયા. દયા અને અનુષ્ઠાન યોગ્ય રીતે કરવા માટે સમ્યક જ્ઞાન જોઇએ. પૂજ્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજી ફરમાવે છે :–

સકલ ક્રિયાનું મૂળ જે શ્રદ્ધા
તેહનું મૂળ જે કહિયે.

**શ્રદ્ધાનું મુળ જ્ઞાન છે :–**

બધી ક્રિયાનું મુળ શ્રદ્ધા છે શ્રદ્ધા રહિતપણે થતી ક્રિયા છાર પર લીંપણ જેવી છે.

શુદ્ધ શ્રદ્ધાન વિણ સર્વ ક્રિયા કરી
છાર પર લીંપણું તેહ જાણો.

તે શ્રદ્ધાનું મુળ જ્ઞાન છે. જ્ઞાન વગર શ્રદ્ધા ટકી ન શકે. આવા જ્ઞાન વગર ભવી જીવ કેમ રહી શકે ? સમ્યક

જ્ઞાનની મોક્ષ માર્ગ માટે ઘણીજ જરૂર છે. સમ્યક દ્રષ્ટિ અગર સમ્યક દર્શન થયા પછીના જ્ઞાનને સમ્યક જ્ઞાન કહેવાય છે. નવ પૂર્વ સુધીનું જ્ઞાન હોય છતાં સમક્તિના અભાવે તે અજ્ઞાન છે. માત્ર આઠ પ્રવચન માતાનું સમ્યક પ્રકારે જ્ઞાન હોય, અને સ્વપરનો વિવેક હોય એટલે કે આત્મા તે હું છું, બીજું બધું પર છે, તેટલું સમજતો હોય તે મહાજ્ઞાની છે. ભલેને બધા શાસ્ત્રો ભણ્યા હોય છતાં જ્યાં સુધી પરભાવની રૂચી હોય ત્યાં સુધી તે મહા અજ્ઞાની છે. શાસ્ત્ર ભણવાથી એકાંતે કલ્યાણ થતું નથી. શાસ્ર તો દિશા બતાવનાર છે. આંતર સ્વરૂપની પ્રાપ્તિ અને આત્મ દર્શન તો સ્વાનુભવ જ્ઞાનથી થાય છે. ગમે તેવા પ્રકારનું જ્ઞાન હોય પરંતુ સમ્યક શ્રદ્ધા ન હોય તો કલ્યાણ નથી અગીઆર અંગનો પાઠી હોય, પરંતુ પરમાં રાગ હોય તો તે પર સમયને જાણે છે પરંતુ સ્વ સમયને જાણતો નથી એમ સમજવું સમ્યક શ્રદ્ધાન ન હોય તો ગમે તેટલું જ્ઞાન હોય પણ તે સમ્યકજ્ઞાન નથી. સમ્યક શ્રદ્ધા વગર નવ પુર્વનું જ્ઞાન પણ અજ્ઞાન છે. દશ અગર ચૌદ પુર્વના જ્ઞાનીને સમ્યક શ્રદ્ધા નિયમા હોય છે નવ પુર્વના જ્ઞાન સુધી સમ્યકત્વની ભજના છે. હોય અને ન પણ હોય.

## જ્ઞાનને સમ્યક કરનાર સમ્યક્ત્વ છે :-

સમ્યકત્વ અને સમ્યક જ્ઞાનનાં ઉદય એકી સાથે થાય છે. જેમ સુર્ય અને સુર્યની પ્રભાનો એકી સાથે ઉદય

થાય છે. સમ્યકત્વ આવતાં બધું જ્ઞાન સમ્યક જ્ઞાન થાય છે. ઇંદ્રભુતિ મહાવીર પ્રભુના પરિચયમાં આવ્યા પહેલાં જ્ઞાની તો બહુ હતા. પરંતુ સમ્યકત્વ ન હતું તેથી અજ્ઞાની હતા. પ્રભુના પરિચયમાં આવતાં, તેમના સંશય ભાંગે છે. સમ્યકત્વ પ્રગટે છે; અને સમ્યકત્વ પ્રગટતાંજ તેમનું બધું જ્ઞાન સમ્યક જ્ઞાન રૂપે પરિણમે છે. જ્ઞાનને સમ્યક કરનાર સમ્યકત્વ છે. દ્રષ્ટિ વગરનો જ્ઞાની ખરેખર અજ્ઞાની છે. મિથ્યાત્વ મોહનીયનો ક્ષયોપક્ષમ ન હોય અને માત્ર જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ હોય તો તેવા જ્ઞાની જેટલો અનર્થ કરશે તેટલો અનર્થ મોટો અજ્ઞાની પણ નહીં કરે. જેને માત્ર જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ હોય તેવા જ્ઞાનીની પ્રશંસા કરવી તેમાં પણ મિથ્યાચાર છે. એક આચાર્ય મહારાજને કોઇએ પૂછયું :- "જનતા નેતાઓને સાંભળવા ટોળે મળી ઉમટે છે. તમને સાંભળવા કેમ ઓછા માનવી આવે છે ?" તેમણે જવાબ આપ્યો, "અમે જે સંભળાવીએ છીએ તેજ વાત તેવો સંભળાવે પછી જુઓ તેમને કેટલા સાંભળવા જાય છે. અમારે તો ધર્મ પુરૂષાર્થ અને મોક્ષ પુરૂષાર્થનો ઉપદેશ કરવાનો છે. જગતમાં અર્થ અને કામની રૂચી બહુ છે. તેની પ્રેરણા અને તેનો રસ્તો જયાં મળે ત્યાં ટોળે ટોળા સાંભળવા જાય એ સ્વભાવિક છે. પરંતુ અર્થ કામનો ઉપદેશ તો પાપોપદેશ છે, તેને ધર્મોપદેશ નથી કહ્યો." વાત પણ ખરી છે. રત્નના વેપારી સર્વ કાળે થોડાજ હોય છે. રત્નના વેપારીને ત્યાં ગ્રાહકો

પણ થોડા હોય છે. જગતમાં પણ કીંમતી વસ્તુના ગ્રાહકો થોડાજ હોય છે. તેમ ધર્મના અને મોક્ષના ગ્રાહકો પણ થોડા હોય છે. કારણ ધર્મ અને મોક્ષ મુલ્યવાન છે, તે સસ્તો મળતો નથી. ધર્મ પચાવવો એ જેવી તેવી વાત નથી. વાઘણનું દુધ સોનાના પાત્રમાંજ ટકે. બીજા પાત્રમાં નાખ્યું હોય તો પાત્રને તોડીને બહાર નીકળે. અંબડને આખી રાજગ્રહિએ માન આપ્યું. ન ગઈ એક માત્ર સુલસા. અંબડની સાથે મહાવીર પ્રભુએ ધર્મલાભ પણ સુલસાનેજ કહેવડાવ્યા હતા. જેને મિથ્યાત્વનો ક્ષયોપશમ ન હોય તેવાની પ્રશંસા કરવામાં પણ વિવેક રાખવો જોઈએ. જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ વખાણવા જેવો છે. પરંતુ સાથે મિથ્યાત્વ મોહનીયનો ક્ષયોપશમ હોય તો જ્ઞાન ઘણું પ્રશંસાને પાત્ર છે. આત્માના અનેક ગુણ છે. તેમાં પ્રધાન ગુણ જ્ઞાન છે. જ્ઞાનના અભાવમાં જડ અને ચેતનનો ભેદ ન સમજાય. જ્ઞાન આ રીતે ઘણું ઉપયોગી છે. જ્ઞાનનું યથાર્થ સ્વરૂપ સમજીને તેનું આરાધન કરવું જોઈએ.

**જ્ઞાનના ત્રણ પ્રકાર :-**

પૂ. આચાર્ય હરિભદ્રસુરીએ અષ્ટકજીમાં જ્ઞાનના ત્રણ પ્રકાર કહ્યા છે :-

૧ વિષય પ્રતિભાસ જ્ઞાન.

આમાં મતિ અજ્ઞાન, શ્રુત અજ્ઞાન અને વિભંગ જ્ઞાન સમાઇ જાય છે.

૨ આત્મ પરિણતિમત્ ૩ તત્વસંવેદન

## વિષય પ્રતિભાસ જ્ઞાનમાં હેય ઉપાદેયની સમજ નથી હોતી :-

વિષય પ્રતિભાષ જ્ઞાનને સમજાવતા કહે છે :-

વિષ, કંટક રત્ના દૌ
બાલાદિ પ્રતિભાસવત્

વિષ. કંટક અને રત્નાદીમાં બાલાદિના પ્રતિભાસ જેવું વિષય પ્રતિભાસ જ્ઞાન હોય છે. એટલે તેને વસ્તુઓ છે. એટલું સમજાય છે. વિષય પ્રતિભાસ જ્ઞાન જેને હોય તેને વસ્તુનું શાબ્દિક જ્ઞાન થાય છે. પરંતુ તેનું જ્ઞાન હેય અને ઉપાદેયના નિશ્ચય વગરનું જ્ઞાન છે. બાળકને વિષ કંટક રત્નાદિનો આભાસ થાય છે. પરંતુ રત્નમણી ઉપાદેય છે, અને વિષ કંટક હેય છે તેની સમજ હોતી નથી. વિષય પ્રતિભાસ જ્ઞાન એટલે હેય અને ઉપાદેયના નિશ્ચય વગરનું જ્ઞાન. અભવીનું નવ પુર્વનું જ્ઞાન પણ આ કોટીમાં આવે છે. ગમે તેટલું શ્રુત જ્ઞાન હોય પરંતુ હેય ઉપાદેયની સમજ ન હોય તો બહુ શ્રુતનું જ્ઞાન પણ આ કોટિમાં

આવે છે. ગમે તેટલું જ્ઞાન મળે પણ હેય ઉપાદેયની સમજ ન હોય તો તે આ પ્રકારનું જ્ઞાન છે. જ્ઞાની કહે છે :- સંસાર હેય છે અને મોક્ષ ઉપાદેય છે. તો હજી સુધી એ પુરૂષાર્થ શરૂ ન કર્યો હોય તો જીવનના છેલ્લા વર્ષોમાં તો ઉપાદેય માટે જ પુરૂષાર્થ કરવો જોઈએ ને ? જ્યારે એ રીતનો નિશ્ચય થાય છે કે સંસાર હેય છે, અને મોક્ષ ઉપાદેય છે, હેય ઉપાદેયની સાચી સમજ આવે છે ત્યારે બીજા પ્રકારનું જ્ઞાન આવે છે. પરંતુ જેને સંસાર ઉપાદેય લાગે છે, પાંચ ઈંદ્રિયના સુખ ભોગવવા જેવા, મેળવવા જેવા સાચવવા જેવા લાગે છે, અને તેને માટે પુરૂષાર્થ કરવા જેવો લાગે છે તેનું જ્ઞાન વિષયપ્રતિભાષ છે. જેને બાહ્ય વસ્તુઓમાં ઉપાદેય બુદ્ધિ હોય તે સાધુ વેશમાં હોય તો પણ તેનું જ્ઞાન વિષયપ્રતિભાષ કોટિનું છે. તમારૂં જ્ઞાન કયા પ્રકારનું છે એ તો કહો ? તમારો એકડો કાઢવો નથી પણ ફાંકો તો કાઢવો છે.

## જાણપણું સાર્થક કરો :-

જાણપણામાં પડી ધુળ એવું ન કરતા. શેઠને ત્યાં ચોર આવ્યા. શેઠાણી કહે- ચોર આવ્યા. શેઠ બોલ્યા :- જાણું છું. શેઠાણી કહે- ચોર અંદર આવ્યા. શેઠ કહે :- જાણું છું. શેઠાણી કહે- ખાતર પાડવા લાગ્યો શેઠ કહે- જાણું છું, અને ચોર તો માલમત્તા ઉપાડીને ચાલતા થઈ ગયા ત્યાં શેઠાણી શેઠને સંભળાવે છે :-

જાણું જાણું શું કહે,
ધન લઈ ગયા દુર,
શેઠાણી કહે શેઠને,
તારા જાણપણમાં પડી ધુળ.

આવું જાણપણું શા કામનું છે ? તમે પણ "જાણું છું- જાણું છું" કહો છો, પણ આ શેઠ જેવું તો તમારૂં જાણપણું નથી ને ? જો સાચું જાણપણુ હોય તો જાણીને ત્યાગ કેટલો કર્યો એ તો કહો !

## આત્મા નિજભાવમાં આવે ત્યારેજ અકર્તા થાય :-

આજે કેટલાક નિશ્ચયભાસીઓ કહે છે કે આત્મામાં ગ્રહણ ત્યાગ છેજ નહિં. કેવી વાહિયાત વાત છે ! અત્યારે તો આત્મા સમયે સમયે અનંત કર્મ વર્ગણા ગ્રહણ કરી રહ્યો છે. નિજવૃતિમાં જાય ત્યારે ગ્રહણ થતું બંધ થાય.

કર્તા ભોક્તા કર્મનો
વિભાવ વર્તે જયાંહિ,
વૃતિ વહી નિજ ભાવમાં,
થયો અકર્તા ત્યાંહિ,

આત્મા કર્મનો કર્તા અને ભોક્તા છે. નિજ ભાવમાં વૃત્તિ વહેવા માંડે ત્યારેજ અકર્તા થાય છે. તે પહેલા આત્મા કશું પરનું કરતો નથી, તે કહેવું તે મિથ્યાવાત

છે. આત્મા અનાદિથી પરનું કરતો આવ્યો છે તેમ સ્વનું કરો તેમ ઉપદેશ જરૂર અપાય. પરંતુ આત્મા પરનું કરી રહ્યો હોય તેને આત્મા પરનું કશું કરતો નથી તેમ ન કહેવાય. "આત્માને કર્મનો બંધ કે ઉદય નડતો નથી. આત્મા ગ્રહણ કે ત્યાગ કરતો નથી," તેવી વ્યાખ્યા તો સંસારના પાપી અને હિંસક આત્માને બહુ ફાવતી આવશે. ચોરી કરનાર કહેશે– "મેં ચોરી ક્યાં કરી છે? ચોરી ચોરીના કારણે થઈ છે. હું કંઈ પરનું કરીજ શકતો નથી." આવો બચાવ અદાલતમાં ચાલશે ખરા? વ્યભિ-ચારી કહેશે "મેં ક્યાં વ્યભિચાર કર્યો છે? એ તો પુદ્ગલે પુદ્ગલની ક્રિયા કરી છે." આવી વાત શિષ્ટ સમાજમાં શોભે ખરી? સમજ્યા વગરની પ્રરૂપણા કરવી તેમાં ઘોર અન્યાય છે. "આત્મા કંઈ કરતો નથી. આત્મા ખાતો પણ નથી પીતો પણ નથી. એની મેળે ખવાય છે એની મેળે પર્યાય થાય છે." એમ કહેવું સહેલું છે. પરંતુ કઈ સ્થિતિમાં આત્માને ગ્રહણ ત્યાગ ન હોય એ તો વિચારો. જ્યારે શુદ્ધ સ્વરૂપ આવે ત્યારે કર્તુત્વભાવ ન રહે. કેમકે આત્મા સાક્ષી ભાવે રહે છે. કર્તુત્વ ભાવે રહેવા કરતા સાક્ષીભાવે રહો તેવો ઉપદેશ આપવા જેવો છે. જીવોને રસ્તે લાવવા કમાટે શું કરવું જોઇએ તે સમજાવવું જોઈએ. આ તો કહે છે :– "આત્મા બોલતો નથી. ભાષા વર્ગણાની એ ક્રિયા છે. ભાષા વર્ગણા તેની પર્યાયમાં પરિણમે છે" પરંતુ તે વર્ગણા ગ્રહણ કોણે કરી છે? ભાષારૂપે તેને પરિણમાવી કોણે?

ભાષા વર્ગણા તો બંધે પડેલ છે. તો તે દરેક સ્થળે શબ્દોચ્ચાર થવા જોઈએ. વળી તેઓ કહે છે, "આત્મા ખાતો નથી. જડ જડની ક્રિયા કરે છે." તો મડદામાં તેવી ક્રિયા કેમ થતી નથી ? ખાવાની ક્રિયા જડને કારણે હોય તો મડદામાં પણ તે થવી જોઇએ. મડદાએ પણ ખાવું જોઈએને ? ત્યારે તેઓ કહે છે, "મડદું તેવી ક્રિયા કરતું નથી. તેમાં તેની તે સમયની એ પ્રકારની લાયકાત છે." કયાંય ન ફાવે એટલે ગોશાળાના નિયતિ વાદમાં પેસી જાય. વળી તેઓ કહે છે. "શરીરની ક્રિયા જડથી થાય છે. આત્માને તેની સાથે લેવા દેવા નથી." પણ આત્મ પ્રદેશના કંપન વગર શરીરની ક્રિયા થતી નથી. આત્માને કારણે ક્રિયા ન થતી હોય તો યોગને આશ્રવ શા માટે કહેવામાં આવ્યા છે ? એકાંતે આત્મા અને શરીર ભિન્ન નથી. અભીન્ન પણ નથી. પરંતુ ભિન્ના-ભિન્ન છે. દ્રવ્ય અને પર્યાયનો એકાંતે ભેદ નથી. અભેદ નથી. પરંતુ ભેદાભેદ છે. પરંતુ કહેનારા તો કહે છે, "આત્મા શરીરથી નિરાળો છે. તેની ક્રિયાથી આત્માને બંધ થતો નથી." તો તો કસાઈ કહેશે,, "હિંસાની ક્રિયા તો એના (શરીરના) કારણે થાય છે. મારે શા લેવા દેવા છે ?" આવી માન્યતા સ્વીકારાય તો જયાં ત્યાં હિંસા અને અનાચાર ફાટી નીકળશે.

**પહેલા શમ, દમ, તપ, જપનો ઉપદેશ હોય :–**

એટલા માટેજ શરૂઆતમાં આત્માને દાન, શીલ,

તપ, જપ આદિનો ઉપદેશ આપવો જોઇએ. તેનો ઉપદેશ આપ્યા પહેલાં અને પાત્રતા જોયા વગર, એકલો નિશ્ચયનો ઉપદેશ આપનાર તે જગતના જીવોને ઉંધે રસ્તે ચડાવનારો છે. પરિણામે જીવો પાપ કરી દુર્ગતિમાં પડશે. શરીરથી જે ક્રિયા થાય છે તે આત્માની ક્રિયા નથી. તેથી. તેની સાથે આત્માને કશી લેવા દેવા નથી. તે નિશ્ચયનો સિદ્ધાંત અમુક દ્રષ્ટિએ છે. પણ વ્યવહારને લોપીને નિશ્ચય સમજાવવા જતાં નિશ્ચયજ દુશ્મન બની જાય છે. વ્યવહારથી જે ક્રિયા થાય છે તેની જવાબદારી આત્માની છે. પાપ કરનારને આ લોકમાં પણ સજા થાય છે, તો પરલોકમાં સજા ન થાય એવું બને ખરૂં ? જેવા અધ્યાવસાયથી પાપકર્મ બાંધ્યા હશે તેવી સજા પરલોકમાં થશે.

## હૃદયની નિર્મળતા અને પાપભીરૂતા હોય ત્યાં સમ્યકજ્ઞાન છે :-

જ્ઞાન મેળવ્યા પછી હેય ઉપાદેયનો વિવેક થાય તો તે જ્ઞાન ખરૂં જ્ઞાન. કંદમુળ ત્યાજ્ય છે એટલે કંદમુળ છોડવા પ્રયત્ન કરે. રાત્રિ ભોજન છોડવા જેવું છે માટે રાત્રિ ભોજન છોડે. રત્નત્રયની આરાધના કરવા જેવી છે એમ સમજાતા તેની આરાધના કરે તે ખરૂં જ્ઞાન. વિષય પ્રતિભાષી જ્ઞાન તે મિથ્યાત્વનું જ્ઞાન છે. તે જ્ઞાનવાળો રત્ન ગ્રહણ કરતો નથી. વિષ કંટક આદિનો ત્યાગ કરતો નથી. કેટલાક જ્ઞાની એવા હોય છે જે વાત મોટી મોટી કરે

પણ ત્યાગ જરાપણ કરતા નથી. તેવા માનવી ગમે તેવા મોટા હોય, ભલેને નવપૂર્વ ભણ્યા હોય તો પણ બાળ-જીવો છે. હૃદયની નિર્મળતા હોય અને આત્મામાં પાપ-ભીરૂતા હોય તેવા જ્ઞાનીનું જ્ઞાન સમ્યક જ્ઞાન છે તે વગરનું જ્ઞાન તે વાચા જ્ઞાન છે.

## હિતા હિતનો વિવેક આત્મ પરિણુતિમત જ્ઞાનમાં છે :–

સાચો વિવેક સમજાવે છે કે આ કરવાથી હિત છે. આ છોડવામાં હિત છે. ગ્રહણ ત્યાગનો વિવેક સમજાય પછી તેવા જ્ઞાનવાળો આદરવા યોગ્ય આદરે. ન આદરી શકે તેનો દીલમાં ડંખ હોય, અને પરિહરવા લાયકનો ત્યાગ કરે, અને ન છોડી શકે તો તેમાં પોતાનો તથા પ્રકારનો પાપોદય લાગે. જે જ્ઞાન આત્મામાં પરિણમે તે બીજા પ્રકારનું–આત્મા પરિણુતિ મત્ જ્ઞાન, જ્ઞાન, દર્શન ચારિત્રની આરાધનામાંજ આત્માનું હિત છે, તેવું તેને સ્પષ્ટ સમજાય. તે ન આરાધી શકે અને કર્મનું આવરણ નડતું હોય તો તેનું દુઃખ તેને જેવું તેવું ન હોય ન કરવા જેવું પડે, આદરવા યોગ્યનો અનાદર કરવો પડે તેનું દુઃખ તેને હોય છે. બીજા પ્રકારના જ્ઞાનમાં આવવાથી પણ કલ્યાણ થ ય છે, અને જ્ઞાન વૈરાગ્યનું કારણ બને છે.

## જ્ઞાન તેવું વર્તન તે સ્વસંવેદન જ્ઞાન :–

જેવું જ્ઞાન તેવું વર્તન એ ત્રીજા પ્રકારનું જ્ઞાન છે.

રત્નત્રયમાં નિરતિચારપણે પ્રવૃત્તિ કરતો હોય તે એ જ્ઞાનને જણાવનારૂં લક્ષણ છે. મોક્ષ માર્ગમાં અપ્રમત્તપણે પુરૂષાર્થ કરતો હોય છે તેનું જ્ઞાન સ્વસંવેદન જ્ઞાન છે. બીજુ જ્ઞાન ઉપાદેય છે. તો આ ત્રીજું જ્ઞાન અત્યંત ઉપાદેય છે. સંસાર અસાર ગણાય એટલે તુરત તેનો ત્યાગ કરે, અને કેવળ મોક્ષ માર્ગમાં પુરૂષાર્થ કરે તે સ્વસંવેદન જ્ઞાન સંસાર ખોટો લાગતાંજ તેનો ત્યાગ એ જ્ઞાનનું ખરૂં ફળ પરિહરવા લાયેક જણાય તેનો સત્વર ત્યાગ એ સાચું જ્ઞાન.

એ ત્રણે પ્રકારના જ્ઞાનને સમજીને પ્રથમ પ્રકારના વિષય પ્રતિભાષી જ્ઞાનમાં હોય તો તેને છોડીને આત્મ પરિણતિમત જ્ઞાનમાં આવીને સ્વસંવેદન જ્ઞાનમાં આવવાનો પુરૂષાર્થ કરશે તે સમ્યકજ્ઞાન પામીને અનંત લાભ મેળવશે.

## "જ્ઞાનપદ"

નાણ સ્વભાવ જે જીવનો સ્વપર પ્રકાશક એહ ।
તેહ જ્ઞાન દિપક સમું, પ્રણમું ધરી સસનેહ ॥

અનંત ગુણોનો ધારક એવો આપણો આત્મા છે. અત્યારે એ ગુણો કર્મથી અવરાયેલા હોવાથી પ્રગટ નથી. ઢંકાયેલા છે. પરંતુ સત્તાની અપેક્ષાએ તો આત્મા અનંત ગુણીજ કહેવાય. એવા અનંત ગુણી આત્માનાં ગુણોમાં

પ્રગટ અને મુખ્ય ગુણ હોય તો તે છે. જ્ઞાનગુણ-જ્ઞાનગુણને કારણે જ આત્મસત્તાને પુદગલસત્તા જુદી પડે છે. હું સુખી. હું દુખી. એવું જે જ્ઞાન-જે સંવેદન આત્મા કરી શકે છે. તે જડપુદગલો કરી શકતા નથી. કોઈના ભૂંડવા શબ્દોથી જે રીતે આત્માને માનસિક અસર થાય છે. કોઈનાં પ્રશંસાના પણ બે શબ્દોથી જેમ આત્મા ફુલાવા માંડે છે તેવી કોઈ અસર જડપુદગલોનાં પદાર્થોને થતી નથી. તેથીજ જ્ઞાન એ આત્માનો મુખ્યગુણ કહેવાય છે. જ્ઞાનાવરણિય કર્મના આવરણનાં કારણે આત્માનાં પ્રદેશે પ્રદેશે ચોંટેલી કર્મવર્ગણાઓને કારણે જ્યારે જીવ નિગોદમાં હોય છે ત્યારે પણ તેના આઠરૂચક પ્રદેશો તો ઉઘાડાં (ખુલ્લાં) હોય છે ત્યાં પણ યત્કિંચિત ચેતના તો આત્માની હોય જ છે તેથી જ આત્મા અને પુદગલ-જડ વચ્ચે ભેદ પડે છે અન્યથા ભારે કર્મી આત્માના સર્વ આત્મિક પ્રદેશો જો કર્મવર્ગણાથી અવરાઈ જાય તો આત્મા અને પુદગલ વચ્ચે ભેદ શું રહે, પરંતુ-

"જડભાવે જડ પરિણમે પુદગલ પુદગલ ભાવ ।
બેહુ કદા પલટે નહિં મુકી આપ સ્વભાવ ॥

જડદ્રવ્યો કયારેપણ પોતાનું જડપણું છોડીને ચૈતન્યસત્તાને પામી શકતાં નથી. અને આત્મા પણ જડવત ભલે થઈ જાય પરંતુ જડપણું પામતું નથી.

આત્માનો આ જ્ઞાનગુણ એ સ્વાભાવિક ગુણ છે. સહભાવિ ગુણ છે જેમ અગ્નિમાં ઉષ્ણતા ગુણ છે, જેમ સુવર્ણમાં પીળાપણુંરૂપ ગુણ છે. જેમ કપાસમાં શ્વેતતા ગુણ છે. આ સર્વે ગુણો સહભાવિ ગુણો કહેવાય છે તે ગુણો પોતાના આશ્રયીરૂપ અગ્નિ સુવર્ણ કપાસથી અળગાં પડતાં નથી. તેવી જ રીતે આત્માના જ્ઞાનાદિગુણો એ આત્માથી જુદા પડતાં નથી જેવી રીતે જલતત્વનાં વિરોધી અગ્નિનો સમાગમ જલને થાય ત્યારે જલની શિતળતા નાશ પામે છે અને કયારેક જળનું અસ્તિત્વ ભયમાં મુકાય છે પાણી બળી જાય છે તેવીજ રીતે આત્માનાં વિરોધી કર્મવર્ગણાનાં પુદગલોથી આત્મા ઢંકાઇ જાય છે ત્યારે આત્માનું અસ્તિત્વ અંધકારમય બને છે. પરંતુ કયારેક જેમ જળ બળી જાય તેમ આત્મા નષ્ટ થતો નથી કારણ આત્મા અછેદ્ય અભેદ્ય અદાહ્ય નિત્યદ્રવ્ય હોવાથી અનંતાનંત કાળથી અનંતાનંત પુદગલ દ્રવ્યોનું સહયોગ થવા છતાં આત્માનો નાશ થયો નથી. થતો નથી થવાનો નથી પરંતુ જેમ માટીના સમુહમાં ઢંકાઈ ગયેલા મહાતેજસ્વી રત્નો-મણીઓ હિરાઓ પોતાનો પ્રકાશ આપી શકતાં ન હોવાથી માટીના ટેકરામાં. માટીની કિંમતમાં જ દેખાય છે તેમ પુદગલના સમુદાયથી ઢંકાઈ ગયેલો આત્મા જે પોતે ચૌદ રાજ જેટલા વિસ્તૃત થવાની શક્તિવાળો છે લોકાલોક પ્રકાશની શક્તિનો ધારક છે તેવો પણ આત્મા કંથવા

આદિના શરીરમાં રહીને રાગદશા ભોગવતો અનુભવાય છે તે પ્રતાપ પુદ્દગલનો છે.

જ્ઞાનની સામાન્ય લૌકિક વ્યાખ્યા જગતના પદાર્થોને સમજાવવાની તાકાત જેનામાં હોય. તે જ્ઞાન કહેવાય. પરંતુ સમ્યગ જ્ઞાનની સાચી વ્યાખ્યા જે આત્મતત્વની ઓળખાણ કરાવે. આત્માને સંસારમાં વધતા જતાં બંધનોથી બચાવે વિષયો અને કષાયો આત્માના ભયંકર શત્રુઓ છે તેવું ચોક્કસ ભાન કરાવે જ્ઞાનદર્શન ચારિત્રયી રત્નત્રયી આત્માનાં ગુણો છે એવી ઓળખાણ કરાવે છે તે સમ્યગજ્ઞાન કહેવાય.

જે સંસારનાં સુખની શોધ કરાવે, પૈસા પરિવાર પુદ્દગલ પત્નિમાંજ બેભાન બનાવે. પરલોકનાં વિચાર જ ન કરવા દે. દાન, શિયલ, તપ, અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મ-ચર્યાદિ પરલોકનાં સાધનો પ્રત્યે રૂચિ ન પ્રગટવા દે, તે જ્ઞાન અને તેવાં મનુષ્યો કે દેવો ગમે તેટલા વિદ્વાન છતાં અજ્ઞાન અજ્ઞાની જ કહેવાય. આ જ્ઞાનનાં મુખ્ય પાંચ પ્રકાર ભેદ કહેલાં છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન.

જ્યાં સુધી સમ્યકત્વરૂપ દિપક ન પ્રગટે, ત્યાં સુધીનાં વિશાળ એવાં પણ મતિજ્ઞાનને મતિઅજ્ઞાન કહેવાય. શ્રુતજ્ઞાનને શ્રુતઅજ્ઞાન કહેવાય છે અવધિજ્ઞાનને વિભંગજ્ઞાન કહેવાય છે. સંસારમાં રહેલાં સર્વે સમ્યગદષ્ટિ આત્મા

મિથ્યાત્વી જીવોમાં એજ્ઞાન અથવા અજ્ઞાન મતિજ્ઞાન શ્રુતજ્ઞાન, મતિઅજ્ઞાન, શ્રુતજ્ઞઆન સાથેજ હોય છે.

પ્રથમના ત્રણેય જ્ઞાનની પ્રાપ્તિ ચોથે ગુણઠાણે [દેવલોકની અપેક્ષાએ ત્રણ (૩) મનુષ્યોને ચોથે ગુણકાણે અવધિ નિયમાન હોય] થાય છે અને બારમા ગુણસ્થાનક સુધી ત્રણે જ્ઞાન હોઈ શકે છે ઋજુમતિ મનઃપર્યવજ્ઞાન છઠ્ઠે ગુણઠાણે અને વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન સાતમે ગુણઠાણે ઉત્પન્ન થાય છે કેવળજ્ઞાન સહિત પ્રથમનાં ત્રણે જ્ઞાન ગૃહસ્થપણામાં હોઇ શકે છે. પરંતુ મનઃપર્યવજ્ઞાન સંયમીને જ થાય છે જ્યારે કેવળજ્ઞાનરૂપી દિવાકર પ્રગટે છે ત્યારે સુર્યની પ્રભામાં બીજાગ્રહોનાં તેજની પેઠે બીજાં ચારે જ્ઞાનો સમાઈ જાય છે. પાંચ પ્રકારનાં જ્ઞાનોમાં ચાર જ્ઞાનો [મતિ, અવધિ, મનઃપર્યવ, કેવળ જ્ઞાન] મુંગા છે. ફક્ત શ્રુતજ્ઞાનજ સ્વ-પરને પ્રકાશે છે.

"ચઉમુંગા શ્રુત એક છે. સ્વપર પ્રકાશક જેહ ।"

આ શ્રુતજ્ઞાન એટલે દ્વાદશાંગી જેની રચના ગણધર પરમાત્માઓ શ્રીતીર્થંકર પાસેથી ત્રિપદી મેળવીને કરે છે જેવી રીતે કોઇને આંખમાં મોતીયા આવે, અથવા ફુલ પડયું હોય. તેથી તે વસ્તુને યથાતથ્ય ન જાણી શકે, અંધ પણ વસ્તુને એકાંગી રીતે જુએ, તેમજ મોહનીય આદિ કર્મનાં આવરણોને કારણે સાચી ભેદ દૃષ્ટિ પ્રગટ થતી નથી. પોતાના સાચાં હિતબંધુ, સગાં કોણ ? અને

સ્વાર્થનાં સંબંધી કોણ ? તે જીવ સમજી શકતો નથી. અનાદિકાલિન સંસાર પરિભ્રમણનાં ઋણાનુબંધ સંબંધે માતા-પિતા, પુત્ર પરિવાર તો મેળવ્યાં અને તેમની પાછળ ખુવાર ઘણું એ થયાં, છતાંયે તે સર્વે જીવના સાચાં હિતૈષી ન હતાં એવું જીવને ભાન ન થાય અને જિન-ધર્મ એ જ તારક છે. દેવગુરુધર્મ એજ સાચાં આપ્તજન છે તેવી બુદ્ધિ ન પ્રગટે ત્યાં સુધીનું મેળવેલ સર્વજ્ઞાન સંસારવૃદ્ધિનું કારણ છે અને જગતમાં જેટલો ઉત્પાત અજ્ઞાની કરે છે તેથી વિશેષ ઉત્પાત શ્રદ્ધાવિનાનો જ્ઞાની વટલેલો કરે છે ( વટલાઈ ગયેલો કરે છે ) જેમ કોઇ અટંગ માણુસ ચતુર હોય તો જગતમાં વધારે ઉથલ-પાથલ કરે છે તેમ સમ્યયગદર્શન વિનાના જ્ઞાનવાળો જીવોને વધારે ડુબાડે છે-

નિષ્કર્ષ એ જ કે જ્યાં સુધી જીવને સમ્યગજ્ઞાનની પ્રાપ્તિ થઇ નથી ત્યાં સુધી ભવપરંપરાઓનું મૂળ હાથમાં ન આવે, અને છેદાવાની તો વાત જ દૂર રહી. તેથી જ વાચકવર્ય શ્રી યશોવિજયજી મ સા. કહે છે કે ચેતન જો તું જ્ઞાન અભ્યાસી.

આપહિ બાંધે આપહિ છોડે. નિજ મતિ શક્તિ વિકાસી... ચેતન હે ચેતના જો તુ સમ્યગજ્ઞાનનો અભ્યાસી બને, જાણકાર વેત્તા બને તો તને ખ્યાલ આવે કે તું પોતેજ કર્મનો કર્તા છે અને કર્મથી મુક્ત થવાનું પણ

તારા પોતાનાં જ હાથમાં છે ચેતનને મુક્ત થવાનો ઉપાય બતાવતાં કહે છે કે "જો તું આપ સ્વભાવે ખેલે, આશા છોરી ઉદાસી.

સુરનરકિન્નર નાયક સંપત્તિ, તો તુજ ઘરકીદાસી..." ચેતન હે ઘેતન! લાલ જો તું પરપંચાત પારકી ખટપટ, બીજાની ચિંતા ફીકર ગામની પટલાઈ કરવાનું છોડી દે, પરપુદગલો સ્વાર્થી સગા-સમંધીઓની આશા આપ સ્વભાવમાં રમણ કરતો થઈ જાય તો. અખંડ આનંદનો જે ખજાનો તારાં આત્મ-મંદિરમાં ભંડારેલો પડયો છે તે ખુલી જાય પછી તો

સુરનારકિન્નારના સુખ પણ તેને તુચ્છ લાગે.

આશા છોડ રહે જો જોગી, સો હોવે શિવવાસી

ઉનકું સુજસ વખાને જ્ઞાતા જાકી અંતર દૃષ્ટિ પ્રકાશી...." ચેતન "પારકી આશા સદા નિરાશા" આ ન્યાયે જે પરપદાર્થો પછી તે પુત્ર પરિવાર પૈસો હોય કે પૂજ્ય હોય પૂન્ય એ પણ જીવ માટે તો પર જ છે મોક્ષે જતા જીવને તો જેમ અશુભકર્મો ખપાવવાનાં છે તેમ શુભ-કર્મોથી પૂન્યથી પણ મુક્તિ તો મેળવવી જ પડે છે એવાં પૂન્યની પણ આશા છોડીને જે જોગી – યતિ સંન્યાસી આરાધક ભાવમાં રહે છે તેને જ સુજસવિજયજી જ્ઞાતા–દ્રષ્ટા કહે છે એને તેની જ અંતર દૃષ્ટિ પ્રગટ થઈ છે એમ કહી શકાય.

શાસ્ત્રોમાં આવે છે કે

**पुण्यापेक्षामपि हि सर्वं, परवशं दुःखम् ।**

જે પરવશતા એ જ મોટું દુઃખ છે કારણ કે આત્માની સ્વતંત્રતા હણાય છે તેથી પૂન્યની પણ જેમાં અપેક્ષા હોય તે સુખ હોવા છતાં વાસ્તવમાં સુખ નથી. સુખાભાસ છે.

જીવાની અંતરદૃષ્ટિ જાગૃત થઈ છે એવું કયારે કહેવાય ? તેનું સ્પષ્ટીકરણ કરતાં શ્રી ચિદાનંદજી યોગી-રાજ ફરમાવે છે કે,

જ્ઞાન કળા ઘટ ભાસી જાકું જ્ઞાનકલા ઘટ ભાસી

તન ધન નેહ ન-હિ રહ્યો તાંકુ-છિનમેં ભયે ઉદાસી

આજકાલ બીજાને-આત્માની, પરમાત્માની, મોટી મોટી વાતો સંભળાવનારા–ગપ્પીદાસ ઘણાં જોવા મળે છે તેથી સાચાં જ્ઞાનીની ઓળખાણ આપતાં આ મહાત્મા કહે છે કે જ્ઞાનરૂપી ચંદ્રની શિતળકળા જેને પ્રગટ થઈ તે પુન્યાત્માને શરીર–ધન સંપત્તિ પુત્ર પૌત્રાદિ પરિવાર વિગેરે કોઈ ઉપર સ્નેહ મમતા રહેતી નથી. પરંતુ તે બધાં પ્રત્યે મધ્યસ્થ-નિઃસ્નેહી અથવા જીવમાત્રનો પરમ-સ્નેહી બની જાય છે. જ્ઞાનકળાનાં પ્રગટીકરણ પછીનો માનવ એ મહામાનવ-વિશ્વમાનવ બનતો હોવાથી તેની દૃષ્ટિ

"વસુધૈવ કુટુમ્બકમ્" જેવી થાય છે તેને પછી પોતાનાં પરિવારના સુખદુઃખમાં રસ રહેતા નથી. પરંતુ તે દયાળુ આત્મા દરેક દુઃખી પીડિત આત્માને જોઈને સ્વઆત્મવત સુખદુઃખ અનુભવે છે. કારણ જ્ઞાનથી સત્યદષ્ટિ પ્રગટ થાય છે. તેથી સંગ્રહનયથી તે "એગે આયા" એકજ આત્મા છે આ વિચારણાથી જેવો મારો આત્મા તેવોજ બીજાનો આત્મા, જેમ મને સુખપ્રિય દુઃખ અપ્રિય, તેમ સર્વને સુખપ્રીય, દુઃખ અપ્રિય, એવું વિચારનારો બની જાય છે. તે તો એવાં જ વિચારોમાં રહે છે કે–

**"आत्मनः प्रतिकुलानी, परेषां न समाचरेत् ।"**

પોતાનાં આત્માને જે જે પ્રતિકૂળ હોય તે બીજાં સાથે ન આચરવું. જો પોતાનાં ઉપર કોઇ ક્રોધ કરે. તે પોતાને અનુકુલ ન હોય. તો પોતે બીજાં ઉપર ક્રોધ કેમ કરે, તેથીજ સાચો જ્ઞાનીતો એમજ વિચારે કે–

"હું અવિનાશી ભાવ જગત કે નિશ્ચે સકલ વિનાશી"

આ જગતમાં અવિનાશી, નિત્ય. સ્થિર દ્રવ્ય હોય તો તે આત્મ દ્રવ્ય ને બાકી બાહ્ય જગતમાં દેખાતા બધા પૌદ્ગલિક ભાવો વિનાશી–ચંચળ–અસ્થિર છે એવાં જ્ઞાનીને એ વિચારણા સદા રહે કે આ "હું અને આ મારૂં" આ જ મોટો મોહભ્રમ, માયાજાળ છે. તેથી તે જ્ઞાની પોતાનો આત્મા અને આત્મિક ગુણો સિવાય કોઇને

પોતાનાં માને નહીં અને તે કારણે થતાં કર્મબંધનથી મુક્તિ પામે. આવાં અનુપમ—મૌલિક સમ્યગજ્ઞાનને પ્રાપ્ત કરવા શું કરવું.... જ્ઞાનાચારની શુદ્ધ પાલના કરવી. જ્ઞાનનાં આઠ પ્રકારનાં આચારો શ્રુતજ્ઞાનને આશ્રીને કહેલાં છે.

(૧) કાળે... જે કાળે જે ભણવાનું કહ્યું છે તે કાળે તે જ ભણી શકાય. આગમિક સૂત્રોનાં બે પ્રકાર પડે છે ૧. કાલિક ઉત્કાલિક કાલિક તેને કહેવાય જે દિવસની અને રાત્રીની પહેલી અને છેલ્લી પોરિસીમાંજ [ દિવસમા અને રાત્રીનાં પહેલાં તથા છેલ્લાં પ્રહરમાંજ ] અસ્વાધ્યાય ન હોય. ત્યારે જ ભણી શકાય. તેવું કાળથી બદ્ધ તે કાલિકસૂત્ર કહેવાય જેમાં ઉત્તરાધ્યયન કલ્પસૂત્ર મહાનિશિથ આદિ આવે છે. જયારે ઉત્કાલિક જે ચાર સંધ્યાઓ રૂપ કાળ-વેળા અને પાંચ પ્રકારના અસ્વાધ્યાય સિવાયનાં કોઇપણ સમયે ભણી શકાય. તેમાં દશવૈકાલિક રાયપસેણી જીવા-ભિગમાદિ સૂત્રો આવે છે તે....

(૨) વિણયે : शास्त्रागमाद्दते न हितमस्ति,

न च शास्त्रमस्ति बिनय मृते ।

तस्मात् शास्त्रागम लिप्सुना, विनीतेन भवितव्यम् ॥

શાસ્ત્રો, આગમિકશાસ્ત્રો વિગેરેનાં જ્ઞાનવિના જીવનું આલોક હિત પારલૌકિક હિત થતું નથી. અને શાસ્ત્રો, શાસ્ત્રજ્ઞાન વિનય કર્યા વિના મેળવી શકાતું નથી. તેથી જ જે શ્રુત-

જ્ઞાન, આગમિક જ્ઞાન મેળવવાની ભાવના, ઈચ્છા, જીજ્ઞાસા હોય તેણે વિનિત બનવું જોઇએ. ગુર્વાદિનો વિનય તેઓ આપણને જ્ઞાન ભણાવે છે કે ભણાવશે. એવાં જ ફક્ત હેતુથી કરવાનો નથી. પરંતુ તેમની પાત્રતા, યોગ્યતા, ગુણગરીષ્ઠતા તે જ કારણે સ્વભાવતઃ વિનય થવો જોઈએ. તે જ સાચો વિનય કહેવાય. નહીં તો જ્યારે જ્યારે ગુર્વાદિની શારિરિક માનસિક અનુકુળતા ન હોય ત્યારે વિનય ન કરવો એવો સ્વાર્થભાવ ન જોઈએ. ગુર્વાદિ પ્રત્યેનાં અત્યંત પૂજ્યભાવ, બહુમાન ગુણગ્રાહકતાથી જે વિનય પ્રગટે છે તે આંતરિક વિનય હોય છે. તે જ ગુર્વાદિની પ્રસન્નતા આશિષને મેળવી આપે છે.

(૩) બહુમાન... જ્ઞાન–જ્ઞાની–જ્ઞાનનાં સાધનો ત્રણે પ્રત્યે બહુમાન ધારણ કરવું તે જ જ્ઞાનાચાર છે અને બહુમાન ન રાખો તે આશાતના અતિચાર છે જ્ઞાન વિના કોઈ કાળે સદ્ગતિ, મુક્તિ નથી એમ સમજનાર જ્ઞાન પ્રત્યે સદા નમ્ર રહે છે. એ કારણે જેને જ્ઞાન પ્રત્યે સદ્ભાવ હોય તેને તે જ્ઞાનનાં ધારક એવાં જ્ઞાની પ્રત્યે પણ સદ્ભાવ, બહુમાન ભાવ રહેવાનો જ જ્ઞાનનાં સાધનો પાટી–પોથી પુસ્તક, સાપડાં વિ. આપણને જ્ઞાન મેળવવામાં ઉપયોગી, નિમિત્તભૂત હોવાથી તે સાધનોને પગ લગાડાય નહીં. અને દરેક રીતે જ્ઞાનનાં સાધનોનુ પણ બહુમાન સાચવવું જોઈએ.

(૪) ઉવહાણે.... કોઈપણ આગમિક જ્ઞાન યોગ્યતા પ્રાપ્ત થયાં વિના મળી શકતું નથી અને યોગ્યતા પ્રાપ્ત

કરવા માટે તે વિષયક તપ, ગુરૂભક્તિ આવશ્યક ગણાય. તેથી જ જિનશાસનમાં ઉપધાન તપ, શ્રાવક, શ્રાવિકા તથા સાધુઓ માટે નિર્ધારિત કર્યા છે યોગવહન કરવા પૂર્વક ગુરૂભગવંતો પાસેથી મેળવેલ વાચનાજ્ઞાન તે આત્મિક ઋદ્ધિ–સમૃદ્ધિમાં જ્ઞાનવૃદ્ધિમાં કારણ બને છે અને પોતાની મેળે જ ઉપધાન વિના ગુરૂભગવંતના કૃપાપ્રસાદ વાચના વિના મેળવેલું જ્ઞાન ફક્ત ગર્વના, અભિમાનનાં કારણરૂપ બને છે.

(૫) અનિન્હવ... શ્રુતજ્ઞાનનો એક અક્ષર પણ શીખવનાર જ્ઞાનદાન કરનાર અનંત ઉપકારી હોવાથી એવા જ્ઞાનદાતા ગુરૂની ઓળખાણ ગોપવવી–છુપાવવી પોતે કદાચ વિશેષ જ્ઞાની બને ત્યારબાદ પૂર્વના ગુરૂ જ્યારે પણ મળે. જો તેનું યોગ્ય બહુમાન આદર–સત્કાર ન કરવામાં આવે તો તે નિન્હવપણું નામનો અતિચાર અશાતના ગણાય. તેથી વિરૂદ્ધ પોતાનાં ઉપકારી જ્ઞાનદાતા પ્રત્યેનો કૃતજ્ઞતા ભાવ સદા જાળવવો તે અનિન્હવણ નામનો જ્ઞાનાચાર છે જે જ્ઞાન પ્રાપ્તિની ઈચ્છાવાળાંને સદા આચરણીય ગણાય છે.

૬, ૭, ૮ વ્યંજન અર્થ તદુભય.... શ્રુતનાં શબ્દોનાં કાનો, માત્રા, અક્ષર ઓછા–વત્તાં કરવાથી, તેનાં અર્થમાં ફેરફાર થવાથી, ઘણાંજ અનર્થો સર્જાય છે તેથી સર્વપ્રકારની વાકયશુદ્ધી, ઉચ્ચારશુદ્ધી જાળવવી [ સૂત્રોના ] તેનાં અર્થ પણ મનઘડંત રીતે ન ઘટાવાય.

રત્નોની ખાણુસ્વરૂપ શ્રીજિનસાશનમાં પાકેલા મહાપુરૂષોએ જ્ઞાનના આઠ આચારોને જ આભારી છે સાધ્વીજીનાં ઉત્તમજ્ઞાનાચારનાં પાલનને કારણે જ શ્રી જિનશાસનને ૧૪૪૪ ગ્રંથના કર્તા "યાકિનિ મહત્તરા સુનુ" શ્રી હરિભદ્રાચાર્યની પ્રાપ્તિ થઈ હતી. જે હરિભદ્રસૂરીજી પોતે સંસારીપણે બ્રાહ્મણ હતાં અને, જૈનધર્મના કટ્ટર દ્વેષી હતાં, પરંતુ પ્રકાંડ વિદ્વાન પણ હતાં. વિદ્વત્તાનો ગર્વ તેમને એટલો હતો કે તેઓએ નિશ્ચય કર્યો હતો કે જ્ઞાનને ધાર્મિક વાદવિવાદમાં હરાવે તેનો હું શિષ્ય થાઉં, પૂ. હરિભદ્રસુરીજીનો પૂર્વકાલનો જૈન ધર્મ પ્રત્યેનો દ્વેષ એટલો હતો કે તેઓ પ્રરૂપણા કરતાં.

"हस्तिना ताड्यमानोऽपि न गच्छेद् जैनमंदिरे"

કદાચ સામેથી ગાંડો હાથી દોડતો આવતો હોય તો તેનાં પગ નીચે કચડાઈ મરવું સારૂં, પરંતુ બચવા માટે પાસેના જૈનમંદિર ન જવું, એવું કહેવાવાળાં હરિભદ્ર એકવાર સાધ્વીજીનાં ઉપાશ્રય પાસેથી પસાર થઈ રહ્યાં છે સૂત્રપોરિસિનાં સમયે સાધ્વીજી મોટેથી સૂત્રની ગાથાઓનો સ્વાધ્યાય પરાવર્તન કરી રહ્યાં છે હરિભદ્ર નીચે ઉભાં સાંભળે છે,

"ચક્કી દુગં હરિપણુગં, ચક્કીણ કેસવો ચક્કી"

એવી એ ગાથાનો અર્થ ઘણો વિચારવા છતાં

હરિભદ્રને સમજાયો નહીં. ગર્વિષ્ઠ હોવા છતાં જ્ઞાનપ્રત્યેનો રાગ જિજ્ઞાસા પણ તેઓની તેટલી ઉત્કટ હતી. તેથી જ કહેવાય છે કે "કર્મે શૂરાતે ધર્મે શુરા" જે તીવ્ર અભિમાની અને જૈનધર્મના તીવ્ર દ્વેષી તે જ જૈન-શાસનનાં પરમ પ્રભાવક બની શક્યા. હરિભદ્રબ્રાહ્મણ ઉપાશ્રયમાં પ્રવેશી વિનયપૂર્વક સાધ્વીજીને તે ગાથાનો અર્થ પૂછે છે ત્યારે તે વિચારશીલ, સુયોગ્ય એવાં સાધ્વીજી પણ અનિન્હવપણાંનો જ્ઞાનાચાર પાળતાં હોવાથી પોતે મોટા-પણું ન લેતાં, એમ જાણ્યું કે આ મહત્ વિદ્વાન બ્રાહ્મણ છે, અને જો બુઝે તો જૈનશાસનનો મહાપ્રભાવક બને તેમ છે. એમ સમજીને તેમણે કહ્યું કે અર્થ બતાવવાનું કામ અમારાં ગુરૂદેવ, આચાર્ય ભગવંતોનું છે. તેમની પાસે જાવ.

જેમને જ્ઞાનની તીવ્રપિપાસા હોય, તે તો જ્યાં કહો ત્યાં તે મેળવવા જવાનાં હરિભદ્ર આચાર્ય ભગવંત પાસે પહોંચ્યા ત્યારે તેમની યોગ્યતા, પાત્રતા અને ભાવિ-કલ્યાણ જોઇને ગુરૂભગવંતે કહ્યું કે અર્થ જાણવા માટે જૈની દિક્ષા ગ્રહણ કરવી પડે, સૂત્રનાં યોગ્ય યોગ, ઉપધાન તપ કરવા પડે. ત્યારે વિધિપૂર્વક સૂત્રની વાંચના મેળવીને અર્થ જાણી શકાય છે, તો જાણવાની તીવ્ર ઉત્કંઠાને પરિણામે એક વેળાનાં કટ્ટરદ્વેષી એવા હરિભદ્ર બ્રાહ્મણ જૈનસાધુપણું અંગીકાર કરે છે અને ગુરૂભગવંતના યોગ્ય વિનય વૈયાવચ્ચ આદિ આરાધનાનાં ફળ સ્વરૂપે જૈન-

શાસનના મહાન ઝળહળતા સિતારા સ્વરૂપ પ્રભાવક આચાર્ય બને છે, આ બધો પ્રભાવ "યાકિની મહત્તરા" નામના સાધ્વીજીએ કરેલ જ્ઞાનાચારનાં પાલનનો ગણાય. એટલે જ્ઞાનાચારનું પાલન સ્વપરને ઉપકારી બને છે પોતે શેરૂભગવતો, વડિલો સદા સ્વાધ્યાય, જ્ઞાનધ્યાનમય રહેતા હોય, તો તેની અસર આજુબાજુ પડવાની જ, આ જ જ્ઞાનાચારનાં ઉત્તમ પાલનને કારણે – શ્રી જૈનશાસનને અદ્ભુત ચારિત્રથી ભરેલા મહાનયુગપ્રધાન છેલ્લાં દશપૂર્વી એવા શ્રી વજ્રસ્વામિની ભેટ પ્રાપ્ત થઈ હતી.

શ્રી વજ્રસ્વામિની માતાએ તેમના સદા રોવાથી કંટાળીને જ્યારે પિતામુનિને વહોરાવ્યા, ત્યારે તે બાળકને લાલન પાલનાર્થે યોગ્ય શ્રાવિકાને સોંપવામાં આવ્યા હતા. શ્રાવિકા નિયમિત બપોરના સમયે જ્યારે જ્યારે ઉપાશ્રયે જાય, ત્યારે સાધ્વીજી મહારાજો સ્વાધ્યાય કરતાં હોય. પૂર્વનાં તીવ્રઉદ્યમનાં કારણે શ્રી વજ્રસ્વામિને જન્મથી "પદાનુસારિણી" લબ્ધિ પ્રાપ્ત થઈ હતી, તેથી સાધ્વીજીઓ જે જે મોટેથી ગોખે, સ્વાધ્યાય કરે તે એક-પદ ઉપરથી સંપૂર્ણ ગાથા વજ્રસ્વામિજીને મોઢે થતી, એવી રીતે ફક્ત ત્રણ વર્ષની વયમાં વજ્રસ્વામિજી અગ્યાર અંગોના ધારક જ્ઞાતા બન્યા હતા. તે બધો પ્રતાપ પૂ. સાધ્વીજી મહારાજ પ્રમાદનો ત્યાગ કરીને જે સ્વાધ્યાય કરતાં તે જ્ઞાનાચાર પાલનનો ગણાય.

આઠ વર્ષની વયે દિક્ષીત થયેલાં વજ્રસ્વામિજી એક

વખત જ્યારે સર્વ સાધુસમુદાય જુદા જુદા કાર્યપ્રસંગે બહાર ગયો છે ત્યારે સર્વના વિંટીયાઓ લઈને તેમને સાધુ તરીકે ધારીને, તેમને વાચના આપવા લાગ્યા.

બહાર ગયેલા શ્રી સિંહસૂરીજી પાછા આવીને દરવાજાની આડમાંથી આ સર્વ વૃતાંત જુએ છે અને વજ્રની બુદ્ધિ, ક્ષયોપશમ તેની અવધારણ શક્તિ, વાચના આપવાની લબ્ધિ, અને જ્ઞાન જોઈને વિસ્મિત થાય છે અને વિચારે છે કે આ બાળક હોવા છતાં મહાજ્ઞાની છે તેથી તેને બાળક માનીને તેની કોઈ આશાતના [જ્ઞાનીની આશાતના તે જ્ઞાનાવરણિયને બંધાવે] ન કરે. તેમ વિચારીને બીજે દિવસે સર્વસાધુસમુદાયને આજ્ઞા કરી કે, મારે કાર્ય પ્રસંગે થોડેક દૂર બીજાં ગામ જવાનું છે. સાધુઓાને જ્ઞાનની તીવ્ર લાલસા જિજ્ઞાસા હોવાથી તેઓએ પૃચ્છા કરી કે ગુરૂદેવ ? આપ ખુશીથી પધારો "પરંતુ અમારી વાચના જ્ઞાનાભ્યાસનું શું" ગુરૂઓ પ્રત્યેનો વિનય કેવો હોય ! શિષ્યો કેવા વિનિત, આજ્ઞાંકિત હોય, તે આ પ્રસંગે જોવાનું છે શ્રી સિંહસૂરીજી મ. સા. એ જણાવ્યું કે તમો ચિંતા રાખશો નહીં તમારી વાચના ચાલુ રહેશે. તમોને બાળમુનિ વજ્ર વાચના આપશે. સમુદાયમાં નાના–મોટા ઘણાં સાધુઓ હતા. અને વજ્રથી પર્યાયથી મોટાં હતાં છતાં કોઇએ ગુરૂનાં વચનનો પ્રતિકાર ન કર્યો કે ગુરૂદેવ ! ગુરૂદેવ" આ "શું અમારી મશ્કરી કરો છો ?" આ બાળમુનિ અમને આચારાંગ.ભગવતિ વિગેરેની

વાચના શું આપવાના ? કોઈ દલીલ નહીં, બીજા દિવસે સમગ્ર સાધુ સમુદાયે પોતાનાં ગુરૂની જેમ જ શ્રી બાળમુનિ વજ્રનો વિનય સાચવીને તેમને પાટ પર પ્રસ્થાપન કરીને બિધિપૂર્વક વંદનાદિ કરીને, તેમની પાસેથી વાચના ગ્રહણ કરી અપૂર્વલબ્ધિ જ્ઞાનકળાનાં ધારક વજ્રસ્વામિની વાચના શક્તિથી બધા સાધુઓ વિશેષ ખુશ થયા કારણ – ખુદ સિંહગિરીજી પાસેથી જે જ્ઞાન મેળવતા તેમને જલ્દી ચડતું ન હતું, તે બાળમુનિ એવી રીતે સમજાવતા કે તુરત આત્મસાત થઈ જતું તેથી જ્યારે સિંહસુરીજી પાછાં આંવી પૃચ્છા કરે છે. તમારી વાચનાં કેમ ચાલે છે ! ત્યારે સર્વેએ એકમુખે શ્રીવજ્રસ્વામિની પ્રશંસા કરી એટલું જ નહીં, ગુરૂને વિનતિ કરી કે હવે જો વજ્રસ્વામિજી વાચના આપે તો સારૂં, ગુરૂતો જ્ઞાનાચાર પાલનમાં સમર્થ હતા, તેઓ સમજતા હતાં કે વજ્ર પાસે જ્ઞાન છે પરંતુ તે વિધિપૂર્વક ઉપધાન યોગ વિગેરે જ્ઞાનાચારનાં પાલન આરાધનાપૂર્વકનું નથી. તેથી તે જ્ઞાન ચાલે નહીં. તે માટે ગુરૂભગવંતે તે વજ્રસ્વામિજીને યોગ્ય એવાં તપ અને યોગ ઉપાધાનવહન શ્રી વજ્રશમિજીને નાની વયે આચાર્યપદે સ્થાપન કર્યા. જ્ઞાનાચાર પાલનની આજ ખરી મહત્તા છે.

ફકત શ્રવર દ્વારા. વિધિ વિધાન વિના. મેળવેલું જ્ઞાન એ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમને આભારી હોવાથી કદાચ જ્ઞાન મળી શકે, પરંતુ તેનાં ફળસ્વરૂપ

જે ગર્વ ગળવો જોઇએ. તે ગર્વ ગળે નહીં. વાસ્તવમાં તો જ્ઞાન મળવાથી ગર્વ જોઇએ. અને ગર્વ ગળે તો જ્ઞાન પણ મળે. અને ફળે છે. જેઓ ગુરૂ ભગવંતોના વિનય વૈયાવચ્ચ વિનાજ.યોગ ઉપધાન વિનાજ પુસ્તકો દ્વારાજ જ્ઞાન મેળવવા ઇચ્છે છે. તેઓને તેમના પૂર્વનાં જ્ઞાનાવરણિય કર્મના ક્ષયોપશમને બળે જ્ઞાન તો મળે, પરંતુ સામે ગર્વ વધે કે મારી બુદ્ધિ કેવી ? કોઇનાં ભણાવ્યા વિના, હું કેવો જ્ઞાની, જ્યારે વિધિપુર્વક ગુરૂમુખેથી વાચના દ્વારા ઉપધાન યોગ કરીને જ્ઞાન મેળવે છે તો તેથી. જ્ઞાનાવરણિયતો ખપે જ છે. સાથે મોહનીય કર્મ પણ ખપે છે. તેથી મોહનીયના ક્ષયોપશમ પુર્વકનો જ્ઞાનાવરણિયનો ક્ષયોપશમ તે જ આત્મહિત કરનારો હોય છે. અદ્ભુત ચારિત્રનાં ધારક વજૂસ્વામિજીએ ત્રણ વર્ષનાં બાળવયમાં મેળવેલું અફાટ જ્ઞાન કયા પુરૂષાર્થના બળે મેળવ્યું હતું.

વજૂસ્વામિ તરીકેનાં ભવમાં તો તેઓએ દીક્ષા પહેલાં કોઈ ઉપધાન યોગ કર્યા ન હતા. જ્ઞાન પ્રાપ્તિ માટેનો કોઈ પુરૂષાર્થ ન હતો. છતાં આવી ઉત્તમ જ્ઞાન પ્રાપ્તિ કયાંથી થઈ. તે માટે તેમનો પુર્વભવનો ઉત્કટ પુરૂષાર્થ જાણવા વિચારવા લાયક આદરવા લાયક છે.

વજસ્વામિ પુર્વભવમાં તિર્યગજૂંભક દેવ હત. એક વખતે મિત્રદેવની સાથે અષ્ટાપદ પર્વત પર જાય છે. તે વખતે સૂર્યકિરણનાં આલંબનથી ચડતા ગૌતમ સ્વામિને

જુએ છે અને ગૌતમ સ્વામિનું રૂષ્ટપુષ્ટ શરીર જોઈ વિચારે છે કે સાધુ તો તપોધની કહેવાય. અને આ રૂષ્ટ પુષ્ટ કેમ ! ગૌતમ સ્વામીજીએ જ્ઞાનોપયોગ વડે તેનાં મનની શંકા જાણી. સમાધાન કરવા માટે પુંડરિક કંડરીક અધ્યયન કહ્યું, તે સાંભળતા ગૌતમ દ્વારા તેમનામાં શક્તિનો વિનિયોગ થયો. ગૌતમ સ્વામિ તેમજ તેમણે કહેલ પુંડરીક અધ્યયન તિર્યંગજંભક દેવ એક દિવસમાં (પાંચશો) ૫૦૦ વખત એમ પાંચશો વર્ષ સુધી સ્વાધ્યાય કરે છે અને શ્રુતજ્ઞાનમાંથી ચિંતાજ્ઞાની બની તેમાંથી ભાવનાજ્ઞાની બન્યા. ગૌતમસ્વામિના શક્તિનાં વિનિયોગથી જ "ત્રણ વર્ષનાં સાધ્વી મુખથી અંગ અગ્યાર ભણંતારે" દીર્ઘકાળ સુધી નિરંતર સત્કાર પૂર્વક પુંડરીક કંડરીક અધ્યયનનાં સ્વાધ્યાય દ્વારા એવી સિદ્ધિ પ્રાપ્ત થઈ જે અજોડ બની. આ સર્વે જ્ઞાનાચારોનાં આચરણથી જ્ઞાના-વરણિય કર્મો ખપે છે તેવી જ જીવ ક્રમિકપણે આત્મિક વિકાસનાં માર્ગે આગળ વધતો વધતો અનંતજ્ઞાનનાં દિવ્ય, ભવ્ય, અલૌકિક, અમાપ એવા પ્રકાશને પામી શકે છે.

ઉત્તમ શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ વિના, જીવને આરા-ધનમાં, ક્રિયાઓમાં અનુષ્ઠાનોમાં, રસ પ્રગટતો નથી.

"ક્રિયા વિના જ્ઞાન નહિ કબહુ, ક્રિયા જ્ઞાન વિણુ નાહિ ।
ક્રિયા જ્ઞાન દોઉ મિલત રહત હે, જયોં જલરસ જલમાંહિ ॥

જ્ઞાન વિના, સમજણુ વિના, મહતા અને ફળ જાણ્યા વિના કોઇ ક્રિયા અનુષ્ઠાનોમાં જીવનો પ્રવેશ અથવા તેમાં સ્થિરતા નથી. ક્રિયા વારંવાર કરવાથી જ્ઞાન દૃઢ થાય છે. "એકલી ક્રિયા આંધળી અને એકલું જ્ઞાન પાંગળુ છે" બંનેનો સુમેળ "જ્ઞાનક્રિયાભ્યામ્ મોક્ષ:" જ્ઞાન અને ક્રિયા એક સિક્કાની બે બાજુ સ્વરૂપ છે. જેવી રીતે જળ અને તેનો રસ, તેનો સ્વાદ જુદા નથી હોતા, બંને એકમેક જ છે તેમ સાચો જ્ઞાની ક્રિયા વિના રહી શકે નહી. અંકુશ વગરનો હાથી, લગામ વગરનો ઘોડો, તેમ જ્ઞાન વગરનું મન જીવનને બેહાન-મેદાન કરી નાંખે છે. "બહુ કોડો વર્ષે ખપે, કર્મ અજ્ઞાની જેહ" જ્ઞાની શ્વાસોશ્વાસમાં કર્મ ખપાવે તેહ" અજ્ઞાની કોડો ભવનાં તપવડે જે કર્મ ખપાવી શકતો નથી. તે કર્મનો ક્ષય જ્ઞાની શ્વાસોશ્વાસમાં સાધે છે. પ્રકાશમાન, જયોતિસ્વરૂપ, આત્મજ્ઞાનને સર્વ ભવ્યો જ્ઞાનપદની આરાધના દ્વારા પામે એ જ મંગલકામના.

---

# 卐 શ્રી ચારિત્ર પદ 卐

## ચારિત્ર પદનું સ્વરૂપ :-

શાશ્વત ઓળીનો આજે આઠમો દિવસ છે. આઠમે પદે ચારિત્ર પદ છે. તેનું સ્વરૂપ સમજાવતા આચાર્ય ભગવાન રત્નશેખરસુરીશ્વરજી ફરમાવે છે.

असुह किरियाण चाओ, सुहासु किरियासु जो य अपमाओ ।
तं चारित्तं उत्तमगुणजुत्तं पालह निरुत्तं ॥

હે ભવ્ય આત્માઓ, અશુભ ક્રિયાનો ત્યાગ અને શુભ ક્રિયામાં અપ્રમાદ તે પ્રકારના ચારિત્રનું પાલન કરો. તે ચારિત્ર કેવું છે ? તે ચારિત્ર ઉત્તમ એવા મૂળ તથા ઉત્તર ગુણથી યુક્ત છે, અને જેના પાલનથી આઠે કર્મનો નાશ થાય છે. પહેલીજ વાત હિંસા અસત્યાદિ અશુભ ક્રિયાના ત્યાગની કરી છે. શાસ્ત્રમાં સ્થળે સ્થળે અશુભના ત્યાગનો ઉપદેશ છે. અહિં પણ એજ છે. અશુભ ક્રિયાનો ત્યાગ તથા શુભ ક્રિયામાં અપ્રમાદી બની તે પ્રકારના ચારિત્રનું હે ભવ્યો ! મૂળ તથા ઉત્તર ગુણ સાથે પાલન કરો, તેથી આઠે કર્મનો નાશ થશે.

## અશુભ ભાવ હઠતા શુભ પોતાની મેળે હઠી જાય છે:-

ઉપદેશ બધે અશુભ છોડવાનો હોય છે, પાપ છોડવાનો હોય છે. અશુભ વિકલ્પ છોડવા જેવા છે. અશુભ ક્રિયાનો ત્યાગ કરી આત્મા શુભ ક્રિયામાં અપ્રમત્ત થાય એટલે તે એવી કક્ષાએ પહોંચે છે કે શુભ એની

મેળે છુટી જાય છે. જે જીવો બાળ દશામાં હોય તેને પંડિત જીવોને યોગ્ય તેવો ઉપદેશ આપવો તે તેનું અહિત કરવા બરાબર છે. જ્યાં જીવ અશુભ ક્રિયામાં પડયો હોય ત્યારે તો તેની ભુમિકા શુદ્ધ કરવા માટે શુભનો ઉપદેશ આપવો જરૂરી છે. શરીરમાં મળ જામે ત્યારે તમે જુલાબ લો છો, અને તેથી મળ નીકળી જાય છે. પરંતુ જુલાબ કાઢવા માટે બીજું કંઇ લેવું પડતુ નથી. જુલાબ તો એની મેળે નીકળી જાય છે. તેને કાઢવા માટે બીજા પ્રયોગની જરૂર પડતી નથી. બહુ મળ જામ્યા હોય ત્યારે તમે એનીમા પણ લો છો. એનીમા મળ પલાળીને બહાર કાઢે છે, ને સાથે એનીમાથી ચડાવેલું પાણી પણ નીકળી જાય છે. શુભ ક્રિયામાં એવું સામર્થ્ય છે કે તેથી અશુભ ક્રિયા હઠતાં શુભ પણ પોતાની મેળે હઠી જાય છે. અશુભ ક્રિયા હજુ થતી હોય ત્યાં શુદ્ધનો ઉપદેશ કરવો તે શાસ્ત્ર સંગત વાત નથી. કદાચ કોઇ કહેશે, "જીવને સદા માટે શુભમાંજ રાખવો ? તેને શુદ્ધનો ખ્યાલ પણ ન કરાવવો ?" લક્ષ્ય શુદ્ધનુંજ રાખવાનું છે. અને શુદ્ધના લક્ષ્યેજ વ્યવહાર કરવાનો છે. શુદ્ધનું લક્ષ્ય રાખીને વ્યવહાર છોડી ન શકાય. શુભ ભાવ પણ એકાંતે ઉપાદેય નથી તેમ કહેવું તે મિથ્યા વાત છે. મોક્ષના લક્ષ પુર્વકનો શુભભાવ ઉપાદેયજ છે તેમ કહ્યું છે તેજ સાચી વાત છે.

**બન્ને નયોનું આલંબન જરૂરી છે :-**

શુદ્ધ ભાવ કરતાં શુભ ભાવ ઉતરતો છે. છતાં શુભ

ભાવ ધર્મ તો છેજ. શુભ ભાવને વિકાર કે અધર્મ કહેનાર ભગવાનના શાસનની ઘોર અશાનતા કરે છે. તીર્થનો ઉચ્છેદ કરે છે. શુભ વ્યવહારના આલંબન વગર શુદ્ધ પામી શકાતું હોત તો તીર્થ સ્થાપવાની જરૂર ન રહેત નિશ્ચયવાદીના હિસાબે તો તીર્થ સ્થાપનાની પણ જરૂર રહેતી નથી. શુભ એ વિકાર છે. અને એકાંતે હેય છે, તેનો અર્થ તો એ થયો કે ભગવાને સ્થાપેલું તીર્થ હેય છે. વ્યવહાર ઉત્થાપવા જતાં તો તીર્થનો પણ વિચ્છેદ થાય છે. અને નિશ્ચયને ઉત્થાપવા જતાં તત્વનો લોપ થાય છે. માટે બન્ને નયોને વળગી રહેવું જોઈએ. બન્નેનું અવલંબન લેવું જોઇએ. નિશ્ચયના લક્ષે વ્યવહાર કરાય છે. તેનાથી પરંપરાએ મોક્ષ છે. નિશ્ચયની સિદ્ધિ છે. જો એમ ન હોત તો દીક્ષા લેતી વખતે શ્રી તીર્થંકર ભગવંતોને પંચમહાવ્રતો ઉચ્ચરવાની જરૂર ન રહેત. શુદ્ધ ઉપયોગ નિર્વિકલ્પ દશા છે. તે દશા એની મેળે આવી જતી હોત તો દીક્ષા વખતે પંચમહાવ્રત ઉચ્ચરવાની જરૂર શી હતી ? નિશ્ચય એકાંતે ઉપાદેય અને વ્યવહાર એકાંતે હેય તે વાત બરાબર નથી. અમુક ગુણસ્થાને નિશ્ચય પ્રધાન હોય છે અમુક ગુણસ્થાને વ્યવહાર પ્રધાન હોય છે. એકજ નિશ્ચયનય ઉપાદેય છે અને વ્યવહાર એકાંતે હેય છે. તે વાત શાસ્ત્રની નથી; પરંતુ પોતાના ઘરની વાત છે. નયને ગૌણ પ્રધાન કરવામાં મિથ્યાત્વ નથી. એકાંતમાં મિથ્યાત્વ છે. વ્યવહારમાં ધર્મ માનનાર મિથ્યાત્વી નથી. પણ એકાંતવાદી મિથ્યાત્વી છે. સાપેક્ષ માનનાર સાચા છે.

સાપેક્ષવાદને ઉત્થાપનારા અને નિરપેક્ષવાદ ઉભો કરનારા આત્માને અનંત સંસારી કહ્યા છે.

## શુદ્ધને ભજવા માટે યોગ્યતા જોઈએ :-

અશુભ ક્રિયાનો ત્યાગ કરી, શુભમાં રહી અપ્રમત યોગ આવતાં શુદ્ધ ઉપયોગ પ્રધાન થાય છે. અશુભમાં પડેલાને શુદ્ધનો ઉપદેશ કોઈ રીતે હિતકારી નથી. હિંસા અસત્યમાં પડયા હોય તેની પાસે શુદ્ધની વાત કરવી તે ગધેડાને ગીતા સંભળાવવા જેવું છે. તેઓ શુદ્ધમાં તો સીધા જઇ શકે તેમ નથી. માત્ર શુદ્ધના ઉપદેશથી અશુભની જેમ શુભને પણ તેઓ હવે સમજી અશુભમાંજ રહેવાના છે. માર્ગમાં રહી આરાધના કરવી હોય તો આ મુદ્દો ભુલશો નહિં. ગમે તે આત્મા શુદ્ધને ન ભજી શકે. તેને માટે યોગ્યતા જોઇએ. ઇચ્છા યોગ્યાનું ઠેકાણું નથી ત્યાં સામર્થ્ય યોગની વાત કરવાનો શો અર્થ છે ?

## ઈચ્છાયોગઃ શાસ્ત્રયોગઃ સામર્થ્યયોગ :-

આચાર્ય ભગવાન શ્રી હરિભદ્રસુરીએ ત્રણ યોગ કહ્યા છે. પહેલો યોગ છે ઇચ્છાયોગ. ધર્મ આરાધવાની પ્રબળ ઈચ્છા થાય તે ઇચ્છાયોગ. આ યોગ ચોથા ગુણ-સ્થાને આવે છે જેનો વિષયાભિલાષ મંદ પડી ગયો છે, અને મોક્ષાભિલાપ જાગ્રત થયો છે. અને મોક્ષ પામવા માટે પુરૂષાર્થ કરવાની પ્રબળ ઈચ્છા થઇ છે તે ઇચ્છા યોગમાં છે. તે ઈચ્છા પુરી કરવા શાસ્ત્ર પ્રમાણે અને

ભગવાનની આજ્ઞા પ્રમાણે અનુષ્ઠાન આદરે છે. તેને શાસ્ત્રયોગ કહ્યો છે. જયારે આત્મા તે યોગને પણ ઓળંગી જાય, અને તદન અપ્રમત દશા પ્રાપ્ત કરે ત્યારે સામર્થ્ય યોગ આવે છે. આ દશા ક્ષપક શ્રેણીમાં આવે છે. જયાં ઇચ્છા યોગનું ઠેકાણું નથી ત્યાં સામર્થ્ય યોગમાં ચડાવવાનો અર્થ શો છે? એ તો લાકડે માંકડું વળગાડવા જેવું થાય. સંગ્રહણીના દર્દીને ચક્રવર્તીના ભોજન પીરસવા જેવી આ વાત છે. ચક્રવર્તીનું ભોજન મહાસ્વાદવાળું અને અતિ પૌષ્ટિક હોવા છતાં સંગ્રહણીનો દરદી તેનું સેવન કરે તો તેનું મૃત્યુ થાય, કારણ તે પચાવવાની તેની તાકાત નથી ચક્રવર્તીમાં તે પચાવવાની તાકાત છે. એટલે તેજ ભોજન ચક્રવર્તીને અમૃતતત્વરૂપે પરિણમે છે અને બળની વૃદ્ધિ કરે છે. સામર્થ્ય યોગ જેણે સાધ્યો છે તેવા મહાત્મા-ઓને શુદ્ધ ભાવરૂપી ભારે ભોજન પચે અને અમૃતરૂપે પરિણમે- અશુભ ભાવમાં રહેતાને શુદ્ધભાવ રૂપી ચક્રવર્તીના ભોજન પીરસવા તે તો મહા મુર્ખતા છે. કારણ તેથી તેનું ભારે અહિત થાય છે. આવો શુદ્ધનો એકાંત ઉપદેશ આપનારને નિર્દયી કહ્યા છે કારણ કે તે અનેકનો નાશ કરનાર છે. આજના નિશ્ચયવાદીઓના નિશ્ચયવાદનું પણ કયાં ઠેકાણું છે? આત્મા જ્ઞાનાનંદ સ્વભાવી છે. તે કંઇ પરનું કરતો નથી. જડની ક્રિયા જડથી થાય છે. આત્માની આત્માથી થાય છે. બસ એટલામાંજ તેમનો નિશ્ચય ધર્મ સમાઈ જાય છે. પણ એમને ખબર નથી કે ખરો નિશ્ચય ધર્મ તો અંતિમ ગુણ ઠાણાના અંતિમ ભાગે કહ્યો છે.

એટલે કે શૈલેષીકરણને અંતે કહ્યો છે. તે ધર્મને પામવાના જે જે ગુણસ્થાનકોમાં જે જે સાધનો કહ્યા હોય તે વ્યવહારે ધર્મ છે. કારણમાં કાર્યનો ઉપચાર થતાં તેને પણ ધર્મ કહી શકાય છે. જ્યારે આજના નિશ્ચયવાદીઓને નિશ્ચય ચારિત્ર, નિશ્ચય સમકિત અને નિશ્ચય જ્ઞાનની ગંધ પણ નથી. કેવળ વ્યવહારને ઉત્થાપવા માટેજ તેઓ નિશ્ચયનો બકવાદ કરતા હોય છે. ખરેખર તેમના નિશ્ચયનો બકવાદ વિચારતાં તો એમજ લાગે કે તેમના નિશ્ચયના મોં માથાનુંજ ઠેકાણું નથી.

**જ્ઞાનાચાર આદિ પોત પોતાની મર્યાદા સુધી ઇષ્ટ છે:-**

પૂજ્ય ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજ જ્ઞાનસારમાં ફરમાવે છે:-

**ज्ञानाचारादयोऽपीष्टाः शुद्धस्वस्वपदावधि ।**
**निर्विकल्पेपु नस्त्यागे न विकल्पो न च क्रिया ॥**

જ્ઞાનાચાર આદિ પણ શુદ્ધ એવા પોત પોતાના પદની મર્યાદા સુધી ઇષ્ટ છે. જેમકે કેવળજ્ઞાન ન આવે ત્યાં સુધી જ્ઞાનાચારનું પાલન ઇષ્ટ છે. તેમ ક્ષાયિક સમકિત ન આવે ત્યાં સુધી દર્શનાચારનું પાલન ઇષ્ટ છે. એ રીતે પંચાચારનું આરાધન પોત પોતાના પદની મર્યાદા સુધી ઇષ્ટ છે. જ્યારે નિર્વિકલ્પ ત્યાગ આવે ત્યારે વિકલ્પો રહેતા નથી, એટલે ક્રિયા પણ કરવી પડતી નથી. પરંતુ જ્યાં ચોવીશે કલાક વિકલ્પો ચાલતા હોય ત્યાં સામાયિક પ્રતિક્રમણ આદિની જરૂર નથી, સામાયિક પ્રતિક્રમણ આદિની ક્રિયા જડ છે તેમ કહેવું તેનો કશો

અર્થ નથી. તો પછી રોજ ત્રણ વખત વ્યાખ્યાન શા માટે આપો છો? તે ચેતનની ક્રિયા હશે? એના જવાબમાં નિશ્ચયવાદીઓ કહે છે:- "અમે કયાં વ્યાખ્યાન આપીએ છીએ? એ તો ભાષા વર્ગણા એના કારણે છુટે છે." એના કારણેજ છુટે છે કે તેમાં તમારો ઉપયોગ ભળે છે ખરો? જો ભાષા વર્ગણા એના કારણે છુટતી હોય અને યોગની ક્રિયામાં ઉપયોગ ન ભળતો હોય તો ગમે તેમ બકવાદ થાય, અસ્ખલિત વાણી પ્રવાહ ન વહે. શબ્દે શબ્દે સ્ખલના થાય. યોગ ને ઉપયોગ ભેગા થાય છે એટલે વાણીનો પ્રવાહ અસ્ખલિત ચાલે છે. કેટલાક કહે છે, "બહુ ઝીણી વાત નિશ્ચયવાદીઓ કરે છે." માર્ગ લોપીને ગમે તેવી ઝીણી વાત કરે તે શા કામનું? ઝીણું શસ્ત્ર ગમે તેવું હોય પણ ચલાવતાં ન આવડે તો પ્રાણ નાશ કરે છે. ગમે તેમ ઝીણી વાત ચલાવવાથી અનેકનું અહિત થાય છે.

## આત્મા અન્યને વશ છે ત્યાં સુધી આવશ્યક ક્રિયા જરૂરી છે:-

"ક્રિયાની શું જરૂર? જડ ક્રિયાથી શું લાભ? તેમ કહેનારજ જડ છે. પોતે પ્રમાદમાં પડયા છે ને ક્રિયા કરનારને જડ કહેવા નીકળ્યા છે. ક્રિયા ન કરનાર જડ છે. નિર્વિકલ્પ દશામાં ક્રિયા ન હોય, વિકલ્પ ન હોય એટલે ક્રિયા પણ ન હોય. આત્મા જયાં સુધી અશુભ વિકલ્પ અને પાંચ પ્રમાદમાં હોય ત્યાં સુધી ક્રિયાની જરૂર છે જ.

આ નિશ્ચયવાદીઓ મનફાવતી ક્રિયા તો જરૂર કરે છે. તેઓ સ્વાધ્યાય કરે છે તે ચેતન અને પ્રતિક્રમણ એ જડ તે કયાંનો ન્યાય? તેઓ કહે છે—જ્ઞાનની અમારી અપુર્ણતા છે. એટલે સ્વાધ્યાય જરૂરી છે. ચારિત્રની સંપુર્ણતા હશે કેમ? ચારિત્રની અપુર્ણતા હોય ત્યાં સુધી ક્રિયા પણ જરૂરી છે તે સમજી લેશો. કેવળજ્ઞાન આવે ત્યારે સ્વાધ્યાય પણ ન હોય. તેમ યથાખ્યાત ચારિત્ર આવે એટલે ક્રિયાની પણ જરૂર રહેતી નથી. ક્ષાયિક ભાવ આવે ત્યારે ક્ષાયોપશમીક કે ઓપશમીક ભાવની જરૂર રહેતી નથી. ત્યારે ષડ આવશ્યકની પણ જરૂર નથી. પરંતુ આત્માં અન્યને વશ છે ત્યાં સુધી આવશ્યક જરૂરી છેજ. આત્મા અશુભ યોગને વશ છે ત્યારે પ્રથમ શુભ ઉપયોગમાં—શુભ-યોગમાં લાવવો પડે છે. સ્વવશ થાઓ એટલે વિષય કષાયની પરવશતા રહે નહિ પછી આવશ્યક પણ જરૂરી નહિ રહે.

## યોગ અને ઈંદ્રિયો ઉપર નિયંત્રણ મુકનાર શુભ વ્યવહાર છે :—

આજ કાલ લોકો કહે છે, "મહારાજ, જ્ઞાનમાં બહુ રસ આવે છે, પરંતુ પ્રતિક્રમણમાં ઝોલા આવે છે." અંદરના પરિણામ પોલા હોય ત્યાં ઝોલાંજ આવે ને? પ્રતિક્રમણનો ભાવ અને તેની આવશ્યકતા સમજાય તો ઝોલાં ન આવે. આજકાલ તો વર્તનની વાત કડવી ઝેર જેવી લાગે છે. વ્યવહારના ઉત્થાપનની વાત કરે તેને

સ્વચ્છંદ પોષવો છે તેમ સમજી લેજો. યોગ અને ઈંદ્રિયો પર નિયંત્રણ મુકનાર શુભ વ્યવહારજ છે.

**વ્યવહારથી નિશ્ચય પમાય છે :-**

ક્રિયાને ઉત્થાપવી તે તીર્થ ઉત્થાપવા જેવું છે.

નિશ્ચય નવ અવલંબતાજી નવી જાણે તસ મર્મ,
છોડે જે વ્યવહારને જી લોપે તે જીન ધર્મ.

નિશ્ચય નયનું અવલંબન કરવા જતાં જે વ્યવહારનો પરિત્યાગ કરે તે નિશ્ચય નયનો મર્મજ જાણતો નથી. અંતે તે જૈન ધર્મનો પણ લોપ કરે છે. વ્યવહારના અવલંબન વગર તો કોઈ વિરલ આત્મા જ કલ્યાણ સાધી શકે છે. મોટા ભાગના જીવ તો વ્યવહારના અવલંબનથી નિશ્ચય પામે છે. વ્યવહારથી નિશ્ચય પમાય છે, એટલે વ્યવહારને મોક્ષનું પરંપર કારણ કહ્યું છે, અને નિશ્ચય પ્રાપ્ત થયા પછી તુરત મોક્ષ થાય છે. એટલે નિશ્ચયને મોક્ષનું અનંતર કારણ કહ્યું છે. આ ભેદ નિશ્ચય-વાદીઓ સમજતા નથી. તેઓ તો કહે છે, "જેમ હિંસાથી બંધ થાય છે તેમ અહિંસાથી પણ બંધ થાય છે. નિશ્ચય કે વ્યવહારથી પરની દયા પાળી શકાતી નથી" કેવી વિચિત્ર વાતો કરે છે ! બીજા જીવોને બચાવવાનો ભાવ કરવો તેને તેઓ મિથ્યાત્વ કહે છે. આ તો સંચોડો માર્ગ લોપવા બેઠા છે નિશ્ચયથી આત્મા મરતો નથી. એટલે નિશ્ચયથી આત્માની હિંસા થાય નહિ તે વાત બરાબર છે. પરંતુ વ્યવહારથી હિંસા થાય છે. આત્માને હિંસાથી દેહનો વિયોગ તો થાય છે કે નહિ ? પ્રમત્ત

યોગથી બીજા જીવોનું પ્રાણ વ્યપરોપણ (વિધ્વંસન) તેને હિંસા કહી છે. કોઇને કોઈના જીવનનો વિયોગ કરાવવો તે પાપ છે. તેમ નહિં માનનાર તો હાઇડ્રોજન બોંબ ફેંકનારને પણ હિંસક નહિં કહે. કારણ કે તેમના હિસાબે તે ક્રિયા તેણે કરી નથી પણ તે સમયે હાઇડ્રોજન બોંબની તેની પર્યાય થવાનીજ હતી. તેઓએ સમજવું જોઇએ કે વ્યવહારથી હિંસા ઉભીજ છે, અને તે કરનારો આત્મા પોતેજ છે. હિંસા કરવા વાળાના પરિણામ વિધ્વંસ થાય તે પણ મોટી હિંસા છે. શરૂઆતમાં અશુભ છોડી શુભ ક્રિયામાં અપ્રમત્તપણે રહેવાનો ઉપદેશ છે નિર્વિકલ્પ દશા આવે ત્યારે ક્રિયા ન રહે. મૂળ તથા ઉત્તર ગુણો સહિત આ રીતે ચારિત્રની આરાધના કરવી જોઇએ. પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ ચારિત્રપદની નિશ્ચય નયથી વ્યાખ્યા કરતાં કહે છે :-

જાણ ચારિત્ર તે આતમા, નિજ સ્વભાવમાં રમતો રે;
લેશ્યા શુદ્ધ અલંકર્યો, મોહ વને નવિ ભમતો રે.

હે આત્મન્, આત્મા એજ ચારિત્ર છે. આ વાત સાંભળીને તમને થશે કે આ વાત તો ઠીક છે. હવે દીક્ષા લેવાની જરૂર ક્યાં છે ? આત્મા એજ ચારિત્ર. આત્મા ચિદાનંદ છે એ [illegible] ઊંચા [illegible] વાત છે. પરંતુ ભાણામાં સરસ પકવાન કે રાઇતા આવે ત્યાં પહોળા થાઓ છો ને મોઢામાં પાણી આવવા માંડે છે તો તે ટાઇમે ચિદાનંદ ક્યાં ગયો ? આવો આત્મા સદ્‌ચિદાનંદ નથી. ઠગ ચિદાનંદ છે. તપ જપની શી જરૂર તેમ કહેનાર આત્મા

અધ્યાત્મી નહિ પણ અધ્યાત્મી છે. અમારો આત્મા જ્ઞાન, દર્શન, ચારિત્રથી અભેદ છે, નિર્વિકલ્પ છે, સ્વાનુભવમાં રમણતા કરે છે તેવું કહે અને આત્મા પૌદ્‌ગલિક ભાવમાં રમતો હોય તો સમજવું કે એમ કહેનાર મોટો લબાડ છે. "ધર્મ ક્રિયાની જરૂર નથી. તપની શી જરૂર સામાયિકની શી જરૂર ?" એમ કહેનાર પ્લેગનો ઉદર છે. તે મરશે અને રોગના જતું ફેલાવી બીજાને મારશે. કલ્પસુત્રમાં આવે છે કે :- આવાને સંઘ બહાર મુકવા જોઈએ. ત્યારે તમે પૂછશો કે તમે કહો છો – "આત્મા એજ ચારિત્ર." તે ક્યારે અને કયો આત્મા ? જે નિજ સ્વભાવમાં રમતો હોય તે આત્મા ચારિત્ર છે. જેને પરભાવની ઉદાસીનતા થઈ છે, નિજ ભાવમાં રમણતા વધી છે, જેની અંતર્મુખ દશા છે, અંતર આત્મ દશામાં જે લીન છે તે આત્મા ચારિત્ર છે. આપણા જેવા આત્મા હજી તે સ્વરૂપે નથી. મહાવીર પ્રભુએ દીક્ષા લીધી ત્યારે તો આપણા કરતાં વધુ ચારિત્ર શીલ હતાં ને ? ભગવાને શા માટે ઘોર તપશ્ચાર્યા કરી ? નિશ્ચાય વાદીઓ કહે છે, "કે ભગવાને તપ કર્યું છેજ કયાં ? ભગવાન તો આત્મામાં લીન થયા, તેથી સ્હેજે ખોરાક છુટી ગયો અને તપ થઈ ગયું" શી દલીલ કરે છે ! તો પ્રભુએ દીક્ષા લેતી વખતે છઠનાં પચ્ચખાણ શા માટે કર્યા ? દીક્ષા લેતી વખતે "કરેમિ સમાઈયં" આદિ કેમ બોલે છે ? ખરી વાત તો એ છે કે તપથીજ આત્મામાં લીન થવાય છે. તપથી વિષય વાસનાના વિકાર શમી જાય છે, ત્યારેજ નિર્વિકાર એવા આત્મામાં લીન થવાય છે મહાવીર

પ્રભુનો આત્મા દીક્ષા લેતી વખતે આપણા કરતાં તો શુદ્ધ હતો ને ! એમને સાડા બાર વર્ષ ઘોર તપ કરવું પડ્યું તો આપણને નહિં કરવું પડે ? તેઓ તો તે ભવેજ મોક્ષે જવાના હતા. અને આપણું તો કંઈ ઠેકાણું નથી. તેથી આપણે તો વ્યવહાર ગૌણ કરવો પણ પાલવે તેમ નથી. કારણકે વ્યવહાર ગૌણ કરીશું તો ઠેકાણું નહિં પડે. બાહ્ય તપની અણાહારી પદ મેળવ્યા પછી જરૂર નથી. રહેતી બાહ્ય ચારિત્રની પણ આત્માનો શુદ્ધ ઉપયોગ અને નિર્વિકલ્પ દશા આવે ત્યારે જરૂર નથી રહેતી. કેમકે સાધ્ય સિદ્ધ થતા સાધન છુટી જાય છે. જેમ પર્વતના શિખર પર પહોંચીએ ત્યારે આરોહણની જરૂર રહેતી નથી, તેમ શુદ્ધ ભાવરૂપી શીખર પર પહોંચ્યા પછી વ્યવહારરૂપી આરોહણની પણ જરૂર રહેતી નથી.

**જે મોહવનમાં નથી રમતો તે સ્વભાવમાં રમે છે :-**

આગળ જતાં કહે છે-નિજ સ્વભાવમાં રમતો આત્મા કેવો હોય ? શુદ્ધ લેશ્યાથી અલંકૃત સ્વભાવમાં રમતો તે કહેવાય જે મોહ વનમાં ભમતો ન હોય. મોહનું વન કયું ? વન તો તમે ઘણા જોયા હશે. અનેક વનમાં ફરવા પણ ગયા હશો. મોહ વનમાં ફરવા ગયા છો ? સભામાંથી-રોજ ફરીએ છીએ. જયાં જયાં મોહ થાય તે મોહ વન. કંચનમાં મોહ થાય છે ને ? સભામાંથી - કંચન ઉપર તો સંસારની બધી રમત છે. કામીની ઉપર પણ મોહ થાય છે તે વાત તો સૌ માને છે. કાયા પર મોહ ખરોજ ને ? નહિંતર કંઈ આયંબીલ કરતાં જોર

આવે ખરૂં ? કુટુંબ ઉપર પણ મોહ ખરો ને ? સભામાથી-નહિંતર છેલ્લે વીલની ઉપાધી શા માટે કરે ? કીર્તી ઉપર પણ મોહ છે. આ પાંચે મોહ વન છે, અને તેનાથી વિરતિ તે ચારિત્ર છે. ગીરના વન તો હજી સારા. તેમાં પણ ભયંકર વન હોય છે. ત્યાં વાઘ દીપડા પણ હોય છે. પણ આ મોહરૂપી વનમાં પણ લોભરૂપી વાઘ ક્રોધરૂપી દીપડા એવા અનેક શ્વાપદોનો ઉપદ્રવ હોય છે. જે આત્મા મોહવનમાં ન રમતો હોય તે સ્વભાવમાં રમે છે તેમ કહેવાય.

**મનુષ્યગતિનું મહાતમ્ય ચારિત્રને કારણે છે :-**

દર્શન હોય, સાથે જ્ઞાન પણ હોય; પરંતુ ચારિત્ર ન હોય તો મોક્ષ ન થાય. જો ચારિત્રના અભાવમાં મોક્ષ થતો હોય તો દેવલોકમાં પણ મોક્ષ થાય. સર્વાથ સિદ્ધ વિમાનનાં દેવતાઓમાં જ્ઞાન ઘણું છે, દર્શન પણ ઉજળું છે, અવધિજ્ઞાન પણ ત્યાં હોય છે; પરંતુ ચારિત્ર નથી હોતું એટલે ત્યાં મોક્ષ પણ નથી. ચાર ગતિમાં મનુષ્ય ગતિનું મહાતમ્ય ચારિત્રના કારણે છે. દર્શન અને જ્ઞાન તો બીજી ગતિઓમાં પણ હોય છે. પરંતુ સર્વ ચારિત્ર મનુષ્ય ભવમાંજ હોય. તેથીજ મનુષ્યભવની દુર્લભતાનું સંગીત શાસ્ત્રોમાં ઠેર ઠેર સાંભળવા મળે છે. બીજી ગતિમાં ચારિત્ર મળતું નથી; તેથીજ મનુષ્ય ભવની દુર્લભતા છે. સંયમ પાળી શકાય મનુષ્યભવમાં, અને મોક્ષ પણ મનુષ્ય ગતિમાંજ થાય. મનુષ્યગતિ એ મોક્ષ જવાનું જંકશન

છે. અહિંથી ચારે ગતિના તથા મોક્ષના ફાટા નીકળે છે. જ્યાંની ટીકીટ જોઈતી હશે તે અહિંથી મળી શકશે. બોલો કયાંની કપાવવી છે? દેવગતિ, તીર્યંચગતિ, અને નારકીમાં અહિંથી જઈ શકાય છે. મનુષ્યગતિમાં પણ ફરી આવી શકાય છે અને મોક્ષનો રસ્તો પણ લઈ શકાય છે. બોલો કયાં જવાની ઇચ્છા છે? સર્વ વિરતિ ચારિત્ર મનુષ્યભવમાંજ પામી શકાય. જ્ઞાન, દર્શન તથા ચારિત્રનું એકીકરણ અહિંજ થાય છે.

सामाइय माईयं सुयनाणं जाव बिंदुसाराओ ।
तस्सवि सारो चरणं सारो चरणस्स निव्वाणं ॥

આચાર્ય ભગવાન ભદ્રબાહુજીસ્વામી આવશ્યક નિર્યુક્તિમાં કહે છે:– "સામાયિક શ્રુતિથી માંડીને ચૌદપુર્વના બિંદુસાર સુધી જે શ્રુત છે તે બધાજ શ્રુતનો સાર ચારિત્ર છે; અને ચારિત્રનો સાર તે નિર્વાણ." ચારિત્રની મહત્તા જેવી તેવી નથી. ગમે તેવું જ્ઞાન હોય પરંતુ ચારિત્ર ન હોય તો ચારિત્ર વગર સદ્ગતિ નથી. તેવો માનવી કેવો છે?

जहा खरो चंदणभारवाही,
भारस्स भागी न हु चंदणस्स ।
एवं खु नाणी चरणेण हीणो,
नाणस्स भागी न हु सोग्गईए ॥

ગધેડા ચંદનનો ભાર ઉપાડે છે તે માત્ર ભારનો ભાગીદાર છે. સુગંધનો નહિ. એક બાજુ ચંદન હોય અને

બીજી બાજુ દુર્ગંધ હોય તો ગધેડાનું મુખ કયાં હશે? દુર્ગંધમાંજ. ગધેડો એવી ઉપમા છેલ્લી કોટિવાળાને આપો છો ને? એક પ્રોફેસર લખવા બેઠો હતો. તે વખતે ગધેડો દુરથી ભુંકવા લાગ્યો. તેથી તેમની શાંતિમાં ખલેલ પહોંચી. કોણ અવાજ કરે છે તે જોવા જાય છે અને ગધેડાને જોતાં કહે છે:– 'બીજો કોઈ હોત તો તેને ગધેડા જેવો કહેત; પરંતુ આ તો સાક્ષાત ગધેડાજ છે તેને શું કહેવું?" એજ રીતે ગમે તેવો જ્ઞાની હોય પણ સાથે ચારિત્ર વગર મુક્તિ થતી નથી. જ્ઞાન એકલું પાંગળું છે. ક્રિયા એકલી આંધળી છે. બન્ને ભેગા થાય તો ઠેકાણું પડે. પ્રકાશ કચરો બતાવે. પરંતુ સારૂં તો ક્રિયા કરવાથી જ થાય. તેમજ જ્ઞાન તો આત્માના વિભાવ બતાવે, સ્વભાવ સમજાવે, પરંતુ વિભાવ કાઢવા જપ તપ કરવા જોઈએ. ચારિત્રનું આરાધન કરવું જોઈએ.

### ચારિત્રના પાંચ પ્રકાર

ચારિત્રના પાંચ પ્રકાર છે.

૧ સામયિક ચારિત્રઃ રાગદ્વેષનો ત્યાગ કરી સમતામાં આવવું તે.

૨ છેદોપસ્થાપનીય ચારિત્રઃ ભુલ થઈ હોય તેના દીક્ષા પર્યાયનો છેદ કરી ફરી દીક્ષા આપે તે સાતિચાર છેદોપસ્થાપનીય ચારિત્ર છે. જ્યારે વડી દીક્ષા તે નિરતિચાર છેદોપસ્થાપનીય છે. દીક્ષા પર્યાય વડી દીક્ષા થાય ત્યારથી ગણાય છે.

૩ પરિહારવિશુદ્ધિઃ ઉપરના ચારિત્રને શુદ્ધ કરવા જે ઉગ્ર તપ તપવામાં આવે તેને પરિહાર વિશુદ્ધિ ચરિત્ર કહેવામાં આવે છે.

૪ સુક્ષ્મ સંપરાયઃ અહિં માત્ર સુક્ષ્મ સંજ્વલન લોભનો અંશ રહ્યો હોય છે. દશમે ગુણસ્થાને આ ચરિત્ર આવે છે. પંદર કષાયના ઉપશમ અગર ક્ષયથી આ ચારિત્ર પ્રાપ્ત થાય છે.

૫ યથાખ્યાત ચારિત્રઃ સોળે કષાય ક્ષીણ અથવા ઉપશમ થયા પછી અગિઆરમે અને બારમે ગુણસ્થાને આ ચારિત્ર આવે છે. પ્રથમના ત્રણ ચારિત્ર કષાયના ક્ષય, ઉપશમ, અગર ક્ષયોપશમથી પ્રાપ્ત થાય છે. જ્યારે સુક્ષ્મ સંપરાય તથા યથાખ્યાત ચારિત્ર, ક્ષય તથા ઉપશમથી થાય છે. આ છેલ્લા બે ચારિત્ર ક્ષયોપશમથી થતા નથી. અગીયારમે ગુણસ્થાને આત્મા હોય તેને ઉપશમ ભાવનું ચારિત્ર હોય છે. ઉપશમભાવ યથાખ્યાત ચારિત્ર વાળો પડે પણ ખરો. જો આયુષ્ય ક્ષય થવાથી પડે તો સર્વાર્થ સિદ્ધ વિમાનમાં જાય. પરંતુ આયુષ્ય ઘણું હોય અને પડે તો કયા જાય છે કહેવાય નહીં. આ રીતે પડનાર ઓછામાં ઓછો એક ભવ કરે અને વધુમાં વધુ અર્ધ પુદ્ગલ પરાવર્તનથી કંઈક ઉણ જેટલો સમય સંસારમાં રખડે. જરા ભુલમાં પણ કેવી સજા થાય છે એ વિચારવા જેવું છે અગીયારમાં ગુણસ્થાને પ્રાયઃ વીતરાગ જેવી દશા છે. ઉપશમવાળું યથાખ્યાત ચારિત્ર છે. ભારેલા અગ્નિ જેવી દશા છે. ઉપશમભાવ એ

ચડી રહે, આયુષ્ય પ્રબળ હોય અને ત્યાંથી પડે તો પહેલે ગુણસ્થાને પણ જાય. થોડા પણ કષાયનો વિશ્વાસ કરવા જેવો નથી. અગીયારમે ગુણસ્થાને ચડેલાને પણ પાડીને કષાય અનંતકાળ રખડાવે છે.

થોડા પણ કષાય અનંતકાળ રખડાવે :-

થોડું પણ ઋણ, થોડોપણ વ્રણ થોડો અગ્નિ અને થોડો કષાય પણ આગળ જતાં આત્માને પાયમાલ કરે છે. થોડું પણ ઋણ હોય તો દરિદ્રી બનાવે, હાસ્યાત્વ કરાવે, એટલેજ કહ્યું છે "દેણો ભલો ન ભાપકો" વ્રણ વધતાં વધતા ભગંદર થાય ને ત્રાસનો પાર ન રહે. થોડો અગ્નિ પણ ફેલાતાં ફેલાતાં વનના વન અને ગામના ગામને બાળી નાખે. ન બળવા દેવું હોય તો અગ્નિને ફેલાતાં અટકાવવો જોઈએ. તેવીજ રીતે થોડો પણ કષાય અનંતકાળ રખડાવે. માટે કષાયને ઉપશમાવવો જોઈએ. પહેલાં ત્રણ ચારિત્રમાં બાર કષાયના ક્ષય. ઉપશમ અથવા ક્ષયોપશમ હોય છે. ચોથામાં પંદરનો અને પાંચમામાં સોળે કષાયનો ઉપશમ અગર ક્ષય હોય છે.

વૈરાગ્ય વગર ત્યાગ થતો નથી :-

ચક્રવર્તીઓ પણ ષટ્ખંડની સાયબી છોડી ચારિત્ર અંગીકાર કરે છે અને આત્મ કલ્યાણ કરે છે. વૈરાગ્ય હોય તો ષટ્ખંડની સાયબી છોડવી પણ સહેલી છે, અને વૈરાગ્ય ન હોય તો ફાટેલ કંથા છોડવી પણ કઠિન છે. ચક્રવર્તીઓએ તો ષટ્ખંડની સાયબીને તૃણની જેમ છોડી છે. આત્માનુ કલ્યાણ સાધવું હોય તો ચારિત્ર અંગીકાર

કરજો. જેનો પાપોદય હોય અને ન લઈ શકતા હોય તેના પ્રતિ તો અમારી કરૂણાજ છે.

ઇંદ્રો પ્રથમ વિરતિને વંદન કરે છે :–

ચારિત્રનો આદર કરતા રંક જેવો રંક પણ ઇંદ્રથી પૂજિત થાય છે. ઇંદ્ર હંમેશાં વિરતિને પ્રથમ પ્રણામ કરીને ઇંદ્રસભામાં બેસે છે. ઇંદ્ર માલદારને પ્રણામ કરતા નથી. ગમે તેવો માલદાર પણ ઇંદ્રના વૈભવ પાસે કશા હિસાબમાં નથી. ગમે તેવો ગરીબ હોય પરંતુ એ ચારિત્રનો આદર કરે છે એટલે ઇંદ્રો પણ તેમને પ્રણામ કરે છે. ચારિત્રની મહત્તા વર્ણવી શકાય તેવી નથી.

જે આત્મા આ સાંભળીને ચારિત્રપદની આરાધના કરવા તત્પર થશે તે બધા કર્મોને ખપાવી, પરંપરાએ મોક્ષ પામી. આત્માના અનંત સુખનો ભોક્તા થશે.

ચારિત્રપદ

"સંયમ કબ મિલે સસનેહિ પ્યારા હો....!"

"एग दिवसंपि जीवो पवज्ज मुवागमो अन्नमणो।
जईविन न पावई मोक्खं अवस्स वेमाणिओ होई।"

ત્રણ લોકમાં–ચૌદરાજલોકમાં સારમાં સાર જો કોઈ વસ્તુ હોય. આદરણિય પ્રેક્ષણિય, મનનીય શ્રવણિય ઇચ્છનીય. જો કોઈ વસ્તુ હોય તો તે ધર્મ છે અને ધર્મનો સાર એ સમ્યગજ્ઞાન છે અજ્ઞાન અંધકારમાં અથડાતા કુટાતા રખડતાતો જીવો અનંતકાળ કાઢે છે તેથી જ તે ઘનઘોર અંધકારને દૂર કરીને ઝળહળતાં આત્મિકજ્ઞાનનાં પ્રકાશને પ્રસરાવનાર સમ્યગજ્ઞાન એ જ ધર્મનો સાર છે ધર્મ-

પામ્યાની સમજવાની ધર્મ જીવનમાં ઉતાર્યાની નિશાની તે જીવનાં સમ્યગજ્ઞાનનાં પ્રકાશ પરથી મળે છે. અને જ્ઞાન મેળવ્યાંનું ફળ વિરતિ ચારિત્ર્ય. કોઈપણ વસ્તુનાં વ્યક્તિનાં પદાર્થોનાં ગુણદોષ જાણ્યા પછી તે મુજબ જો તે વસ્તુનો ત્યાગ અથવા આદર ન થાય તો તે વસ્તુ જાણી છે એમ કેમ કહી શકાય? કોઇ સારાં જાણકાર અનુભવી વૈદની પાસે આપણે ગયા. તેણે આપણાં રોગનું નિદાન કર્યું. તે પછી દવાઓ આપી. દવાનાં ગુણ ફાયદા બતાવ્યા. હવે તે દવા લાવીને આપણે કબાટમાં શોકેસમાં મુકી દઈએ. તેનું સેવન ન કરીએ રોજ તેને જોઈએ અને મનમાં ફુલાઈએ કે આ અકસીર દવા મને મળી ગઈ છે. હવે મારો રોગ ગયો જ છે તો કાંઈ તે રીતે કોઈનાં રોગ મટયાં નથી કે મટતાં નથી. રોગનાં નિદાન બાદ તેનાં યોગ્ય દવાઓનું સેવન અતિ આવશ્યક જ ગણાય. તેવી રીતે સમ્યગજ્ઞાનની પ્રાપ્તિ થયાં બાદ આત્મા માટે શું લાભકારી.? શું નુકસાન. શું આચરણીય? શું અનાચરણિય? કઈ વસ્તુ હેય? કઈ વસ્તુ ઉપાદેય? કઈ વસ્તુ પેય? કઈ વસ્તુ અપેય? આ સર્વે જાણ્યા બાદ પણ જો આત્મા તે રીતે વર્તન ન કરે તો પછી તેનું જ્ઞાન સમ્યગ શી રીતે કહી શકાય?

જ્યાં સમ્યગદર્શન ને સમ્યગજ્ઞાનની હાજરી. વિદ્યમાનતાં હોય. ત્યાં જો જીવનાં નિકાચિત કર્મો [શ્રી શ્રેણિક મહારાજા કૃષ્ણ મહારાજાની જેમ] નાં અંતરાય ન હોય. તો જો જીવ સમ્યગચારિત્રને માર્ગે આગળ વધ્યા વિના રહી શકતો જ નથી.

જે ચારિત્રધર્મની મહત્તાનાં ગુણ ગાતાં ગાતાં મહાપુરુષો કહે છે કે અનન્ય મને જો જીવ ચારિત્રધર્મનું આરાધન ફક્ત એક દિવસને માટે કરે છે તો તે પૂર્વકર્મનાં ભારણથી કદાચ જો મોક્ષે ન જાય તોપણ અવશ્ય વૈમાનિક દેવની ગતિને પામે છે તેથી જ ચારિત્રને સુરતરૂની ઉપમા આપી છે સુરતરૂ કલ્પવૃક્ષ ઈચ્છિત વસ્તુને આપે છે છતાં તેની મર્યાદા છે તેનાથી મોક્ષરૂપ અદ્ભુત ફળની પ્રાપ્તિ થતી નથી જ્યારે ચારિત્રરૂપ કલ્પવૃક્ષ તો જીવ તેને અનન્યભાવે આરાધે તો અવશ્ય વાંછિતફળ મોક્ષને આપે છે પમાડે છે આ ચારિત્રધર્મના આરાધનવિના કોઈપણ જીવ મોક્ષે ગયાં નથી. જતાં નથી. જવાના નથી. કદાચ કોક જીવમાં ક્યારેક દ્રવ્યચારિત્રનાં દર્શન ન થાય. ત્યાં પણ ભાવચારિત્રની હાજરી તો અવશ્ય હોય જ છે અને દ્રવ્યચારિત્રની મહત્તા પણ ઘણી જ છે. શ્રી ભરતચક્રવર્તિ પોતાનાં અનુપમ આરિસાભુવનમાં વેશભૂષા સજતા પરિધાન કરતાં અનિત્યભાવનામાં આવી ગયા અને ત્યાં જ ક્ષપક શ્રેણીમાં આરૂઢ થઈને કેવલ્યદશા વર્યા. પરંતુ જ્યાં સુધી તેમને દ્રવ્યલિંગ ધારણ ન કર્યું. ત્યાં સુધી તેમનાં કેવળજ્ઞાનનો મહોત્સવ કરવા આવનાર દેવોએ તેમને વંદન ન કર્યું. એવાં સમયે જો કેવલિને આયુષ્ય વધારે હોય તો ત્યાં દેવો આવીને કેવલિભગવંતને વેષ પ્રદાન કરે છે અને દ્રવ્યલિંગના ગ્રહણ પછી જ તેમને વિધિપૂર્વક વંદના કરે છે.

જો કોઈ પૂન્યશાળી આત્મા ચારિત્ર ગ્રહણ કરે છે તે કેટલાં ઉત્કૃષ્ટ અને ઉદાત્ત ભાવોથી ગ્રહણ કરે છે તેની ભાવના હોય છે ષડકાયના સર્વજીવોને અભયદાન આપવાની કારણ સર્વજીવો સત્તાએ પોતાની સરખા છે બધાં જીવો પ્રત્યેનાં મૈત્રીભાવની ભાવના ચારિત્ર્ય ગ્રહણ કરનારમાં હોય છે અને પરમાત્માએ બતાવેલ માર્ગે તેમની આજ્ઞાના આરાધનપૂર્વક, કર્મમાત્રનો ક્ષય, મોહમહારીપુનું મર્દન અને અનંત અવ્યાબાધ સુખની પ્રબળ ઝંખના ચારિત્ર-ગ્રહણ કરનાર આત્મામાં હોય છે એવી ઉચ્ચભાવનામાં રમતો આત્મા પુરુષાર્થ પણ તેવો જ. ઉત્કટ કરે છે અને ફળ સ્વરૂપે તેનાં કર્મો ક્ષય થાય જ છે.

શ્રી જૈનશાસનના મહાપ્રભાવિક સંપ્રતિ મહારાજાએ અલ્પસમયનાં ચારિત્રપાલન અને વિશિષ્ટ ચારિત્ર્યનુમોદનાનાં બળે જ અનુપમ સુખ સૌભાગ્ય સંપત્તિ વૈભવ મેળવ્યું હતું. એવાં ચારિત્ર ધર્મના મૂળ બે પ્રકાર પડે છે.

નિવૃત્તિને પ્રવૃત્તિ ભેદે, ચારિત્ર છે વ્યવહારજી,
નિજગુણ સ્થિરતા ચરણ તે પ્રણમો નિશ્ચય શુદ્ધ પ્રકાર"
ભવિયણ ભજીયેજી....

**વ્યવહાર-ચારિત્ર અને નિશ્ચય ચારિત્ર :**

વ્યવહાર ચારિત્રમાં પાંચ સમિતિઓનાં પાલનસ્વરૂપ પ્રવૃત્તિ શુભમાં પ્રવૃત્તિ અને ત્રણ ગુપ્તિની આરાધના સ્વરૂપ નિવૃત્તિ સર્વ અશુભ પાપવ્યાપારો-અશુભભાવો સંકલેશથી નિવૃત્તિ હોય છે જ્યારે પોતાનાં આત્મિકગુણોમાં જ સ્થિરતા કરવી. રમવું. એ ઉચ્ચકોટિનું ચારિત્ર્ય તે નિશ્ચય ચારિત્ર કહેવાય છે વ્યવહાર ચારિત્ર એ સાધન છે અને

સાધ્ય નિશ્ચય ચારિત્ર છે. ચારિત્રના દેશવિરતિ અને સર્વ વિરતિ એમ પ્રકાર પડે છે. દેશવિરતિનાં ત્રણ પ્રકાર.... સમ્યકત્વ સામાયિક શ્રુતસામાયિક અને દેશવિરતિ સામાયિક સમ્યકત્વની સ્પર્શના કરવી, સમ્યકત્વમાં સ્થિર રહેવું, સમ્યકત્વનાં આચારો પાળવાં તે સમ્યકત્વ સામાયિક કહેવાય છે શ્રુત અધ્યયન અથવા જિનવાણી શ્રવણને શ્રુતસામાયિક કહેવાય છે અને અંતમુહુર્ત સુધી સર્વ પાપવ્યાપારોનો ત્યાગ તે દેશવિરતિ સામાયિક કહેવાય સમ્યકત્વ સામાયિક શ્રુતસામાયિક ચોથા-પાંચમા ગુણસ્થાને હોય છે જ્યારે દેશવિરતિ સામાયિક પાંચમે ગુણઠાણે જ હોય છે.

સર્વવિરતિ ચારિત્રના પાંચ પ્રકારો હોય છે. તેમાં સામાયિક અને છેદોપસ્થાપનીય બે ચારિત્રને ૬-૭-૮-૯ એમ ચાર ગુણસ્થાનક હોય છે પરિહાર વિશુદ્ધિ ચારિત્રને ૬-૭ બે ગુણસ્થાનક હોય. યથાખ્યાત ચારિત્રને ૧૧, ૧૨, ૧૩, ૧૪ ગુણસ્થાન હોય છે.

પુલાક-બકુશ-પ્રતિસેવા કુશીલ આ ત્રણ ભેદો સામાયિક તથા છેદોપસ્થાપનીય ચારિત્રમાં સમાય છે, કષાય કુશીલ સામાયિક છેદોપસ્થાપનીય પરિહાર વિશુદ્ધિ તથા સૂક્ષ્મસંપરાય આ ચારે ચારિત્રમાં યથા યોગ્ય હોય છે. નિગ્રંથ-સ્નાતક બે ભેદો યથાખ્યાત ચારિત્રમાં જ હોય. દેશવિરતિ ચારિત્ર સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્યો તથા તિર્યંચો બંનેમાં યથા યોગ્ય હોય છે. સર્વવિરતિ ચારિત્રમાં સર્વ પ્રકારો કર્મભૂમિ ક્ષેત્રોમાં જન્મેલા સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્યો જ પામે છે. સિદ્ધચક્રયંત્રની ગોઠવણી ઘણીજ તાર્કિક છે.

સિદ્ધચક્ર યંત્રના કેન્દ્રમાં મધ્યભાગે અરિહંત અને ચારે દિશામાં મળીને પંચપરમેષ્ઠિની સ્થાપના છે. જો દિશામાં રહેલાં પરમેષ્ઠિની આરાધના કરીએ તો વિદિશામાં રહેલાં ગુણો પ્રગટ થાય. શાસ્ત્રમાં છે વ્યવહારમાં પહેલો પાયો શ્રદ્ધા છે માટે ઈશાનખૂણામાં સર્વ પ્રથમ દર્શન પદ મુકયું. દર્શન પછી નંબર આવે જ્ઞાનનો શ્રદ્ધાની પ્રાપ્તિ થાય. જ્ઞાન મળે પછી જ્ઞાનનાં ફળસ્વરૂપે ચારિત્ર આવે ચારિત્ર ગ્રહણ કરીને કરવાનું શું ? તપોવૃદ્ધિ.

શ્રી તિર્થંકર પરમાત્માઓ જન્મથી ત્રણ જ્ઞાનનાં ધણી હોય છે. છતાં ચારિત્ર ગ્રહણ કરે છે. ચારિત્રપાળે છે. ચારિત્રની પ્રરૂપણા કરે છે અને બીજાને આપે ચક્રવર્તિ પણ જો ચારિત્ર ન લે તો નિયમા નરકે જાય. પણ ચારિત્ર ગ્રહણ કરે તો દેવભવે કે મોક્ષે જાય. તેથી જ છખંડની ઋદ્ધિને તૃણસમાન સમજતા ચક્રવર્તિઓ આત્મકલ્યાણાર્થે ચારિત્ર ગ્રહણ કરે.

નિરૂપમ ચારિત્ર આરાધનાને પ્રભાવે મુનિ મહંતો કેવાં સુખો પામે છે.

"બારમાસ પર્યાયે જેહને, અનુત્તર સુખ અતિક્રમિયે
શુકલ શુકલ અભિજાત્ય તે ઉપરે, તે ચારિત્રને નમિયે રે."

ભાવિકા....

ઉત્તમ ચારિત્ર ચારિત્રવંત મુનિ, ચારિત્રની ચઢતી શ્રેણીનાં પ્રતાપે જેમ જેમ પર્યાય વૃદ્ધિને પામે. તેમ તેમ દેવલોકનાં સુખોને અતિક્રમતા ફક્ત બાર માસનાં ચારિત્ર પર્યાયે સર્વોત્તમ અનુત્તર દેવલોકનાં સુખોને અતિક્રમી જાય,

એવાં સુખને પામે છે. પોતાનાં આત્મધ્યાનમાં ચારિત્ર આરાધનામાં મગ્ન રહેતાં મુનિ મહંતોનાં સુખની વ્યાખ્યા કરતાં શ્રી પ્રશમરતિકાર કહે છે કે....

"या सर्वसुरवरर्द्धि विस्मयनीयापिसाऽ नगारर्द्धे।
नार्घति सहस्रभागं, कोटिशत सहस्र गुणितापि॥"

અત્યંત વિસ્મય પમાડનારી એવી સર્વ દેવલોકનાં દેવોની ઋદ્ધિને એકત્ર કરીને પાછી તેને હજારો કોટીગુણી કરવામાં આવે તો પણ ગુણવાન ચારિત્રીનાં આત્મિકઋદ્ધિ આગળ તે આંશિક પણ બનતી નથી. એવો આત્મિક જ્ઞાન-દર્શન ચારિત્રનો ઉપાધિરહિત સ્વભાવજન્ય સ્વવશ રહેલો વૈભવ સુખ-આનંદ ચારિત્રવાન આત્મા આરાધનાનાં બળે પામે છે. કારણ ચારિત્રી આત્માનું મૂળ શું ? પ્રશમ-ભાવ સમતાભાવમાંથી ઉત્પન્ન થતું હોય છે. પ્રશમસુખની પ્રશંસા કરતાં.

"स्वर्ग सुखानि परोक्षा ण्यत्यन्तपरोक्षमेव मोक्षसुखम्।
प्रत्यक्ष प्रशमसुखं न परवशं न व्ययप्राप्तम्॥"

દેવલોકનાં આશ્ચર્યકારી સુખો પરોક્ષ છે. કારણ સાધારણ વ્યક્તિ તેને કોઈ જાણી શકતી નથી. મોક્ષનાં સુખ તો અત્યંત પરોક્ષ છે. તેને તો ફક્ત સિદ્ધભગવંતોજ અનુભવી શકે છે. પરંતુ કેવળજ્ઞાનીઓ પણ મોક્ષ સુખનું યથા તથ્ય વર્ણન કરી શકતાં નથી તેથી પ્રત્યક્ષ એવું જો કોઈ સુખ હોય તો તે પ્રશમભાવજન્ય સુખ છે અને એવું પ્રશમસુખ આત્માને સ્વાધિન છે. આત્મામાંથી મેળવવાનું છે. બીજા પાસેથી તેની યાચના કરવા જવું પડતું નથી અને આ પ્રશમસુખ ભોગવવાથી ખુટતું પણ નથી. એવાં પ્રશમ

અવ્યાબાધ સુખને ચારિત્ર આરાધનાનાં પ્રભાવે ઉત્તમ આત્માઓ અનુભવતાં હોય છે. આપણું મુળ લક્ષ ભાવચારિત્ર હોવા છતાં કેવળ વેષધારણરૂપ દ્રવ્યચારિત્ર પણ કલ્યાણકારી જ છે. કારણ દ્રવ્યચારિત્ર એ ભાવચારિત્રનું પ્રબળ (કારણ છે) સાધન છે જેમ છોકરો પાટીમાં લીટા તાણતો હોય. તો કયારેક એકડો પણ શીખશે. એકડો શીખ્યો હશે તો કયારેક મોટો ગણિતશાસ્ત્રી કે હિસાબનીશ પણ બનશે. પરંતુ જો એકડો જ ન ભણે તો....

(૬૯) ઓગણસીત્તોર કોડાકોડીની મોહનીય કર્મસ્થિતિનો ક્ષય થયાં બાદ જ દ્રવ્યચારિત્ર પ્રાપ્ત થાય છે. તે વિના તો રજોહરણને તો હાથ અડાડવો પણ મુશ્કેલ હોય છે.

ચારિત્રમોહનીયનાં ક્ષય માટે સુંદરીએ સાઠહજાર વર્ષ સુધી આયંબિલનું તપ કર્યું હતું. શ્રી જંબૂસ્વામિએ પૂર્વભવમાં ભવદેવનાં ભવમાં નાગિલાનાં મોહથી ચારિત્રની વિરાધના કરી હતી તે કર્મ ખપાવવા શિવકુમારના ભવમાં બાર વર્ષ સુધી છઠ્ઠ ના પારણે આયંબિલનું તપ કર્યું હતું. તેથી જંબૂકુમારનાં ભવમાં એવો ઉત્કટ. વૈરાગ્ય અને ચારિત્રની પ્રિતી ઉત્પન્ન થઈ હતી કે લગ્નની પ્રથમ રાત્રીએ સૌંદર્યવાન સ્ત્રીઓને પ્રતિબોધ પમાડી બીજે દિવસે માતા પિતા સહિત (૫૨૫) પાંચશો પચ્ચીશ સાથે દિક્ષા ગ્રહણ કરી હતી.

ચારિત્રએ વાડસ્વરૂપ છે જેમ વાડવગરનું ખેતર–પાળ વિનાનું સરોવર, બ્રેક વિનાની મોટર તેમ પ્રતિજ્ઞા વગરનું જીવન નકામું. છે જેટલી વીરતી તેટલું પૂન્ય

અને તેટલી પાપ મુક્તિ....

સમવસરણની રચના મેરૂપર્વતે જન્માભિષેક વિ. દ્વારા દેવો પૂન્યકર્મ બાંધે છે. પરંતુ વિરતિ વિના કર્મ-બંધ અટકતો નથી. દેશનાં વડાપ્રધાન–સંસદો ધારાસભ્યો વિગેરે સર્વે પદાધિ કારીઓને પોતાનાં પદની પ્રતિજ્ઞા ગ્રહણ કરવી પડે છે.

પ્રતિજ્ઞા લઈને સંપૂર્ણપણે પાળે તે સૌભાગ્યવંતી સ્ત્રી જેવાં કહેવાય.

પ્રતિજ્ઞા લઈને કદાચ કયારેક ભાંગે તે વિધવા જેવા કહેવાય.

પ્રતિજ્ઞા ગ્રહણ ન જ કરે તે વેશ્યા જેવા કહેવાય.

નાવને છિદ્રો હોય તો પાણી અંદર આવે તેમ આશ્રવ અવિરતિ દ્વારા કર્મો આત્મામાં આવે છે. અવિરતિ દ્વારા સૂક્ષ્મ એકેન્દ્રિયથી માંડીને દરેક જીવો કર્મબંધ કરે છે તે કર્મબંધને રોકવાનો પ્રબળ ઉપાય છે. ચારિત્ર તેથી જ કહ્યું છે કે....

ચય તે સંચય કર્મનો રિક્ત કરે વળી તેહ.

ચરિત્રનામ નિર્યુકતે કહ્યું પ્રણમો ધરી સસનેહ,

નવપદ આરાધનામાં દર્શનથી મોક્ષમાર્ગની શ્રદ્ધા થાય છે.

,, ,, જ્ઞાનથી મોક્ષમાર્ગને જાણી શકાય છે.

,, ,, ચારિત્રથી ,, આચરી શકાય છે.

,, ,, તપથી ચાલતા ચાલતા મોક્ષે પહોંચાય છે.

નવપદમાં દર્શન–જ્ઞાન–ચારિત્ર અને તપ એ ચારે પદો શુકલવર્ણે આરાધાય છે. કારણ....

ગુણો સદાયે ઉજ્જવલ હોય છે. ત્યારે આત્માના મહાન ગુણો સમ્યગ દર્શનાદિ ઉજ્જવલ વર્ણે હોય તે સ્વાભાવિક છે.

(૧) દર્શનપદને સુદર્શનચક્રની ઉપમા છે સુદર્શન-ચક્ર ઉજ્જવલ છે. દર્શનને વજ્ર જેવું કહ્યું છે. વજ્ર પણ ઉજ્જવલ છે. શુભ ગુણોથી આત્માની શાંતિ થાય છે. શાંતિ માટે શ્વેત ધ્યાનનું વિધાન છે.

(૨) જ્ઞાન એ અંધકાર (અજ્ઞાનરૂપી) દૂર કરી પ્રકાશ આપે છે. અંધારું કાળું છે. પ્રકાશ ઉજ્જવલ છે માટે પ્રકાશ આપનાર જ્ઞાનપદ શુકલ વર્ણે આરાધાય છે. સ્ફટિક સમાન ઉજવલ છે.

(૩) ચારિત્રગુણ સદા ઉજ્જવલ છે. સદાચાર–શુભ ક્રિયા શુભપ્રવૃત્તિ અને અશુભનો ત્યાગ. ઉજ્જવલતા જ અર્પે છે. મોહાન્ધકાર દૂર કરી. ચારિત્રરૂપી ઉજ્જવલ પ્રકાશથી જ્યોતિમય બની શુદ્ધ થાય છે (થવાય છે.)

(૪) તપથી આત્મા કર્મમેલ કાપી શુદ્ધ અને ઉજ્જવલ બને છે તપથી આત્મા શુદ્ધ થતો હોવાથી તપપદ શુકલ-વર્ણે આરાધાય છે. જે ચારિત્ર ધર્મને વિરતિને પ્રણામ કરીને ઇન્દ્રો આસન પર બેસે છે જે ચારિત્રની ઝંખના દેવતાઓ પણ કરે છે. ઉજ્જવલ ચારિત્રની ઉત્તમ આરાધના દ્વારા સર્વ જીવો કર્મબંધનથી મુક્ત બને....

એજ મંગલકામના....

# 卐 શ્રી તપ પદ 卐

## તપ પદનું સ્વરૂપ

આજે શાશ્વતી ઓળીનો નવમો દિવસ છે. નવમું પદ શ્રી તપપદ છે. આઠમા ચારિત્રપદમાં તપ સમાઈ પણ જાય છે. શાસ્ત્રકારોએ સમ્યક્‌જ્ઞાન, દર્શન અને ચારિત્રને મોક્ષ માર્ગ કહ્યો છે. ત્યાં ચારિત્રમાં તપનો સમાવેશ થઈ જાય છે. ચારિત્ર લીધા પછી તેમાં સ્થિરતા કરવા માટે તથા તેની શુદ્ધિ અર્થે તપની ઘણી જરૂર છે. તપપદનું સ્વરૂપ સમજાવતાં આચાર્ય ભગવાન રત્નશેખર સુરીશ્વરજી ફરમાવે છે:-

> घणकम्मतमोतमोभरहरणभाणुभूयं दुवालसंगधरं ।
> नवरमकसायतावं, चरेह सम्मं तयोटम्मं ॥

"હે ભવ્ય આત્માઓ તમે સમ્યક પ્રકારે તપપદનું અરાધન કરો. તે તપ કેવું છે? તેથી લાભ શો? જુઓ પહેલા અનંતજ્ઞાનીઓ આજ્ઞા કરે અને તુરતજ તે આજ્ઞા પાલનનો લાભ પણ બતાવે છે." જ્ઞાનાવરણીય આદિ જે મજબુત આઠ કર્મોરૂપી અંધકાર છે, તેવા આઠ કર્મના સમુહરૂપી અંધકારના હરણ કરવામાં તપ સુર્ય સમાન છે. સુર્યનો ઉદય થતાં ગમે તેવો નિબિડ અંધકાર પણ પણ ઉભો ન રહે તેમ તપથી ગમે તેવા મજબુત કર્મના કર્મના બંધનો ઢીલા થાય છે. "કર્મ નિકાચીત પણ ક્ષય

જાવે" નિકાચીત કર્મ પણ તપથી ઢીલા પડી જાય છે. સુર્ય સામે ટકવાની જેમ અંધકારની તાકાત નથી, તેમ ગમે તેવા કર્મના બંધનો પણ તપથી ઢીલા થાય છે. "તપસા નિર્જરા" એમ ઠેર ઠેર કહ્યું છે. તપનું ફળ કર્મની નિર્જરા. લોક ભાષામાં બાર સુર્ય કહેવાય છે. તપ પણ બાર પ્રકારનું છે. તેમાં છ પ્રકાર બાહ્ય તપના છે, અને છ પ્રકાર અભ્યંતર તપના છે. અણુસણુ, ઉણોદરી. રસત્યાગ, વૃત્તિ સંક્ષેપ, કાય કલેશ અને સંલીનતા તે છે. બાહ્ય તપ સંલીનતાના બે ભેદ. ઇંદ્રિય સંલીનતા અને કષાય સંલીનતા ઇંદ્રિયોને ઠેકાણે રાખવી તે ઈંદ્રિય સંલીનતા. કષાયો પર વિજય મેળવવો તે કષાય સંલીનતા વિનય, વૈયાવચ્ચ, પ્રાયશ્ચિત, સ્વાધ્યાય, ધ્યાન અને કાર્યોત્સર્ગ તે અભ્યંતર તપ પણ છે. બાહ્ય તપ ઉપયોગી છે અને કાર્યોત્સર્ગ તે અભ્યંતર તપ છે. બાહ્ય તપ પણ ઉપયોગી છે. અને અભ્યંર તપ પણ ઉપયોગી છે. બાહ્ય અનુષ્ઠાન પણ કરવા જેવા છે. તેનો લાભ મહાપુરૂષોએ ઘણો વર્ણવ્યો છે.

जातं न पात येद् भावमजातं जनयेदपि ।

ક્ષાયોપશમીક ભાવે થતાં અનુષ્ઠાનોથી મોટામાં મોટો લાભ એ છે કે:- તે અનુષ્ઠાનો ઉત્પન્ન થએલા ભાવોને પડવા દેતા નથી, અને જે ભાવો જનમ્યા નથી તેવા સદ્‌ભાવોને ઉત્પન્ન કરે છે. પૂજાની ક્રિયામાં એકાગ્રપણે રહો તો શુભ પરિણામની વૃદ્ધિ થાય. યોગોને જો શુભમાં નહિ પ્રવર્તાવો તો અશુભમાં જવાનાજ છે.

**નિરારંભી ન થવાય ત્યાં સુધી સદારંભી બનો:**

જ્યાં સુધી યોગ ક્રિયા થંભી નથી ત્યાં સુધી જીવ યોગારંભી છે જ. માટે ત્યાં સુધી અસદારંભી બનવા કરતાં સદારંભી થવું લાખ દરજ્જે સારૂં છે. નિરારંભી થવાનું લક્ષ્ય સદા સામે રાખો. પાદોપગમન સંથારા સિવાય દોષ તો બધે લાગવાના છે. યોગ નિરોધ તો ચૌદમે ગુણસ્થાને છે. તેરમે ગુણસ્થાને સોળે કષાય ક્ષીણ થાય છે છતાં પણ ત્યાં બંધ છે. આપણે તો યોગ છે અને સાથે કષાય પણ છે. મહારંભી કે અસદારંભી થવા કરતા સદારંભી થવા જેવું છે. વ્યાખ્યાનમાં મનોયોગ હોય તેથી લાભ થાય છે તે તમે સ્વીકારો છો આપણને સંજ્ઞી પંચેન્દ્રિયપણાનું સાધન મળ્યું છે તો લાભ લઈ શકાય છે. એકેંદ્રિયને તેવો લાભ ન મળે તેનો આત્મા પણ નિશ્ચયથી આપણા જેવોજ છે. છતાં સાધનનાં અભાવે તેઓ લાભ પામી શકતા નથી. દુકાનમાં બેઠેલાને કયા સારા ભાવ આવે ? પણ સામાયિક લઈને બેઠા હોય તેને સારા ભાવ આવવાનો ઘણો અવકાશ છે. સામાયિક લીધી હોય અને સાથે ઉપયોગ હોય તો તે અમૃત અનુષ્ઠાન છે. શુભ યોગ સાથે ઉપયોગ હોય તો સોનામાં સુગંધ ભળે છે.

**બાહ્ય તપ અભ્યંતરમાં નિમિત્ત છે:-**

તપમાં એકાંતે આશય શુદ્ધિ હોય તો મહાન લાભ છે. તેનો એકાંતે લાભ નિર્જરા કહ્યો છે. અભ્યંતર તપ ઘણું ઉપયોગી છે. બાહ્ય તપ પણ ઉપયોગી છે. જેમ

ભાવ નિક્ષેપ ઉપાદેય છે, તેમ દ્રવ્ય. નામ અને સ્થાપના નિક્ષેપ પણ ભાવ નિક્ષેપનું કારણ હોવાથી તે પણ ઉપાદેય છે. દ્રવ્યધર્મ ભાવ ધર્મનું કારણ છે. બાહ્ય તપ અભ્યંતરમાં નિમિત્ત છે. એ રીતે બાહ્ય તપ પણ એકાંતે નિર્જરાનું કારણ છે તેમ કહી શકાય.

તપ તાપ રહિત હોય:

આ બારે પ્રકારના તપને આચાર્ય ભગવાન રત્નશેખર સુરિશ્વરજીએ સૂર્યની ઉપમાં આપી. હવે કહે છે. તપમાં સૂર્યના ગુણ છે પણ દોષ નથી. સૂર્ય અંધકાર હઠાવે છે. પ્રકાશ આપે છે. પરંતુ ગરમી પણ ઉભી કરે છે. જ્યારે તપ કષાયરૂપી તાપ રહિત છે. એટલે તપ સૂર્યથી પણ ચડી જાય છે. જેમાં કષાયરૂપી તાપ નથી તેવા તપનું સેવન કરવું જોઈએ. કષાય હોય તો તપને પણ તપાવી દે. કર્મો તપાવવાના છે. માથું કે શરીર તપાવવાના નથી. તપાવવી હોય તો અંદરની મલિનતા તપાવો. અગ્નિ જેમ મેલને બાળે છે તેમ તપ આત્માની મલિનતાને બાળે છે. તપમાં આત્માને તપાવવામાં આવે તો નિર્જરાનું નહિં પણ કર્મ બંધનનું કારણ થઈ પડે છે. પૂર્વક્રોડનું તપ બે ઘડીના ક્રોધમાં બળીને ખાખ થાય છે. આ નિશ્ચયની વાત છે. આત્માનો અકષાયભાવ પ્રગટાવવા માટે તપ છે તે ભૂલશો નહિં. તપમાં અકષાયભાવ ન જાગે તો તપ લાંઘણ થઇ જાય છે. નિશ્ચય ભુલીને તપ તપાય તો તે કાયકલેશ બને છે.

પૂર્વ ક્રોડ વર્ષનું તપ બે ઘડીના ક્રોધથી નિષ્ફળ બને છે:

પૂર્વક્રોડ વર્ષ સુધી આત્માને સેવ્યો હોય, છતાં તે ક્રોધાધીન થાય તો સર્વફળ હારી જાય છે. તપશ્ચર્યા પુરી થતાં પારણા વખતે ઓછું અદકું મળે તો પણ આજકાલ કેટલાકના મન તપી જાય છે, પારણામા બધુ. આવે પણ પાપડ ન આવે તો મન તલપાપડ થાય છે. સાઠહજાર વર્ષનું આયંબીલ તપ બે ઘડીનાં રસાસ્વાદમાં નિષ્ફળ જાય છે. તમે પુછશો કે, "આવું તે બને ? આટલું તપ થોડા ક્રોધથી તો નિષ્ફળ થતું હશે ? આ તો ન સમજાય તેવી વાત છે." ગીરનારની પાંચમી ટુંક બહુ ભારે કહેવાય છે. ઠેઠ પાંચમી ટુંક સુધી પહોંચી જાઓ, અને છેલ્લે પગથી-એથી લપસો તો ઠેઠ નીચે પડો કે નહિં ? જરાક લપસ-વાથી ઠેઠ નીચે પડાય તો પૂર્વક્રોડ વર્ષનું તપ ક્રોધથી બે ઘડીમાં ખાખ થાય તે પણ ગળે ઉતરે તેવી વાત છે. કારણકે ઇમારત ચણવી કઠીન છે; પરંતુ ઉખેડવી સહેલી છે. સર્જનમાં વખત લાગે છે. પણ વિસર્જનમાં વાર નથી લાગતી. થોડામાં ઘણો લાભ આ રીતે હારી જવાય છે. માટે તપ જપ આદિમાં નિશ્ચય દ્રષ્ટિની ઘણી જરૂર છે. એકલા વ્યવહારનેજ વળગવા જતાં કેટલીકવાર મૂઢ બની જવાય છે. વ્યવહાર મુકી એકલા નિશ્ચયનેજ પકડવા જતાં નાસ્તિક જેવા બની જવાય છે. માટે બન્ને નયોની સમતુલા જાળવાવી જોઈએ: પોત પોતાના પક્ષમાં પ્રવર્ત-માન થએલા બધા નયો મિથ્યાદ્રષ્ટિ છે; પરંતુ તે બધા નયો પરસ્પર સાપેક્ષ હોય તો યથાર્થરૂપ બને છે. મહા-

પુરૂષો તો માધ્યસ્થ હોય છે. માધ્યસ્થતા ચુકીને એકાદ નયનો પક્ષપાત કરવા જાય તેને પક્ષઘાત લાગુ પડે છે. નિશ્ચય પામવાનો છે; વ્યવહાર તેનો માર્ગ છે. માર્ગ ઉપયોગી ન હોય તો સરકાર સડકો પાછળ કરોડો રૂપીઆ શા માટે ખર્ચે છે? નિશ્ચય સાધ્ય છે; વ્યવહાર તે પામવાનો માર્ગ છે. એકાંતે વ્યવહાર નય ઉપર ભાર મુકાય તો લોકો મૂઢ થાય.

સમતાપુર્વક તપ કરો :

એકાંતે નિશ્ચય ઉપર ભાર મુકીએ તો લોકો સ્વચ્છંદી થાય. સ્થાપનામાં વાર લાગે છે. પણ ઉત્થાપનામાં વાર લાગતી નથી. નવદિવસના આયંબીલ માટે કેટલી તૈયારી કરવી પડે, નવ દિવસમાં કેટલું તપ થાય તે તો વિચારો. દશમે દિવસે એજ માણસ ભેળ ખાતો હોય કે પાન ચાવતો હોય એ કંઇ ઠીક લાગે? એથી તો ધર્મ નિંદાય. છેવટ સુધી ચડીને પણ એક જરા પગ લપસતા ઠેઠ નીચે પડાય છે. ખુબ તપશ્ચર્યા કરીને આત્માને ગમે તેટલો ઉંચો ચડાવો પણ ક્રોધ કરો એટલે તે નીચે પડે છે. એ માટેજ મહાપુરૂષો ફરમાવે છે કે :-

ખાવત પીવત મોક્ષ જે માગે,
તે સિરદાર બહુ જટમાં,

ખાતે પીતે મોક્ષ માગે તે મુર્ખનો સરદાર છે.

તપશ્ચર્યા બીજા માટે ધર્મ પ્રાપ્તિનું બીજ બને છે;

સમતાપૂર્વકના તપનો આનંદ ઓર છે. ખાતાપીતાં માનવી કરતાં તપસ્વીને વધુ આનંદ હોવો જોઈએ નહિં-

તર તપશ્ચર્યા લજવાય છે, તપસ્વીનો એવો ઉપશમ ભાવ હોય કે જોનારા ધર્મ પામે. એની પ્રસન્નતા અદ્દભુત હોય તેવા તપસ્વીની જોનારા અનુમોદના કરે અને ધર્મ પામી જાય. સર્વ ક્રિયાઓ એવી હોવી જોઈએ. પૂજામાં એવી એકાગ્રતા હોય કે તેની જોનારા પર છાપ પડે સામાયિક એવી હોય કે જોનારા પર સમતા ભાવની અનેરી અસર થાય. માળા એવી ફેરવે કે જોનારમાં ધર્મના બીજ પડી જાય. બીજાની ધર્મક્રિયાની અનુમોદના એ ધર્મ પ્રાપ્તિનું બીજ છે. આપણી તપશ્ચર્યા બીજા માટે ધર્મ પ્રાપ્તિનું બીજ બનવી જોઈએ. તપશ્ચર્યા એવી સુંદર હોય કે ખાનાર પીનારનો આત્મા જોતાં હલી ઉઠે. તેને પણ થાય કે ખરો આનંદ તપશ્ચર્યામાં છે.

બાહ્ય તપ અભ્યંતર તપની વૃદ્ધિ કરે છે :

જ્ઞાનસારમાં પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ ફરમાવે છે :-

**ज्ञानमेव बुधाः प्राहुः कर्मणां तापनात् तपः ॥**

કર્મોને તપાવનાર તપ હોવાથી પંડિત પુરૂષોએ જ્ઞાનનેજ તપ કહ્યું છે. અહિં નિશ્ચય પર ભાર મુકાયો છે.

જ્ઞાની શ્વાસોશ્વાસમાં કરે કર્મનો છેહ,
પૂર્વક્રોડ વર્ષા લાગે અજ્ઞાની કરે તેહ.

અજ્ઞાની પૂર્વક્રોડ વર્ષોમાં જેટલા કર્મ ખપાવે તેટલા કર્મ જ્ઞાની શ્વાસો શ્વાસમાં ખપાવે છે. ચારિત્રહીન કે તપ ભ્રષ્ટ જ્ઞાની, કર્મ આ રીતે ખપાવી ન શકે. ચારિત્રશીલ અને તપસ્વી જ્ઞાની શ્વાસોશ્વાસમાં તપથી જેટલો લાભ મેળવે

તેટલો અજ્ઞાની પૂર્વક્રોડ વર્ષમાં લઇ શકતો નથી માટે અભ્યંતર તપજ ઇષ્ટ છે. બાહ્ય તપ તેની વૃદ્ધિ કરનારૂં હોય તો તે પણ ઈષ્ટ છે. તપ ધ્યેયની નજીક લાવનારૂં હોવું જોઈએ જે બાહ્ય તપ અભ્યંતર તપની વૃદ્ધિ કરે તે યથાર્થ છે, અને તેથી નિર્જરા થાય છે. લોક સંજ્ઞાથી, દેખાદેખીથી કે પૌદ્ગલીક સુખની તૃષ્ણાથી તપ થાય તે નિર્જરા રૂપ નથી. પણ અશાતાવેદનીય અને અંતરાય કર્મના ઉદયરૂપ છે. જે તપશ્ચર્યામાં દીન અને ખીન્ન બનાય છે તે તપશ્ચર્યાથી અકામ નિર્જરાનોજ લાભ થાય છે. જે તપશ્ચર્યામાં સમતાનો આનંદ હોય છે તે તપશ્ચર્યામાં સકામ નિર્જરા થાય છે. વસ્તુ મળે નહિં તેથી ભોગવી શકે નહિં એ તો અશાતા વેદનીયનો ઉદય કહેવાય. ગમે તેવો તપસ્વી પૌદ્ગલિક લાલસાથી તપશ્ચર્યા કરે અગર તો લોક સંજ્ઞાથી કરે એટલે કે બધા કરે છે માટે કરવી જોઇએ તેમ માની કરે અગર તપસ્વી કહેવડાવવા કરે તે નિર્જરારૂપ નહિં પરંતુ અશાતા વેદનીય અને અંતરાયના ઉદયરૂપ છે. છતાં બાહ્ય તપ અભ્યંતરની વૃદ્ધિ કરનાર છે, તેથી તે પણ નિર્જરાનું કારણ છે. માટે બાહ્ય તપનો લોપ ન કરાય.

**મોક્ષની મીઠાશ હોય તેને તપના કષ્ટ, કષ્ટ ન લાગે:**

તમે કહેશો, " મહારાજ, તપ કરવામાં તો ભારે કષ્ટ પડે છે અને તમે તેને પરમ શાંતિનું કારણ કહો છો એ તો કેમ બની શકે ?" ધનના અર્થીને તે માટે ભોગવવા પડતા શીત અને તાપ દુષ્કર લાગતા નથી. તેજ

રીતે આ સંસારથી જે ભવ વિરકત હોય અને જેને તત્વની રૂચી હોય તેને તપના કષ્ટ દુષ્કર લાગતાનથી. પૈસા કમાવા માટે પરદેશ ખેડે છે. અનેક તકલીફો પણ વેઠે છે. ઘણાંના કડવા વચનો પણ સાંભળે છે છતાં તેને તેનું કષ્ટ લાગતું નથી. ત્યાં ક્ષુધા અને તૃષાના પરિષહો પણ કષ્ટરૂપ લાગતા નથી. કારણ કે તેને અર્થ પ્રાપ્તિમાં મીઠાશ છે. તે જ રીતે જ્ઞાનસારમાં ઉપાધ્યાય શ્રી યશોવિજય મહારાજ ફરમાવે છે :-

सदुपायप्रवृत्तानामुपेय मधुरत्वतः ।
ज्ञानिनां नित्यमानन्दवृद्धिरेव तपस्विनाम् ॥

એટલે કે : ઉપેયમાં જેને મીઠાશ હોય તેને ઉપાયમાં કષ્ટ લાગતાં નથી. મોક્ષના અર્થીને મોક્ષ ઉપેયની અત્યંત મીઠાશ હોવાથી તેવા જ્ઞાની એવા તપસ્વીને તપશ્ચર્યામાં એકાંત આનંદની વૃદ્ધિ હોય છે. મોક્ષની મીઠાશ તેને બહુ લાગે છે. તે જાણે છે કે તપથી કર્મ ખપી મોક્ષ મળવાનો છે, તેથી તેને તો કર્મક્ષયનો આત્મામાં આનંદ થાય છે.

तदेव हि तपः कार्यं दुर्ध्यानं यत्र नोभवेत् ।
ये न योगा न हीयन्ते क्षीयन्तेनेन्द्रियाणिच ॥

તપ તેજ કરવું જોઈએ જેમાં દુર્ધ્યાન ન થાય. જેનાથી યોગોની શક્તિ હણાયી ન જાય, ઇંદ્રિયો ક્ષીણ ન થઈ જાય એ રીતે તપ કરવું જોઈએ. તપશ્ચર્યા પછી પણ શરીર ધર્મ સાધનમાં ઉપયોગી ન રહે તેવું તપ ન હોય. નહિંતર ધર્મ નિંદાય. તપ કર્યા પછી પણ શરીરરૂપી સાધનથી કામ લેવાનું છે. સાધના હજી બાકી

છે. માટે જ યોગો ન હણાય ઇંદ્રિયોની શક્તિ ક્ષીણ ન થાય તેવી રીતે તપ કરવું જોઇએ. એવી તપશ્ચર્યા ન હોવી જોઈએ કે રાતના તારા ગણવા પડે, અને સવાર થવાની અને પારણા કરવાની આતુરતા થાય.

મૂળગુણ તથા ઉત્તરગુણની સિદ્ધિ કે શુદ્ધિ માટે નિરંતર તપ કરવું જોઇએ. નિરાશંસપણે, સંસારના ફળની આસક્તિ વગર તપાતા તપનું ફળ મોક્ષ છે. તપ કલ્પ-વૃક્ષ છે. તેનું ફળ મોક્ષ છે. તપશ્ચર્યાથી સમતાની વૃદ્ધિ થવી જોઈએ, ઈચ્છા નિરોધ થવો જોઇએ. એટલે જ ઇચ્છા નિરોધને તપ કહેવામાં આવે છે. અંદરની પૌદગલિક ઇચ્છા મરવી જોઈ એ. આત્મામાં સમતાની છોળ ઉડવી જોઈએ. અંદરની ઇચ્છા અને વાસનાની ઠાંઠડી નીકળવી જોઈએ.

નિજગુણમાં રમણતા કરતો આત્મા તેજ તપ છે. નિજગુણમાં રમણતા ક્યારે હોય ? પરિણતિમાં સમતા હોય ત્યારે. પરિણતિમાં સમતા માટે ઈચ્છા નિરોધ હોય. આવો આત્મા તે જ તપ છે. એમ કહી શકાય. નિજગુણમાં અખંડ ઉપયોગ રહેતો હોય તે આત્મા તપ છે. તેને તપના કષ્ટ, કષ્ટ લાગતા નથી. આવું તપ સમતા રાખી આદરવું જોઈએ. તેથી એકાંતે નિર્જરા થાય છે અને પરિણામે મોક્ષ થાય છે.

આવું તપ તપી, નિર્જરાનો લાભ પામી, મોક્ષપદ પામો એજ ભાવના.

"તપધર્મ"

ન કરંતિ જે તવ સંજમંચ, તે તુલ્લ પાણિ પાયાણું !
પુરિસા સમ પુરિસાણું, અવસ્સ પેસત્તણું મુવિતિ !!

જીવમાત્ર સદાકાળને માટે સુખનો વાંછુક હોય છે કીડીથી માંડી કુંજર સુધીનાં, મંકોડાથી માંડી માનવસુધીનાં, કોઈ જીવને દુઃખ પસંદ નથી. એવું સુખ પાછું જીવને સ્થિર શાશ્વત અખંડ જોઈએ છે તે સુખ કયારે મલે ? જ્યારે જીવનો કર્મભાર ઓછો થાય જીવ હળુકર્મી થાય. ત્યારે સંસારિક સુખની પરંપરાને પામે છે. જ્યારે ક્ષીણ કર્મી થાય. નિઃકર્મા થાય ત્યારે અનંતા અવ્યાબાધ સુખને પામે છે. હળુકર્મી થવાનાં રસ્તા કયા ? બે રસ્તા છે (૧) ઉદયમાં આવેલાં કર્મોને સમભાવે હાયવોય કર્યા વિના, આર્તધ્યાન કર્યા વિના ભોગવી લેવાય. જેથી વિપાકમાં ઉદય પામેલાં કર્મો ભોગવાઈ જાય. અને નવાં કર્મો ન બંધાય. (૨) ઉદયમાં ન આવેલાં કર્મોને ઉદીરણા કરીને ઉદયમાં લાવીને ભોગવવા પડે આ જ મોક્ષે પહોંચવાનો સીધો-સરળમાર્ગ છે. જીવન પરિભ્રમણ અનાદિકાળથી ચાલુ છે. કર્મબંધન પણ અનાદિથી સતત ચાલુ જ છે. તેથી એવાં આ કર્મના પાંજરામાંથી છુટવાનો એકમેવ અદ્વિતિય ઉપાય હોય તો તે તપધર્મ છે જેઓ અનુ-કુળતા પામીને પણ તપ સંયમ ધર્મનું આરાધન કરતાં નથી. તે તુલ્યપાણિ એટલે શરીર હાથ-પગ સરખાં હોય એવાં પુરુષોનાં દાસપણાંને પામે છે. સંસારમાં નજર કરો. જ્યાં શેઠ ને મુનિમ છે સાહેબ અને કલાર્ક છે ત્યાં શેઠ

ને મુનિમ બંનેને શરીર સરીખાં હોય છે બંને મનુષ્ય જ છે. હાથપગ સરખાં છતાં આવો ઉંચ નીચનો માલિક નોકરનો ભેદ શા માટે? કયારેક તો શેઠ કરતાં મુનિમની હોંશિયારી વધારે હોય છે સંપૂર્ણ ધંધાનું સંચાલન મુનિમ મેનેજર કરતો હોવા છતાં તે નોકર કેમ? ને બીજો માલિક કેમ? તેનો જવાબ છે "ન કરંતિ જે તવ સંજમંચ"–જેઓ દુર્લભ માનવભવ દેવગુરૂધર્મની સર્વ સામગ્રીને પામીને તપધર્મ આચરતાં નથી. તેઓને બીજાનું દાસત્વ કરવું પડે છે. તેથી જ મહાપુરુષો કહે છે કે જીવતું સ્વેચ્છાએ તારાં આત્માનું દમન કર, તપ સંયમ વડે આત્મદમન કર, અથવા તો બીજાઓ વડે વધ. બંધનથી, દુઃખોથી દબાવવા તું તૈયાર રહે.

તપધર્મનું આચરણ સ્વેચ્છાએ આનંદપૂર્વક કરવાથી જ જીવને પરવશતાનાં દુઃખમાંથી મુક્તિ મળી શકે છે જીવનાં અનાદિનાં સંસારનું કારણ જીવની કર્મ ભોગવવાની રીતમાં રહેલી ખામીમાં છે જીવ શું કરે છે? "મૂલડો થોડો ને ભાઈ વ્યાજડો ઘણો રે" મૂલ કર્જ મૂલકર્મની અપેક્ષાએ જીવે ઘણીવાર કર્મની ઉત્કૃષ્ટ સ્થિતીને અપાવી છે છતાં જીવનો સંસારક્ષય કેમ ના થયો? કારણ? જીવ કર્મનાં વિપાકબળે જે દુઃખો આવી પડતાં હોય છે. ત્યારે આર્તધ્યાન કરીને નવાં વિશેષ કર્મો બાંધે છે. તેથી જ જીવન સંસાર અખંડિત ચાલુ છે જીવતો પોતે અનંત અવ્યાબાધ સુખનો સ્વામિ છે તેથી સદા તેને સમાધિની ઈચ્છા–વાંછા હોય છે.

સમ + આધિ–માનસિક દુઃખોનું શમન તે સમાધિ.

તેથી વીર પરમાત્માએ ચાર પ્રકારની સમાધિનાં સ્થાનકો બતાવ્યાં છે. (૧) વિનય સમાધિ (૨) શ્રુતસમાધિ (૩) આચાર સમાધિ (૪) તપસમાધિ તપ એ ક્લેશ રૂપ નથી. સમાધિરૂપ છે પણ ક્યારે ? જો તપ આ લોકનાં સુખની ઈચ્છા વિના કરાય, પરલોકનાં સુખની વાંછા વિના કરાય. કોઈપણ પ્રકારની કિર્તિ માન પ્રતિષ્ઠા શબ્દાદિ વિષયોની આશંસા વિના કરાય. ફકત નિંર્જરાનાં ધ્યેયથી તો તે તપ નિશ્ચિતપણે સમાધિરૂપ થાય છે. તપ એ રસાયણ રૂપ હોવાથી તેનું સેવન કરનારાઓને પથ્યનું પાલન કરવું પડે છે. તપનું પથ્ય છે સમતા તપસ્વીને ક્રોધ આવવાની શકયતાઓ ઘણી હોય છે. કારણ શરીર શ્રમિત થવાથી નિમિત્ત મળતાં કષાય ભભૂકી ઉઠે. પરંતુ એવો તપસ્વી જો સમતાપૂર્વક તપ કરે તો તેનાં તપમાં ચાર ચાંદ લાગી જાય. બ્રાહ્ય કે અભ્યંતર એવાં કોઈપણ તપધર્મનાં પાલન વિનાં આજ સુધી કોઈ મોક્ષે ગયું નથી. જતું નથી. જવાનું નથી કારણ પ્રજ્જ્વલિત અગ્નિની ભઠ્ઠીમાં તપાવ્યા વિના સુવર્ણ ક્યારે પણ શુદ્ધ થતું નથી. તેમજ તપરૂપી અગ્નિમાં આત્માને તપાવ્યા વિના કર્મોનાં થર છુટતાં નથી.

તો શું આપણાં જીવે હજી સુધી તપોધર્મનું આરાધન કર્યું જ નથી ? ઘણી ઘણીવાર સર્વે પ્રકારનાં તપો જીવે આચર્યા છે. પરંતુ ભૂલ થઈ. જે વિધિપૂર્વક તપની આરાધના કરવાની છે તે વિધિ ન સચવાયો. અને જે

આશંસા નિયાણા વિના તપ કરવાનો, તે તપની પાછળ જીવે કોઈને કોઈ આશા રાખી. તેથી જ તપ ધર્મનાં સેવનની સફળતા પ્રાપ્ત ન થઈ.

તપસ્વીએ કોઈપણ પ્રકારની આશંસા, દ્રવ્યલાભની, કીર્તિની માન-પ્રતિષ્ઠાની, પૌદગલિક વિષયોની આશંસા ન રખાય. કારણ આશંસા કરવાથી તપનાં ફળની મર્યાદા બદલાઈ જાય છે. તપસ્વીએ તપાચરણ કરતી વેળાએ નિયાણાનો પણ પ્રયત્નપૂર્વક ત્યાગ કરવો જોઈએ. પરભવમાં દેવ ઈન્દ્ર ચક્રવર્તિ વાસુદેવ. વિ.ની પદવી વાંછવી તે નિયાણું કહેવાય. નિયાણું કરવાથી જીવ નિયાણા મુજબનાં જ ફળ મેળવે છે પરંતુ તપધર્મનાં વાસ્તવિક ફળને મેળવી શકતો નથી. દ્રૌપદીનાં જીવે સુકુમાલિકાનાં ભવે તપોધર્મનું ઉત્કટ આરાધન કર્યું હતું. પરંતુ ગુરૂ આજ્ઞા વિરૂદ્ધ જ સ્મશાનમાં આતાપના લેવા ગઈ તેથી એવાં નિમિત્તો ઉપર તેની દૃષ્ટિ ગઈ જેથી તેને પોતાને એવી ઈચ્છા થઈ આવી જેથી દ્રૌપદીનાં ભવમાં પાંચ ભર્તારોની પ્રાપ્તિ થઈ.

બ્રહ્મદત્ત ચક્રવર્તીનાં જીવે પોતાનાં પૂર્વભવમાં મુનિપણામાં માસક્ષમણનાં પારણે માસક્ષમણ જેવી ઉત્કૃષ્ટ તપશ્ચર્યા કરી હતી. પરંતુ અંતસમયે સનતકુમાર ચક્રવર્તિના સ્ત્રીરત્નનાં વાળનો સ્પર્શ થવા માત્રથી તેનું મન ચલિત થવાથી તે જીવે નિયાણાંનો આશ્રય લીધો. તપનાં ફળસ્વરૂપ નિયાણાં મુજબ ફળ તો મળ્યું. ચક્રવર્તિપણું-સ્ત્રીરત્નની

પ્રાપ્તિ થઇ પરંતુ અંતે તો સ્ત્રીરત્ન અને તીવ્ર વિષયાસકિતનાં પાપે સાતમી નરકનું શરણું લેવુ પડયું.

વસુદેવના જીવે નંદિષેણના ભવમાં કેવું સંયમપાલન ? કેટલી કઠોર તપસ્યા ? કેવી સેવા-વિનય વૈયાવચ્ચ કર્યા હતા. ખુદ દેવલોકમાં નંદિષેણનાં તપની વૈયાવચ્ચા ગુણની પ્રશંસા થઈ હતી. અને પરિક્ષા કરવા આવનાર દેવોની પરીક્ષામાંથી નંદિષેણ સાંગો પાંગ પાર ઉતર્યા હતાં. એવા પણ મહામુનિને ભૂલાવામાં નાખ્યા અને અંત સમયે ઈચ્છા થઈ આવી કે જે તપાચરણ મેં કર્યું છે તેનું જો કોઈ-પણ ફળ હોય તો આવતા ભવે હું સ્ત્રી વલ્લભ થાઉં ત્યાં જ તેમના કઠોર તપનું લીલામ થઈ ગયું. વસુદેવનાં ભવમાં ૭૦ હજાર સ્ત્રીઓનો ભર્તાર અત્યંત સ્ત્રી વલ્લભ બન્યા. પરંતુ મુક્તિરૂપી સ્ત્રી તો દૂર જ રહી તેવી જ રીતે તપની આચરણ વેળાએ માયાશલ્યનો ત્યાગ પણ આવશ્યક છે.

"તપ કીધો માયા કરીજી મિત્રશું રાખ્યો રે ભેદ.
મલ્લિ જિનેસર જાણજોજી, તે પામ્યા સ્ત્રી વેદ રે"

ફક્ત મિત્રથી પોતાને આગળ વધવાનાં ભાવમાંથી, જન્મેલી ઇચ્છાથી, પોતે ઉગ્રતપસ્વી કહેવડાવવાનાં ભાવ-માંથી તે આત્માએ મિત્રો સાથે માયાનું આચરણ કર્યું અને ફળ જે અનંતકાળે બને તેવું આશ્ચર્ય સર્જાયું. તપધર્મના પસાયથી ત્રણલોકનાં નાથ. સ્વરૂપ અરિહંત-પણાને પામ્યા. પરંતુ માયાનાં ફળ સ્વરૂપ સ્ત્રીવેદ પણ પામ્યા. આ માયાશલ્યનાં જ પાપે લક્ષ્મણા સાધ્વીએ

અતિ ઉત્કૃષ્ટ તપનું સાંગોપાંગ પાલન કરતાં તેનું મનોવાંછિત સિદ્ધ ન થયું. અને અફાટ ભવપરંપરા અનેકાનેક દુઃખોના ભાજન તે આત્માને થવું પડ્યું.

તપસ્વી આત્માને મિથ્યાત્વશલ્યનો પણ ત્યાગ હોવો જોઈએ. આ મિથ્યાત્વ શલ્યના કારણે જ સાઈઠ હજાર વર્ષનાં તામલીતાપસનાં. ઉગ્રાતિઉગ્ર તપ છતાં ફળપ્રાપ્તિ ઉત્તમ ના થઇ. તાપસપણામાં તામલિએ સાઈઠ હજાર વર્ષ છઠ્ઠનાં પારણે છઠ્ઠનું તપ કર્યું. પરંતુ જિનધર્મનો પરિચય ન હોવાથી, જીવદયાનું વાસ્તવિક સ્વરૂપ ન જાણવાને કારણે તે પારણે લાવેલી ભિક્ષા નદીમાં એકવીસ (૨૧) વાર ધોઈ નાંખતો. તે વખતે તેને ખ્યાલ ન હતો કે શુદ્ધાશય છતાં તેમાં કાચાપાણીનાં જીવોની હિંસા થતી હતી. તેથી જે ઉગ્ર તપનાં પ્રભાવે સમકત્વી એવા સાતથી આઠ (૭થી ૮) જીવો મોક્ષે જઈ શકે. તેવાં તપનાં ફળમાં મિથ્યાત્વશલ્યનાંના કારણે તામલિતાપસને ફકત દેવગતિ– ઇન્દ્રાસનની પ્રાપ્તિ થઇ.

સિદ્ધચક્રનાં યંત્રમાં વિચાર કરતાં તપપદ પછી. સીધું સિદ્ધપદ બતાવ્યું છે તપારાધનનું પરિણામ સિદ્ધપણું. સકલ કર્મક્ષય, સકલમલ ક્ષય બતાવ્યું છે. દર્શનપદથી આરાધાયેલી ધર્મયાત્રામાં ચોથા તબકકે તપમાં પ્રવેશી જીવાત્માને ડાયરેકટ સિદ્ધપદે સ્થાપે છે. આવાં આ તપ-પદના બે મુખ્ય ભેદો છે.

૧ બાહ્યતપ ૨ અભ્યંતરતપ બંનેના છ છ પ્રકારો પડે છે.

૧ બાહ્યતપ અનશન ઉનોદરી વૃત્તિસંક્ષેપ રસત્યાગ કાય-સંલીનતા અભ્યંતર તપનાં છ પ્રકાર-પ્રાયશ્ચિત વિનય વૈયા-વચ્ચ સ્વાધ્યાય ધ્યાન કાયોત્સર્ગ,

તપની યાત્રા અણુસણુથી આરંભાય છે અનશન-ન અશનં ઈતિ અનશનં-ખાવું નહીં તે ઉપવાસ વિગેરે તપશ્ચર્યાને અનશન કહેવાય છે.

ઉણોદરી ઉદરને ઉણું-ખાલી રાખવું તે જેનાથી ભૂખ્યાં ન રહેવાય. શરીરને ભાડું આપ્યા વિના ન ચાલે તેવાં જીવ પણ ધર્મમાર્ગમાં ટકી રહે તેવા ઉદ્દેશથી કરૂણાપ્રધાન જિનધર્મમાં તપનો આ બીજો પ્રકાર દેખાડ્યો છે.

આ તપ સહેલો છતાં કઠિન છે. કારણ મન ભાવતાં ભોજનનો રસથાળ પીરસાયો હોય તેવા સમયે વધારે વપરાઈ જાય તેના બદલે તેનો કંટ્રોલ કરવો, સામે આહારની ઉપલબ્ધિ છતાં ભૂખ્યા રહેવું. તે ઘણોજ મનનો કાબૂ દર્શાવે છે. તે પ્રતિશ્રોતે તરવાં રૂપ હોવાથી તપરૂપ ધર્મ છે. આ ઉણોદરી તપનું આરાધન તો સર્વે જીવો સુખપૂર્વક કરી શકે. સદાકાળ કરી શકે અને તેનો લાભ કેટલો મોટો ? સર્વે રોગોનું મૂળ હોય તે આહારસંજ્ઞા-પેટને અતિ આહાર વિ. છે. તે આહાર શરીરની પચાવવાની શક્તિ અને આહારની ભૂખ કરતાં ઓછું ખાવું તે અત્યુત્તમ એવો તપનો પ્રકાર કહેવાય.

કહેવત છે કે, "કમ ખાના, ગમ ખાના, નમ જાના."

વૃત્તિસંક્ષેપ :–ભૂખ લાગે અને સામે આવેલા આહારને જીવ આરોગી લે, તો કાંઈ વાંધો નથી. પરંતુ લૂલીબાઈ જીભડી વૃત્તિઓને ઉશ્કેરે છે. ષડરસ ભરપૂર ભોજન જોઈએ. ખાટું જોઈએ તીખું તમતમતું જોઈએ. કયારેક મીઠું જોઈએ, અથાણાં–ચટણી જોઈએ. આ પ્રકારની વૃત્તિઓના ઉશ્કેરાટ ઉપર કાબૂ મેળવવો તે કષ્ટસાધ્ય હોવાથી તપરૂપ છે તેથી જો રોજ ધારણા કરવામાં આવે કે આજે મારે આટલાંજ દ્રવ્યો વાપરવાં, તો તેટલાંજ પ્રમાણમાં વૃત્તિઓ સંતુલીત રહે છે અને તેથી મનમાં, જીવનમાં તેટલી શાંતિ મલે. તેથીજ આપણાં તપનો મહાન પ્રકાર છે.

રસત્યાગ :–વિગઈ વિગેરે રસોનો ત્યાગ કરવો. તે આયંબિલ તેનો ઉત્કૃષ્ટ પ્રકાર છે. કારણ કોઈપણ પ્રકારનાં મરચાં વઘાર વિગેરેનાં સંસ્કાર વિનાનું સાદું ભોજન ફક્ત આહાર સંજ્ઞાની તૃપ્તિ માટે શરીરને ભાડુ આપવારૂપ વાપરવું, જેથી આંતરબાહ્ય બધા ઉકળાટ શમી જાય છે. કારણ જુદા જુદા પ્રકારના રસથી જુદી જુદી વૃત્તિઓ વિગેરે ઉશ્કેરાય છે. જયારે સાદા સાત્વિક આહારથી સર્વ વૃત્તિઓનું શમન થાય. આરાધનામાં વિશેષ આનંદ ઉત્સાહ જોમ પ્રગટે છે.

કાયક્લેશ :–શરીરને કસવું કષ્ટ આપવું સાધુ મહાત્માઓ જે વિહાર–લોચાદિ સહે છે. તે તથા પૂર્વકાળમાં જે આતાપના વિગેરે લેતાં હતાં. તે સર્વ આ પ્રકારનાં તપમાં આવે શરીર એ આરાધનાનું સાધન હોવાથી, તેમ સમજીને

તેને પોષણુ જરૂર આપવાનું છે. પરંતુ તેને પંપાળવાનું શણગારવાનું નથી. ઉલટું સમયે (૨) શરીરની મૂર્છા ઘટાડવા માટે, ભવિષ્યમાં અચાનક આવી પડનારા ઉપસર્ગો વખતે સ્થિરતા ટકી રહે, તેની તાલીમ મેળવવામાં ઉદ્દેશ્યથી શરીરને કષ્ટ આપવું તે તપ જ છે.

સંલિનતા :–ઇન્દ્રિયોનાં ઘોડાઓને જેમતેમ ન દોડાવતા તેને ગોપવી રાખવા તેમજ કષાયોનો રોધ કરવો. તે સંલીનતરૂપ મહાતપ છે.

અભ્યંતર તપમાં પ્રથમ પ્રકાર પ્રાયશ્ચિતનો છે. છદમસ્થતા રાગ–દ્વેષને વશ જીવથી ઘણી ભૂલો થાય છે. ઘણાં દોષો સેવાય છે તેનું નિઃશલ્યભાવે ગુરુ પાસે નિવેદન તેનો પશ્ચાતાપ તે દુષ્કર એવો પ્રાયશ્ચિત તપનો પ્રકાર છે. કોક જીવને પૃથ્વી પર રહેલાં સર્વ પર્વતો સુવર્ણ બનીને તેની માલિકીનાં બની જાય. તેનું તે જીવ દાન કરી દે તોપણુ તેટલાં દાનથી પણુ તેનાં એક દિવસનાં પાપનું પ્રાયશ્ચિત જો ગુરુ ભગવંત આગળ નિખાલસ ભાવે નિવેદન ન કરે તો થતું નથી. તેજ કારણે અભ્યંતરમાં પ્રથમ નંબર પ્રાયશ્ચિતનો આવે છે. પ્રાયશ્ચિત યોગ્ય ગીતાર્થ ગુરુની પાસેજ લેવાય અને એ લેખા શુદ્ધે પહોંચાડયા બાદ પ્રયત્નપૂર્વક વારંવાર તેવાં પાપોનું સેવન ન કરવા તરફ લક્ષ રાખવું જોઈએ.

(૨) વિનય :–સર્વ ગુણોનું મૂળ, સર્વ ગુણ રત્નોની ખાણુ જો કોઈ હોય તો તે વિનય છે. એટલું જ નહીં,

વિનય એ ધર્મનું મૂળ છે. વિનયથી જ વિદ્યા ફળે છે. (મળે છે) વિનયથી વૈરી પણ વશ થાય છે. એવો વિનય પોતાનાં સ્વાર્થ પુર્તિ માટે નહીં, પરંતુ ગુણનાં બહુમાન પૂર્વકનો જો કરવામાં આવે તો તેનાથી ન ધારેલી અસાધારણ સિદ્ધિઓ જીવ મેળવી શકે છે. પૂ. ઉમાસ્વાતિજી મ. ફરમાવે છે કે

"ન તથા સુમહાર્ધ્યરપિ, વસ્ત્રાભરણૈલંકૃતો ભાતિ ।
શ્રુતશીલમૂલ નિકષો, વિનીતવિનયો યથા ભાતિ ॥

માનવી મૂલ્યવાન વસ્ત્રાલંકારોથી જે શોભાને પામી શકતો નથી. જેવો વિનય ગુણથી શોભે છે. કુળ–રૂપ વચન યૌવન વિભવ એશ્વર્યાદિથી સંપન્ન મનુષ્ય પણ જો વિનય અને પ્રશમથી વિહિન હોય તો તે નિર્જલ નદીની જેમ શોભાને પામતો નથી. એટલા માટે સર્વ કલ્યાણનું ભાજન વિનયગુણ કહેલો છે. ગુરુજનોનાં દશ પ્રકારે વિનય કરવાથી જીવનમાં ગુણ ગરિષ્ઠતા આવે છે. બધા ગુણો વિનયને આધિન છે. વિનય તે જ કરી શકે જે નમ્રશીલ હોય. જે નમ્ર બન્યો તે સર્વ ગુણ સંપન્ન બને છે તે જ કારણે મહાપુરૂષોએ અભ્યંતર તપમાં વિનયને દ્વિતિય સ્થાન આપ્યું છે.

વૈયાવચ્ચ :–આચાર્ય–ઉપાધ્યાય તપસ્વી નૂતન દિક્ષિત ગ્લાન ગણ–કુલ–સંઘ વિ. સર્વે વૈયાવચ્ચનાં ભાજન છે. ભક્તિનાં પાત્ર છે. અને શ્રી વીર પરમાત્મા કહે છે. (શ્રી ભગવતિ સૂત્રમાં]

"જો ગિલાણું પડિવજ્જઈ–સો મામ્ પડિવજ્જઈ"

[શ્રી ભગવતિ સૂત્ર]

જે ગ્લાન સાધુને ત્યાગે છે સેવા કરતો નથી તે મને પણ ત્યાગે છે સમભાવપૂર્વક, બહુમાન–આદરપૂર્વક વૈયાવચ્ચ કરવું એ કષ્ટસાધ્ય હોવાથી તેનો સમાવેશ તપો ધર્મનાં અભ્યંતર પ્રકારમાં થયો છે કહ્યું છે કે–

"સેવા ધર્મો અતિ ગહનો, યોગિનામપિ અગમ્યઃ"

વૈયાવચ્ચને અપ્રતિપાતિ, ગુણ કહ્યો છે. બીજાં બધાં કરેલાં તપોનું ધર્મોનું ફળ ચાલ્યું જાય છે. પરંતુ વૈયાવચ્ચનું ફળ નષ્ટ થતું નથી.

"મોટા મહંતની ચાકરી સૌયર મોરી નિષ્ફળ કદી નવ હોય."
મુનિપણે નમિ વિનમી કર્યા સૌયર મોરી, ક્ષણમાં ખેચર રાય રે.

સહેજે સલુણો મારો દેવમાં નગીનો મારો........

શ્રી આદિનાથદાદાની સેવા–ભક્તિ કરવાથી નમિ–વિનમિ ધરણેન્દ્ર મારફત વિદ્યાધરેન્દ્ર બની શકયા હતા.

नाऽस्ति स्वाध्याय समो तपः ।

સ્વાધ્યાય જેવો કોઈ તપ નથી. સ્વ–આત્માનો અધ્યાય વિચારણા, સ્વનું ધ્યાન સ્વમાં લિનતા રમણતા એ તો સ્વાધ્યાયની સિદ્ધિ છે. સ્વાધ્યાયનાં વાચના પૃચ્છના પરાવર્તના અનુપ્રેક્ષા ધર્મકથા વિ. પ્રકાર પડે છે સ્વાધ્યાયથી એકાગ્રતાની પ્રાપ્તિ થાય છે. સંકલ્પ–વિકલ્પ નાશ પામીને નવું નવું જાણવા મળે છે. વૈરાગ્યની પુષ્ટિ થાય છે ઇચ્છાઓનો નિરોધ–જે મૂળ તપની વ્યાખ્યા છે તે સ્વાધ્યાયને

સહજ શક્ય બને છે અને બીજા આનંદ–સુખના પ્રકારો ક્ષણિક છે. દુઃખ પરંપરક છે જ્યારે જ્ઞાનમગ્નતા–સ્વાધ્યાયનો આનંદ કેવો હોય છે.

ज्ञानमग्नस्य यच्धर्म तद्वक्तुं नैव शक्यतेः ।
नोपमेयं प्रियाश्लेषे नीपि तस्नन्दनद्रवै ॥

બીજા બધા સુખો તો ક્ષણિક, ભયથી ભરપૂર અને પરાવલંબી હોય છે. જ્યારે સ્વાધ્યાય વડે પ્રાપ્ત થતું પ્રશમરસ જન્ય આત્મિક સુખ કેવું હોય છે? નિત્ય ટકી રહેનારું, ભય રહિત આત્મામાંજ રહેલું અને કોઈ આશા અપેક્ષા–અવલંબન વિનાનું હોવાથી એવા સુખને પ્રીયાના આશ્લેષથી મેળવતાં સુખ કરતાં પણ અતિ ઉત્તમ કોટીનું ગણવામાં આવ્યું છે. સ્વાધ્યાય એ સાધુનાનો પ્રાણ છે. તે વૈરાગ્ય ટકવો મુશ્કેલ હોય છે તેથી જ મહાપુરુષો કહે છે.

'जो निच्चकाल तवसंजमुज्जओ नविकरेइ सज्झायं ।
अलसं सुहसीलजणं ना वि तं ठविइ साहुपयं ॥

જે પુણ્યાત્મા સાધુ નિત્ય નવનવા ઉગ્રતપનું આરાધન કરતો હોય છતાં જો તે સ્વાધ્યાય પ્રવૃત્તિથી રહિત હોય તો તેવા તપસ્વી છતાં આળસુ સુખશીલિઆને મહાપુરુષો સાધુપદમાં સ્થાપન કરતા નથી. સ્વાધ્યાયથી ક્ષણે ક્ષણે જે વૈરાગ્ય, ભાવોદ્રેક, જે પશ્ચાતાપ વિગેરે થાય તેથી જીવ થોકબંધ કર્મનિર્જરા સાધી શકતો હોવાથી તેને અભ્યંતર તપમાં સ્થાન મળ્યું છે.

ધ્યાન જે ભવ્યાત્મા પ્રાયશ્ચિત-વિનય-વૈયાવચ્ચ-સ્વાધ્યાયમાં પ્રવૃત્ત રહે છે. તેજ ભૂમિકાનો અધિકારી બની શકે છે જેને ગુરુજનોનો વિનય વૈયાવચ્ચ અથવા પોતાની સ્થિતિને અનુકુલ ભણુવા-ગણુવા કરતાં (અધિક) વિશેષ રસ ધ્યાનમાં હોય. તે ક્યારે પણુ સાચાં ધ્યાનને પામી શકતો નથી કારણુ કે દાદરાનાં એક એક પગથિયા નીચેથી ચડનારો જ ઉપર પહોંચી શકે છે. ધ્યાનનાં વિવિધ પ્રકારો હોય છે. પરમાત્માનું ધ્યાન-સિદ્ધ પરમાત્માનું (ભગવંતોનું) ધ્યાન-તેથી આગળ વધતાં પોતાનાં આત્માને જ પરમાત્મા સ્વરૂપ ગણીને આત્મધ્યાન એવાં ધ્યાનનાં પ્રકારો હોય છે. ગુરૂજનોનાં કૃપાશિષ, તેમનું માર્ગદર્શન અને અભ્યંતર તપનાં બીજાં પ્રકારોનાં સેવન વિના ધ્યાનની ભૂમિકા પ્રાપ્ત થવી મુશ્કેલ હોય છે. ધ્યાનનાં પ્રકારોમાં ધર્મધ્યાન-શુકલધ્યાન મનાય છે. ધર્મધ્યાનમાંથી જ શુકલ ધ્યાનમાં જવાય છે.

કાર્યોત્સર્ગ :—કાયાનો ઉત્સર્ગ-કાયાનો ત્યાગ-તેના મમત્વભાવનો ત્યાગ તે મહાતપ છે. સમય આવે જીવ પુત્ર-પુત્રી, પત્નિ-પરિવાર, ધન-સંપત્તિ ત્યાગી શકે છે. કારણુ કે જીવને શરીર વહાલું છે એવા નજદીકનાં છતાં બેવફા મિત્રની મૈત્રીનો ત્યાગ કરવો તે ઉત્તમ તપ છે. "અબ ચલો સંગ હમારે, કાયા, અબ ચલો સંગ હમારે."

મરણુ પથારીએ પડેલો કોઈ ભવ્યાત્મા પોતાની કાયા આજીવન ઘણી જ સાચવી છે, પંપાળી-પાળી-પોષી છે, શણુગારી છે. તેને કહે છે હે કાયા! હવે મારે

પરભવમાં જવાનું ટાણું આવી ગયું છે તેથી તું પણ મને ઘણી વહાલી હોવાથી મારી સાથે જ ચાલ.

તોયે કારણ મેં જીવ સંહારે, બોલે જુઠ અપારે
ચોરી કર પરનારી સેવી, પાપ પરિગ્રહ ધારે ॥

કાયા....ઓ મારી વ્હાલી કાયા, તારાં માટે મેં શું શું કર્યું ? કેટલાં ન કરવાનાં કાર્યો–કૃત્ય–અકૃત્યનો વિચાર કર્યા વિના કર્યા, તારી સ્વસ્થતા–પુષ્ટતા, આરોગ્ય માટે મેં ઘણાયે જીવોનો સંહાર કર્યો, અને ઘણાની સાથે જૂઠા વ્યવહાર કર્યા. એટલું જ નહીં, પૂન્ય પરવારતા જ્યારે ખાવાનાં સાંસા પડયા. ભારે ચોરી કરીને પણ ઉદરપોષણ કર્યું ને શરીરનાં સુખ માટે જ નિજ પર નારીનો ભેદ રાખ્યા વિના પરનારીનું સેવન પણ ભરપૂર કર્યું અને કાયાની સુખશીલતા પોષવા માટે જ પાપનાં ઢગલાં ખડકીને પરિગ્રહ ભેગો કર્યો તેથી તે વ્હાલી કાયા ? હવે તું પણ તે યાદ કરીને મને છોડતી નહીં, મારી સાથે જ ચાલ.

“પટ આભૂષણ સુંધા સૂઆ, અશનપાન નિત્ય ન્યારે”
ફેરદિન ષટરસ તોએ સુંદર તે સબ મલ કર ડારે....કાયા..

ઓ મારી પ્યારી કાયા....તને શણગારવા–તારી સુંદરતામાં વધારો કરવા નવાં નવાં કપડાં અને આભૂષણો તને પહેરાવ્યાં અત્તર–તેલ–ફુલેલ–ગુલાલ–કેશર–ચંદન લગાવીને તારી ભક્તિ કરી અને રોજેરોજનાં નિત્ય નવાં અન્ન પકવાન તારી સેવામાં હાજર કર્યા. કારણ રોજનું એક જ ધાન–એક જ શાક તો તને ભાવતું અને ફાવતું ન હતું. બહુ સુંદર કાયા ? તારી કેટલી સાર સંભાળ

રાખી. સવારનું રાંધેલું તને સાંજે ન ચાલે, વારંવાર તારી ટેસ્ટ બદલાય. તે સર્વ મેં પોષ્યા, પરંતુ તું તો કેવી નફ્ટ–નકામી છે કે મેં આપેલું સુંદર તે તરતમાંજ અસુંદર કરી નાખ્યું. આહારને મલમાં–ઠલમાં પલટાવવાનો તારો સ્વભાવ તે છોડયો નહીં. ખરેખર તું હાલતું–ચાલતું સંડાસ જ છે છતાં પણ હે વ્હાલી કાયા ? તું મારી સાથે ચાલ.

"જીવ સુણો યા રીત અનાદિ, કહાં કહત વારંવારે
મેં ન ચલુંગી તોરે સંગ ચેતન, પાપ પૂન્ય દો લારે."
કાયા....

આટઆટલી વિનવણીઓનાં જવાબમાં બેવફા કમજાત એવી કાયા જવાબ શું આપે છે ? હે જીવ....તેં મારા માટે ભલે જે કર્યું હોય તે, તેથી હું કાંઈ મારાં સ્વભાવ ત્યાગવાની નથી. હું તો મારી રીતે જ વર્તવાની, હું હજી સુધી રાજા-મહારાજા ચક્રવર્તી કે તીર્થંકરો કોઈની સાથે પરભવમાં ગઈ નથી ને જવાની પણ નથી. હે ચેતન ! તારાં સંગાથે તો તે પોતે આચરેલા પાપ અને પૂન્ય જ પરભવમાં સાથે આવવાનાં છે તેથી મહાપુરૂષો આવી કાયાનાં મમત્વત્યાગ સાથે કાયોત્સર્ગ તપનો આશ્રય કરે છે અને તેનાં અભ્યાસથી જ સમય આવે ત્યારે ગજ-સુકુમાલ. મેતારજ–ઝાંઝરીયા મુનિવર કે ખંધક ઋષિની જેમ સમતા જાળવીને પોતાનું અંતિમ લક્ષ સિદ્ધ કરે છે.

તપની યાત્રા અનશનથી આરંભાય છે અને દેહ–મમત્વનાં ત્યાગમાં પૂર્ણતાને પામે છે. અનશન તપ કાયાને

કૃશ કરે છે અને કાર્યોત્સર્ગ કાયાનાં મમત્વને તોડે છે. બાહ્ય અભ્યંતર તપ એકમેકને પૂરક છે છતાં અભ્યંતર તપની મહત્તા વિશેષ કરે છે. તપધર્મને પોતાના નિશ્ચિત મોક્ષ જાણનારા તીર્થંકર પરમાત્માઓ પણ અવશ્ય આચરે છે.

"મલ્લિ નેમિ પાસ આદિ અઠ્ઠમ ખાસ.
કરી એક ઉપવાસ. વાસુપૂજ્ય સુવાસ.
શેષ છઠ્ઠ સુવિલાસ કેવળ જ્ઞાન ભાસ.
કરે વાણી પ્રકાશ, જેમ અજ્ઞાન નાસ.

આવાં આ મહાભૂલા તપોધર્મને જીવમાત્ર આશંસા પ્રશંસા નિયાણા રહિતપણે કર્મક્ષયની બુદ્ધિએ આરાધીને મોક્ષપદને પામે એ જ મંગલ કામના........

---

# * ઉપસંહાર *

આ રીતે નવ પદ એ જૈન ધર્મનો સાર છે. જૈન શાસનમાં આત્મ કલ્યાણ માટે ઘણાં આલંબનો કહ્યા છે. તેમાં મુખ્ય આલંબન નવ પદ છે.

યોગ અસંખ્ય જે જિન કહ્યા, નવપદ મુખ્ય તે જાણો રે
એહ તણે અવલંબને, આતમ ધ્યાન પ્રમાણો રે.

નવપદની આરાધનાથી સ્વરૂપ રમણતા અને આત્માનું કલ્યાણ થાય છે. આરાધના તો સુંદર રીતે થાય છે. પરંતુ તેના સંસ્કાર જીવનમાં કાયમ રહેવા જોઈએ. નવપદની ઓળી પુરી થતાં જ વિભાવ સાંભરે તે ઠીક નથી. રોજ થોડું ઘણું આરાધન કરવું જોઈએ. રોજ આયંબીલ ન થાય તે સમજી શકાય. પરંતુ ઓળીમાં રોજ ૨૦ માળા ફેરવો છો તેમ રોજ માળા તો ફેરવવી જોઈએ, અને અનાદિની કુટેવો પર કાપ મુકવો જોઈએ. નવપદની આરાધના તો અહનિંશ કરવી જોઈએ. અનાદિની કુટેવો પર અંકુશ અને કાપ મુકવો જોઈએ.

બધું કરવા પાછળ અનાદિની કુચાલ છોડવાની છે. તેમ થાય તો એકાંતે આત્મકલ્યાણ થાય છે.